।। ૐ હ્રીં શ્રી અર્હતે નમઃ ।।

।। ૐ નમો જિણાણં સરણાણં મંગલાણં લોગુત્તમાણં ।।

હ્રાઁ, હ્રીં, હ્રૂઁ, હ્રૈઁ, હ્રૌઁ, હ્રઃ અ સિ આ ઉ સા

ત્રૈલોકયલલામભૂતાય ક્ષુદ્રોપદ્રવશમનાય અર્હતે નમઃ સ્વાહા

# જીવન જાગૃતિ
# યાને
# સમાધિમરણ


-: પ્રકાશક :-

**હેમંતભાઈ હસમુખલાલ પરીખ**

૨૧, તેજપાળ સોસાયટી, ફતેહપુરા, પાલડી,

અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન નં. ૦૭૯-૨૬૬૩૦૦૦૬

⌘ વીર સં. ૨૫૪૧

⌘ વિક્રમ સં.૨૦૭૧ - ચૈત્ર વદ ૧૨

⌘ સને ૨૦૧૫ - મે

⌘ આવૃતિ : ૩જી

⌘ નકલ : ૫૦૦

⌘ મૂલ્ય : ૫૦.૦૦ રૂા.

⌘ પ્રાપ્તિસ્થાન : પ્રકાશક

⌘ મુદ્રક : શ્રી પાર્શ્વ પ્રિન્ટર્સ, અમદાવાદ. મો.૯૯૦૯૪૨૪૮૬૦

## સમર્પણ

ચારેય આહારનો ત્યાગ કરીને, વ્રતો ગ્રહણ કરીને,
આલોચના કરીને, સુકૃત અનુમોદના-દુષ્કૃત ગર્હા કરીને,
સમસ્ત જીવરાશિ સાથે ખામણાપૂર્વક ચાર શરણા ગ્રહણ કરીને,
૧૮ પાપ સ્થાનક વોસિરાવીને
નમસ્કાર મહામંત્રના શ્રવણ સહ
આયુષ્ય સમાપ્ત કરી ભવપરિવર્તન કરનારા
એવા સુશ્રાવક **ડો. શ્રી હેમંતભાઈ પરીખ** ને
તેમની ઈચ્છા અને ભાવના મુજબ થતું પ્રકાશન તેમને જ.

સમર્પણ..... સમર્પણ..... સમર્પણ.....

# પ્રસ્તાવના

ગણધર ભગવંતોએ રચેલા 'લોગસ્સ' અને 'જયવીયરાય' સૂત્રમાં અરિહંત પરમાત્માની પૂજા, સ્તુતિ, સ્તવનાના ફળરૂપે સમાધિમરણ અને બોધિ(જિનશાસન)ની માંગણી કરવાની કહી છે.

જેમ ધનની બચત કરવાની ભાવનાથી પાછળની જિંદગીમાં લાભ થાય છે તેમ પુણ્યની બચતથી પછીના ભવમાં સદ્ગતિનો લાભ થાય છે - જીવન દરમિયાન પરભવનું આયુષ્ય કર્મ જો બંધાયું ન હોય તો મરણસમયે તો અવશ્ય બંધાય છે માટે મરણસમયે આધિ, વ્યાધિ, ઉપાધિથી પર થઈને સમાધિમાં સ્થિર થવાય તો અવશ્ય સદ્ગતિની પ્રાપ્તિ થાય છે.

જીવન દરમિયાન આવતા સંઘર્ષ સમયે જીવે સમાધાનવૃત્તિ અને સમતાભાવ કેળવ્યા હોય તો શારીરિક માંદગી વખતે કે મરણસમયે પણ સમાધિ ટકી શકે છે. આવી સમાધિની પ્રાપ્તિ અર્થે પ્રભુની આજ્ઞા પ્રમાણે પૂર્વાચાર્યોએ બતાવેલ વિધિનું પ્રસ્તુત પુસ્તકમાં સંકલન કરવામાં આવ્યું છે. આ વિધિ દ્વારા સમાધિમરણ પ્રાપ્ત થાય છે અને બીજા ભવમાં સદ્ગતિ તથા પરંપરાએ મોક્ષપદની પ્રાપ્તિ શક્ય બને છે.

પ્રસ્તુત પુસ્તકમાં દર્શાવેલ વિધિ ઉપરાંત આપણા પૂર્વાચાર્યો દ્વારા રચાયેલ સ્તવન, સજ્ઝાય, સ્તુતિઓ સાંભળવાથી પણ સમાધિ પ્રાપ્ત થઈ શકે છે.

કેટલાકનું જીવન પણ ઘણું પાપમય અને દુરાચારી હોઈ શકે છે છતાં અંતિમ સમયે વિધિસહિત એ પાપોને યાદ કરીને તેનું અંતરના ભાવોથી પ્રાયશ્ચિત કરે તો પણ તેને સદ્ગતિનો લાભ થઈ શકે છે એવું શાસ્ત્રમાં વિધાન છે તેથી પ્રસ્તુત પુસ્તક દરેક વ્યક્તિ વારંવાર વાંચે અને તે અંગે વિશેષ જાણકારી મેળવે તો મરણસમયે સમજપૂર્વક વિધિ કરવાથી સમાધિમરણ થઈ શકે છે.

છેલ્લા કેટલાક વખતથી મોટાભાગના વ્યક્તિઓના મરણ હોસ્પિટલમાં થતા જોવા મળે છે. આ અંગે દર્દીના સ્નેહીજનોએ વિચારવું જરૂરી છે. જો દર્દીને વ્યાધિથી બચવાની શક્યતા ૯૯% ન હોય તેવું ડોક્ટર તરફથી જાણવા મળે તો દર્દીને ઘરે લાવીને તેની સભાન અવસ્થામાં સંપૂર્ણ વિધિ કરાવવામાં આવે અથવા નવકારમંત્રની

ધૂન સંભળાવવામાં આવે કે કેટલીક વસ્તુઓના ત્યાગ અર્થેના પચ્ચક્ખાણ કરાવવામાં આવે તો આ જન્મની અંતિમ લાખેણી ભેટ રૂપે સમાધિમરણ અપાવી સંતોષ પામી શકાય, બાકી આજકાલ તો આઈસીયુમાં દાખલ કરેલા દર્દી એકલા જ હોય અને તેના મૃત્યુના સમાચાર પણ ઘણા સમય પછી બહાર બેઠેલા સ્નેહીજનોને મળતા હોય છે, તો તેવે સમયે દર્દીની અંતિમ ક્ષણો કેવા ભાવોમાં પસાર થઈ હશે ? તે પણ જાણી ન શકવાથી દુઃખદ બાબત થઈ જાય છે માટે દર્દીઓને અંતિમ સમયે સાંભળવા મળેલો નવકાર પણ સાગરમાં મળેલા એક તરાપા સમાન બની શકે છે.

અહીં શ્રી પાર્શ્વપ્રભુનો અંતિમ ભવ યાદ કરીએ. કમઠ દ્વારા જે લાકડા બાળીને પંચાગ્નિતપ કરવામાં આવી રહ્યું હતું તે લાકડામાં બળી રહેલા નાગને લાકડું ચીરીને બહાર કઢાવ્યા હતા. પીડાસહિતની એ અંતિમ ક્ષણોમાં પાર્શ્વકુમારે નાગને સેવક પાસે શ્રી નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો અને તેના પ્રતાપે મરીને સીધા દેવલોકમાં ધરણેન્દ્ર દેવ રૂપે સ્થાન પામ્યા. એક જ નવકાર સાંભળીને નાગ પણ સદ્ગતિ પામી શક્યો. મનુષ્યને પણ આ રીતે અંતિમ ક્ષણોમાં ધર્મારાધના કરાવવાથી સદ્ગતિ પ્રાપ્ત થઈ શકે છે.

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન, સંકલનના શુભકાર્ય માટે પ્રેરણાદાતા સાધુ ભગવંતોના અમો ઋણી છીએ. અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ.હસમુખભાઈને મહારોગ-કેન્સરનું નિદાન થયું ત્યારથી પૂ.ગુરુભગવંતે તેઓને સમાધિમરણ પુસ્તક નિત્ય વાંચવા આપ્યું અને તેથી તેર માસની તેઓની માંદગી દરમિયાન અને જીવનના અંતિમ શ્વાસ સમયે પણ પૂ. પિતાશ્રી સમાધિ ટકાવી શક્યા. મૃત્યુ થયાના છેલ્લા બે કલાક સુધી પ્રસ્તુત પુસ્તકમાં બતાવેલ બધી જ વિધિ પૂ. ગુરૂભગવંતની હાજરીમાં તેઓશ્રીના મુખે પચ્ચક્ખાણ લેવાપૂર્વક કરાવવામાં આવી અને મરણને મહોત્સવ બનાવી દીધો.

આ પછી તો નારણપુરા રહેતા અમારા એક પરિચિત ભાઈ શ્રી અજયભાઈના પિતાશ્રી અશોકભાઈને પણ કેન્સર થયાનું અમે જાણ્યું ત્યારે આ જ પુસ્તક તેઓને વાંચવા આપ્યું. માત્ર છ માસની માંદગી દરમિયાન તેઓએ ત્રણ વાર પુસ્તક આખું વાચ્યું હતું જેથી માંદગી દરમિયાન ખૂબ સમાધિ ટકાવી શક્યા હતા. વળી, તેઓ પોતાના સગા સંબંધીઓને પ્રસ્તુત પુસ્તક વાંચવા ખાસ ભલામણ કરતા હતા. છેવટે

તા. ૧-૫-૨૦૧૦ ને રવિવારના રોજ સમાધિપૂર્વક, નવકારના સ્મરણપૂર્વક, સર્વ જીવોને ખમાવીને પરલોકે સીધાવ્યા.

આવા તો ઘણા જીવોને પ્રસ્તુત પુસ્તકની પહેલી આવૃત્તિ દ્વારા સમાધિ પ્રાપ્ત થયાના અભિપ્રાયો જાણવા મળ્યા છે. પરંતુ પુસ્તકના દળને અનુલક્ષીને તે સર્વનો સમાવેશ આ બીજી આવૃત્તિના પ્રકાશનમાં કરી શકાયો નથી.

પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં અન્ય ઘણા શ્રાવકોનું પ્રત્યક્ષ યા પરોક્ષ યોગદાન રહ્યું છે, તે સર્વનો આ ક્ષણે આભાર માનું છું.

આ રીતે ઘણા જીવોએ પોતાના કુટુંબીજનોને અંતિમ સમયે વિધિ કરાવીને સમાધિમરણની પ્રાપ્તિ કરાવી છે અને ભવિષ્યમાં પણ ઘણા જીવો આના સહારે સમાધિમરણની પ્રાપ્તિ કરી શકે એ જ અભ્યર્થના સહ...

સમાધાનં સમાધિ
સ્થિતપ્રજ્ઞસ્ય સમાધિ
સ્વભાવમાં સમતાથી સમાધિ.

છદ્મસ્થપણાના કારણે વીતરાગની આજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્....

**- હેમંતભાઈ હસમુખભાઈ પરીખ**
૨૧, તેજપાળ સોસાયટી,
ફતેહપુરા, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન નં. ૦૭૯-૨૬૬૩૦૦૦૬

# સમાધિમરણ : જીવનસાફલ્ય

મને બે પ્રસંગો યાદ આવે છે તે જણાવવા જેવા છે. આ.ક. પેઢીના પ્રમુખ શેઠશ્રી શ્રેણિકભાઈ છેલ્લે એક વર્ષ જેટલો સમય પથારીવશ રહ્યા પણ તેમના મુખ ઉપર હંમેશા આનંદ રહેતો. તેઓ જણાવતા કે મને મૃત્યુનો જરાય ભય નથી. જીવનમાં જૈન ધર્મ પામ્યો તેનો આનંદ છે. પરમાત્મા અને તેમનું શાસન મળ્યું છે તેથી જરાય દુઃખ નથી. ડો. હેમન્તભાઈ પરીખને કેન્સર થયું હતું પણ જીવનમાં જરાય આસક્તિ રાખી ન હતી અને અપાર પીડામાં પણ જબરજસ્ત સમતા ધારણ રાખી શક્યા હતા. તેનું કારણ ધર્મ અને સદ્ગુરુઓનો સંગ હતો.

થોડાં વર્ષો પૂર્વેની વાત છે. હું અમેરિકા ગયો હતો. શિકાગોમાં મારા મિત્રના પિતાશ્રી સાથે ચર્ચા ચાલી રહી હતી. તેઓ સમગ્ર પરિવાર સાથે આશરે ૨૦ વર્ષ થયા અમેરિકા પહોંચ્યા હતા. આજે તો તેઓ અમેરિકાના નાગરિક બની ત્યાં જ સ્થાયી થઈ ગયા છે. ઘણું ધન કમાયા છે અને સમગ્ર પરિવાર સંપન્ન છે. એટલે મેં પૂછ્યું હતું. ‘હવે તમે કેવો અનુભવ કરો છો ?’ અમદાવાદમાં હતા ત્યારે તો તેમને વૈશાખના બપોરે પણ સાયકલ લઈને ધંધા માટે રખડવું પડતું હતું. હવે તો અમેરિકામાં મોટા ધનવાનો રાખે એવી મોંઘી કારમાં ફરવાનું એટલે મને તો એમ હતું કે તેઓ કહેશે કે ખરેખર હવે તો સ્વર્ગનો આનંદ અનુભવું છું. પણ તેમનો જવાબ સાંભળીને હું ચોંકી ગયો હતો. તેમણે કહ્યું કે ‘જિતુભાઈ, અહીં બધું જ છે, પણ મનમાં ત્રણ બાબતે સતત ચિંતા રહ્યા કરે છે અને તેના કારણે દુઃખી છું. મને એ વાતની ચિંતા છે કે મારું મરણ ક્યારે, ક્યાં અને કેવી રીતે થશે ? મરણ અંગેની આ ત્રણ બાબતો સતત પીડા આપ્યા કરે છે.’ તેઓની વાત સાંભળીને મને થયું કે ઉંમર થતાં દરેકના મનની પીડા આવી જ હશે.

માણસને સતત મરણનો ભય સતાવ્યા કરતો હોય છે. મરણનો ડર એટલો બધો ભયાનક બની ગયો છે કે મરણ શબ્દ બોલવો પણ અપશુકન લાગે છે. કોઈ મરણ વિશે વાત કરે તો તેને અપશુકન લાગે છે, એટલે બધા જ મરણથી ભાગે છે. જેનો જન્મ થાય છે, તેનું મરણ અવશ્યમેવ છે. જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે જ

તો પછી મરણનો ડર શા માટે રાખવો ? મરણથી આટલો બધો ડર શા માટે ? આ મોટો યક્ષ પ્રશ્ન છે.

પૂર્વનાં સંસ્કારોને કારણે અને અન્ય પારિવારિક, સામાજિક અને વ્યાવહારિક જીવનમાં મોટા ભાગે ભૌતિક પદાર્થો સાથેના રાગના જ સંસ્કારોને પોષવામાં આવે છે. આથી માનવી સતત તે વસ્તુઓને મેળવવા અને સાચવવાના પ્રયાસમાં જ વ્યસ્ત રહેતો હોય છે. એ વસ્તુઓ પ્રાપ્ત થતાં આનંદ અને નષ્ટ થતાં દુઃખનો અનુભવ કરે છે. એટલું જ નહીં પરંતુ આત્માના દેહ સાથેના સંબંધને કારણે દેહને જ આત્મા માનીને જીવે છે. આવી સ્થિતિને શાસ્ત્રકારોએ બહિરાત્મ સ્થિતિ કહી છે. તેના કારણે તે પળે પળ દુઃખનો અનુભવ કરે છે. તેને મરણનો ભય પણ સતત સતાવ્યા કરે છે. મૃત્યુ નિશ્ચિત હોવાનું જાણતો હોવા છતાં અમર બનવાના સ્વપ્નમાં રાચ્યા કરે છે.

જીવન દરમ્યાન સાચા જ્ઞાનના અભાવે અને સદ્‌ગુરુના સંગના અભાવને કારણે, બાહ્ય વૃદ્ધિને જ પોતાની પ્રગતિ માનનાર જીવ અનેક પાપાચરણ કરતો હોય છે. પરિણામે તેનામાં સત્યાસત્યનો વિવેક પ્રગટી શકતો નથી અને તેની અંતિમ અવસ્થા દુઃખમય બની જતા વાર લાગતી નથી. આવા જીવો સ્વયં તો પીડા પામતા જ હોય છે, પણ તેમની દશા જોઈને જોનારને પણ કરુણા ઊપજતી હોય છે.

ખરેખર તો, મરણ અનિવાર્ય ઘટના છે જ તો તે કેવી રીતે દિવ્ય બની શકે તે જાણવું જોઈએ. તેની કળા શીખવી જોઈએ. પરમ ઉપકારી પરમાત્મા મહાવીર સ્વામીએ તેમની અંતિમ દેશનામાં મરણ સંબંધી વાત કરી હતી. આ અંતિમ દેશનાને ઉત્તરાધ્યયન સૂત્રમાં સંગ્રહિત કરવામાં આવી છે. તેમાં મરણના બે પ્રકાર જણાવ્યા છે : (૧) બાલમરણ (૨) પંડિતમરણ. જે જીવ જીવનના યથાર્થને જાણ્યા વગર જ મૃત્યુ પામે છે તે દુર્ગતિમાં, દુર્યોનિમાં જાય છે અને જન્મ મરણના ચક્રમાં અટવાતા રહે છે, પરંતુ જે જીવ જીવનના યથાર્થને જાણે છે, જીવન અને મૃત્યુના રહસ્યને જાણી લે છે, તેને જીવવાનો મોહ નષ્ટ થઈ જાય છે અને મૃત્યુનો ડર પણ નાશ પામે છે. આ જીવન અને મૃત્યુ પ્રત્યે સમત્વ ધારણ કરી તપ,

ત્યાગ, વ્રત, નિયમ આદિનું પાલન કરી જીવનને ધન્ય બનાવે છે. અંત સમયે આલોચના, નિંદા, ગર્હા, ક્ષમાપના, ભાવના દ્વારા પ્રાયશ્ચિત કરી આત્મશુદ્ધિ કરે છે. આત્મશુદ્ધિપૂર્વક જે મૃત્યુને વરે છે તેને માટે મૃત્યુ મહોત્સવ બની જાય છે. જો જીવ અકામમરણ કે બાલમરણથી મુક્ત થઈ પંડિતમરણ કે સકામમરણને વરે તો તેના ભવચક્રના આંટા ઓછા થઈ જાય છે અને શાશ્વત સુખપ્રાપ્તિનો માર્ગ સરળ બની જાય છે.

સમાધિમરણ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે અને જીવનમાં જાગૃતિ કેવી રીતે આવી શકે તેની શાસ્ત્રીય વિધિને આ પુસ્તકમાં ખૂબ જ સરળ ભાષામાં વર્ણવવામાં આવી છે. તેથી કોઈ પણ આરાધક ખૂબ જ સુગમતાથી આ વિધિ કરી શકે. તેઓએ વિધિ બાબતે કોઈ જ આગ્રહ રાખ્યો નથી. વિધિમાં સામુદાયિક મતમતાંતર હોવાની સંભાવના નકારી નથી. તેમ જ સરસ સલાહ આપી છે કે વ્યામોહમાં પડ્યા વગર સમુદાયની માન્યતા પ્રમાણે વિધિ કરવી. અર્થાત્ કોઈ એક જ વિધિના સાચાખોટામાં પડ્યા વગર નાની મોટી ભેદરેખાને ગૌણ કરી અંતિમ સમયની આરાધના અવશ્ય કરવી.

આ પુસ્તકમાં પૂ. ગુરુભગવંતે અનેક સ્થળે જાતજાતના દોષોનો ખ્યાલ આપ્યો છે. સામાન્ય રીતે તો માણસ નાના મોટા દોષો સેવતો થઈ જતો હોવા છતાં પોતે ધાર્મિક હોવાના ખ્યાલમાં જ રાચતો હોય છે. તેથી તેને દોષો દોષ રૂપે જણાતા નથી. તે તરફ પૂ. ગુરુભગવંતે અંગુલીનિર્દેશ કરી સાધકને સજાગ કર્યો છે. તદુપરાંત, શુભ ભાવો કેવી રીતે ભાવવા તેની સુંદર સમજ આપી છે. ત્યાગના સંસ્કાર કેળવાય તે માટે તેમણે સાવ સાદી અને સરળ રીત દર્શાવી છે. તેઓશ્રી જણાવે છે કે છેવટના સમયમાં અનશનમાં ઘણા લોકોને તકલીફ પડે છે. જો જીવનમાં સાજી, સારી સ્થિતિમાં, યુવાનીમાં મીઠાઈ, ફરસાણ વગેરે ખાવા-પીવાની ચીજો છોડવાની ટેવ પાડી હોય તો છેલ્લા સમયે વાંધો આવતો નથી. દા.ત. પોતાના જન્મદિવસે અથવા બેસતા વર્ષે એક એક ચીજ જીવનભર અથવા એક વર્ષ માટે છોડવાની ટેવ પાડે. તેમ જ રોજ ખાતી વખતે એક ભાવતી ચીજ છોડવાની ટેવ પાડે તો અંત સમયે તકલીફ રહે જ નહીં. આટલું કરવું પણ જેને અઘરું લાગતું

હોય અથવા જીવન દરમિયાન આવી સ્થિતિ પામ્યા ન હોય તેમને એક સરળ પદ્ધતિ સમજાવતા કહ્યું છે કે કેટલાંય પૂજ્ય સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ આયંબિલ, ઉપવાસ કરે છે તે ધ્યાનમાં રહે તો ખાવાની લાલસા છોડવી સરળ બને. આવા અનેકવિધ ઉપાયો પણ આ પુસ્તકમાં વર્ણવ્યા છે. વળી, ઉત્તરાધ્યયન, ભક્તપરિજ્ઞા, ચઉશરણ પ્રકીર્ણક આદિના આધારો પણ ટાંક્યા છે.

હાલ પ્રસ્તુત પુસ્તક જીવનજાગૃતિ અને સમાધિમરણ પ્રગટ થઈ રહ્યું છે તે આનંદની ઘટના છે. આ તેની ત્રીજી આવૃત્તિ છે. તે જ તેની મહત્તાની સાબિતી છે. મારો પોતાનો અનુભવ જણાવું તો વર્ષો પૂર્વે પૂ.સુધર્મસાગરજી મ.સા. અચાનક અમારા ઘરે પધાર્યા હતા. અમારા સહુ માટે તો જાણે અમૃતવૃષ્ટિ થઈ હોય તેવો આનંદ થયો. તે સમયે મારા માતૃશ્રી બીમાર હતાં. શરીરમાં વ્યાધિ વ્યાપી ગયો હતો અને વ્યાધિ કેમેય કરી મટતો ન હતો. તે સમયે મ.સા.એ પૂ. માતૃશ્રીને સમાધિની વાત કરી હતી. કેટલાંક આવશ્યક પચ્ચકખાણ કરાવ્યાં અને આરાધના અંગે વાત કરી હતી. પૂ. મહારાજશ્રી તો ત્યાંથી આગળ નીકળી ગયા, પણ તેમણે આપેલાં ઉપદેશથી અને પચ્ચકખાણથી મારાં માતૃશ્રીએ ખૂબ જ શાતા અનુભવેલી અને એમ કહ્યું હતું કે જાણે આખા ભવનો ભાર ઊતરી ગયો. આ જાણી અમે ધન્યતા અનુભવેલી. આ પ્રસંગથી એ વાત તો નિશ્ચિત થાય છે કે અંતિમ સમયે જો સમ્યગ્ રીતે આરાધના કરવામાં/કરાવવામાં આવે તો કેટલો મોટો લાભ થઈ શકે ! પણ મોટી મુશ્કેલી તો એ છે કે બધે જ મહારાજ સાહેબ પહોંચી શકે નહીં અને સંભવે પણ નહીં તેથી જ સમાધિ માટેની આરાધના સાચી રીતે થાય તેવા પુસ્તકની આવશ્યકતા હતી.

આ પુસ્તક દ્વારા સૌને એક આલંબન પ્રાપ્ત થશે. પ્રત્યેક શ્રાવકે આ પુસ્તક અવશ્ય વાંચવું જોઈએ અને તેમાં દર્શાવેલ માર્ગે ચાલવાનો અભ્યાસ કરવો જોઈએ.

**- જિતેન્દ્ર બી. શાહ**

નિયામક

લા.દ.સંસ્કૃતિ વિદ્યામંદિર

નવરંગપુરા, અમદાવાદ-૯

# ત્રીજી આવૃત્તિની વેળાએ

આપણે સૌ નિત્ય ચૈત્યવંદનવિધિ કરતી વખતે 'લોગસ્સ' સૂત્ર અને 'જયવીયરાય' સૂત્રમાં સમાધિમરણ અને બોધિ (જિનશાસન)ની માંગણી કરીએ છીએ પરંતુ તેની પ્રાપ્તિનો જે ઉપાય જૈનશાસ્ત્રમાં બતાવાયો છે તેનો પ્રાયઃ બોધ મેળવવાની પણ ઈચ્છા હજુ થતી નથી.

પૂર્વના ભવમાં આપણે જાતે જ બાંધેલા આયુષ્યકર્મ જેટલું જ જીવન આપણે આ ભવમાં પ્રાપ્ત કરીએ છીએ અને પછીના ભવનું આયુષ્ય વર્તમાન ભવના ત્રીજા ભાગના વર્ષોમાં આપણે જાતે જ બાંધીએ છીએ. જો ન બંધાય તો બાકી રહેલા વર્ષોના ત્રીજા ભાગના વર્ષોમાં બંધાય છે અને ત્યારે પણ ન બંધાય તો બાકી રહેલા વર્ષોના ત્રીજા ભાગના વર્ષોમાં દરેક જીવ આયુષ્યકર્મ બાંધે છે. વળી, જો છેલ્લી ક્ષણ સુધી પણ ન બંધાય તો મૃત્યુની ક્ષણે જેવા ભાવ હોય તેને અનુરૂપ અવશ્ય બંધાય છે. માટે જ જો જીવન જાગૃતિમય જીવ્યા હોઈશું તો મરણ સમાધિમય પ્રાપ્ત થઈ શકે અને તો જ શુભગતિને યોગ્ય આયુષ્યકર્મ બાંધી શકીશું. તેથી પરલોકમાં સુખ અને પરંપરાએ મોક્ષસુખની પ્રાપ્તિ અર્થે જીવનજાગૃતિ અને સમાધિમરણની આવશ્યકતા છે.

શાસ્ત્રોમાં સમાધિમરણની પ્રાપ્તિ અર્થે જે વિધિ બતાવામાં આવી છે તેનું સંકલન પ્રસ્તુત પુસ્તકમાં ડો. હેમંતભાઈ પરીખની વિનંતીથી પૂ. ઉપકારી ગુરુ ભગવંત દ્વારા કરવામાં આવ્યું છે. શ્રી હેમંતભાઈ માત્ર ૧૬ વર્ષની ઉંમરથી જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવામાં પ્રવૃત્ત બન્યા. તેઓની એ જિજ્ઞાસાએ જૈનદર્શનના ઘણા ગંભીર ગ્રંથોના અભ્યાસ અર્થે ઘણા જ્ઞાની આચાર્ય ભગવંતો અને વિદ્વાન પંડિતજીઓનો સંપર્ક કરાવી આપ્યો. તબીબી વ્યવસાય દરમિયાન કેટલાય દર્દીઓના મરણને તેઓએ નજીકથી નીહાળ્યું, તેથી જ એક શુભ દિવસે પ્રસ્તુત વિધિની સંકલના કરવાની શુભ ભાવના થઈ. અનેક પૂ.ગુરુ ભગવંતોના સૂચનો અને અભિપ્રાયો અનુસારે સંકલન કરીને તેને અંતિમ સ્વરૂપ અપાયું અને પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું.

આજે જ્યારે તબીબી ક્ષેત્રે વિજ્ઞાનની હરણફાળને કારણે રોગોના નિદાન અને નિવારણ માટે કરવામાં આવતા પ્રયોગોએ અતિશય માઝા મૂકી છે ત્યારે ખરેખર આવી શાસ્ત્રીય પદ્ધતિઓનો પ્રચાર અને પ્રસાર ખૂબ આવશ્યક બન્યો છે. હોસ્પિટલના ICCU માં કોઈપણ ધર્મક્રિયાના અભાવમાં મૃત્યુ પામતા દર્દીઓના સ્વજનો પણ પાછળથી ખૂબ અફસોસ કરતા હોય છે. પરંતુ સમયસૂચકતા વાપરીને જાગૃત અવસ્થામાં

સ્વજનો દ્વારા આવી સંક્ષેપ વિધિ પણ જો કરાવવામાં આવે તો મૃત્યુને સુધારી આપનાર અંત સમયની સમાધિની સાથે સાથે કાંઈક પુણ્યપ્રકૃતિની પ્રાપ્તિ અને પાપપ્રકૃતિથી નિવૃત્તિ અવશ્ય થઈ શકે છે. જીવન દરમિયાન સ્વજનોને ઘણા કાર્યોમાં આપણે પરસ્પર મદદરૂપ થઈએ છીએ તો મૃત્યુ સમયે પણ આવી સહાયતાથી સ્વજનોના પરલોક સુધારવામાં શું મદદરૂપ ન બની શકાય ! આવી જ ભાવનાથી શ્રી હેમંતભાઈએ પ્રસ્તુત પુસ્તકનું પ્રકાશન કર્યું હતું.

પ્રસ્તુત પુસ્તકમાં બિમાર વ્યક્તિની શારીરિક અને માનસિક સ્વસ્થતાને અનુકૂળ એવી વિસ્તારપૂર્વકની આરાધના બતાવવામાં આવી છે. ક્યારેક આકસ્મિક માંદગી વખતે દર્દીની માનસિક સ્વસ્થતા ન હોય તો આશરે ૪૫ મિનિટમાં કરાવી શકાય તેવી ટૂંકી વિધિ પણ દર્શાવવામાં આવી છે. વળી, અત્યંત સંક્ષેપથી માત્ર થોડી ક્ષણોમાં કરાવી શકાય તેવી વિધિ પણ સામેલ કરવામાં આવી છે. ઉપરાંત શ્રાવક-શ્રાવિકાઓને કરાવવાની અને પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને કરાવવાની વિધિને અલગ અલગ રીતે દર્શાવવામાં આવી છે. વિશેષમાં પૂ. સાધુ-સાધ્વીજી ભગવંત કાળધર્મ પામે ત્યારે કરવાની વિધિનો પણ અત્રે સમાવેશ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અહીં એમ તો દ્રવ્યક્રિયા જ બતાવવામાં આવી છે પણ ભાવની વિશુદ્ધિ સાથે કરવામાં આવેલી આ જ ક્રિયાઓ પંડિતમરણની પ્રાપ્તિનું પ્રબળ કારણ બની શકે છે, ભવાંતરમાં શુભ ગતિની પ્રાપ્તિનું કારણ બની શકે છે અને પરંપરાએ જન્મ-મરણમાંથી મુક્તિનું કારણ પણ બની શકે છે. અહીં પ્રસ્તુત વિધિની પૂર્ણત્તાનો કોઈ દાવો નથી પરંતુ પ્રયત્ન અવશ્ય કર્યો છે.

સૌ પ્રથમવાર શ્રી હેમંતભાઈના પૂ. પિતાશ્રી હસમુખભાઈને એક પૂ. ગુરુભગવંતે ‘શ્રાવક અંતિમ આરાધના’નું નાનું પુસ્તક વાંચવા આપ્યું અને બીજું ‘સાધુ-સાધ્વીજી અંતિમ આરાધના’નું નાનુ પુસ્તક બતાવ્યું. કર્મયોગે શ્રી હસમુખભાઈને ઈ.સ.૧૯૯૯માં અન્નનળીનું કેન્સર થયું અને ૧૩ માસની માંદગી દરમિયાન તેઓ વારંવાર આ પુસ્તકના આલંબનથી શાતા-સમાધિ ટકાવી શક્યા. મૃત્યુ પૂર્વના છેલ્લા એક કલાકમાં પચ્ચક્ખાણોનું અને વ્રતોનું ગ્રહણ, ચારે આહારનો ત્યાગ, ચાર શરણાનો સ્વીકાર વિગેરે બધી વિધિ પૂ. ગુરુભગવંત પાસે કરવા વડે પૂ. પિતાશ્રીનું મરણ જાણે મહોત્સવ બની ગયું. આખો પરિવાર આવા સમાધિમરણનો સાક્ષી બનીને ધન્ય થઈ ગયો.

તેમના મૃત્યુના ચાર જ દિવસ બાદ વડીલ ફઈબા શ્રી લીલીબેનની પણ આકસ્મિક તબિયત લથડી અને પૂ. સાધ્વીજી ભગવંતને બોલાવીને તેઓને પણ

પચ્ચક્ખાણ કરાવ્યા, ખામણા કરાવ્યા અને થોડીક ક્ષણોમાં તેઓએ પણ ખૂબ જ સમાધિપૂર્વક દેહ છોડ્યો.

હવે પછી શ્રી હેમંતભાઈનું જીવન વધુ જાગૃતિમય બન્યું અને વૈરાગ્યની ભાવના વધુ દૃઢ બની. પૂ. પિતાશ્રીના અવસાન પછી માત્ર પાંચ જ વર્ષમાં પૂ. માતૃશ્રી શારદાબેનનું છત્ર પણ ગુમાવ્યું. તેઓને પણ મરણ સમયે સુપુત્ર શ્રી જગતભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી શિલ્પાબેનના શુભ પ્રયાસથી પૂ.સાધ્વીજી ભગવંતના મુખેથી અત્યંત સંક્ષેપથી પણ પ્રસ્તુત વિધિ કરાવી શકાઈ.

ઈ.સ.૨૦૦૯-વિ.સં.૨૦૬૫માં 'શ્રાવક અંતિમ આરાધના' અને 'સાધુ-સાધ્વીજી અંતિમ આરાધના' - બંને પુસ્તકોનો એક જ પુસ્તકમાં સમાવેશ કરીને પ્રથમ આવૃત્તિનું પ્રકાશન શ્રી હેમંતભાઈ દ્વારા કરવામાં આવ્યું. જેની બધી ૧૦૦૦ નકલો ખલાસ થઈ જતા ઈ.સ.૨૦૧૩-વિ.સં. ૨૦૬૯માં કેટલાક સુધારા સાથે ફરી બીજી આવૃત્તિની ૫૦૦ નકલો છપાવવામાં આવી. આ જ અરસામાં શ્રી હેમંતભાઈને પોતાને પણ લીવરના કેન્સરની ભયંકર બિમારીનું નિદાન થયું.

માત્ર ૫૩ વર્ષની ઉંમરે લાગુ પડેલા આ મહારોગના નિવારણ અર્થે પોતાના તબીબી વ્યવસાયમાં પરિચિત તબીબોના સલાહસૂચન લઈને આધુનિક પદ્ધતિથી ટ્રીટમેન્ટ પણ કરાવી. જાણે આ પુસ્તકના સંકલન વડે પૂર્વ તૈયારીઓ કરી લીધી હોય તેમ રોગ લાગુ પડ્યા પછી ખબરઅંતર પૂછવા આવતા સ્નેહી-સ્વજનોના મુખેથી નવા નવા સ્તુતિઓ અને સ્તવનો જ સાંભળવાનો તેઓનો આગ્રહ રહેતો. પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતોપાસેથી વૈરાગ્યની સજ્ઝાયો સાંભળતા અને દેહથી ભિન્ન એવા આત્માની અનુભૂતિ કરવાના ઉપાયો સાંભળતા. છેલ્લા દિવસે પૂ. ગુરુભગવંતની હાજરીમાં વિધિપૂર્વક પચ્ચક્ખામોનું ગ્રહણ, વ્રતોનું ગ્રહણ અને ચતુઃશરણનો સ્વીકાર કરીને સર્વ બાહ્ય પદાર્થોને વોસિરાવીને પછી જાણે પોતે અંતરમાં લીન બની રહ્યા. ધીમે ધીમે શરીરના બધા અંગો શિથિલ બનવા લાગ્યા અને સ્વગૃહે કુટુંબીજનોના મુખેથી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરતા કરતા આ ભવનું આયુષ્ય પુરું કર્યું. સમાધિમય જીવન જીવવા અને જીવડાવવાની સાથે અવશ્યંભાવી એવું મરણ પણ સમાધિમય રીતે મેળવી બતાવ્યું. આયુષ્યકર્મની મર્યાદાને કોઈ તીર્થંકર પરમાત્મા પણ વધારી શકતા નથી તેમ શ્રી હેમંતભાઈના આયુષ્યને પૂર્ણ કરાવવામાં માત્ર ત્રણ માસની માંદગી નિમિત્ત બની.

શ્રી હેમંતભાઈએ જીવન દરમિયાન તબીબી વ્યવસાયની સહાયતાથી અનેક જીવોને શારીરિક શાતા અપાવવાના માધ્યમથી પણ ધર્મમાર્ગે જોડવાનો જ સતત પ્રયાસ

કર્યો હતો. અનેક પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતોને પણ શારીરિક તકલીફોમાંથી મુક્ત કરાવી આત્મસાધનાના માર્ગ પર ટકી રહેવા સહાયભૂત બન્યા હતા. પોતાના જીવનમાં સમ્યક્દર્શનની શુદ્ધિ અર્થે અનેક નાનામોટા તીર્થોની યાત્રા કરી હતી. જ્ઞાનશુદ્ધિ તો જાણે તેઓનો જીવનમંત્ર બની ગયો હતો. વ્યાખ્યાન, વાચના, સ્વાધ્યાય-પાઠ, ધાર્મિક સ્તવન, પૂજન વિગેરે સાંભળવા માટે વ્યવહારિક કાર્યોને પણ તેઓ ગૌણ કરી દેતા હતા. ઉપધાન તપ અને પાંત્રીસુ કરીને ચારિત્રશુદ્ધિમાં પણ યત્નશીલ બન્યા હતા. વિશેષ પર્વતિથિએ તેઓશ્રી પૌષધોપવાસ પણ કરતા હતા. વર્ધમાન તપની ૩૫ આયંબિલની ઓળી પૂર્ણ કરીને તપધર્મની આરાધના પણ તેઓએ કરી હતી.

**જાનાર તો જા'તા રહ્યા, સદ્ગુણ એના સાંભરે,**
**લાખો લૂંટાવો તોય પણ મરનાર પાછા ના ફરે.'**

મારા એકાંત આત્મહિતચિંતક અને કલ્યાણમિત્ર સમાન પૂજ્ય પતિદેવ શ્રી હેમંતભાઈના સદ્ગુણોને યાદ કરીને તેમની સ્મૃતિમાં તેમની બીજી વાર્ષિક પુણ્યતિથિએ પ્રસ્તુત પુસ્તકની ત્રીજી આવૃત્તિ તેમને જ અર્પણ કરતા અમે તેઓના ઉપકારનું કાંઈક ઋણ ચૂકવીને ધન્યતા અનુભવીએ છીએ. શ્રી હેમંતભાઈની સ્મૃતિમાં કરાતા દરેક સુકૃતોમાં તેમના લઘુબંધુ શ્રી જગતભાઈનો અમને અત્યંત ભાવભર્યો સહકાર પ્રાપ્ત થયો છે. તેમ પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં પણ તેઓશ્રી અમને ખૂબ સહાયક બન્યા છે. વળી, અન્ય પણ ઘણા ઉપકારી શ્રાવકોનું પ્રત્યક્ષ કે પરોક્ષ યોગદાન રહ્યું છે તે સર્વનો આ ક્ષણે આભાર માનું છું.

એલ.ડી. ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડોલોજીના નિયામકશ્રી, અમને ધર્મમાર્ગમાં પ્રવેશ કરાવનાર અને ડો. હેમતંભાઈના કલ્યાણમિત્ર એવા ડો. પં.શ્રી જિતેન્દ્રભાઈ શાહે અમારી વિનંતીનો સ્વીકાર કરીને પ્રસ્તુત વિષય અંગે પોતાના અંતરના ભાવોને અહીં શબ્દદેહે આકાર આપીને અમારા ઉપર વિશેષ ઉપકાર કર્યો છે.

અંતે, પ્રસ્તુત પુસ્તકના આલંબનથી વધુમાં વધુ જીવો અંતિમ સમયે વિધિપૂર્વક આરાધના કરીને સમાધિમરણને પ્રાપ્ત કરી શકે એ જ અભ્યર્થના સહ...

છદ્મસ્થતાને કારણે વીતરાગ પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં...

**- પારૂલ હેમંતભાઈ પરીખ**
૨૧, તેજપાળ સોસાયટી, ફતેહપુરા બસ સ્ટેન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ ફોન નં.૨૬૬૩૦૦૦૬

# અનુક્રમણિકા


| વિષય | પાન નં. |
|---|---|
| સમાધિ મરણની જરૂરિયાત શા માટે ? | ૧ |
| સમાધિ મરણ પ્રાપ્ત કરવા ૬-૧૦-૧૬ અધિકાર | ૧ |
| મરણ સમયે ટૂંકમાં કરાવવા ૧૦ આરાધના | ૨ |
| અંતિમ સમયે આલોચના (પશ્ચાત્તાપ) કેમ જરૂરી ? | ૫ |
| અત્યંત સંક્ષિપ્ત અંતિમ આરાધના | ૬ |
| કાંઈક વિસ્તારપૂર્વક ૧૦ અધિકારો | ૭ |
| (૧) ૧૦ અધિકાર અંતર્ગત પંચાચાર આલોચના | |
| (૨) વ્રત લેવા | |
| (૩) ક્ષમાપના | |
| (૪) ચાર શરણા | |
| (૫) ૧૮ પાપસ્થાનક વોસિરાવવા | |
| (૬) દુષ્કૃત ગર્હા | |
| (૭) સુકૃત અનુમોદના | |
| (૮) શુભ ભાવના | |
| (૯) અનશન | |
| (૧૦) પંચમંગલ (નવકાર) સ્મરણ | |
| બિમાર પાસે હાજર રહેલાએ શું કરવું - શું ન કરવું ? | ૭૨ |
| સાધુ-સાધ્વી અંતિમ આરાધના વિધિ | ૭૩ |
| સાધુ-સાધ્વી કાલધર્મ વિધિ | ૧૦૫ |
| શ્રાવક અંતિમ આરાધના | ૧૧૪ |
| સમાધિ મરણના ૧૦ અધિકારોની સ્તુતિ | ૧૪૯ |
| પુન્ય પ્રકાશનું સ્તવન | ૧૫૧ |
| સંથારા પોરિશી સૂત્ર | ૧૫૯ |

॥ બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ ॥

## સમાધિ મરણની જરૂરિયાત શા માટે ?

દરેક જીવ સુખ ઈચ્છે છે. દુઃખ નથી જોઈતું. જન્મ-મરણ છે તે સૌથી મોટું દુઃખ છે.

આઉર પચ્ચક્ખાણ પયન્નો - ગાથા ૬૧ માં લખ્યું છે કે આરાધનામાં ઉપયોગવાળો સુવિહિત કાલ કરીને ઉત્કૃષ્ટથી ત્રીજા ભવે નિર્વાણ (મોક્ષ) પ્રાપ્ત કરે છે.

આ વાત પંડિત મરણ પ્રાપ્ત કરનાર માટે છે.

આઉર પચ્ચક્ખાણ પયન્નો ગાથા ૯ માં જણાવાયું છે કે બાલ પંડિત મરણ પ્રાપ્ત કરનાર જીવ ઉત્કૃષ્ટથી સાતમે ભવ સિદ્ધ થાય છે.

મતલબ કે જેના વધારેમાં વધારે ૭ ભવ બાકી છે તેવાં જીવ સમાધિ મરણ પામે છે.

જન્મ-મરણથી છુટીને શાશ્વત સુખી બનવાની ઈચ્છાવાળાને સમાધિ મરણ સૌથી વધારે જરૂરી છે.

## સમાધિ મરણ પ્રાપ્ત કરવા માટેના ૬-૧૦-૧૬ વિગેરે અધિકારો

પૂ. હેમચંદ્રચાર્યજી 'ત્રિષષ્ઠી' માં ભગવાન મહાવીરે ૨૫ મા નંદન મુનિના ભવમાં અંતિમ સમયે **૬ આરાધના** કરેલ તેમ જણાવે છે.

(૧) દુષ્કૃત ગર્હા (૨) ક્ષમાપના (૩) શુભ ભાવના (૪) ચાર શરણ (૫) નમસ્કાર (૬) અનશન.

પ્રાચીન સામાચારી તથા વિધિ પ્રપામાં ૧૦ અધિકાર જણાવેલ છે. પુણ્ય પ્રકાશના સ્તવન અને અમૃતપદ આરાધનામાં પણ ૧૦ અધિકાર છે.

(૧) અતિચાર આલોચના (૨) વ્રત લેવા (૩) ક્ષમાપના (૪) ચાર શરણા લેવા. (૫) ૧૮ પાપસ્થાનક વોસિરાવવા (૬) દુષ્કૃત ગર્હા (૭) સુકૃત અનુમોદના. (૮) શુભ ભાવના (૯) અનશન (૧૦) પંચમંગલ (શ્રી નવકાર) સ્મરણ.

**પાસચંદ મુનિએ વર્ણવેલ ૧૬ અધિકાર**

(૧) સંલેખના (૨) પાપની આલોચના (૩) સમ્યક્ત્વ (૪) ૧૨ વ્રત લેવા

(૫) ૧૮ પાપસ્થાનક વોસિરાવવા (૬) ચાર શરણા લેવા (૭) દુષ્કૃત ગર્હા (૮) સુકૃત અનુમોદના (૯) વિષય છોડવા (૧૦) ચતુર્વિધ સંઘ સાથે ખામણા (૧૧) સર્વ જીવ ખામણા (૧૨) ચૈત્ય વંદના (શાશ્વત જિન વંદના) (૧૩) અનશન (૧૪) સાધુ વંદના (૧૫) પરિષહ સહન કરનાર મુનિ વંદના (૧૬) નવકાર સ્મરણ.

શાસ્ત્રોમાં કેટલાક દૃષ્ટાંતોમાં વ્રતની આલોચના કરી ફરીથી વ્રત ગ્રહણ કરે છે. ૧૮ પાપસ્થાનકને પચ્ચક્ખાણ સાથે ન કરવાનું નક્કી કરે છે. ક્ષમાપના કરે છે. બધું વોસિરાવવા સાથે **છેલ્લા શ્વાસે હું આ દેહને પણ વોસિરાવું છું** તેમ કહે છે. નમુત્થુણં પાઠ બોલીને આ પાઠ કરે છે.

કોણિક રાજા અને ચેટક રાજાના યુદ્ધમાં ૧ શ્રાવક અને તેનો મિત્ર ઘવાય છે ત્યારે રણસંગ્રામમાંથી એક બાજુ જઈને પાંદડાનો સંથારો કરી શ્રાવક અંતિમ આરાધના કરે છે. દૂર રહેલો તેનો મિત્ર ભાવના કરે છે કે મારો મિત્ર જે પચ્ચક્ખાણ કરતો હોય તે મારે પણ પચ્ચક્ખાણ. પરિણામે બંનેની સદ્ગતિ થાય છે.

## મરણ સમયે ટુંકમાં કરવા-કરાવવાની (૧૦ આરાધના)

મેં જે કાંઈ પૌદ્ગલિક (સાંસારિક) સુખની ઈચ્છાથી દેવ-ગુરુ-ધર્મની આરાધના કરી હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હવે પછી જન્મ-મરણથી છૂટવા દેવ-ગુરૂની આરાધના કરનાર બનું.

લૌકિક કે લોકોત્તર મિથ્યાત્વની વૃત્તિ કે પ્રવૃત્તિ કરી, કરાવી કે અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્

અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ છોડેલ ન હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્

મેં સાવદ્ય યોગની જે કાંઈ વૃત્તિ કે પ્રવૃત્તિ કરી, કરાવી હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્

(૧) જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય - એ પાંચ આચાર સંબંધી જે કોઈ **અતિચાર** નિગોદથી આજ સુધીના ભવમાં મેં કર્યા-કરાવ્યા - અનુમોદ્યા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

(૨) નિગોદથી આજ સુધીના ભવમાં મેં જે કાંઈ સાધુ કે શ્રાવકના **વ્રતો** ન લીધા હોય, લઈને ભાંગ્યા હોય, બીજાને વ્રત લેતા અટકાવ્યા હોય, લીધેલા વ્રતો છોડાવ્યા હોય તે બધાનું મિચ્છા મિ દુક્કડમ્.

હવે પછી હું મારા આત્માને વ્રતોમાં સ્થાપન કરું છું.

આ બોલીને શ્રાવકના ૧ થી ૮ વ્રતો લેવા-લેવડાવવા. પૂ. સાધુ-સાધ્વીજી હોય તો સમ્યક્ત્વ, સર્વવિરતિ તથા પાંચ મહાવ્રત, છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત ઉચ્ચરાવવા અને ઈચ્છેઈ આઈ ગાથા ઉચ્ચરાવવી.

(૩) આ ભવચક્રમાં ભટકતા વિષય-કષાયને વશ બની મારે જે જે જીવો સાથે વેરબંધ થયેલ હોય તે બધા જીવોની હું માફી માગું છું. તે જીવોને હું માફી આપું છું. તે બધા જીવો જોડે મારે મૈત્રીભાવ હોજો. મારા નિમિત્તે કોઈ જીવ ક્યારેય દુઃખી ન થાય. મારા નિમિત્તે જે જીવે કર્મો બાંધ્યા હોય તે કર્મો તે જીવોને પશ્ચાત્તાપથી ખપી જાય પરંતુ શારીરિક કે માનસિક દુઃખ ભોગવવું ન પડે. મારે કોઈ જીવ જોડે વેર નથી.

(૪) હિંસા-જુઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહ-ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ-કલહ-અભ્યાખ્યાન (જુઠા આળ) પૈશુન્ય (ચાડી ખાવી) રતિ અરતિ (ભૌતિક અનુકૂળતામાં -પ્રતિકૂળતામાં આનંદ-શોક) પરપરિવાદ (બીજાની નિંદા) માયા મૃષાવાદ-મિથ્યાત્વ શલ્ય (સત્‌ને અસત્ તથા અસત્‌ને સત્ માનવા તે) આ અઢારે પાપસ્થાનકોનું અત્યાર સુધીના ભવમાં મેં જે સેવન કર્યું-કરાવ્યું-અનુમોદ્યું હોય તેને વોસિરાવું છું. મારા છેલ્લા શ્વાસે મારા આ દેહને પણ વોસિરાવું છું.

(૫) એક ભવમાંથી બીજા ભવમાં રખડતા અત્યાર સુધીમાં મેં કુટુંબ- ધન-બુદ્ધિ-સત્તા-સંબંધો વિગેરેને શરણરૂપ માન્યા પરંતુ જે તે ભવનું ત્યાંજ રહ્યું. હું ભટકતો રહ્યો. હવે પછી હું અરિહંત-સિદ્ધ-સાધુ અને સર્વજ્ઞ ભાષિત ધર્મનું શરણ સ્વીકારૂં છું. ભવોભવ તે જ મારે શરણભૂત થાઓ.

(૬) વીતરાગ સર્વજ્ઞ ભગવંતની આજ્ઞા વિરૂદ્ધ મેં જે કાંઈ કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય તે બધાનું મન-વચન-કાયાથી મિચ્છા મિ દુક્કડમ્

(૭) વીતરાગ સર્વજ્ઞ ભગવંતની આજ્ઞા મુજબ ત્રણે કાળમાં જે જીવો જે કાંઈ સુકૃત કરે છે તેની હું મન વચન કાયાથી અનુમોદના કરૂં છું. દેવ-ગુરૂની કૃપાથી મેં જે સુકૃત કરેલ હોય તેની અનુમોદના કરું છું.

(૮) વિવિધ પ્રકારે શુભ ભાવના કરવી-કરાવવી. અનિત્ય વિગેરે ૧૨ ભાવના તેમજ મૈત્રી વિગેરે ચાર ભાવના ચિંતવવી.

(૯) સમય પ્રમાણે ચારે આહારનો ત્યાગ કરવો-કરાવવો અથવા પાણી તથા દવા સિવાય ત્યાગ કરાવવો. મુટ્ઠસી પચ્ચકખાણ ચાલુ રખાવવું. ઉંમર-વ્યાધિ-પરિણામ પ્રમાણે થોડા સમય કે કાયમ માટે મીઠાઈ-ફરસાણ-મેવો ત્યાગ કરાવવો.

જન્મ-મરણ કરતા મેં અભક્ષ્યનું ભક્ષણ કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. ભક્ષ્ય પણ રાગદ્વેષપૂર્વક ખાધેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હવે પછી રાગદ્વેષરહિત અન્ન-પાણી લેનાર બનું. મૃત્યુ પહેલા ચારે આહારનો ત્યાગ કરનાર બનું.

(૧૦) પંચમંગલ (નવકાર) સંભળાવવાનું ચાલુ રાખવું. તદ્દન છેલ્લી અવસ્થા ખ્યાલમાં આવે તો માત્ર ''નમો અરિહંતાણં'' એક જ પદ સંભળાવવું. ૐ ન લગાડવો. ૐ પૂર્વક ધુન ન બોલવી. ૬૮ અક્ષરનો નવકાર કે પ્રથમ પદ બોલવું. હાજર રહેલાએ વારાફરતી ૧ નવકાર બોલવો જેથી કોઈને થાક ન લાગે અને લાંબા સમય સુધી સંભળાવી શકાય.

બિમારની શક્તિ મુજબ જિનમંદિર-જિનમૂર્તિ-જિનાગમ-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ પ્રમાણે સાત ક્ષેત્રમાં દાન કરવા કહેવું. તે પછી જીવદયા-અનુકંપામાં વાપરવા કહેવું.

**(સાત ક્ષેત્ર છોડીને જીવદયા કે અનુકંપામાં વાપરવાનું ન કહેવાય.)**

હાજર રહેલાએ પોતપોતાની ભાવના મુજબ બિમારને ધર્મ ક્રિયા કરવાનું-પાપો છોડવાનું-રકમ વાપરવાનું કહેવું.

નોંધ :- આ જ ક્રમ પ્રમાણે કરવું જોઈએ તેવો કદાગ્રહ ન રાખવો. અંતિમ સમય જેનો હોય તેની સ્થિતિ મુજબ કરાવવું.

તદ્દન થોડો સમય દેખાય તો તુરત ચારે આહારનો ત્યાગ કરાવવો. તે સાગારી હોય. જેથી તે સાજો થઈ જાય તો બધું વાપરી (ખાઈ) શકે.

મારા છેલ્લા શ્વાસોશ્વાસે હું આ દેહને પણ વોસિરાવું છું તેમ બોલાવવું. ન બોલી શકે તો મનમાં બોલે અને ઈશારાથી હું બોલેલ છું તેમ જણાવે તેમ કરવું.

## અંતિમ સમય પૂર્વે આલોચના (પશ્ચાતાપ) ખૂબ જ જરૂરી કેમ છે ?

આગમોમાં બહુ જ સ્પષ્ટ શબ્દોમાં એક વાત છે. જે તે કર્મ બંધાઈ જાય કે ભૂલ થાય તેનાથી સંસાર વધતો નથી પરંતુ તે કર્મની આલોચના (પશ્ચાત્તાપ) કર્યા વગર મૃત્યુ પામનારના ભવ ઘણા વધે છે. જ્યારે થયેલ ભૂલ-પાપની આલોચના-પશ્ચાત્તાપ માફી માંગનારને ભાવની તીવ્રતા હોય તો તે ભવમાં પણ કર્મો ખપી જાય છે.

આવો માનસિક પશ્ચાત્તાપ વારંવાર કરવાની ટેવ પાડવી જોઈએ.

મનથી-વચનથી-કાયાથી જે કાંઈ ખોટું જણાય કે તુરત તેનું મિચ્છા મિ દુક્કડમ્ કરતા રહેવું જોઈએ.

છેલ્લી ઉંમરમાં મરણ સુધારવા માટેની ૬-૧૦-૧૬ વિગેરે અધિકારોની વિચારણા દિવસો સુધી પણ થઈ શકે.

અમદાવાદમાં ખાનપુરમાં માકુભાઈના બંગલામાં રહેતા સુશ્રાવિકા સુબોધકુમારીએ લગભગ ૨ મહિના પ્રસન્નતાપૂર્વક આરાધના કરેલ જેના પરિપાક રૂપે પૂ. ગુરૂ ભગવંત સાથે પંચમંગલ (નવકાર) બોલતા સાંભળતા ત્રીજી વખતના નમો આયરિયાણં બોલી-સાંભળી ચોથું પદ સાંભળતાં દેહ ત્યાગ કરેલ. પુન્ય યોગે તે સમયે ચતુર્વિધ સંઘની હાજરી હતી. કારણ ? કેટલાક પુન્યવંત પોતાની વિશાળ જગ્યામાં બંગલા સાથે અલગ જિનમંદિર રાખે છે પરંતુ આ પુન્યવંતને ત્યાં દહેરાસરજી તો છે જ, સાથે બંગલાની વિશાળ જગ્યામાં તદ્દન અલગ દિશામાં ઉપાશ્રય પણ છે જ્યાં દર વર્ષે ચાતુર્માસ થાય છે.

પૂ. ગુરૂ ભગવંત અંતિમ સમયે મળે જ તેવું નક્કી નથી. મળે તો પણ પોતાની મનઃ સ્થિતિ સ્થિર હોય તેવું બને કે ન બને. મેં શું કરેલ છે ? કયા પાપસ્થાનકનું સેવન દૃઢતાથી કરેલ છે તે વાત મને જ ખબર હોય. જ્યારે જ્યારે જે ભૂલ થાય તેનું તત્કાલ મિચ્છા મિ દુક્કડમ્ દેતા રહેવાની ટેવ પડેલ હોય તો તે અશુભ કર્મ ત્યારે જ નરમ પડી જાય કે સંપૂર્ણ ખપી જાય તેવું બની શકે... આવું ન થયેલ હોય તો છેલ્લે મરણ સમયે થયેલ ભૂલોનો પશ્ચાત્તાપ કરે, માફી માંગે તે સદ્‌ગતિ કરાવનાર બની શકે... સદ્‌ગતિ મળ્યા બાદ પુનઃ જીવને સત્ય માર્ગ દેખાડનાર

મળવાની શક્યતા રહે... તેનાથી ફરી આરાધના કરવાની તક મળે... થયેલ વિરાધનાનું પ્રાયશ્ચિત્ત થાય... પરિણામ ? ... પરિણામે ફરી સદ્ગતિ મળે... આ રીતે આગળ વધતા અવ્યાબાધ અને અનંત સુખ (મોક્ષ) જીવ પ્રાપ્ત કરે... માટે.. અંતિમ સમય પૂર્વે પશ્ચાત્તાપ, ૧૮ પાપ સ્થાનક ત્યાગ, આહાર ત્યાગ, ઉપધિ ત્યાગ, શરીર ત્યાગ, સંબંધ ત્યાગ, ચાર શરણા, પંચમંગલ (નવકાર) રટણ તથા સ્મરણ જરૂરી છે.

## અત્યંત સંક્ષિપ્ત અંતિમ આરાધના

પૌદ્ગલિક (સાંસારીક-ભૌતિક) સુખની ઈચ્છાથી મેં અત્યાર સુધીના ભવોમાં દેવ-ગુરૂની આરાધના કરી-કરાવી-અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હવે પછી જન્મ-મરણથી છુટવા માટે જ દેવ-ગુરૂની આરાધના કરનારો બનું.

જન્મ-મરણ કરતા વૃત્તિ કે પ્રવૃત્તિથી મેં જે સાવદ્ય યોગ સેવેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

જન્મ-મરણ કરતા છતી શક્તિ અને અનુકૂળતા હોવા છતાં મેં શ્રાવકપણું કે સાધુપણું ન લીધું તેનું મિચ્છા મિ દુક્કડમ્ તથા સાધુપણું કે શ્રાવકપણું લઈને ખંડના-વિરાધના કરી હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

હું બધાની માફી માંગું છું. બધાને માફી આપું છું. બધા જીવો મને માફ કરે. મારે બધાની સાથે મૈત્રીભાવ રહે. કોઈ જોડે વૈરભાવ ન રહે.

મારા નિમિત્તે કોઈ જીવ દુઃખી ન થાય. મારા નિમિત્તે જે જીવે કર્મો બાંધ્યા હોય તે કર્મો તે જીવોને પશ્ચાત્તાપથી ખપી જાય પરંતુ શારીરિક કે માનસિક દુઃખ ભોગવવું ન પડે.

હું ચાર શરણા સ્વીકારૂં છું. (૧) અરિહંતનું શરણું (૨) સિદ્ધનું શરણું (૩) સાધુનું શરણું (૪) કેવલી ભગવંતે પ્રરૂપેલા ધર્મનું શરણું. જન્મ-મરણ કરતાં આ ચાર સિવાય શરણા લીધા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

અઢાર પાપસ્થાનકનું સેવન કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. ૧૮ પાપસ્થાનકો વોસિરાવું છું. મારા છેલ્લા શ્વાસે આ દેહને પણ વોસિરાવું છું. (આ લાઈન બિમાર પાસે પણ બોલાવવી.)

વીતરાગ સર્વજ્ઞ પ્રભુએ બતાવેલ માર્ગ પ્રમાણે જે જીવો જે દુષ્કૃત નથી કરતા

તેની અનુમોદના તથા મેં મન-વચન-કાયાથી જે દુષ્કૃત અત્યાર સુધીના ભવોમાં કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

ત્રણે કાલમાં જે જીવો જે સુકૃત કરે છે તેની અનુમોદના કરૂં છું. જન્મ-મરણ કરતા દેવ-ગુરૂ કૃપાથી મેં જે સુકૃત કરેલ હોય તેની અનુમોદના કરૂં છું.

જન્મ મરણ કરતા મેં અભક્ષ્યનું ભક્ષણ કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. ભક્ષ્ય રાગ-દ્વેષ પૂર્વક ખાધેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હવે પછી રાગ-દ્વેષ રહિત અન્ન-પાણી લેનાર બનું. મૃત્યુ પહેલા ચારે આહારનો ત્યાગ કરનાર બનું.

બિમારની ઈચ્છા પૂછવી.

બિમારની નજીકનાએ આરાધના વિગેરે પુન્યદાન કહેવું.

છેલ્લે શ્રી પંચમગંલ (નવકાર) સંભળાવવો. તેમાં ૐ હ્રીઁ ન લગાડવા.

સાવ છેલ્લો સમય ખ્યાલ આવે તો માત્ર ‘નમો અરિહંતાણં’ સંભળાવવું.

☯ ☯ ☯ ☯

# કંઈક વિસ્તારપૂર્વક ૧૦ અધિકાર

## (૧) પંચાચારની આલોચના

### જ્ઞાનાચારની આલોચના

ભણવાનો કાળ હોય ત્યારે ન ભણ્યો, ન ભણવાના સમયે ભણ્યો. ભણાવનારના વિનય, બહુમાન સાચવ્યા નહીં. માત્રા-બિંદુ-પદ-ઘોષ-સંપદા વિગેરે ન સાચવ્યા.

શ્રી જિનેશ્વર પ્રભુના આશય વિરુદ્ધ વ્યાખ્યાન કર્યા, વ્યાખ્યાનમાં અનુગ્રહબુદ્ધિ ન રહી, પોતાની વાતને સારી, સાચી દેખાડવા તેમજ પોતાનો માનકષાય પોષવા જિનવચનનો પાટ ઉપર કે નીચે ઉપયોગ કર્યો, જ્ઞાનનું પ્રત્યનીકપણું કર્યું, જ્ઞાનની આશાતના કરી હોય, જ્ઞાનનો અંતરાય કરેલ હોય, જ્ઞાન પ્રત્યે દ્વેષ કર્યો હોય, જ્ઞાન છુપાવેલ હોય કે જ્ઞાન વિસંવાદ જોગથી જે કાંઈ કર્મો બાંધેલ, બંધાવેલ કે અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનના સાધનોની મેં જે અવહેલના આશાતના કર્યા-કરાવ્યા અનુમોદ્યા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. જ્ઞાન બાળેલ હોય. તેના ઉપર ઠલ્લે-માત્રે ગયેલ હોઉં. જ્ઞાન પર ખાવાની વસ્તુ રાખી ખાધેલ હોય. ભણાવનારની હાંસી-મજાક-તિરસ્કારાદિ કરેલ હોય. ભણવા પ્રત્યે રોષ થયેલ હોય. જમતા વાતો કરી હોય - સાથે જ્ઞાન હોય અને ઠલ્લે માત્રે ગયેલ હોઈએ. મોઢું એઠું હોય અને બોલ્યા હોઈએ. વાંચન કરેલ હોય. સ્ત્રીપણામાં અંતરાયમાં (M.C. માં) જ્ઞાન હાથમાં લીધેલ હોય. છાપા-પુસ્તકો-વાંચ્યા હોય. જેની પાસે ભણેલ હોઈએ તેને બદલે બીજા પાસે ભણેલ છું એવો અપ્‌લાપ કરેલ હોય, પાંચે જ્ઞાનની સદ્‌હણા ન કરી હોય. જ્ઞાનદાતા-જ્ઞાની વિગેરેની વાત કાઢી નાખી મારી જાતને વિશેષ જાણકાર દેખાડવા પ્રયત્ન કરેલ હોય. ભણાવનાર પાસે મને શું મલે છે તે વિચારવા-બોલવાના બદલે તેનામાં શું ખામી છે તે બોલી વિચારી ભણાવનારનો અવર્ણવાદ-નિંદા-ટીકા કરેલ હોય, મન-વચન-કાયાથી કોઈપણ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મો બાંધ્યા -બંધાવ્યા- અનુમોદ્યા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

## દર્શનાચારની આલોચના

જિનવચનમાં શંકા-કાંક્ષા-વિચિકિત્સા તથા મૂઢ દૃષ્ટિપણું કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

શાસન પ્રભાવકોની પ્રશંસા-વાત્સલ્ય ન કરેલા હોય, ધર્મમાં સીદાતાને સ્થિર ન કર્યા હોય, છતી શક્તિએ શાસનપ્રભાવના ન કરી હોય, શાસનહીલના કરી-કરાવી હોય, દર્શન પ્રત્યનીકતા કરેલ હોય, દર્શનમાં અંતરાય કરેલ હોય, દર્શન વિસંવાદ જોગ કરેલ હોય, દર્શનઆશાતના કરેલ હોય, દર્શન પ્રત્યે દ્વેષ કરેલ હોય તે સર્વનું મિચ્છા મિ દુક્કડમ્.

નરક-તિર્યંચ-દેવ-મનુષ્ય ગતિમાં ભ્રમણ કરતા મેં દર્શન - દર્શની - દર્શનના સાધનોની જે કાંઈ નિંદા અવહેલના - આશાતના વિગેરે કર્યા - કરાવ્યા - અનુમોદ્યા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

ચતુર્વિધ શ્રી સંઘ પ્રત્યે તેમજ અરિહંત - સિદ્ધ પ્રત્યે તથા જિનમંદિર - ઉપાશ્રય પ્રત્યે - પરમાત્માની પ્રતિમા - પ્રતિકૃતિ - તીર્થો - તીર્થપટો વિગેરે પ્રત્યે મેં જે કાંઈ અપ્રીતિ - અભક્તિ - અવાત્સલ્ય કરેલ હોય, કરાવેલ હોય, અનુમોદેલ

હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

મારી કોઈપણ પ્રવૃત્તિથી બીજા જીવોને જિનશાસન પ્રત્યે, પૂ. સાધુ - સાધ્વી પ્રત્યે નફરત, દ્વેષ તિરસ્કાર ઉત્પન્ન થયેલ હોય, કરાવેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની કોઈ ભૂલ નજરે પડે ત્યારે તે ઢાંકીને વાતાવરણ ન બગડે, બીજા અધર્મ ન પામે તેમ વર્તવું જોઈએ તે દર્શન મોહનીય ખપાવનાર છે તેને બદલે ન જાણતા હોય તેને જણાવીને તે - તે સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા પ્રત્યે અનાદર - નફરત - દ્વેષ ઉભા કરાવેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

દેવ - ગુરૂ - સંઘ - સાધર્મિક ની ભક્તિ કરનારને અટકાવેલ હોય, છતી શક્તિએ ભક્તિ ન કરી હોય. ભક્તિ કરનારની નિંદા - તિરસ્કાર કરેલ હોય તે બધાનું મિચ્છા મિ દુક્કડમ્.

## ચારિત્રાચારની આલોચના

કોઈપણ ભવમાં સામાયિક - પૌષધ કે સર્વવિરતિ લઈને તથા લીધા વગર પણ સમિતિ - ગુપ્તિનું પાલન ન કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

અનાદિ કાળથી સંસારમાં ફેરા કરતા મેં પંચ મહાવ્રત તથા શ્રાવકના બાર વ્રત છતી શક્તિએ ન લીધા હોય, લઈને ભાંગ્યા હોય, વ્રતો લેવા તૈયાર થનારને અટકાવ્યા હોય, વ્રતો લેવા તૈયાર થનારની નિંદા - તિરસ્કાર કર્યા હોય, તે બધાનું મિચ્છા મિ દુક્કડમ્.

માન કષાય (અભિમાન) ને વશ થયેલ હું વ્રત વિરૂદ્ધ બોલેલ હોઉં કે મનથી વિચારેલ હોય જેમ કે :-

(૧) હું તો બાધા લેવામાં માનતો જ નથી.

(૨) મારે તો બાધાની બાધા છે.

(૩) આ જમાનામાં બાધાની વાત કોઈને ગમતી નથી માટે બાધાની વાત કરવી જ નહીં આવી શિખામણ દેવી **અથવા**

આજકાલ સાધુ - સાધ્વી બાધાની વાત કરે તે ટેવ જ ખોટી છે. બાધાની વાત કરવાથી લોકો ઉપાશ્રયે આવતા બંધ થઈ જાય.

**ટ્રસ્ટી એટલે વહીવટદાર :** આવી સાચી સમજણને બદલે ટ્રસ્ટી થયા બાદ પોતાને સંઘના શ્રાવક, શ્રાવિકાના ઉપરી અધિકારી તેમજ પૂ. સાધુ-સાધ્વીના પણ ઉપરી અમલદાર માનીને હુકમ કરેલા હોય, તોડી પાડેલ હોય, તુચ્છ ગણેલા હોય, કોઈ પૂ. સાધુ-સાધ્વી વ્રત-પચ્ચક્ખાણ બાધા સમજાવે તેને તોડી પાડીને બાધા લેવા તૈયાર થનારને અટકાવેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

દિક્ષા લેવા તૈયાર થયેલ કે દિક્ષા લીધેલ પૂ. સાધુ સાધ્વી તેમજ વ્રત લેવા તૈયાર થયેલ ગૃહસ્થો કે વ્રત લીધેલા શ્રાવક-શ્રાવિકા કોઈ ભૂલ કરે ત્યારે બધા સાધુ સાધ્વી કે બધા શ્રાવક શ્રાવિકા સારા નથી એવું બોલીને, બોલાવીને, બોલવાની વાતમાં હા-હા કરી અનુમોદેલ હોય તેનાથી જે કાંઈ ચારિત્ર મોહનીય બાંધેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

પૂ. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ઘણી ધર્મક્રિયા કરતા હોય, પોતે કાંઈ ન કરતા હોય કે અલ્પ કરતા હોય છતાં એક ભૂલ થતી જણાય, સંભળાય કે કોઈ વસ્તુ ઓછી કરતા દેખાય તે જોઈને આના કરતા હું સારો કે હું આ તો ન જ કરું અથવા હું આટલું તો કરું જ આવું બોલી તે તે સાધુ-સાધ્વી - શ્રાવક - શ્રાવિકા જે બીજું ઘણું કરતા હોય તેની અનુમોદના ન કરું, તેને સારૂં ન ગણું. ન માનું તથા એક ઉણપની નિંદા ટીકા કરી તેમને હલકા અને પોતાને ઉચ્ચ ગણવાનું કરેલ, કરાવેલ, અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. તેની હું માફી માંગુ છું.

મેં કોઈપણ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાનું અપમાન કરેલ હોય.

મેં કોઈપણ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાનું છતી શક્તિએ ભક્તિ-બહુમાન કરેલ ન હોય,

મેં કોઈપણ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાના ભક્તિ બહુમાન કરનારને અટકાવેલ હોય.

તેમની હાંસી-મજાક કરેલ હોય.

મારો અભ્યાસ સારો હોવાથી બીજા ઓછું ભણેલાની ભૂલ દેખાય ત્યારે તેમની સભામાં ભૂલ કાઢી ઉતારી પાડેલ હોય.

પૂ.સાધૂ-સાધ્વી કોઈને સમજાવતા હોય તેમાં વચ્ચે બોલવા માંડીને હું હોંશિયાર તેવા અભિમાનને પોષેલ હોય.

હું તો બીજાને સાચો માર્ગ દેખાડું છું, ધર્મ માર્ગે વાળું છું. ખોટા માર્ગે જતો બચાવું છું. આવા સુંદર દેખાતા કે માની લીધેલા આવરણ નીચે હું જ સાચો છું. હું જાણું કે મેં ભણેલ - વાંચેલ હોય તે જ સાચું આવા માન કષાયને પોષણ કરી ભવ વધારનાર વાણી વિલાસ બોલી હોય.

હું કે મારી ટુકડી કે મારો સમુદાય કે મારો ગચ્છ કે મારી માન્યતાવાળા જે ક્રિયા કરે તે જ સમ્યક્ત્વ, બીજાનું મિથ્યાત્વ, આવું ઉંધુ પકડીને બીજાની હેલના તિરસ્કાર કર્યા હોય.

સમ્યક્ત્વને પરિણામ સાથે સંબંધ છે. પરિણામ વિચાર-ભાવના પરમાત્માની આજ્ઞા મુજબના હોય તેનાથી સમ્યક્ત્વ આવે - ટકે - આ સત્ય છે. તેને ભૂલીને અમુક દિવસે અમુક ક્રિયા કરે તો જ સમકિતિ તે અસત્યને પકડેલ હોય અને તેને કારણે મારી માન્યતાના દિવસે ક્રિયા નહીં કરનારને મિથ્યાત્વીનું લેબલ ચોડી કર્મ બાંધેલ હોય.

હું ટ્રસ્ટી કે સત્તા સ્થાને રહેલ હોઉં પછી મારી હાજી હા કરનાર મારા સાચા કે ખોટા વખાણ કરનાર સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને જે જરૂર હોય તે સગવડ આપું અને જો મારી ભૂલ દેખાડે કે મારી સાચી કે ખોટી વાતમાં હા-હા ન કરે તેને હેરાન કરું તેની સાચી વાત પણ માનું-સાંભળું નહીં આવું જે કાંઈ કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

## તપાચારની આલોચના

તપ-તપસ્વી-તપના સાધનો-તપનું બહુમાન કરનાર - તપસ્વીની ભક્તિ કરનારની અત્યાર સુધીના ભવમાં મેં જે કાંઈ અવહેલના-નિંદા-તિરસ્કાર -હાંસી-મજાક વિગેરે કર્યા - કરાવ્યા-અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

૬ પ્રકારનો બાહ્ય તપ તથા ૬ પ્રકારનો અભ્યંતર તપ કર્યો નહીં, કરાવ્યો નહીં અને તપ કરનારની અનુમોદના ન કરી તેનું મિચ્છા મિ દુક્કડમ્.

બીજાને તપ કરતા અટકાવેલ હોય,

પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ તપની સમજણ થઈ હોય, બીજાને ઉંધી સમજણ આપેલ હોય.

ભૌતિક લાલસા ઉત્પન્ન કરાવી તપ કરાવેલ હોય, તપ દ્વારા કર્મ નિર્જરાના ધ્યેયને બદલે સાંસારીક સુખ મેળવવા તપ કરેલ હોય.

તપ કરીને તેની જાહેરાત કરી નિર્જરા કરવાને બદલે કર્મબંધ કરેલ હોય, કરાવેલ હોય.

મારા કરતા વધારે તપ કરનારની ઈર્ષ્યા થયેલ હોય, સ્વ પ્રશંસા માટે તપ કરાવેલ હોય, કરેલ હોય.

પરમાત્માની આજ્ઞા છે કે માસક્ષમણ કરનાર જો નવકારશી કરનારની અનુમોદના ન કરી શકે તો પોતાનો તપ હારી જાય. તે વાત ભૂલીને સામાન્ય તપ કરનાર કે તપ નહીં કરનાર પ્રત્યે તુચ્છકાર-તિરસ્કાર કરેલ-કરાવેલ હોય.

કેવલ કર્મ ખપાવવા તપ કરનાર પ્રત્યે શંકાદિ કરેલ હોય, મારી પ્રેરણાથી થયેલ તપ વખતે તપ કરનારની અનુમોદના કરવાને બદલે મારા ઉપદેશથી મારી પ્રેરણાથી મારી નિશ્રામાં આવો તપ થયો તેવો માન કષાય મોહનીય પુષ્ટ કરનાર બનેલ હોઉં.

પરમાત્માના શાસનના કોઈપણ ગચ્છ-સમુદાય-કુલ-ગણ-સંઘમાં કર્મ ખપાવવા તપ કરનાર દરેકને ધન્ય છે એમ દરેકની અનુમોદના કરવાને બદલે હું, મારી ટુકડી, મારો સમુદાય, મારા ગચ્છમાં થતી તપશ્ચર્યાની પ્રશંસા કરી નીચ ગોત્ર કર્મ બાંધેલ હોય.

બીજા ગચ્છ-કુલ-ગણ-સમુદાયમાં થતી તપશ્ચર્યાની વાત કોઈ કરતા હોય તે સાંભળતા જ તેની અનુમોદના કરવાને બદલે તેની વાત કાપીને મારા ગચ્છ-સમુદાયના તપ કરનારની વાત શરૂ કરીને માન કષાય દ્વારા નીચ ગોત્રાદિ બાંધેલ હોય.

તપશ્ચર્યા કરનારના તે ગુણની પ્રશંસા-અનુમોદના કરવાના બદલે તેના બીજા દોષની વાત કાઢીને તે તપસ્વીને સારો દેખાતો અટકાવવા પ્રયત્ન કરેલ હોય, બીજા સારા માનનારને તે તપસ્વી પ્રત્યે અસદ્‌ભાવ ઉત્પન્ન કરાવેલ હોય.

વીતરાગ સર્વજ્ઞ ભગવંતની નજરે મેં જે કાંઈ આવા કે બીજા કારણોસર તપાચાર સંબંધી જે કાંઈ અતિચાર લગાડેલ હોય તેનું પરમાત્મ સાક્ષીએ મિચ્છામિ દુક્કડમ્.

## વિર્યાચારની આલોચના

મન-વચન-કાયાનું વીર્ય જેમાં કર્મ નિર્જરા થાય તેમાં ન ફોરવેલ હોય તથા જેમાં કર્મબંધ થાય તેમાં ફોરવેલ હોય અને એ રીતે જે ભવોમાં જે જે કાયબળ-

વચનબળ-મનોબળ મળેલ હોય તેનો દુરૂપયોગ કર્યો હોય - સદુપયોગ ન કર્યો હોય તેનું મિચ્છામિ દુક્કડમ્.

મને મળેલ કાયબળનો વિધિપૂર્વક પ્રતિક્રમણ પડિલેહણ-વંદન કરવામાં ઉપયોગ ન કર્યો હોય.

વિધિપૂર્વક ખમાસમણ દેવામાં ઉપયોગ ન કર્યો હોય, વિધિપૂર્વક કાઉસ્સગ્ગ કરવામાં ઉપયોગ ન કર્યો હોય,

છતી શક્તિ-અનુકુળતાએ તીર્થયાત્રા ન કરી હોય,

પૂ.સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ ન કરી હોય,

શ્રાવક-શ્રાવિકાને દ્રવ્ય-ભાવથી માર્ગે ન ચડાવેલ હોય,

છતી શક્તિએ દાન-શીલ-તપ-ભાવ ધર્મનું આરાધન ન કરેલ હોય,

ક્રોધ-માન-માયા-લોભ પાતળા કરવા પ્રયત્નો ન કરેલ હોય,

દશવિધ યતિધર્મના પાલનમાં મંદ ઉત્સાહ વર્તન કરેલ હોય,

પાંચ મહાવ્રત-બારવ્રત લેવા શક્તિ ન ફાળવેલી હોય કે લઈને પાલનમાં આળસ પ્રમાદને વશ પડવાનું થયેલ હોય.

બીજાને છતી શક્તિએ જરૂર હોવા છતાં સહાયતા ન કરેલ હોય.

દુઃખી જીવને દુઃખમાંથી મુક્ત કરવાની પૂર્ણ શક્તિ હોવા છતાં તે દુઃખી જીવની ઉપેક્ષા કરી હોય,

બીજાને શાતા પમાડવાની વચનબળની પ્રાપ્તિ થયેલી હોવા છતાં શાતા ન આપેલી હોય તેમજ વાણીનો દુરુપયોગ કરી બીજાને વ્યંગબાણો -કર્કશતા-છીદ્ર પ્રગટ કરવા. તુચ્છકાર વિગેરે અશાતા ઉત્પન્ન કરનાર વચનબળનો ઉપયોગ કરેલ હોય. વાણીનો દુરૂપયોગ કરી બીજાને લડાવી મારેલ હોય, સ્નેહ સંબંધો તોડાવેલ હોય, એકબીજા વચ્ચે વૈમનસ્ય કરાવેલ હોય, બહુમાન તોડાવેલ, છોડાવેલ હોય.

કપટ યુક્ત વાણી વડે બીજાની સાથે છેતરપિંડી કરેલ હોય,

સ્વપ્રશંસા માટે તેમજ બીજાને નીચો દેખાડવા ધર્મક્રિયાઓ કરેલ હોય, દાનાદિ કરેલ હોય, બીજાની પ્રશંસા કરેલ હોય પણ મનના પરિણામ દુષિત હોય,

અવળે માર્ગે વિચરતા મનને રોકવા પ્રયત્ન ન કરેલ હોય,

સુકૃત અનુમોદનામાં મનને જોડવા પ્રયત્નો ન કરેલ હોય,

દુષ્કૃત ગર્હા કરવામાં સંકોચ અનુભવેલ હોય,

શુભ ભાવનાઓ ન ભાવેલ હોય,

મારૂં ધાર્યું કશું નથી થવાનું તે ખબર હોવા છતાં બીજા પ્રત્યે અશુભ ચિંતવેલ હોય,

હિંસાનુબંધી-મૃષાનુબંધી-સ્તેયાનુબંધી-સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન કરેલ હોય.

ઈષ્ટનો સંયોગ-અનિષ્ટનો વિયોગ-વ્યાધિ ચિકિત્સા - સુર-નર સુખની વાંછા રૂપ આર્તધ્યાન કરેલ હોય.

અનિત્યાદિ બાર ભાવના તથા મૈત્ર્યાદિ ચાર ભાવનાનું ચિંતવન ન કરેલ હોય.

આ સિવાય પણ જે કોઈપણ રીતે વીર્યાચાર સંબંધ અતિચારાદિ નિગોદથી લઈને આજ સુધીના ભવોમાં કરેલ હોય તેનું મિચ્છામિ દુક્કડમ્.

## (૩) વ્રત લેવા

વ્રત લેવામાં પૂ.સાધુ-સાધ્વી હોય તો તેમને થયેલ ભૂલનું મિચ્છા મિ દુક્કડમ્ દેવડાવી કે દઈને પ્રથમ સમ્યક્ત્વ, પછી સર્વ વિરતિ, પછી પાંચ મહાવ્રત તથા છઠ્ઠું રાત્રિ ભોજન વિરમણ વ્રત લેવાનું હોય છે.

શ્રાવકોને સમ્યક્ત્વ તથા ૮ વ્રત લેવાના હોય છે. પાંચ અણુવ્રત તથા ૩ ગુણવ્રત.

આ જ પુસ્તકમાં સાધુ-સાધ્વી અંતિમ આરાધના તથા શ્રાવક અંતિમ આરાધનામાં આ વાત સ્ફુટપણે જણાવેલ છે.

### ❁ પૂ. સાધુ-સાધ્વીને નીચે પ્રમાણે કરાવવું ❁

એકવાર નવકાર બોલીને પછી 'અરિહંતો મહદેવો' ગાથા બોલવી. એમ ત્રણ વખત સમ્યક્ત્વ ઉચ્ચરાવવું.

**- પછી -**

એક નવકાર તથા કરેમિ ભંતે એમ સર્વ વિરતિ ત્રણ વખત ઉચ્ચરાવવી.

**- પછી -**

દશવૈકાલિકમાં આવે છે તેટલો પાંચ મહાવ્રત તથા છટ્ઠા રાત્રિભોજન વિરમણ વ્રતનો આલાવો નવકાર પૂર્વક ૩ વખત ઉચ્ચરાવવો.

- પછી -

ઈચ્ચેઈ આઈ પંચ મહવ્વયાઇ ગાથા ૩ વખત કહેવી.

## (૩) ક્ષમાપના

ક્ષમાપનામાં ૩ વસ્તુ કરવાની છે.

(૧) માફી માંગવાની છે.

(૨) માફી આપવાની છે.

(૩) ભવાંતરમાં તે જીવ જોડે મારે મૈત્રીભાવ રહે, તે ચિંતવવું.

હું તે જીવને શાતા આપનાર બનું. મારા નિમિત્તે કોઈ જીવ દુઃખી ન થાય. જે જીવ બીજા જીવો માટે મનથી તેને દુઃખી થાય તેવું વિચારે છે. બીજો જીવ દુઃખી થાય તેવું બોલે છે. કાયાથી બીજાને દુઃખી કરવા પ્રયત્ન કરે છે તેનાથી બીજો જીવ દુઃખી થાય જ તેવું નથી. જો સામા જીવની પુન્યવાની હશે તો તેને કશું જ થવાનું નથી. પરંતુ આવા વિચાર કરનાર બોલનાર પોતે દુઃખી થાય જ છે તેમાં ફેરફાર નથી.

આ સનાતન સત્ય સમજીને હું વર્તું. જે કોઈ પણ જીવ મારા નિમિત્તે અશાતા-અશાંતિ-અસમાધિ તથા અધર્મ પામેલ હોય તે બધા જીવોની હું માફી માંગું છું, તે બધા જીવો શાતા - શાંતિ - સમાધિ તથા ધર્મને પામનારા થાઓ.

મનથી-વચનથી-કાયાથી-ધનથી-ધંધાથી-સામાજીક રીતે - આર્થિક રીતે - માનસિક રીતે-કોઈપણ રીતે મેં આજ સુધીના ભવોમાં બીજાને દુઃખી કર્યા હોય, દુઃખી કરાવ્યા હોય, અનુમોદેલ હોય, બીજાને દુઃખી થતા જોઈને આનંદ થયેલ હોય, તે બધાનું મિચ્છા મિ દુક્કડમ્. તે બધાની હું માફી માંગું છું. તે બધા જીવો જ્યાં હોય ત્યાં ખૂબ સુખી થાય.

દ્રવ્યથી કે ભાવથી રહેલા પૂ. સાધુ-સાધ્વી-શ્રાવક - શ્રાવિકા પ્રત્યે મેં જે કાંઈ મનથી, વચનથી તથા કાયાથી વિપરીત વર્તન કરેલ હોય તેમની હું વારંવાર માફી માંગું છું તથા તે બધા જીવો ખૂબ સુખી થાય-ક્ષાયિક ચારિત્ર પામે - જન્મ મરણથી મુક્ત બને.

સર્વ જીવોને હું ખમાવું છું. સર્વ જીવો મને ખમજો. મારે કોઈ સાથે વેરભાવ નથી. બધા જીવો જોડે મને મૈત્રીભાવ થાઓ. રહો.

મારા પ્રત્યે ઈર્ષા - દ્વેષ કરનારા જીવો ખૂબ સુખી થાઓ.

મારી સાથે કપટ કરનારા જીવો સુખી થાઓ.

મારા નિમિત્તે કર્મ બાંધેલા પ્રાયશ્ચિત કરીને છુટી જાય પરંતુ તેમને કાંઈ તકલીફ ન થાય.

મારા કરેલા રાગ-દ્વેષ મને દુઃખી કરનાર છે.

મારા બાંધેલા અશુભ કર્મો મારું બગાડનાર છે. મને દુઃખ આપનાર મારો મોટામાં મોટો શત્રુ હું જ છું.

મારા દુઃખમાં નિમિત્ત બનનાર પ્રત્યે અત્યાર સુધીમાં કરેલા ક્રોધ, દ્વેષનું મિચ્છામિ દુક્કડમ્.

**આ જગતમાં મારો પરમ મિત્ર હું જ છું.**

**આ જગતમાં મારો પરમ શત્રુ હું જ છું.**

**હું જ મને તારનારો છું.**

**હું જ મને ડુબાડનાર છું.**

**કર્માનુસાર બીજા જીવો મિત્રમાંથી શત્રુ બને છે.**

**શત્રુમાંથી મિત્ર બને છે.**

**વહાલા વૈરી બને છે. વૈરી વહાલા બને છે.**

જગતના બધા જીવો સુખી થાઓ. કર્મથી મુક્ત થાઓ. જન્મ મરણથી મુક્ત બનો.

ભવોભવ બધા જોડે મારો મૈત્રીભાવ થાઓ.

બધાનો બધા જોડે મૈત્રીભાવ થાઓ.

કોઈને કોઈ જોડે વેરભાવ ન થાય.

મારે કોઈ જોડે વેરભાવ ન થાય.

પૂર્વે કોઈપણ ભવમાં થયેલ વેરભાવ નાશ પામે. હું બધાની માફી માંગું છું.

હું બધાને માફી આપું છું.

હું દુઃખી થાઉં તેમ વિચારનાર ખૂબ સુખી થાઓ. મને પ્રતિકુળ થનાર જડ કે ચેતન પ્રત્યે મેં જે કાંઈ ક્રોધાદિ કષાય કરેલા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

તે જીવો જ્યાં હોય ત્યાં ખૂબ સુખી થાય. હું એની માફી માંગું છું.

જે જે પુન્યવંતા જીવો પોતાને પ્રતિકુળ વર્તનાર પ્રત્યે રાગ-દ્વેષ નથી કરતા તેને ધન્ય છે. તેઓ કૃતપુન્ય છે. તેમનો જન્મ સફળ છે. તેમને મારી વંદનાવલી.

નિગોદથી આજ સુધીના ભવોમાં જો મિચ્છા મિ દુક્કડમ્ કપટભાવથી દીધેલ હોય તો તેનું અનંતાનંત વાર વિહરમાન તીર્થંકર પ્રભુની સાક્ષીએ મિચ્છા મિ દુક્કડમ્.

સમજપૂર્વક - હૃદયપૂર્વક બીજા જીવને ખમાવ્યા પછી પાછા તે જીવો પ્રત્યે દ્વેષભાવ આવે છે. પાછો હું ખમાવું છું. ફરી દ્વેષભાવ આવે છે. ફરી ખમાવું છું.

હે દેવાધિદેવ ! આપની એવી કૃપા ઉતરો કે મારો દ્વેષભાવ સર્વથા નાશ પામે. નિર્મળ મૈત્રી ભાવ રહે. જેમને મારા પ્રત્યે ઈર્ષા-દ્વેષ-હોય તેમના પ્રત્યે તો મને અધિકતર મૈત્રીભાવ રહે એ જીવો સુખી થાય તેવી મારી વૃત્તિ અને પ્રવૃત્તિ રહે.

નોંધ : આરાધના કરનારે પોતાને જેની સાથે વેર-વિરોધ-વાંધા પડેલ હોય તે બધાને વ્યક્તિગત યાદ કરીને માફી માંગવી. ''હું તેની માફી માંગું છું. તે જીવ ખૂબ સુખી થાય.'' માફી માંગવી-માફી આપવી - ભવાંતરમાં તેની જોડે મૈત્રીભાવ રહે તેમ વિચારવું.

મારા હૃદયપૂર્વક ખમાવવા છતાં સામો જીવ વૈર ભાવ-દ્વેષ-ઈર્ષાને વશ બનીને મારૂં બગાડવા પ્રયત્નો કરે. મને બીજા માણસો પાસે અળખામણો બનાવવા મહેનત કરે... મારામાં ન હોય તેવા દુર્ગુણો દેખાડે... પોતાનામાં રહેલા અવગુણોનું આરોપણ મારામાં કરીને ''ચોર કોટવાળને દંડે'' ની જેમ મારી નિંદા કરે... બીજાને મારા દ્વેષી બનાવવા પ્રયત્નો કરે.. કોઈને મારા પ્રત્યે સદ્ભાવ હોય તે દૂર કરવા આક્ષેપો કરે.

આવું ગમે તે કરનારનું પણ બુરૂં થાય તેવું હું વિચારૂં નહીં.- બોલું નહીં.- વર્તન કરૂં નહીં.

## (૪) ચાર શરણ

અનાદિ કાળથી સંસારમાં ભટકતા એવા મેં અનેક ભવોમાં ખોટા શરણા લીધા છે, માનેલા છે.

મારી પાસે ધન હશે તો હું સુખી થઈશ એમ વિચારી મેં ધનને શરણ ગણેલ.

ધન હશે તો હું ધારી વસ્તુ લઈ શકીશ, મારી ધારણા મુજબ સુખેથી જીવી શકીશ એમ માનેલું જે ખોટું હતું - ખોટું છે - ખોટું રહેશે.

**''ધન શરણ લેવાલાયક નથી.''**

મેં ઘણા ભવોમાં પરિવારને શરણ લાયક માનેલ. પરિવાર હશે તો મને શાંતિ મળશે એમ માનેલ.

પરિવાર હશે તો મારી નબળી સ્થિતિ કે માંદગીમાં મને તકલીફ નહીં પડે તેમ માનેલ.

પરિવારમાં મારી છેલ્લી સ્થિતિ સારી જશે, હું સુખપૂર્વક-શાંતિથી દેહ છોડીશ તેમ માનેલ.

જે ખોટું હતું - ખોટું છે - ખોટું રહેશે.

**પરિવાર શરણ લેવાલાયક નથી.**

શરીર શરણભૂત માનેલ

તંદુરસ્ત શરીર વિશેષ શરણભૂત માનેલ

પ્રભુને પ્રાર્થના કરતો કે મારે છેલ્લે સુધી કોઈની સેવા લેવી ન પડે.

મારે શરીર-તંદુરસ્ત શરીર-છેલ્લે સુધી કોઈની સેવા લેવી ન પડે તેવું શરીર ઈચ્છેલ જે મારો માન કષાય-ઘમંડ-અભિમાન છે તેવું વિચારેલ નથી.

જે ખોટું હતું-ખોટું છે - ખોટું રહેશે.

મારે વિચાર એમ કરવા જોઈએ કે

હું મૃત્યુ સુધી (મરૂં ત્યાં સુધી) બીજાની સેવા કરતો મરૂં. શરીર દ્વારા પરોપકાર કરૂં. કર્મ નિર્જરા કરૂં.

**શરીર શરણ લેવાલાયક નથી.**

૨૫ હજાર દેવતા સેવામાં હતા.

ચક્રવર્તીનું શરણ હતું.

૮૪ લાખ હાથી - ૮૪ લાખ ઘોડા - ૮૪ લાખ રથ - ૯૬ કરોડનું પાયદળ - ૧૪ રત્ન - નવ નિધાન.

**છતાં**

એક સાથે બધા લવણ સમુદ્રમાં ડૂબી ને મૃત્યુ પામ્યા.

**કારણ ?**

એ શરણા ખોટા હતા.... તેથી

હવે પછી શાશ્વત સુખ દેનારા

સત્ય માર્ગે રાખનારા

શરીરની વેદના વચ્ચે મનને શાંત રાખનારા

આત્માનું ઉર્ધ્વગમન કરનારા

**ચાર શરણા–ચાર શરણા–ચાર શરણા**

હું અંગીકાર કરૂં છું.

(૧) અરિહંત (૨) સિદ્ધ (૩) સાધુ (૪) કેવલીભાષિત ધર્મ

આ ચાર મંગલ છે. ઉત્તમ છે. એ ચારનું શરણું મારે ભવોભવ હોજો.

અત્યાર સુધીમાં અશરણને શરણ માનેલ - મનાવેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

## (૧) અરિહંતનું શરણું

રાગ-દ્વેષથી મુક્ત થયેલા અરિહંતનું મારે શરણું હોજો.

ત્રીજે ભવે તીર્થંકર નામકર્મ નિકાચીત કરનારા અરિહંતનું મારે શરણું હોજો.

જગતના તમામ જીવોને સુખી બનાવવાની કે જગતના તમામ જીવોને દુઃખમાંથી મુક્ત બનાવવાની ઉત્કૃષ્ટ ભાવનાથી તીર્થંકર નામ - ગોત્ર-કર્મ નિકાચિત કરી ત્રીજે ભવે તીર્થંકર બનનારા અરિહંતનું મારે શરણું હોજો.

તીર્થંકર નામ-ગોત્ર-કર્મ નિકાચીત થયા પછી ત્રણ ભવ સુધી આઠે કર્મો જેમ ઉદયમાં આવે તેમ રાગ-દ્વેષ રહિત પણે ખપાવવા જતા કેવલી બનતા-નિર્વાણ પામતા એવા અરિહંતનું મારે શરણું હોજો.

વર્તમાન કાલીન વિશ્વમાં યુનોની મીટીંગમાં પોતાના દેશની ભાષામાં બોલતા સભ્યને સાંભળનારા બધા પોત પોતાના દેશની ભાષામાં સાંભળે છે (જેટલા દેશની ભાષા ફીટ કરેલ હોય તેટલા) જ્યારે

વગર માઈકે - વગર મશીને - વગર વીજળીએ - જેમની પ્રાકૃત ભાષામાં બોલાયેલી વાણી બધા જીવોને પોતપોતાની ભાષામાં સમજાય છે તેવી ૩૫ ગુણવાળી (વિશેષતા યુક્ત) વાણી વડે દેશના દેનાર અરિહંતનું શરણું હોજો.

વર્તમાન કાલે અમીર હોય કે ગરીબ હોય

ગમે તે નાત-જાત-કોમ કે ધર્મને માનતો હોય.

ધર્મસ્થાનકમાં જતો હોય કે ન જતો હોય,

બાહ્ય ધર્મક્રિયા કરતો હોય કે ન કરતો હોય, અરિહંત પરમાત્માએ બતાવેલ માર્ગનું હાર્દ સમજેલો હોય, રાગ-દ્વેષથી મુક્ત થવા વિચારતો હોય, જન્મ-મરણથી છુટવા વિચારતો હોય. તેવા જીવાત્મા સ્વ-પર આત્મકલ્યાણ કરનારા બને છે. તેવી વાણી વરસાવનાર અરિહંતનું મને શરણું હોજો.

## (૨) સિદ્ધનું શરણું

જેમનું અજ્ઞાન નાશ પામેલ છે તેવા સિદ્ધ ભગવંતનું શરણું હોજો.

જેમના દર્શનાવરણીય કર્મ સર્વથા નાશ પામેલ છે તેવા સિદ્ધ ભગવંતનું શરણું હોજો.

જેમનો મોહ સર્વથા નાશ પામેલ છે તેવા સિદ્ધ ભગવંતનું શરણું મને ભવોભવ હોજો.

જેમના અંતરાય કર્મ સર્વથા નષ્ટ થયા છે તથા જે કોઈને અંતરાય કરતા નથી-આડા આવતા નથી. જેઓ કોઈની હિંસા કરતા નથી. જેઓ કોઈને દુઃખ દેતા નથી તેવા સિદ્ધ ભગવંતનું શરણું હોજો.

જેમને હવે કદી જન્મ ધારણ કરવાનો નથી. મતલબ જેમના વેદનીય-આયુષ્ય-નામ-ગોત્ર કર્મ નષ્ટ થઈ ગયા છે તેથી જન્મ નથી કે મરણ નથી એવા સર્વ કર્મ રહિત બની આત્મ સ્વરૂપમાં રહેનારા સિદ્ધનું મને શરણું હોજો.

જેનું સ્વરૂપ ઈન્દ્રિયોથી જાણી-ઓળખી શકાય તેવું નથી, જેના સુખને સમજાવવા ઉપમાઓ નથી, જેઓ લોકના અગ્રભાગે બિરાજે છે તેવા સિદ્ધ ભગવંતનું મને શરણું હોજો.

મને નિગોદમાંથી બહાર કાઢનારા સિદ્ધના જીવને હું વારંવાર વંદન કરૂં છું.

## (૩) સાધુનું શરણું

સત્ય સમજણ આપવા- અપાવવા દ્વારા જન્મ મરણથી છુટવા પ્રયત્નશીલ એવા સાધુનું મને શરણું હોજો.

દુર્ગતિમાં લઈ જાય તેવી પ્રવૃત્તિ અને વૃત્તિથી દૂર રહેવાનો પ્રયત્ન કરતા, કરાવતા સાધુનું મને શરણું હોજો.

જન્મ-મરણથી છોડાવે તેવી પ્રવૃત્તિમાં લીન બનવા મન - વચન - કાયાથી પ્રયત્ન કરતા કરાવતા સાધનું શરણું હોજો.

બીજા જીવોને મન - વચન - કાયાથી દુઃખ ન પહોંચે તેવું જીવવાનો પ્રયત્ન કરતા - કરાવતા સાધુનું શરણું હોજો.

જન્મ-મરણ વધારે તેવી કોઈપણ વૃત્તિ કે પ્રવૃત્તિ થતા તેની માફી માંગી ભૂલ સુધારવા પ્રયત્ન કરતા - કરાવતા સાધુનું શરણું હોજો.

વ્યક્તિ રાગી - સમુદાય રાગી કે ગચ્છ રાગી બનવા-બનાવવાથી દૂર રહેતા સાધુનું મને શરણું હોજો.

સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ રાખવા-રખાવવામાં તત્પર સાધુનું મને શરણું હોજો.

ગમે તે નાત-જાત-કોમ-ધર્મના માનવ હોય, હાથી, ઘોડા, ગાય, ભેંશ, પશુ હોય - પક્ષી હોય કે માછલા હોય ટૂંકમાં નાનો કે મોટો જીવ હોય તેમનો નાનો કે મોટો ગુણ જોઈને આનંદ પામવા - પમાડવા મથતા સાધુનું મને શરણું હોજો.

હિંસા-જુઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહથી બચવા, બચાવવાનો પ્રયત્ન કરતા, કરાવતા સાધુનું શરણું હોજો.

જન્મ-મરણથી છુટવાનો ઉપદેશ આપનાર તેમજ યથાશક્ય પાલન કરવા, કરાવવામાં પ્રયત્નશીલ દરેક સંત પ્રત્યે આદર રાખનાર - રખાવનાર સાધુનું શરણું હોજો.

ટ્રસ્ટીઓ /શ્રાવકો-વહીવટદારોની શેહ-શરમ રાખ્યા વગર સત્ત્ય વાત સમજાવનાર સાધુઓનું મને શરણું હોજો.

જન્મે જૈન કે અજૈન હોય તેને પોતાનો ભક્ત કે વ્યક્તિરાગી કે સમુદાય રાગી કે ગચ્છરાગી ન બનાવે પરંતુ જન્મ-મરણથી છુટવા મોક્ષમાર્ગનો પથિક બનાવે તેવા સાધુનું મને શરણું હોજો.

જે અનુગ્રહ બુદ્ધિથી - નિસ્પૃહ ભાવે સદોપદેશ આપે છે અને મોક્ષમાર્ગને સાધે-સધાવે છે તેવા સાધુનું મને શરણું હોજો.

જે દશવિધ યતિધર્મનું યથાશક્ય પાલન કરે છે. બીજા પાળનારનું અનુમોદન કરે છે. પોતે ન પાળી શકે તેનો પશ્ચાત્તાપ કરે છે તેવા સાધુનું મને શરણું હોજો.

હિત-મિત-પથ્ય-સત્ય બોલતા સાધુનું મને શરણું હોજો.

## (૪) કેવલી ભાષિત ધર્મનં શરણું

અહિંસા લક્ષણવાળા કેવલી (સર્વજ્ઞ) ભગવંતે કહેલા ધર્મનું મને શરણું હોજો.

વિનય જેમાં મૂળ છે, સત્ય અધિષ્ઠિત છે તેવા સર્વજ્ઞભાષિત ધર્મનું મને શરણું હોજો.

જે ધર્મને આચરનાર સિદ્ધિમાર્ગ - મુક્તિમાર્ગ - નિર્વાણમાર્ગને પ્રાપ્ત કરે છે તેવા ક્ષાંતિ પ્રધાન કેવલી ભાષિત ધર્મનું મને શરણું હોજો.

જે ધર્મ શલ્યરહિત છે. જેમાં જીવ માત્રના કલ્યાણની ઉદાત્ત ભાવના છે તેવા કેવલી ભગવંતે કહેલા ધર્મનું મને શરણું હોજો.

ગમે તેવા અધમ ધંધા કરનાર, અતિ નિકૃષ્ટ પરિણામવાળા, અતિ નિર્દયપણે વર્તનારની ભાવદયા ચિંતવવાનું શીખવે છે તેવા કેવલી ભગવંતે પ્રરૂપેલા ધર્મનું મને શરણું હોજો.

જે ધર્મના સિદ્ધાંતો પ્રમાણે ચાલનાર અમીર કે ગરીબ-નાનો કે મોટો મનુષ્ય કે તિર્યંચ - દેવ કે નારક - સાધુ કે ગૃહસ્થ પરંપરાએ શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે તેવા વીતરાગ સર્વજ્ઞ ભાષિત ધર્મનું મને શરણું હોજો.

**જે ધર્મના કોઈ સ્થાપક નથી. જે સનાતન છે, જેમાં વ્યક્તિ મહત્ત્વની નથી પરંતુ ગુણ મહત્ત્વના છે તેવા કેવલી ભાષિત ધર્મનું મને શરણું હોજો.**

કોઈપણ ધર્મ પાળનાર હોય, કોઈપણ નાત-જાત-કોમનો માણસ હોય, તેનામાં રહેલ ગુણનો પક્ષપાત-અનુમોદન આત્મ હિતકારી છે તેમ શીખવે છે, તેવા કેવલી ભાષિત ધર્મનું મને શરણું હોજો.

સર્વજ્ઞ-સર્વદર્શી - સંપૂર્ણ મોહનો નાશ કરનારને અસત્ય બોલવાનું કશું પ્રયોજન રહેતું નથી.

**...તેથી...**

તેવા વીતરાગ સર્વજ્ઞે કહેલ ધર્મમાં કશું વિસંવાદીપણું હોતું નથી.. એકાંત હિતકર એવો ધર્મ જ તેઓ દેખાડે છે.. સમજાવે છે...પ્રરૂપે છે.

**..માટે...**

એવા કેવલી ભાષિત

**ધર્મનું મને શરણું ભવોભવ (ભવનો અંત ન થાય ત્યાં સુધી) મળજો.**

## (૫) ૧૮ પાપસ્થાનક વોસિરાવવા

**શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનમાં મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં વિઘ્નભૂત, દુર્ગતિના કારણભૂત ૧૮ પાપસ્થાનક બતાવેલ છે.**

**આ ૧૮ ને વશ ન થવાનો પ્રયત્ન કરવાનો છે.**

જ્યારે જ્યારે વશ થઈ જવાય, ૧૮ પાપસ્થાનકનું આચરણ થઈ જાય તેને દિવસમાં બે વખત (સવાર સાંજના પ્રતિક્રમણમાં) વોસિરાવવાનું જણાવેલ છે તે સિવાય પણ જેટલી વાર તે સંબંધી ચિંતન કરી વોસિરાવે તે જીવ ધીમે ધીમે તે પાપસ્થાનકના પંજામાંથી મુક્ત થતો જાય છે.

**પ્રતિક્રમણ ન કરનાર શ્રાવક–શ્રાવિકાએ પણ સવાર–સાંજ સાત લાખ તથા ૧૮ પાપસ્થાનક સૂત્ર બોલવાથી લાભ થાય છે.**

### ૧લું પાપસ્થાનક પ્રાણાતિપાત

આને સરળ ભાષામાં હિંસા કહેવાય. કોઈકને પ્રશ્ન થાય કે જીવ તો મરતો નથી. તો પછી જીવને મારી નાખ્યો એ કેવી રીતે સાચું ?

વીતરાગ સર્વજ્ઞ પ્રણીત ધર્મમાં 'પ્રાણાતિપાત' શબ્દ છે. પ્રાણનો અતિપાત. જૈનશાસનમાં ૧૦ પ્રાણ કહેલા છે. પાંચ ઈન્દ્રિયો + ૩ બળ + શ્વાસોશ્વાસ + આયુષ્ય = ૧૦.

જે જીવને જેટલા પ્રાણ હોય તેનાથી તેને છુટો પાડવો તે હિંસા (લોક રૂઢીમાં મારી નાખવો કહેવાય.)

આવી હિંસા આ ભવમાં કે સંસારમાં અત્યાર સુધીમાં કરેલ ભવોમાં મેં કરેલ હોય, કરાવેલ હોય તેમજ હિંસા કરનારને સારો માનેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હું તે સેવેલ પાપસ્થાનકને વોસિરાવું છું.

**નોંધ : આરાધના કરનારે પોતે જે હિંસા કરી, કરાવી કે અનુમોદેલ હોય તે યાદ આવે તે બધાનું મિચ્છા મિ દુક્કડમ્ દેવું.**

પૃથ્વીકાયના ભવમાં મારા શરીર કે મેં છોડેલ પુદ્ગલો દ્વારા બીજા જીવને મારી નાખેલ હોય તેને હું વોસિરાવું છું. જેમ કે લોઢા દ્વારા હથિયારો બનાવેલ હોય અને તેનો ઉપયોગ બીજા જીવોને મારવામાં થયેલ હોય.

અહીં પૃથ્વીકાયના ભેદ વિચારીને તેનાથી એકેંદ્રિય થી પંચેન્દ્રિય જીવની જે કાંઈ હિંસા થઈ શકે તે વિચારીને મિચ્છા મિ દુક્કડમ્ દેવું.

પૃથ્વીકાયના ભવોમાં મને જોઈને, મારા છોડેલા પુદ્ગલો જોઈને તેના દ્વારા બીજા જીવોને જે મોહ ઉત્પન્ન થયો હોય, તેની માલીકી કરવા પરસ્પર યુદ્ધાદિ કરેલ હોય, તેનાથી જે અનેક જીવોનો વિનાશ થયો હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. તે પાપને હું વોસિરાવું છું. તે પાપમાં પ્રવર્તતા પુદ્ગલોને હું વોસિરાવું છું. દા.ત. કાંસકી નિમિત્તે વલ્લભીપુરનો નાશ થયો. નવસેરા હાર, સેચનક હાથી માટે કોણિક રાજા અને ચેટક રાજાનું ભયંકર યુદ્ધ થયું.

અપ્કાયના ભવોમાં સમુહ અપ્કાય ભેગા થઈને પુર જેવા પ્રસંગે અનેક જીવોને મેં સંહાર કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. અપ્કાયના ભવો કરીને મેં છોડેલા પુદ્ગલો પાપમાં પ્રવર્તતા હોય તે બધાને હું વોસિરાવું છું.

અહીં અપ્કાયથી અપ્કાય-પૃથ્વીકાય-વાયુકાય-વનસ્પતિકાય-તેઉકાય-બેઈન્દ્રિય-તેઈંદ્રિય - ચઉરિંદ્રિય - પંચેન્દ્રિયને જે ત્રાસ આપેલ હોય, હણેલ હોય, રાગ-દ્વેષ ઉપજાવેલ હોય તે બધાની વિચારણા કરીને મિચ્છા મિ દુક્કડમ્ દેવું. દા.ત. ગરમ તથા ઠંડુ પાણી ભેગું કરે ત્યારે બંને અપ્કાયના જીવો એકબીજાને દુઃખ ઉત્પન્ન કરનાર, મારી નાખનાર પણ બને છે. આવું જે જે યાદ આવે તે યાદ કરીને મિચ્છા મિ દુક્કડમ્ દેવું.

તેઉકાયના ભવમાં અનેક જીવોને સળગાવેલ હોય, તેમને ત્રાસ થયો હોય, દાહ થયો હોય, મરી ગયા હોય તે બધાનું મિચ્છા મિ દુક્કડમ્. હું તે જીવોની માફી માંગુ છું. તે બધા જીવો ખૂબ જ સુખી થાય. મારા છોડેલ પુદ્ગલો પાપમાં પ્રવર્ત્તતા હોય તે હું વોસિરાવું છું.

આ રીતે તેઉકાય દ્વારા તેઉકાય, પૃથ્વીકાય, અપ્કાય, વાઉકાય, વનસ્પતિકાય, બેઈંદ્રિય થી પંચેન્દ્રિય જીવોની જે જે વિરાધના યાદ આવે તે સંભારીને મિચ્છા મિ દુક્કડમ્ દેવું.

આ રીતે વાઉકાયના ભવમાં કરેલી જીવહિંસા વિચારવી.

બેઈંદ્રિય-તેઈંદ્રિય - ચઉરિંદ્રિય ભવોમાં કરેલી વિરાધના, જીવહિંસાદિ વિચારવી.

દેવ-નારક-મનુષ્ય-તિર્યંચ-પંચેન્દ્રિય ભવોમાં કરેલી તેમજ વર્તમાનકાલીન

ભવોમાં કરેલી વિરાધના, જીવહિંસાદિ વિચારીને તેનું મિચ્છા મિ દુક્કડમ્ દેવું. તે પ્રથમ પાપસ્થાનક સેવેલ હોય તે વોસિરાવવું.

મેં હિંસા ન કરી હોય પરંતુ મનમાં બીજાને મારી નાખવાના વિચારો કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

બીજાના અંગોપાંગ છેદવાના વિચાર કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

બીજા જીવો મરી જાય તેવું વિચાર્યું હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

મનમાં બીજા જીવોને વિવિધ રીતે યાતના દેવાના, ત્રાસ દેવાના વિચારો કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

મનમાં બીજા જીવો વિવિધ રીતે યાતના પામે, ત્રાસ પામે તેવા વિચારો કરેલ હોય તેની માફી માંગું છું.

વચનો એવા ઉચ્ચારેલ હોય કે, બીજા જીવો ત્રાસ પામે, મરી જાય, બીજા જીવોને મારી નાખવા જોઈએ. જેમની દુષ્ટોને દંડવાની ફરજ છે તે ફરજ ન બજાવતા રાજકર્તાઓને, અમલદારોને મારી નાખવા જોઈએ.

આવું મન-વચન-કાયાથી જે કોઈ હિંસા કરેલ હોય, હિંસાનુબંધી, રૌદ્રધ્યાન કરેલ, કરાવેલ તથા અનુમોદેલ હોય તેની હું માફી માંગુ છું. તે પાપસ્થાનક વોસિરાવું છું.

જેમને આશ્રયીને આવું કરેલ હોય, તેવા જીવો જ્યાં હોય ત્યાં ખૂબ સુખી થાવ.

**મારે બધા જીવો જોડે મૈત્રી ભાવ રહે.**

## ૨ જું પાપ સ્થાનક મૃષાવાદ

દશ વૈકાલિક તથા ઠાણાંગ સૂત્રમાં ભાષાના ચાર પ્રકાર બતાવેલ છે. (૧) સત્યા (૨) મૃષા (૩) સત્યામૃષા (૪) અસત્યામૃષા

પૂ. ગણધર શ્રી ગૌતમ સ્વામિ પરમ તારક શ્રી વીર પ્રભુને પૂછે છે કે ભગવંત આ ચાર પ્રકારની ભાષામાં કઈ ભાષા બોલતો જીવ આરાધક અને કઈ ભાષામાં બોલતો જીવ વિરાધક ?

ભગવંત જણાવે છે કે ચારે પ્રકારની ભાષા બોલતો જીવ આરાધક અને ચારે પ્રકારની ભાષા બોલતો જીવ વિરાધક.

આમ કેમ ? તે સવાલ થાય.

તેનો જવાબ પન્નવણા સૂત્રમાં છે.

ભાષાના બે પ્રકાર (૧) આરાધની (૨) વિરાધની. જે ભાષા બોલતા જીવને નિર્જરા (અશુભ કર્મનો નાશ) થાય તે સાચું હોય કે જુટ્ઠું હોય તે આરાધની ભાષા છે.

જે ભાષા બોલતા જીવ અશુભ કર્મનો બંધ કરે (આશ્રવ) તે સાચું હોય કે જુઠ્ઠું હોય તે વિરાધની ભાષા છે.

જે બોલવાથી બીજા જીવના પ્રાણ બચતા હોય,

જે બોલવાથી બીજા જીવોને શાતા-શાંતિ-સમાધિ મળતી હોય,

જે વચન નિરવદ્ય છે, બોલનાર કે સાંભળનારને જેમાં અશુભ કર્મનો બંધ નથી.

**તે બાહ્યથી જુટ્ઠું દેખાતું વચન જુટ્ઠું નથી.**

જે વચન બોલનાર-સાંભળનારને ક્રોધ-માન ઉત્પન્ન કરનાર છે.

જે વચન સ્વ-પરને અશાતા-અશાંતિ-અસમાધિ કરનાર છે.

જે વચન સાવદ્ય છે.

**તેવું બાહ્યથી સાચું દેખાતું વચન સાચું નથી.**

કોઈ માણસ એમ કહે છે કે હું તો જે હોય તે સાચું મોંઢે કહી દઉં, પાછળથી નહિ બોલવાનું, જે છે તે સાચું કહું છું ને ? ખોટુ થોડું બોલું છું. કોઈને મસ્કા નહીં મારવાના.

આવા વચનો તે મૃષાવાદ છે, તે સત્ય નથી.

**જે બોલીએ તે સાચું હોય તે જરૂરી છે.**

**જે સાચું હોય તે બધું બોલવાનું નથી.**

સર્વજ્ઞ, કેવલજ્ઞાનીની દ્રષ્ટિએ મૃષાવાદ, જુટ્ઠું કે દેખાતું સાચુ પણ જુટ્ઠું હોય તેવું આ ભવમાં કે ભવોભવમાં હું જે કાંઈ બોલ્યો હોઉં, બોલાવેલ હોય કે બોલનારની પ્રશંસા, અનુમોદના કરી હોય તેની હું માફી માંગું છું. મિચ્છા મિ દુક્કડમ્.

મૃષાનુબંધી રૌદ્રધ્યાન આજ સુધીના ભવોમાં કર્યું - કરાવ્યું કે અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

## ૩જું પાપસ્થાનક અદત્તાદાન

જન સામાન્ય વ્યવહારમાં જેને 'ચોરી' કહેવાય છે. ચોરી ન કરવી એમ ઉપદેશાય છે.

જૈન શાસનમાં અદત્ત (નહીં દીધેલું) આદાન (લેવું) = નહિ દીધેલું લેવું તેને મનાઈ ફરમાવેલ છે.

તે અદત્ત ચાર પ્રકારે બતાવેલ છે. (૧) તીર્થંકર અદત્ત (૨) ગુરુ અદત્ત (૩) સ્વામિ અદત્ત (૪) જીવ અદત્ત.

'જીવ અદત્ત એ ચોરી છે.' એ વાત સમજવા, માનવામાં ખૂબજ ચિંતન જોઈએ... એક ઉદાહરણ જોઈએ.

એક માણસ શાક લે છે. શાક વેચવાવાળાને કહે તે પ્રમાણે પૈસા આપે છે પ્રાયઃ કોઈ આમાં ચોરી છે તેમ વિચારતા પણ નથી. પૈસા પુરા આપીને લીધેલ છે પછી ચોરી શું ? પૈસા પુરા દઈને લીધું તેથી સ્વામિ અદત્તનો દોષ નથી પણ જીવ અદત્તની ચોરી છે. તે શાકનાં જીવે શાક લેનારને છુટ નથી આપી કે મને લઈ જા. છેદજે- સમારજે-વઘારજે-રાંધજે-ખાજે. તે જીવ પરાધીન છે. તેને વાણી નથી માટે તે જીવ બોલી શકતો નથી. આ જીવ અદત્ત કહેવાય.

જે વસ્તુનો જે માલિક છે તેના દીધા વગર જે લેવું તે સ્વામિઅદત્ત.

ગુરૂ સંબંધિત વસ્તુનો પોતે ઉપયોગ કરવો, ગુરૂથી છુપાવીને કે ગુરૂની આજ્ઞા વગર વસ્તુ મંગાવવી-લેવી-રાખવી-બીજાને આપવી તે બધું ગુરૂ અદત્ત છે.

શ્રાવક, શ્રાવિકા પણ ગુરૂ આજ્ઞા વગર ખાનગીમાં નાના સાધુ-સાધ્વીને વસ્તુ આપે, લે-તે ગુરૂ અદત્ત છે.

નોંધ : પાંચમા આરામાં કપરો કાળ ચાલે છે તેથી કદાચ ગુરૂ વાત્સલ્યરહિત હોય અને નાના સાધુ અને સાધ્વીને સંયમોપયોગી વસ્તુની જરૂર હોય તે વિવેકપૂર્વક શ્રાવક-શ્રાવિકા આપે તો ત્યાં વાંધો નથી. દા.ત. કોઈ પાસે ગોચરી વાપરવાના પાત્રા નથી. વડીલો આપતા નથી, તો તેની જરૂરિયાત ગણાય તેથી તે અપાય, તેમાં દોષ નથી.

**આ ભવમાં કે ભવોભવમાં મેં જે કાંઈ અદત્ત લીધું હોય, લેવડાવેલ હોય, લેતાને સારો માનેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.**

હું બીજાનું લઈ લઉં, કોઈનું ખોવાઈ જાય અને મને મળે, કોઈપણ પ્રકારે

બીજાનું લેવાનાં વિચારો રૂપ જે સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન કર્યું, કરાવ્યું, અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

## ૪થું પાપસ્થાનક મૈથુન

અનેક જીવનો ઘાત મૈથુન સેવનમાં થાય છે. ઈ.સ.૧૯૬૫માં F.Y.B.A. મનોવિજ્ઞાનમાં ભણાવાતું કે "૧ વખતનાં મૈથુન સેવનથી સ્ત્રી-પુરૂષનાં ૨૩ x ૨૩ રંગસૂત્રનું ફલીનીકરણ ૯૦-૯૦ લાખ થાય તેમાંથી ૧ કે ૨ માંથી બાળક ઉત્પન્ન થાય અથવા ન થાય." તેથી એક કરોડ એંશી લાખ જીવોનો નાશ થાય.

ઈ.સ. ૧૯૭૨ નું મેડીકલ સાયન્સ એમ જણાવતું કે ૧ વખતનાં મૈથુન સેવનમાં ૧ શીશી વીર્યમાં ૬ થી ૧૦ કરોડ જીવાણું (શુક્રાણું) જાય એમાં તંદુરસ્ત શરીરવાળાને દોઢ થી બે શીશી વીર્ય ૧ વખતનાં મૈથુનમાં જાય. મતલબ કે ૯ થી ૧૫ કરોડ કે ૧૨ થી ૨૦ કરોડ જીવ મરે.

જૈનશાસનની માન્યતા પ્રમાણે ૧ વખતના મૈથુન સેવનમાં ૯ લાખ ગર્ભજ પંચેન્દ્રિય, અસંખ્યાતા સમુર્ચ્છીમ પંચેન્દ્રિય તથા અસંખ્યાતા બેઈંદ્રિય જીવોનો નાશ થાય.

**આવું અનેક જીવનાં ઘાતવાળાં મૈથુન સેવન મેં આ ભવમાં કે ભવોભવમાં જે કાંઈ કર્યું, કરાવ્યું તથા અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.**

હવે પછી આ ભવમાં કે પછીનાં કોઈપણ ભવમાં મને મૈથુન સેવનનાં વિચાર પણ ના આવે.

દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી જે પણ મૈથુન સેવન કરેલ હોય.

રાગ કે દ્વેષથી મૈથુન સેવન કરેલ હોય, કરાવેલ હોય કે અનુમોદેલ હોય તેનું ત્રિકરણ યોગે મિચ્છા મિ દુક્કડમ્.

કોઈપણ ભવમાં કોઈનાં પણ ઉપર બળાત્કારથી મૈથુન સેવન કરેલ, બીજાની સ્ત્રી સાથે પરસ્પર સંમતિથી મૈથુન સેવન કરેલ હોય, કુમારિકા કે વિધવા સ્ત્રી તથા સ્ત્રીના ભવમાં કુંવારા કે વિધુર સાથે મૈથુન સેવન કરેલ હોય, સ્ત્રીના ભવમાં પુરુષને લલચાવીને મૈથુન સેવન કરવા ફરજ પાડેલ હોય, બળાત્કારે મૈથુન સેવન કરાવેલ હોય તેનું વારંવાર મિચ્છા મિ દુક્કડમ્.

મહાપાપના ઉદયે કોઈપણ ભવમાં પુરૂષ થઈને કોઈપણ ધર્મની સંન્યાસીની

જોડે કે સ્ત્રી થઈને કોઈપણ ધર્મના સંન્યાસીની જોડે સંમતિથી મૈથુન સેવન કરેલ હોય તો અનંતવાર મિચ્છા મિ દુક્કડમ્ અને બળાત્કાર કરેલ હોય તો અનંતાનંત વાર મિચ્છા મિ દુક્કડમ્.

આત્મસાક્ષીએ, પરમાત્માસાક્ષીએ તેની વારંવાર માફી માંગું છું.

મારી ટૂંકી બુદ્ધિથી બીજા નિર્દોષ જીવને નિર્દોષ પ્રવૃત્તિ હોવા છતાં વ્યભિચારી તરીકે જોયેલ હોય, બોલેલ હોઉં, વિચારેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હું તે જીવોની માફી માંગું છું.

બીજા વ્યભિચારી છે તેવું કોઈના મોંઢે સાંભળીને તે માની લઈને તેની હા એ હા કરી હોય તેવી વાતને ઉત્તેજન આપેલ હોય તેની માફી માંગું છું. તે જીવો જ્યાં હોય ત્યાં યશનામી બને.

કોઈએ મૈથુન સેવન કરેલ છે તેવું નજરે જોયું હોય, સાંભળેલ હોય, અનુમાનથી કલ્પેલ હોય તે તે સત્ય હોય તો પણ તેની ભાવદયા ચિંતવવાને બદલે મનથી- વચનથી કે કાયાથી તેની નિંદા, ટીકા, તિરસ્કાર કરેલ હોય તે મર્મ જાહેર કરીને તેનું અપમાન અવહેલના કરેલ, કરાવેલ હોય તેની પરમાત્મા સાક્ષીએ હું વારંવાર માફી માંગું છું.

(૧) જો કોઈપણ ધર્મનાં ધર્મગુરુઓ,

(૨) અનેક જીવનને પાલન પોષણ કરનારા,

(૩) બીજાના દુઃખે દુઃખી થઈને જીવનારા,

(૪) બીજા જીવોને જરાપણ દુઃખ ન થાય તેની કાળજીપૂર્વક જીવનારા,

(૫) સહજ સાત્ત્વિક જીવન જીવનારા,

(૬) અતિદુઃખમાં જીવનારા,

(૭) નાની ઉંમરમાં વિધુર કે વિધવા બનેલા એકાદ વાર કર્મની બલવત્તરતાથી સાદી ભૂલ કરી બેસે તો તે વાતને દાબી દેવાને બદલે તે વાતની જાહેરાતો કરી, કરાવી હોય તેની હું વારંવાર માફી માંગું છું. ખરેખર આવા જીવોની ભૂલ બોલવી કે સાંભળવી પણ ન જોઈએ. તે જીવોની બધે કીર્તિ ફેલાતી રહે.

જે જીવો મન ચલાયમાન બને તો પણ મૈથુન સંજ્ઞાને વશ થતા નથી. સામેથી માંગણી થાય, બધી અનુકુળતા હોય તો પણ મક્કમ રહે છે આવા સમયે સમાજ તરફથી બદનામી, તિરસ્કાર મળે તો પણ મનમાં ઉદ્વેગ ધરતા નથી કે બદનામી

આપનાર પ્રત્યે દ્વેષ ધરતા નથી, તેમને ધન્ય છે. કૃતપુન્ય છે તેમનો જન્મ સફળ રહે છે.

હવે પછી કોઈપણ ભવમાં મને જોઈને કોઈને વાસના ન જાગે અને કોઈને જોઈને મને વાસના ન જાગે તેવો હું પ્રયત્ન કરીશ.

## પમું પાપસ્થાનક પરિગ્રહ

જૈન શાસ્ત્રમાં ૧૪ પ્રકારનો અભ્યંતર તથા ૯ પ્રકારનો બાહ્ય પરિગ્રહ જણાવેલ છે.

હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, સ્ત્રી વેદ, પુરુષ વેદ, નપુંસક વેદ, ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ, (અજ્ઞાન કે ઉલ્ટું જ્ઞાન) આ ૧૪ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ છે.

જે સાધુ અને ગૃહસ્થે પોતપોતાની ભૂમિકા મુજબ દૂર રાખવા કોશિષ કરવાની અને સંપૂર્ણપણે છૂટે તે લક્ષ્ય રાખવાનું.

ધન-ધાન્ય-જમીન (ક્ષેત્ર) - વાસ્તુ-રૂપ્ય-સુવર્ણ-કુપ્ય-દ્વિપદ-ચતુષ્પદ. આ નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે. જેમાં પરિમાણ (માપ) કરવાનું હોય છે.

બીજી રીતે ટુંકમાં પરિગ્રહની વ્યાખ્યા કરી કે મુર્ચ્છા (મમત્વભાવ) તે પરિગ્રહ છે.

આ બધા બાહ્ય કે અભ્યંતર પરિગ્રહને મેં પરિગ્રહ તરીકે માનેલ ન હોય, આ પરિગ્રહ છે તેવું સમજેલ ન હોઉં, તેનું મિચ્છા મિ દુક્કડમ્.

અનેક ભવમાં ભમતા આવા પરિગ્રહ ધન, વિગેરે મરતી વખતે ત્યાં મૂકીને આવેલ હોઉં. તે પરિગ્રહથી જીવ વિરાધનાદિ પાપ ચાલુ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હું તેવા મૂકેલા તમામ પરિગ્રહને વોસિરાવું છું. મારે તેની સાથે સંબંધ નથી.

મેં બીજાને ધન વિગેરે આપેલ હોય, તે મરણ પામેલ હોય કે હું મરણ પામેલ હોઉં, તેનું દેવું રહી ગયું હોય તો તે હું માફ કરૂં છું. મારે હવે કશું જોઈતું નથી. મારે કોઈનું દેવું રહી ગયું હોય તેની હું માફી માંગું છું.

કોઈપણ ભવમાં રહી ગયેલું દેવું બીજા કોઈ ભવમાં લેણદાર પરાણે વસુલ કરે તો હું શાંતિપૂર્વક સહન કરવાવાળો બનું.

દેવ-ગુરૂ કૃપાથી મારો અભ્યંતર પરિગ્રહ નાશ થતો ચાલે, સર્વથા નષ્ટ થાય.

અત્યારે હું મકાન-સોનું-ચાંદી-શેર-રૂપિયા-વસ્ત્ર-ફર્નીચર-વાસણો વિગેરે નવા ન લેવાનો અભિગ્રહ (નિયમ) કરું છું (અહિં કાયમ માટેનો કે બિમારી સુધીનો અમુક સમયનો નિયમ લઈ શકાય.)

**પરિગ્રહ સંબંધી લક્ષમાં રાખવા જેવું.**

જીવને હિંસાનુબંધી રૌદ્રધ્યાન ભવ વધારનાર લાગે છે તેટલું સંરક્ષણાનુબંધી (પરિગ્રહાનુબંધી) રૌદ્રધ્યાન ભવ વધારનાર મોટા ભાગે લાગેલ નથી કે તે સંબંધી વિચારેલ નથી.

મને વધારે ધન-ધાન્ય-સોનું-ચાંદી-ઝવેરાત વિગેરે મળે, કેમ મળે, ક્યાંથી મળે, એનું કેમ રોકાણ કરૂં, આવું ધ્યાન સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે.

મારા સંબંધો કેમ વધે તેના માટેનું ધ્યાન (વિચારણા) દુર્ધ્યાન છે.

દિક્ષા લીધા પછી મારા કે મારી ટુકડી કે મારા સમુદાય કે મારા ગચ્છને માનનારા શ્રાવકો કેમ વધે ? ક્ષેત્રો કેમ વધે ? આવું ધ્યાન, આવી વિચારણા તે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે. જેની તીવ્રતા નારકીનું આયુષ્ય બંધાવે.

ડાયરીમાં સરનામા વધતા જાય. ફોન નંબર વધતા જાય તે પરિગ્રહ છે. તેનું તીવ્ર ધ્યાન રૌદ્રધ્યાન છે.

મારા પરિચિતો મારી જ પકડમાં રહે તેવા સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનને વશ થયેલ સંન્યસ્ત વેશ પામ્યા પછી પણ જુદા જુદા તરકટો ધર્મને નામે કરે છે તે ખોટું છે તેમ વિચારતો પણ નથી.

વાસક્ષેપના પડીકા મોકલવા
રક્ષા પોટલી મોકલવી
માળાઓ મોકલવી
યંત્રો મોકલવા
મૂર્તિઓ મોકલવી
પગલા કરવા જવું.

આ બધામાં ધ્યાન (વિચારણા) સ્વકેન્દ્રી ટોળું ઊભું કરવું કે પકડી રાખવા તરફ હોય ત્યારે તે સંરક્ષણાનુબંધી રૌદ્ર ધ્યાન બને કે નહીં ???

આ ભવમાં કે ભવોભવમાં ભટકતા મેં જે કાંઈ સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન કર્યું,

કરાવ્યું, અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

જે કાંઈ મૂર્ચ્છા કરી, કરાવી, અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

જે કાંઈ બાહ્ય કે અભ્યંતર પરિગ્રહ રાખેલ, રખાવેલ, અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

મને વસ્તુઓ મળે, સ્ત્રી-પુત્રાદિ પરિવાર મળે, મારો પતિ પરિવાર મારા વશમાં રહે, મને સત્તા મળે, મારે સંબંધો વધતા રહે આ બધું સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે.

આવું રૌદ્રધ્યાન કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

## ૬ઠ્ઠું પાપસ્થાનક ક્રોધ

આ પાપસ્થાનક એવું છે કે જે સેવન કરે છે તે પણ જાણે છે, જેના પ્રત્યે ક્રોધ વ્યક્ત કરે છે તે માણસ પણ જાણે છે.

આ પાપસ્થાનકની ભયંકરતા ધર્મ સમજનાર, સમજાવનાર તો બતાવે જ છે પરંતુ વર્તમાન દુનિયાના વૈજ્ઞાનિકો-શિક્ષકો-સંશોધકો-સમાજ સુધારકો પણ માને છે, જણાવે છે.

સતત ઉત્કૃષ્ટ અંતમુહૂર્ત સુધી ક્રોધ રહે ત્યારે તે જીવ પોતે કરેલાં ઘણા વર્ષો, ભવોનો પુન્યપ્રકર્ષ નષ્ટ પ્રાયઃ કરે છે.

ક્રોધમાં આવનારની સાચી વાત પણ લોકો સ્વીકારવા તૈયાર થતા નથી. અપ્રીતિ ઉત્પન્ન થાય છે.

**ક્રોધમાં નુકસાનકારક મહત્ત્વની બાબત**

ક્રોધને આધીન જીવ ઘણી વખત એ ભૂલી જતો હોય કે પોતે ક્રોધ કરે છે એ ખોટું છે. પોતાના ક્રોધને તે સાચો સમજવા, સમજાવવા અનેક કુતર્ક કરે છે.

દા.ત. કેટલીક વાર આપણે બોલતા હોઈએ છીએ તથા બીજાને બોલતા સાંભળીએ છીએ કે હું ખોટું ચલાવી ન લઉં, હું કોઈની સાડાબારી રાખું નહીં, હું જે હોય તે મોઢે ચોપડાવી દઉં, માયા કપટ કરે તેની તો ખબર લઈ લઉં.

**આ બધી વાતોમાં પોતે પ્રત્યાઘાત આપતા ક્રોધ વ્યક્ત કરે છે તે ક્રોધ ખોટો જ છે તે ભૂલી જાય છે.**

કેટલીક વાર પોતાનું કામ કઢાવવા કે સારા દેખાવા જીવ શાંતિ રાખે છે,

ક્રોધ કરતો નથી અને એમ બોલે છે કે ક્રોધ કરવાની શી જરૂર છે ? આપણે ક્યાં લાંબો સમય અહીં રહેવાનું છે ? એ માણસ અહી કેટલું રહેવાનો છે ? આ રીતે ક્રોધ ન કરવાથી તે પાપસ્થાનક છુટતું નથી.

ક્રોધ સંસાર વધારનાર છે.

મારે જન્મ-મરણથી છુટવું છે.

માટે મારે ક્રોધ કરવો નહિ.

આમ તત્ત્વદ્રષ્ટિથી સમજીને ક્રોધ છોડવાનો છે.

હે દેવાધિદેવ ! આપની કૃપાથી મારો ક્રોધ સહજપણે નાશ પામે,

અત્યાર સુધીમાં ભવોભવ ભટકતા જે ક્રોધ કર્યો-કરાવ્યો-અનુમોદેલ હોય તેની હું માફી માંગુ છું.

કરેલ ક્રોધને સાચો માનવા-મનાવવાનું કરેલ હોય તો તેની હું વારંવાર માફી માંગુ છું.

## ૭ મું પાપસ્થાનક – માન

ચારે ગતિના જીવોમાં ચારે કષાયો હોય છે. પરંતુ ગતિને આશ્રયીને નારકીને ક્રોધની બળવત્તરતા હોય છે, તિર્યંચોને માયાની, દેવતાઓને લોભની અને મનુષ્યોને માન કષાયની બળવત્તરતા હોય છે.

જેટલો ઝડપથી ક્રોધ કરનાર કે જેના ઉપર વ્યક્ત થતો હોય તે બંને ક્રોધને જાણી શકે છે. આ ખોટું છે તે સમજી શકે છે. જ્યારે માન કષાય કરનાર, કરાવનાર મોટે ભાગે આ કષાય છે તેમ સમજી શકતા નથી પરિણામે તે કરેલા માન કષાયનું મિચ્છા મિ દુક્કડમ્ દેવાતું નથી. સંસાર વધે છે. દુઃખ વધે છે.

જ્યાં જ્યાં હું અને મારૂં આવે ત્યાં માન કષાય છે.

માન કષાયની આધીનતાથી જીવ બીજાની સારી વાત જોઈ શકતો નથી, સાંભળી શકતો નથી, અનુમોદના કરી શકતો નથી. તુરંત પોતાની વાત રજુ કરવા માંડે છે. આ દૂર કરવા એક સરસ ભજન છે.

*પગ પગ મુઝે ભૂલાતા આયા, યે મેરા અભિમાન,*
*જીવન પથ પર ભટક રહા હું, રાહ દિખા ભગવાન,*
*ભક્ત રસ્તો શોધે છે. ભગવાનની કૃપાથી થશે કહે છે.*

*તેરા સાયા જીસ પર છાયે, વો બંધન સે છૂટે,*
*તેરા પ્યાર મુઝે મીલ જાયે, ચાહે દુનિયા રૂઠે,*
*ફિર ના ડર દુનિયાકા ચાહે મીલે, માન-અપમાન રાહ.*

પૂ.ઉપા. યશોવિજયજી જણાવે છે કે

થોડલો પણ ગુણ પરતણો સાંભળી હર્ષ મન આણરે,

આવું જીવનમાં વણવા દરેકે જાતે પ્રયત્ન કરવો પડે છે.

આ ભવમાં કે ભવોભવમાં મેં જે માન કષાય કર્યો-કરાવ્યો-અનુમોદેલ હોય તેની માફી માંગું છું.

મારા દાદા પ્રથમ તીર્થંકર, મારા પિતા પ્રથમ ચક્રવર્તી અને હું પ્રથમ વાસુદેવ બનીશ. મારૂ કુળ કેવું ઉત્તમ છે ?

વાત સાચી હોવા છતાં એનું અભિમાન પ્રભુ મહાવીર જેવા જીવને નીચ ગોત્ર કર્મ બંધાવનાર બને છે. કેટલા ભવો સુધી નીચ કુળમાં ભમવું પડે છે. તો ખોટી વાતનું અભિમાન કેટલા ભવ રખડાવે ?

હે પ્રભુ ! મેં આ ભવમાં કે ભવોભવમાં મારા, મારા પરિવારના, મારા મિત્રોના, મારી સાથે સંકળાયેલના કોઈ પણ ઉત્કર્ષ કે પુન્યોદયે મળનાર સામગ્રીનું અભિમાન કર્યું, કરાવ્યું હોય કે અનુમોદેલ હોય તેની માફી માંગું છું.

ધર્મ માર્ગમાં આવ્યા પછી શ્રાવકપણા કે સાધુપણામાં આવ્યા પછી મેં તત્ત્વદ્રષ્ટિ કેળવી નહીં. મારા માનેલા ધર્મ-સાધુ સમુદાયના વખાણ કરીને નીચ ગોત્ર કર્મ બાંધ્યું હોય, બંધાવ્યું હોય, અનુમોદેલ હોય તેની માફી માંગું છું. બીજાની અનુમોદના ન કરી તેનું મિચ્છા મિ દુક્કડમ્.

મારા માનેલા સાધુ ટુકડી-સમુદાય-ગચ્છ જ સાચા માની બીજા સાધુ-ટુકડી-સમુદાય-ગચ્છની નિંદા, ટીકા, તિરસ્કાર કરીને જે નીચ ગોત્ર કર્મ બાંધેલા, બંધાવેલ તથા અનુમોદેલ હોય તેની માફી માંગું છું. I (આઈ) એટીટ્યુડ છોડીને You (યુ) એટીટ્યુડ વાળો બનું.

## ૮મું પાપસ્થાનક માયા

બીજાની કે પોતાની જાતને છેતરવી તે માયા કષાય છે. વર્તમાનકાલીન દુનિયામાં નજર કરતા જોવા મળે છે.

ક્રોધી માણસ શાંત પડેલો

ઘમંડી માણસ નમ્ર બનેલો

૧ રૂપિયો ન છુટતો હોય તેવો દાની બનેલો પરંતુ માયા કપટી મનુષ્ય મરણ સમયે પણ સરળ બનેલો ભાગ્યે જ જોવા મળશે.

તેથી એક પ્રાર્થના વારંવાર કરવાનું મન થાય છે.

''ભવો ભવ ટળજો, ડાકણ માયા તેહ હું આજ યાચું,
બાહ્ય દુઃખો ભલે મળે પણ સરળતાને જ યાચું,
સુખી થાઓ મુજ જીવનમાં કપટને કરનાર,
નેમીનાથ ચરણસેવા એક છે તારનાર.''

બીજાને છેતરવા, કપટ કરવાના વર્તનને મેં હોંશિયારી માની હોય... છેતરીને આનંદ થયેલ હોય...

મારી નજીકના બીજાને છેતરીને આવેલ હોય તે જાણી, સાંભળી તેને બિરદાવેલ હોય... તેની હું માફી માંગુ છું.

માસક્ષમણને પારણે માસક્ષમણ (૩૦ દિવસ ઉપવાસ) (માત્ર પાણી ૩૦ દિવસ સુધી લેવાનું) કરનાર હોય, પારણામાં રસ કસ વગરનું વાપરતા (ખાતા-જમતા) હોય, બહારથી ઉત્કૃષ્ટ સાધુ-શ્રાવકની ક્રિયાઓ કરતા હોય, પરંતુ અંદરથી માયાવી છે, કપટી છે તે સંસારથી મુક્ત થતા નથી. હજુ અનંતા જન્મ મરણ તેને કરવાના છે.

તો પછી...

મારામાં તેવો તપ નથી, જ્ઞાન નથી, ક્રિયામાં ઉત્કૃષ્ટ વિધિનું પાલન નથી અને જો હું માયા - કપટ કરીશ તો મારે કેટલો સંસાર ભમવો પડશે, ક્યારે જન્મ-મરણથી મુક્ત બનીશ ???

હે પરમેશ્વર ! આ ભવમાં કે ભવોભવમાં મેં જે કાંઈ માયા-કપટ કરેલ હોય-કરાવેલ હોય તથા અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

ત્રણે કાળમાં અવસર ઉત્પન્ન થવા છતાં જે જીવો માયા કરતા નથી, સરળ રહે છે - તેમને ધન્ય છે, તેમનું જીવન સફળ છે. તેવા જીવોની હું પ્રશંસા કરૂં છું, અભિનંદન આપું છું, અનુમોદના કરૂં છું, પ્રભુ કૃપાથી મારૂં જીવન પણ તેવું બને.

## ૯મું પાપસ્થાનક લોભ

પાપનો બાપ એટલે લોભ.

પગથી માથા સુધી હું આ લોભના સંકજામાં છું. જાત ભાતની ઈચ્છાઓ થાય છે તે બધો લોભ છે તેથી હે પ્રભુ મને જે સહજ મળે તે સ્વીકારીને જીવું એવું બળ આપો.

જે મળેલ છે તેના દ્વારા કર્મનિર્જરા કરૂં.

આ લોભથી ઉત્પન્ન થતી મારી વૃત્તિઓ ... જેવી કે... મને ધન મળે... મને માણસો આવીને મળે... મારી વાત બધા સ્વીકારી લે. મને પદવી (ડીગ્રી) મળે.. હું લોકમાન્ય બનું... મને વિવિધ ખાવાની વસ્તુઓ મળે... કપડા-દાગીના-ફર્નીચર મળે... આ બધાના મૂળ જેવો લોભ નાશ પામો... નાશ પામો... નાશ પામો...

ધર્મ સંસ્થામાં, ધર્મ પ્રવૃત્તિમાં... મને ટ્રસ્ટીપણું મળે, હું ધારૂં તેમ જ ધર્મનાં અનુયાયી ગુરૂવર્ગ કે સેવકવર્ગ કરનારા બને. ધર્મ પ્રવૃત્તિના ભક્તિ સૂત્રો, ભક્તિ ગીતો મને જ બોલવા મળે, વડીલ હોય, ધર્મગુરૂ હોય તે મને જ બધા બોલવાનું કહે... હું જઉં ત્યાં લોક મેદની મને વીંટળાયેલી રહે વિગેરે વિગેરે લોભ મૂલક વૃત્તિ - પ્રવૃત્તિ નાશ પામો... નાશ પામો...

મારો પુત્રાદિ પરિવાર વધે,

મારો શિષ્યાદિ પરિવાર વધે.

મને માનનાર - મારૂં માનનાર ભક્તવર્ગ વધતો રહે, હોય તેમાંથી ઓછો ન થાય આવી વૃત્તિ-પ્રવૃત્તિ કર્મબંધ કરનાર છે તે દૂર થાઓ, દૂર થાઓ.

આ ભવ કે ભવોભવમાં મેં જે લોભ કષાય કર્યો, કરાવ્યો તથા અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હું તેની માફી માંગું છું. મારી ઈચ્છા, અપેક્ષાઓ નાશ પામો-નાશ પામો.

## ૧૦ મું પાપસ્થાનક રાગ

જૈન શાસનમાં ૩ પ્રકારનાં રાગમાં બધી જાતના રાગને સમાવિષ્ટ કરેલ છે.

૧. કામ રાગ ૨. સ્નેહ રાગ ૩. દ્રષ્ટિ રાગ

મોક્ષ માર્ગ સાધવામાં ક્રમસર ત્રણે રાગ એક એક કરતા વધારે સંસારમાં રખડાવનાર છે.

વિવિધ પ્રકારની સંસારીક વસ્તુઓ-જગ્યા-વિજાતિય સાથે ભોગ, અમુક પ્રકારનું ખાવા-પીવા-પહેરવા-ઓઢવાનું ગમે તે બધું કામરાગ.

માતા-પિતા, ભાઈ-બહેન, પુત્રાદિ-મિત્રો વિગેરે પ્રત્યેનો રાગ સ્નેહ રાગ.

દેવ, ગુરૂ, ધર્મમાં મારૂં જ સાચું, બીજાનું ખોટું આવો જે કદાગ્રહવાળો રાગ તે દ્દષ્ટિરાગ.

હું આ જ જગ્યાએ બેસું,

મને આ જ વસ્તુ ખાવા પીવા ભાવે,

મને આવા માણસો જોડે વાત કરવી ગમે,

હું ટી.વી. માં અમુક જ સીરીયલ જોઉં,

આવા કામરાગમાં અનાદિ કાળથી ફસાઈને ઘણા અશુભ કર્મો બાંધેલા છે તેનું મિચ્છા મિ દુક્કડમ્.

ખાવું ભુખ મટાડે છે, પણ આવું જ ગમે.

કપડા ઠંડી-ગરમીમાં રાહત આપે છે, પણ આવા જ જોઈએ... આથી કામરાગની વીટંબણા ધર્મ માર્ગે આવીને પણ ચાલુ રહી.

હું સામાયિક-પ્રતિક્રમણ-વ્યાખ્યાનમાં સાંભળવા જઉં, મને જોવા ગમે એવા મહારાજ સાહેબના વ્યાખ્યાનમાં જઉં.

ભગવાનનાં સ્વરૂપ વિચારી આનંદ પામવાને બદલે ભગવાનની અંગ રચના આંગીમાં જ આનંદ પામું,

સ્તુતિ, સ્તવન, સજ્ઝાય વિગેરે બોલતા કે સાંભળતા તેના શબ્દો-અર્થમાં ચિત્ત પરોવવાને બદલે માત્ર સ્વર, માધુર્યમાં આનંદ પામું.

આવી રીતે જ કામરાગમાં આસક્તિ ધરીને મેં મન વચન કાયાથી કર્મ બાંધ્યા-બંધાવ્યા-અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

કુટુંબ-જ્ઞાતિ-ગામ-દેશ-મનુષ્યપણું તથા તે તે ભવનું તિર્યંચપણું- દેવપણું-નારકીમાં રાગવશ બનીને જે જે અશુભ કર્મો બાંધ્યા, બંધાવ્યા તથા અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

ભવ ભ્રમણ કરતાં તારકપણાને ભૂલીને રાગભાવથી કદાગ્રહી, દષ્ટિરાગી બનીને જે દેવ-ગુરૂ-ધર્મની ભક્તિ કરી તેથી જન્મ-મરણથી છુટાયું નહીં. તેનું મિચ્છા મિ દુક્કડમ્.

આ ભવ કે ભવોભવમાં જે રાગને વશ બનીને કર્મબંધ કર્યો, કરાવ્યો તથા અનુમોદેલ હોય તેની હું વારંવાર માફી માંગું છું.

નોંધ : આરાધના કરનારે પોતાને જે રાગ થયેલ હોય તે યાદ કરી મિચ્છા મિ દુક્કડમ્ દેવું.

મને શેમાં રાગ છે તે વિચારીને તેને ઓછો કરવાનો પ્રયત્ન કરવા, છોડવા પ્રયત્ન કરવો. રાગ થઈ જાય તેનું વારંવાર મિચ્છા મિ દુક્કડમ્ દેવું.

## ૧૧મું પાપસ્થાનક (દ્વેષ)

જ્યાં રાગ છે ત્યાં દ્વેષ છે, રાગ છૂટે એટલે દ્વેષ છૂટી જાય આ સામાન્ય હકીકત છે... છતાં પ્રશસ્ત રાગ વધારતા જઈ દ્વેષ ઓછો કરવા... છોડવા પ્રયત્ન કરી શકાય... ઈર્ષા જન્ય દ્વેષ છોડી શકાય. પાતળો કરી શકાય.

ગુણાનુરાગ વધતો જાય તો દ્વેષ ઘટતો જાય, મારૂં બગાડનાર હું જ છું બીજો કોઈ નથી તે વાત દૃઢ થતી જાય તો દ્વેષ પાતળો થતો જાય.

૪૨ દોષ રહિત વિશુદ્ધ ગૌચરી આવ્યા પછી જો વાપરતી (જમતી ખાતી) વખતે ગૌચરીના પદાર્થ કે વહોરાવનાર પ્રત્યે દ્વેષ થાય તો તેને ધુમ્ર દોષ કહ્યો છે. જેનાથી દિવસે ખાવા છતાં રાત્રી ભોજનનું પાપ લાગે.

જ્યાં ગુણ દેખાય ત્યાં આનંદ, ત્યાં રાગ તથા જ્યાં દોષ દેખાય ત્યાં દોષી પ્રત્યે મધ્યસ્થ ભાવ રહે તો દ્વેષનું જોર તુટતું જાય.

મારા પ્રત્યે ઈર્ષા-દ્વેષ રાખનાર ખૂબ સુખી થાય, ક્ષાયિક ચારિત્ર પામે, મોક્ષે જાય, આવી ભાવના સતત કરતો રહું, જેથી મારો દ્વેષ પાતળો પડતો, ભવાંતરમાં નિર્મુળ બને.

આ ભવે કે ભવોભવ કરેલા દ્વેષની હું માફી માંગું છું.

## ૧૨મું પાપસ્થાનક કલહ

કલહ-ઝગડો દુર્ગતિમાં લઈ જાય છે.

વેરની પરંપરા વધારે છે. સ્વજનને પરજન બનાવે છે. મિત્રને દ્વેષી બનાવે છે.

કલહથી ચિત્ત વ્યાક્ષિપ્ત રહે છે, અશાંતિ રહે છે.

આવો કલહ આ ભવમાં કે ભવોભવમાં મેં કર્યો હોય, ઝગડો કરાવ્યો હોય, ઝગડો કરનારને સારો માનેલ હોય, ઝગડો કરનારની પ્રશંસા કરેલ હોય, ઝગડો કરવામાં ઉત્તેજન આપેલ હોય તેની હું માફી માંગું છું.

આપની કૃપાથી હે અંતર્યામી હવે પછી મારે ઝગડો ન થાય.

વ્યવહારમાં કદાચ ઝગડો કરનાર પ્રત્યે પ્રતિકાર કરવો પડે તો પણ હૃદયમાં તેની ભાવદયા ચિંતવનારો રહું.

અજ્ઞાન દશાથી મારી માન્યતા જ સાચી એમ પકડીને બીજા જીવને મેં દુભાવેલ હોય, ત્રાસ આપેલ હોય, મારી નાખેલ હોય, અળખામણો બનાવેલ હોય, તે બધાની હું માફી માંગું છું. તે બધા જીવો ખૂબ સુખી થાય, ચારિત્ર પામે, મોક્ષે જાય...

ધર્મના નામે કોઈપણ ભવમાં કલહ કર્યા હોય તેની હું વારંવાર માફી માંગું છું.

કુટુંબમાં મારૂં ચલણ હોઈ મારી સ્ત્રી કે મારા પતિનું ચલણ હોઈ મેં બીજા સભ્યોને ઝગડો કરી ત્રાસ પમાડેલ હોય, મારા ઝગડાળું સ્વભાવને કારણે બીજો જીવ દાન દેતા અટકી ગયો હોય... તપ કરતા અટકી ગયો હોય.. ભણતા અટકી ગયો હોય... શીલ ન પાળી શકેલ હોય.. વ્રત પચ્ચકખાણ ન કરી શકેલ હોય.. ધર્મથી દૂર થયેલ હોય.. અધર્મના પંથે વળેલ હોય... હિંસક બનેલ હોય... ધર્મ-ધર્મી તરફ તિરસ્કૃત ભાવવાળા બનેલ હોય... કુટુંબનાં-ગામનાં-નાતનાં-દેશનાં દ્રોહી બનેલ હોય, દુશ્મન બનેલ હોય.

તે બધા જીવોની હું માફી માગું છું.

તે બધા જીવો જ્યાં હોય ત્યાં ખૂબ સુખી થાય,

મારા પ્રત્યે ભવાંતરમાં તે જીવો પ્રતિકુળ વર્તન કરે તો પણ હું તેમના પ્રત્યે મૈત્રીભાવવાળો રહું.

પરમાત્માની કૃપા ઉતરો કે હવે પછી હું કોઈ જોડે કલહ નહી કરું. થઈ જાય તો તુરંત સાવધ બનીને તેની માફી માંગું, તેનું ભલુ ઈચ્છું.

## ૧૩ મું પાપસ્થાનક અભ્યાખ્યાન

વાણી સ્વાતંત્ર્ય (વાણી સ્વછંદતા) સમાચાર માધ્યમોના ચક્કરમાં ચઢીને આ પાપસ્થાનકનું સેવન વધતુ જ જાય છે અને મોટાભાગના જીવો-સમાજ સુધારકો-

કટાર લેખકો-ધર્મ ઉપદેશકો આ પાપ સ્થાનકનું સેવન છે તે વિચારતા નથી પછી માને કેવી રીતે ? અને ન માને તેથી તેનું મિચ્છા મિ દુક્કડમ્ માંગે કેવી રીતે ?

બીજાને આળ દેવું, કલંક દેવું તે અભ્યાખ્યાન છે. કોઈની વાત સાંભળીને કે છાપા-ટી.વી.માં જોઈને તેને સાચું માનીને બીજાના મોઢે... આ માણસ આવો જ છે, આ વાત આમ જ છે, આ ગામ આવું જ છે, આ સંસ્થા આવી જ છે. દા.ત. સીનેમાની લાઈનમાં બધા વ્યભિચારી જ હોય છે. પોલીસો બધા હપ્તા ખાનાર જ હોય છે. નેતાઓ બધા ભ્રષ્ટાચારી જ છે.

આવા બધા વિધાનો **અભ્યાખ્યાન** પાપસ્થાનકનું સેવન છે.

કોઈના વિષે આપણે જે બોલીએ તેમાં આવું જુટ્ઠું આળ, કલંક કેટલું આવે ?

આ ભવમાં કે ભવોભવમાં મેં જુટ્ઠા આળ દીધા હોય, દેવડાવ્યા હોય, દેતાની અનુમોદના કરી હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હું તેની માફી માંગું છું.

## ૧૪ મું પાપસ્થાનક પૈશુન્ય

પૈશુન્ય એટેલે ચાડી-ચુગલી. બીજાની ગેરહાજરીમાં તેના દોષ બોલવા.

જેનાથી લાભ કશોજ નથી, દોષ ઘણો છે,

બીજાની લીટી ભુંસીને પોતાની લીટી મોટી બનાવવાથી પરંપરાએ નુકશાન જ વધારે છે.

આવો પિશુનતાની ટેવવાળો તેલ વગરના તલ જેમ ફોતરા કહેવાય તેવો નિઃસ્નેહી હોય છે. ગમે તેટલું તેનું ભલું કોઈ કરે પણ એક વસ્તુ ધારેલી ન થાય કે તુરંત ભલુ કરનારની ચાડી શરૂ કરી દે છે.

બીજાની ગેરહાજરીમાં એના મર્મ ઉઘાડા કરનારને એમ હોય છે કે ક્યાં કોઈને ખબર પડે છે ? પરંતુ સાચી વાત એ છે જેની ચાડી કરે તેની સાથે વેરબંધ પડતો જાય છે. અનેક ભવ સુધી આ વેર ચાલુ રહે.

નીગોદથી આજ સુધીના ભવમાં મેં જાણતા કે અજાણતા કોઈપણ જીવની ચાડી-ચુગલી કરી, કરાવી, તથા અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હું તેની માફી માંગું છું. તે જીવો જ્યાં હોય ત્યાં સુખી થાય. મારી સાથે તેમને અને તેમની સાથે મારે વેરભાવ ન રહે.

મારી ચાડી-ચુગલી આ ભવમાં કે કોઈ ભવમાં બીજાએ કરેલ હોય તેને હું

માફી આપું છું. મારા નિમીત્તે તેમણે બાંધેલ કર્મો નાશ પામો. પ્રાયશ્ચિત્ત કરીને તે ખપાવી દે. તે કર્મો તેમને સંતાપ કરનાર ના બને.

## ૧૫ મું પાપસ્થાનક રતિ–અરતિ

મનને ગમે તેવું મળે, મનને ગમે તેવું દેખાય, મનને ગમે તેવું સંભળાય, ત્યારે થતો ભૌતિક આનંદ અને મનને ના ગમે તેવું મળે, દેખાય, સંભળાય ત્યારે થતો શોક, એટલે રતિ–અરતિ. રતિ = આનંદ (ભૌતિક), અરતિ = શોક.

જીવનમાં અનુકુળતામાં આનંદ અને પ્રતિકુળતામાં શોક ચાલુ છે.

'અનુકુળતામાં ખુશ થતો, પ્રતિકુળતા ગમતી નહીં,
દિન રાત જાતા એમ મારા, રતિ ને અરતિ મહીં,
જે પાપ સ્થાનક પંદરમું, તે દૂર કરવા વિચારજો,
હે નેમિનાથ જીનેન્દ્ર, મારી પ્રાર્થના સ્વીકારજો.'

કેટલાક ગૃહસ્થો જઈને સાધુને પુછે છે કે ક્રિકેટની રમત જોવામાં શું પાપ ? આ તો નિર્દોષ આનંદ છે ? કેટલી અજ્ઞાનતા છે ? જેમાં સતત પંદરમાં પાપ સ્થાનકનું સેવન છે, તેમાં નિર્દોષ આનંદ માને છે.

પોતાને ગમતો ખેલાડી રન કરે તો આનંદ, આઉટ થઈ જાય તો શોક, સામે વાળા આઉટ થાય તો આનંદ, રન કરે તો શોક...લેવા દેવાનું કશું નહીં... જીતે કે હારે રમનારને રૂપિયા મળવાના જ છે ને !

**ક્રિકેટ કે કોઈપણ રમત મોટે ભાગે રતિ–અરતિ પાપ સ્થાનકનું સેવન હોય છે.**

તે પ્રમાણે સાંભળવામાં, ખાવામાં રતિ–અરતિ ચાલુ છે.

અત્યાર સુધી થયેલા ભવોમાં તેમજ આ ભવમાં મેં રતિ–અરતિ પાપ સ્થાનકનું સેવન કર્યું, કરાવ્યું તથા અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

આરાધકે વ્યક્તિગત પોતાને જેમાં વિશેષ રતિ–અરતિ થયેલ હોય તે યાદ કરીને તેનું મિચ્છા મિ દુક્કડમ્ દેવું. તે રતિ–અરતિમાં સમભાવ રહે તેવો પ્રયત્ન કરવો.

## ૧૬ મું પાપસ્થાનક પર-પરિવાદ

પર પરિવાદ = નિંદા. બીજાના સાચા કે ખોટા દોષને બોલવા તે નિંદા છે.

બીજાના ગુણોથી ઈર્ષાવશ મેં નિંદા કરી હોય, બીજાની સમૃદ્ધિથી બળતરા કરીને મેં નિંદા કરી હોય, કોઈ પાસે સાંભળેલી વાતને વધારીને મેં નિંદા કરી હોય, દ્વેષથી બીજાને નીચો દેખાડવા, અળખામણો કરવા નિંદા કરી હોય, મારી દુકાનનો માલ વેચવા બીજા દુકાનદારની નિંદા કરી હોય... મને નોકરી મળે- નોકરીમાં પ્રમોશન મળે માટે નિંદા કરી હોય... મને અમુક છોકરી કે છોકરો મળે માટે બીજાની નિંદા કરી હોય... કશા જ કારણ વગર નિંદા કરી હોય..

આ નિંદાના કુસંસ્કારો વશ થઈને ધર્મ માર્ગમાં આવ્યા પછી હું જ ધર્મિષ્ઠ - મને જ ધર્મની ખબર પડે- લોકો મને જ સારો માને તેવી કુ-ઈચ્છાથી બીજા ધર્મ કરનારની નિંદા કરી હોય. બીજાને ધર્મની ખબર જ નથી એવું ઠસાવવા નિંદા કરી હોય.. હું ન માનતો કે પાળતો હોઉં એ ધર્મ કરનાર બીજાના સારા ગુણોનો અપલાપ કરેલ હોય.. જાહેર પ્રસંગે ભેગા થયેલા વક્તાઓનાં પૂર્વે બોલી ગયેલા વક્તાની વાતને તોડવાનો કે કાપવાનો ધંધો કરેલો હોય...ગુણાનુવાદ સભામાં જે તે અવસાન પામેલના ગુણ ગાવાને બદલે એના નામે પોતાના કે પોતાના ગુરૂઓના કે પોતાના સમુદાયના ગુણ ગાયેલા હોય **તે બધાનું મિચ્છા મિ દુક્કડમ્, તેની હું માફી માંગું છું.**

આ ભવમાં કે ભવોભવમાં જાણતા-અજાણતા નિંદા કરી હોય, કરાવી હોય કે અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

મારી નિંદા જે કરતા હોય તે જીવો સુખી થાય, ધોબી પૈસા લઈને કપડા ધુએ છે. પરંતુ મારી નિંદા કરનાર તો પોતાની જીભેથી મારા અશુભ કર્મો ધુવે છે.

## ૧૭ મું પાપસ્થાનક માયા-મૃષાવાદ

એકલી માયા (કપટ) કે એકલો મૃષાવાદ (જુઠ) જીવને સમાધિ મરણથી દૂર કરે છે તો પછી તે બંને ભેગા થાય ત્યારે તે માયા મૃષાવાદ કેટલા ભવ વધારે ?

અજ્ઞાનતાથી જુઠું બોલનાર (મૃષાવાદી) ઓછા ચીકણા કર્મ બાંધે છે કેમકે જ્ઞાન થતા (સાચી વાત જાણતા) તે મિચ્છા મિ દુક્કડમ્ દે છે. પોતાની વાત ખોટી જાણતો હોવા છતાં કોઈ સાચી વાત જણાવે તે માનવા, સ્વીકારવા તૈયાર થતો

નથી પરંતુ દંભપૂર્વક પોતાની ખોટી વાતને જ સાચી સાબીત કરવા, સાચી તરીકે બીજાના મગજમાં બેસાડવા પ્રયત્ન કરે છે અને જે સાચો છે, જે વાત સાચી છે તેને ખોટી ઠેરવવા પ્રયત્ન કરે છે. આ માયા મૃષાવાદ છે.

જૈન શાસનમાં આવા માયા મૃષાવાદીનાં તપનો ચોર, શ્રુતનો ચોર વિગેરે પ્રકાર પાડેલ છે.

ભવભ્રમણ કરતા મેં આ ભવમાં કે બીજા કોઈપણ ભવમાં તપ ન કરવા છતાં મારી જાતને તપસ્વી જણાવેલ હોય, શ્રુત ન હોવા છતાં જ્ઞાની તરીકે મને સ્થાપેલ હોય, વૈયાવચ્ચ ન કરતો હોવા છતાં વૈયાવચ્ચી છું એવો દંભ કરેલ હોય.. જેની પાસે ભણેલ હોઉં તેનું નામ છુપાવેલ હોય... મને જેમણે અભ્યાસ કરાવેલ છે તેમને મેં ભણાવેલ છે એવું બોલેલ હોઉં...મારામાં જે ગુણ નથી તે છે એવું દેખાડવા કોશીષો કરી હોય... મારામાં જે દોષ હોય તે દોષ છે જ નહીં તેવું લોકોના માનસમાં બેસાડવા પ્રયત્ન કરેલ હોય.

આવો કોઈપણ રીતે માયા મૃષાવાદ મેં મનથી-વચનથી તથા કાયાથી સેવેલ હોય તેનું અનંતાનંત વાર વિચરંતા તીર્થંકરો - અનંતા સિદ્ધો-જ્ઞાની સાધુઓ-અવધિ જ્ઞાની દેવતાઓ તથા મારા આત્માની સાક્ષીએ મિચ્છા મિ દુક્કડમ્-મિચ્છા મિ દુક્કડમ્-મિચ્છા મિ દુક્કડમ્.

## ૧૮ મું પાપસ્થાનક મિથ્યાત્વ

મિથ્યાત્વ એટલે અજ્ઞાન-ઉંધુ જ્ઞાન. મિથ્યાત્વ એટલે સાચાને ખોટું માનવું અને ખોટાને સાચું માનવું.

કોઈપણ પ્રકારની સાંસારિક-પૌદ્‌ગલિક ઈચ્છાથી દેવ-ગુરૂ-ધર્મની ભક્તિ-આરાધના-તપ-જપ વિગેરે કરવા તે મિથ્યાત્વ.

દેવ-ગુરૂ-ધર્મની ભક્તિ-આરાધના-તપ-જપ વિગેરે માત્ર જન્મ-મરણમાંથી છુટવાની બુદ્ધિથી કરવાના હોય.

મિથ્યાત્વનો સંબંધ વૃત્તિ સાથે છે, પ્રવૃત્તિ સાથે નહીં. દેવતત્ત્વ-ગુરૂતત્ત્વ-ધર્મતત્ત્વ તારનાર છે.

આ વાત સમજે નહીં, ભૂલો પડે. કોઈ એક જ ગુરૂ કે ટુકડી કે સમુદાય કે ગચ્છનો રાગી બને તે મિથ્યાત્વી છે.

જૈનશાસન ગુણપ્રધાન છે, વ્યક્તિપ્રધાન નથી. ગુરૂતત્ત્વ તારનાર છે, વ્યક્તિગુરુ નહીં.

જે ગુરુ બીજા જીવને પોતાનો વ્યક્તિરાગી બનાવે છે તે ગુરુ પોતે પણ સંસારમાં ડુબે છે અને તેનો બનાવેલો રાગી જીવ પણ સંસારમાં ડુબે છે.

હે જિનેશ્વર દેવ ! મારી અલ્પ બુદ્ધિથી કોઈપણ ભવમાં મેં રાગી-દ્વેષી-અજ્ઞાની એવા દેવ-ગુરૂ-ધર્મને મારા તારણહાર, જન્મ-મરણથી છોડાવનાર માન્યા, મનાવ્યા કે અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

જેમણે રાગ દ્વેષ જીત્યા છે, જે કર્મના બંધનથી સર્વથા મુક્ત થઈ ગયેલ છે તેવા દેવ... રાગ-દ્વેષથી મુક્ત થવા પ્રયત્ન કરતા, મુક્ત થવાનો ઉપદેશ દેતા એવા ગુરૂ...રાગ દ્વેષથી મુક્ત થવાનું શીખવતો ધર્મ.

આવા દેવ-ગુરૂ-ધર્મ દ્વારા રાગ-દ્વેષથી મુક્ત થવાનો પ્રયત્ન કરવાનો હોય તેને બદલે મિથ્યાત્વને વશ થઈને સાંસારીક સુખને માટે આવા મોક્ષમાર્ગ દાતાર દેવની ભક્તિ-સ્તવના-સ્તુતિ કરી હોય તેની હું માફી માંગું છું.

ગુરૂની પાસે સાંસારિક સુખ માટે આશીર્વાદ લેવા ગયેલ હોઉં તેની માફી માંગું છું.. સાંસારિક સુખ માટે ગુરૂ પાસે વાસક્ષેપ કરાવેલ હોય તેની માફી માંગું છું... માંગલિક સાંભળેલ હોય તેની માફી માંગું છું... સાંસારિક સુખ માટે મારે ઘેર ગુરૂના પગલા કરાવેલ હોય, દુકાને, ફેક્ટરીએ પગલા કરાવેલ હોય, તેની માફી માંગું છું... સમાજમાં માન-પાન મેળવવા દેવ કે ગુરૂની ભક્તિ કરેલ હોય તેની માફી માંગું છું.

દિકરા-દિકરી પરણાવવા, માન મેળવવા, ધંધો-પૈસો મેળવવા માટે મેં દાન કરેલ હોય, તપ કરેલ હોય, શ્રુત ભણેલ હોઉં, સાધર્મિક ભક્તિ કરેલ હોય, પ્રતિક્રમણ-પૂજા-પૌષધ કરેલ હોય, સંઘ કાઢેલ હોય, રતિભાર પણ આત્મકલ્યાણની બુદ્ધિ ન હોય તેની હું માફી માંગું છું.

આ રીતે લૌકિક-લોકોત્તર બંને મિથ્યાત્વને વશ થઈને મેં જે કાંઈ મન-વચન-કાયાથી કરેલ, કરાવેલ, અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્-હું તેની માફી માંગું છું.

અઢારે પાપસ્થાનકોનું આ ભવમાં કે ભવોભવમાં મેં જે કાંઈ સેવન કર્યું, કરાવ્યું તથા અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

તે સેવેલ પાપસ્થાનકના પરિપાક રૂપે જે કાંઈ પ્રતિકુળતા - દુ:ખ આવે તેને હે ભગવાન ! આપની કૃપાથી શાંતિથી સહન કરનારો બનું. અઢારે પાપસ્થાનકથી બચવા પ્રયત્ન કરવા છતાં જે પાપસ્થાનક સેવાઈ જાય તેનો હૃદયપૂર્વક પશ્ચાત્તાપ કરનારની હું અનુમોદના કરૂં છું.

## (૬) દુષ્કૃત ગર્હા

જેનાથી જીવનો સંસાર વધે-દુ:ખમય ભવો થાય તેવી મન-વચન-કાયાની પ્રવૃત્તિ તે બધું દુષ્કૃત છે. તેવા દુષ્કૃતોની આત્મ સાક્ષીએ, પરમાત્મ સાક્ષીએ, સંઘ સાક્ષીએ કબુલાત કરવી. મેં આ ભૂલ કરી છે તેની હું માફી માંગું છું. આવું વિચારવું, આવું બોલવું તે દુષ્કૃત ગર્હા છે.

આવી દુષ્કૃત ગર્હા વારંવાર જીવનભર થતી રહે તે ખૂબ જરૂરી છે... કારણ ?.... શાસ્ત્રોમાં, ગ્રન્થોમાં આવે છે કે તત્કર્મમનાલોચ્ય = તે કર્મની આલોચના-પશ્ચાત્તાપ-માફી ન કરી અને મરણ આવી ગયું તો ઘણા ભવો સુધી તે દુષ્કર્મ જીવને દુ:ખદ સ્થિતિ સર્જે છે પરંતુ ભૂલ થતાની સાથે જો જેટલું બને એટલું ઝડપી તેની આત્મ સાક્ષીએ, પરમાત્મ સાક્ષીએ માફી માંગી લે છે, પશ્ચાત્તાપ કરે છે તો તે દુષ્કર્મ નબળું પડી જાય છે. જીવને સામાન્ય દુ:ખ આપી અથવા જરાપણ દુ:ખ ન થાય તેમ ખરી જાય છે. (નિર્જરી જાય છે.)

માટે દુષ્કૃત ગર્હા-થયેલી ભૂલોની માફી માંગવાનું વારંવાર સતત કરવા જેવું છે.

દુષ્કૃત ગર્હા-ભૂલની માફી માંગવા-વિચારવાથી બીજા જીવ જોડે વેર નબળું પડે છે કે સર્વથા નાશ પામે છે... સામો જીવ વેર પકડી રાખે તેવું બને પરંતુ હૃદયપૂર્વક ગર્હા કરનાર વેર નબળું પડે છે.

દુષ્કૃત ગર્હા કરતા રહેનારને માનસિક શાંતિ રહે છે, ડીપ્રેશન આવતું નથી, એટેક આવતો નથી, વિષમ પરિસ્થિતિ શાંતિથી પસાર કરી શકે છે. ઈર્ષા થતી નથી. બહુમાન થાય છે.

પરમ તારક પરમાત્માની કૃપાથી મારે સતત દુષ્કૃત ગર્હા થતી રહો. થયેલ કે થતી ભૂલની વારંવાર હૃદયપૂર્વક માફી માંગતો રહું.

દહેરાસરજીમાં જુગાર રમેલ હોઉં, ચકલા-કબુતર વિગેરેના ભવમાં દહેરાસરજીમાં

મૈથુન સેવન કરેલ હોય, દહેરાસરજીમાં ખાધું-પીધું હોય, ઉંઘ કરેલ હોય તે બધાની હું માફી માંગું છું.

દહેરાસરજીમાં હાંસી-મજાક કરેલ હોય, કોઈને ભય પમાડેલ હોય તેની માંફી માંગું છું.

દહેરાસરજીના ચોગાન કે ઓટલા ઉપર કપડા સુકવેલ હોય, વડી-પાપડી સુકવેલ હોય, પાના રમવાનું થયેલ હોય, તેની હું માફી માંગું છું. કોઈપણ સંસારી પ્રવૃત્તિ થઈ હોય તેની માફી માંગું છું.

દહેરાસરજીમાં સાતતાળી, ખોખો વિગેરે રમતો રમેલ હોઉં તેની હું માફી માંગું છું... દહેરાસરજીની અંદર ચકલી-કબુતર-ગિરોળી-ખિસકોલી-ઉંદર વિગેરેના ભવમાં માળા બાંધેલ હોય, ક્રિડા કરેલ હોય, બચ્ચાને જન્મ આપેલ હોય. બિલાડી જેવા ભવોમાં દહેરાસરજીમાં તેને મારી નાખી ભક્ષણ કરેલ હોય તેની માફી માંગું છું.

દિક્ષા-વડીદિક્ષા-પદવી-વ્રતોચ્ચારણ-ઉપધાનતપની માળારોપણ-પૂજા-પૂજન વિગેરે પ્રસંગોમાં સામે શ્રી અરિહંત પ્રભુ બિરાજે છે તેથી હાલ દહેરાસરજીમાં હું છું તે ભૂલી જઈને હાંસી-મજાક-વિવાદ-વિતંડાવાદ-સંસારની વાતો-બીજાના કપડા-દાગીના-ટાપટીપની ટીપ્પણીઓ કરેલ હોય. રાજકથા-દેશકથા-સ્ત્રી (પુરુષ) કથા-ભોજન કથા કરેલ હોય, ભગવંત સામે ઘરની માફક બેસેલ કે સુવેલ હોઉં એ બધાની હું માંફી માંગું છું.

વીતરાગ સર્વજ્ઞના વચનોમાં શ્રદ્ધા ન કરી, કરાવી હોય.

હું જે ક્રિયા કરતો હોઉં તે જ વીતરાગ સર્વજ્ઞ પ્રણિત છે એવી માન્યતા રાખેલ હોય, બીજાને એવું સમજાવેલ હોય, મારી વાત ન માને તેને મિથ્યાત્વી ગણેલ, ગણાવેલ હોય તેની હું માફી માંગું છું.

દેવ-નારકી-મનુષ્ય-તિર્યંચ ચારે ગતિમાં નવું સમ્યક્ત્વ જીવ પામે છે તે વાતો સમજાવવા-સમજવાને બદલે હું કે મારી ટુકડી-મારા સમુદાયને - હું જેને ગુરૂ માનું તેને જ માને તો સમકીતિ, નહીં તો મિથ્યાત્વી આવું સમજાવેલ હોય, પ્રરૂપણા કરેલ હોય, લખેલ, લખાવેલ હોય તેની માફી માંગું છું. આવું કરીને, બોલીને, લખીને જે જે જીવોને મેં સન્માર્ગના નામે ઉન્માર્ગે ચઢાવેલ હોય તે બધા જીવોની હું માફી માંગું છું. તે બધા જીવો જ્યાં હોય ત્યાં સત્ય ધર્મને પામવાવાળા થાય. શુદ્ધ સમ્યક્ત્વી બને.

મારા ભરાવેલ પ્રભુ પ્રતિમાજી કે મારૂં બંધાવેલ જિનાલય હોય તેમાં હું જ પહેલા પ્રક્ષાલ કરું કે હું જ પહેલા પૂજા કરું એવી પ્રવૃત્તિથી બીજાને પ્રક્ષાલ-પૂજા વિગેરેનો અંતરાય કરેલ હોય, બીજા જીવને દુભાવેલ હોય કે એ નિમિત્તે તેમની પરમાત્મ ભક્તિ બંધ થઈ ગઈ હોય તે બધાની હું માફી માંગું છું.

હું દર્શન-પૂજા-સ્તુતિ-સ્તવના વિગેરે કરતો હોઉં ત્યારે બીજા વચ્ચે આવીને ઉભા રહે કે મોટેથી સ્તુતિ વિગેરે કરતા હોય ત્યારે તેને મારા પ્રત્યે દુશ્મનાવટ નથી. મને હેરાન કરવા તે બોલતા નથી તે વાત ભૂલી જઈને મેં દહેરાસરજીમાં મનથી, વચનથી કે કાયાથી રોષ પ્રગટ કરેલ હોય, બહાર જઈને તેમને ક્રોધવાળા વચનો કીધા હોય, તે ઉદ્વેગ મનમાં ભરી રાખેલ હોય તે બધાની હું માફી માંગું છું. તે જીવોની પણ માફી માંગું છું. તે જીવો જ્યાં હોય ત્યાં સુખી થાય.

તેમની સાથે ક્લેશ કરીને બીજા પાસે મેં મારી બડાઈ કરેલ હોય તેની માફી માંગું છું.

દહેરાસરજીમાં પ્રતિમાજી પડી ગયા હોય, કળશ-નખ વિગેરે પ્રતિમાજીને અડેલ-ભટકાયેલ હોય, M.C. માં દહેરાસરજીમાં જવાનું થયેલ હોય, દહેરાસરજીમાં M.C. માં બેસવાનું થયેલ હોય, પહેરેલા વસ્ત્રો પ્રતિમાજીને અડેલ હોય તે બધાની હું માફી માંગું છું.

ટ્રસ્ટી તરીકે રહીને કે અન્ય રીતે પણ દહેરાસરજીની મિલકતનો વહીવટ મારા સ્વાર્થ માટે કરેલ હોય, તે મિલકત દ્વારા સીધો કે આડકતરો મારો સ્વાર્થ સાધેલ હોય, વ્યક્તિગત સાધુની માલિકી કે હકુમતના દહેરાસરજીમાં રકમ આપીને તેમના કુમાર્ગને પોષણ આપેલ હોય, તેવા પ્રકારની બોલી-સોદાબાજી કરી-કરાવીને ચાતુર્માસ કરાવેલ હોય તે બધાની માફી માંગું છું.

સમાજમાં માનપાન મેળવવા, વટ પાડવા, બીજાને હીણો કરવા પરમાત્માની ભક્તિ વિગેરેની બોલી બોલેલ હોઉં, કલાકો સુધી ભક્તિ કરેલી હોય, તીર્થયાત્રા કરી હોય, કરાવી હોય, સંઘ કઢાવેલ હોય તેની હું માફી માંગું છું.

ધર્માદા મિલકત બેંકમાં મૂકી મારા ધંધામાં મેં લોન લીધી હોય, મારા લાગતા-વળગતાને નોકરી અપાવેલ હોય તેની માફી માંગું છું.

હું બિલ્ડર તરીકે ધંધો કરતો હોઉં અને મારા બનાવેલ મકાન વેચવા જિનમંદિર ઉભું કરી પૈસા કમાયો હોઉં તેની માફી માંગું છું.

સાધુપણામાં ઉપદેશ આપીને કે શ્રાવકપણામાં મેં ગૌતમસ્વામિની મૂર્તિ ગુરૂ આકારે દહેરાસરજીમાં પધરાવેલ હોય, તેની પૂજા-પ્રક્ષાલ થતા હોય કે દહેરાસરજીમાં ભગવાનની ભક્તિના દ્રવ્યમાંથી થતા હોય તેની હું માફી માંગું છું.

મેં દહેરાસરજીમાં પરમાત્માની મૂર્તિ કરતા દેવ-દેવીની મૂર્તિ મોટી બેસાડેલ હોય તેની હું માફી માંગું છું. દહેરાસરજીમાં લગભગ ૩૦૦/૪૦૦ વર્ષ પહેલા દેવ-દેવી ભાગ્યે જ જોવા મળે છે. પછી જે દેવ દેવી હોય છે તેમાં મૂળનાયકજીના યક્ષ-યક્ષિણિ હોય છે. વર્તમાન કાળે ચાલેલ લોક હેરી જેવી પ્રવૃત્તિમાં પડીને મેં મૂળનાયકજીના યક્ષ-યક્ષિણિ હોય નહીં અને પદ્માવતી-ચક્રેશ્વરી-માણિભદ્ર-ઘંટાકર્ણ-નાકોડા ભૈરવ વિગેરે બેસાડેલ હોય તેની માફી માંગું છું.

પૂર્વકાલીન પરમાત્માની પાટ પરંપરાએ થયેલ પ્રતાપી પટ્ટધરોમાં ભાગ્યે જ કોઈનું ગુરૂમંદિર જોવા મળે છે. પરંતુ વર્તમાન કાળે ચાલેલ વ્યક્તિરાગ-સમુદાય વ્યામોહને વશ થઈને મેં કોઈ ગુરૂમંદિર બનાવેલ હોય કે ગુરૂમૂર્તિ પધરાવેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હું તેની માફી માંગું છું.

બધા તીર્થંકર પ્રભુની ભક્તિ એકાંત કલ્યાણકારી છે તેમ માનવા-મનાવવાને બદલે મને અમુક ભગવાન શુભ છે. અમુક ભગવાન અશુભ છે આવું માની-મનાવી જે આશાતના-અવહેલના કરી, કરાવી, અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. દા.ત. **જ્યોતિષ** પ્રમાણે અમુક રાશિવાળી વ્યક્તિ કે અમુક રાશિવાળા ગામને અમુક ભગવાન મૂળનાયકજી તરીકે શુભ છે. અમુક ભગવાન અશુભ છે, આવી હળાહળ **અસત્ય** માન્યતા માની-મનાવી-લખી-લખાવી કે બોલેલ-બોલાવેલ હોય તેની હું માફી માંગું છું.

**કોઈપણ રાશિવાળી વ્યક્તિ કોઈપણ રાશિવાળા ગામમાં કોઈપણ તીર્થંકર બિરાજમાન કરી, ભક્તિ-બહુમાન કરે તેને અવશ્ય લાભ થાય, થાય ને થાય જ.**

**ભગવાન અશુભ તેવું બોલવું કે લખવું નહીં પરંતુ તેવું વિચારવું તે પણ અશુભ કર્મબંધ કરાવે.**

**કોઈ ભગવાનના વર્ષો સુધી દર્શન-પૂજા કરેલા હોય... કોઈ ભગવાનના દર્શનમાત્રથી જીવનમાં પરિવર્તન આવેલ હોય... કોઈ ભગવાનનું જીવન-કવન સાંભળી કે વાંચીને સન્માર્ગે ગમન થયેલ હોય... તે.. તે ભગવાનનું નામ સાંભળતા પણ આનંદ થતો હોય ત્યારે કોઈપણ દિવસે તિથિ-વાર-ચોઘડીયું-રાશિ કશું જ**

**જોયા વગર તે ભગવાનને બિરાજમાન કરી ભક્તિ કરે તો અવશ્ય લાભ જ થાય છે.**

**કારણ ??**

**આમાં માત્ર પરમાત્મા પ્રત્યે શ્રદ્ધા અને સમર્પિતતા હોય છે**

**જે**

**જ્યોતિષના થોથા-પોથા ઉથલાવનાર**

**કે**

**જૂનો ન્યાય-નવો ન્યાય ભણેલા પોથી પંડિતો શ્રદ્ધાહીન - શ્રદ્ધાભ્રષ્ટ-મિથ્યાભિમાની હોઈ, તર્ક-કુતર્ક-વિતર્ક જ કરી શકે છે. સમ્યક્ તત્ત્વ પામતા નથી.**

વીતરાગ સર્વજ્ઞ ભગવંતની નજરે મેં જે કાંઈ આશાતના કરી-કરાવી-અનુમોદેલ હોય, કરતો-કરાવતો-અનુમોદતો હોઉં. ભવિષ્યમાં કરૂં-કરાવું-અનુમોદું તેનું મિચ્છા મિ દુક્કડમ્-મિચ્છા મિ દુક્કડમ્-મિચ્છા મિ દુક્કડમ્. હું તેની માફી માંગું છું.

છદ્મસ્થપણે વિચરતા તીર્થંકરને ખરપૃથ્વીપણે રહેલા મારા જીવ વડે ઉપસર્ગ-પરિષહ થયેલ હોય,

અપ્કાયમાં રહેલા મારા જીવ વડે ઠંડી કે ગરમીનો પરિષહ થયેલ હોય,

તેઉકાયના ભવમાં રહેલા મારા વડે તીર્થંકર પ્રભુને તપાવેલ હોય, (દા.ત. પ્રભુ મહાવીરના બે પગ વચ્ચે અગ્નિ પેટાવી રસોઈ કરેલી)

વાઉકાયના ભવમાં મારા વડે ઠંડી કે ગરમીનો પરિષહ કર્યા હોય.

વનસ્પતિકાયના ભવમાં કાંટા વિગેરેના મારા જીવ દ્વારા તીર્થંકરને પરિષહ થયેલ હોય,

જળો-માંકડ-મચ્છર-ચાંચડ-વીંછી વિગેરે ભવમાં મેં છદ્મસ્થ પરમાત્માને પરિષહ દીધેલ હોય.

પરમાધામીના ભવમાં હોંશથી કે દુઃખથી તીર્થંકરના જીવને ત્રાસ આપેલ હોય,

દેવના ભવમાં આભિયોગિક કે મારી નિશ્રામાં જન્મેલ તીર્થંકર થનાર દેવને મેં આજ્ઞાદિ કરેલા હોય,

તિર્યંચ પંચેન્દ્રિયના ભવમાં છદ્મસ્થપણે વિચરતા તીર્થંકરને ઉપસર્ગ-પરિષહ કરેલ હોય તે બધાની હું માફી માંગું છું.

પૂ.ઉપાધ્યાયજી યશોવિજયજી મ.સા.'ચેતન જ્ઞાન અજવાળિયે' નામની સજ્ઝાયમાં

૨૩ મી ગાથામાં સરસ જણાવે છે કે -

*ગુરૂ તણા વચનને અવગણી, થાપીયા આપ મત જાલ રે*
*બહુ પરે લોકને ભોળવ્યા, નિંદીએ તેહ તિહું કાલ રે*
*ચેતન જ્ઞાન અજવાળીએ*

સાધુપણામાં, શ્રાવકપણામાં કે ગમે તે અવસ્થામાં ગુરૂના વચનને અવગણીને પોતાની માન્યતા ફેલાવી ગુરૂની આશાતના-અવહેલના કરી હોય તેની માફી માંગુ છું.

## ગૃહસ્થપણામાં કરેલ ગુરૂની અવગણના

ઘેર વહોરવા પધારેલ પૂ.ગુરૂ ભગવંત (સાધુ કે સાધ્વી) મને અણગમતા લાગેલ હોય... ઘરમાં વસ્તુ હોવા છતાં દાન દેવાના ભાવ ન થયા હોય... દ્વેષપૂર્વક દાન આપેલ હોય... જે રસોઈ બગડેલ હોય તે આપેલ હોય... દાન આપતા હર્ષ હોય પરંતુ દાન દીધા પછી દુઃખ થયેલ હોય તેની હું માફી માંગુ છું.

પૂ.ગુરૂ ભગવંતે કોઈ ધર્મકરણી કરવા પ્રેરણા કરી હોય તે સાંભળતા તિરસ્કાર-દ્વેષ ભાવ થયેલ હોય... બીજો જીવ તે ધર્મકરણી કરવા કે બાધા-પચ્ચક્ખાણ લેવા તૈયાર થયેલ હોય તેને રોકેલ હોય-તમારી બાધા દેવાની ટેવ ખોટી છે.... તમારે કોઈને બાધા નહીં દેવાની... આજકાલ કોઈ બાધા પાળતું નથી તેથી તમે બાધા દઈને પાપમાં પડો છો તેવી વાત કરેલ હોય.... સ્થાનિક શ્રમણોપાસક સંઘમાં ટ્રસ્ટી-પ્રમુખ-ચેરમેન જેવો હોદ્દો મળવાથી ભાન ભૂલીને પૂ.ગુરૂ ભગવંત પ્રત્યે પણ સત્તા પ્રદર્શિત કરી તેમની અવહેલનાદિ કરેલ હોય તેની હું માફી માંગુ છું.

એક ખોટી ફેલાયેલી માન્યતા છે કે ''સંઘ પચ્ચીસમો તીર્થંકર છે'' અહીં અમે ટ્રસ્ટી એ જ સંઘ. અમારી આજ્ઞા પ્રમાણે સાધુ-સાધ્વીએ ચાલવાનું હોય. સંઘની એટલે કે અમારી ટ્રસ્ટીની આજ્ઞા ન માને તે સાધુ-સાધ્વીને સાધુ-સાધ્વી ગણાય નહીં. આવી તદ્દન ખોટી-અજ્ઞાન ભરેલી માન્યતાને વશ થઈને મેં કોઈપણ પૂ.ગુરૂ ભગવંતની અવહેલના કરી હોય, હુકમ કર્યો હોય, પૂ. ગુરૂ ભગવંતની આજ્ઞામાં શ્રાવક શ્રાવિકા રહે તેને બદલે મેં આજ્ઞા કરી હોય તેની માફી માંગુ છું. આજ્ઞા કરાવેલ કે અનુમોદેલ હોય તેની માફી માંગુ છું.

હું શ્રાવિકાના ઉપાશ્રયમાં સંભાળ રાખતી હોઉં ત્યારે પૂ. સાધ્વીજી કહે તે મારે

કરવાનું હોય તેને બદલે મેં હુકમ કરેલ હોય કે આજે પક્ખીસૂત્ર અમુક જ સાધ્વીએ બોલવાનું, પ્રતિક્રમણ અમુક જ સાધ્વીજીએ ભણાવવાનું, સજ્ઝાય અમુક જ સાધ્વી બોલે, આવી મેં જોહુકમી કરી, કરાવી કે અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

મારા હાથમાં સત્તા હોય, અગર મારૂં સ્થાનિક સંઘમાં લોકો માનતા હોય તેનો મેં દુરુપયોગ કરેલ હોય, આવેલા પૂ. સાધુ-સાધ્વી જોડે મતભેદ પડે કે મારૂં ધાર્યું ન થાય ત્યારે આવેલા પૂ. સાધુ-સાધ્વી જે કાંઈ આરાધનાદિ કરાવે તેમાં વાંધા વિરોધ કાઢીને આરાધના કરતા જીવોને અટકાવેલ હોય, તે પૂ. સાધુ-સાધ્વી પ્રત્યે લોકોને બહુમાન થતું અટકાવેલ હોય, સાચું છે તે સમજવા છતાં તે પૂ. સાધુ-સાધ્વી પ્રત્યેના દ્વેષને કારણે તેમનું કીધેલ ન કરેલ હોય, તેમના કહેવાથી ઉંધું કરેલ હોય તેની હું માફી માંગું છું.

હું કોઈ પૂ. સાધુ કે સાધ્વી પ્રત્યે વ્યક્તિ રાગી કે સમુદાય રાગી બનેલ હોઉં પછી બીજા સમુદાયના પૂ.સાધુ કે સાધ્વી આવે ત્યારે તેમને જશ ન મળે તેવી વાતો ફેલાવેલી હોય. તેઓ જણાવે તે આરાધનાઓ ન થવા દીધી હોય, કોઈપણ રીતે તેમને સંઘમાં અળખામણા કરેલ હોય તેની હું માફી માંગું છું.

મારા પરમાત્માના બધા જ પૂ. સાધુ-સાધ્વી મારા છે એમ માનીને ભક્તિ કરવાને બદલે કોઈ એક ચોક્કસ ગુરૂ કે તેની ટુકડી કે તેનો સમુદાય કે તેનો ગચ્છ જ સાચો બાકીના ખોટા એમ માનીને પોતે માનેલાની ભક્તિ કરી હોય અને બીજાનો તિરસ્કાર, ઉપેક્ષા કરેલા હોય તેની હું માફી માંગું છું.

ચોક્કસ ગુરૂના વ્યક્તિરાગ કે દૃષ્ટિરાગના કારણે માનેલા ગુરૂ કે તેના સમુદાયના પૂ.સાધુ-સાધ્વીના દોષો ગુણરૂપે માનેલ-મનાવેલ હોય, તે સિવાયના સમુદાયના પૂ.સાધુ-સાધ્વીના ગુણ પણ દોષરૂપે માનેલ-મનાવેલ હોય તેની માફી માંગું છું.

પૂ. ગુરૂ ભગવંતનો પાંચ પ્રકારનો વિનય રાખવાનો છે. (૧) પૂ. ગુરૂભગવંત (પૂ. સાધુ-સાધ્વી) ની ભક્તિ (૨) તેમના પ્રત્યે બહુમાન (૩) તેમના ગુણોની સ્તુતિ કરવી (પ્રશંસા-અનુમોદના) કરવી (૪) અવગુણ ઢાંકવા (૫) આશાતના ન કરવી.

મેં કોઈપણ ભવમાં આ પાંચ પ્રકારનો વિનય ન કર્યો હોય, કરતાને રોકેલ હોય, વિનય કરનારની નિંદા, તિરસ્કાર કરેલ હોય તેની હું માફી માંગું છું.

કોઈની પણ ભૂલ થાય તો તેની નિંદા કરવાની ના પાડેલ છે તેથી પૂ. ગુરૂ ભગવંત કે ઉત્તમ ગૃહસ્થની કદાચ કર્માધીન ભૂલ થાય તો તે ઢાંકવી જોઈએ. તે વાત કરનારને રોકવા જોઈએ તેને બદલે મેં તેવી ભૂલ કરનાર પૂ. ગુરૂ ભગવંતને જાહેરાત કરી કરીને, ન જાણતા હોય તેમને જણાવ્યા કરીને જે અવિનય કરેલ હોય તેની હું માફી માંગું છું.

અવગુણ ઢાંકવા એટલે એવો અર્થ નથી થતો કે અવગુણ છાવરવા, પરંતુ ગંભીરતા અને સમજણ વગરના જીવો આવું સાંભળીને ધર્મ ક્રિયા, દેવ-ગુરૂ વિગેરેના દ્વેષી બની સંસારમાં દુઃખી ન થાય માટે ભૂલ કરેલ પૂ. ગુરૂ ભગવંતની વાતને ઢાંકીને સમજદાર શ્રાવકે સુધારવા પ્રયત્ન કરવાનો છે તે વાત છાપે કદિ ચડાવાય નહીં. કેમ કે કેટલાક બાળ જીવો તેનાથી બધા જ પૂ. ગુરૂ ભગવંત પ્રત્યે અભાવ, દ્વેષ, તિરસ્કારવાળા બની દુઃખમય સંસારમાં ભટકે છે અને આવી જાહેરાતો કરનાર તેનાથી મિથ્યાત્વી બની અનંત સંસારી બને છે.

પૂ. ગુરૂ ભગવંતની અનુકુળતા મુજબ વર્તવું જોઈએ. તે વાત ભૂલીને હું કહું એટલે મને વાસક્ષેપ નાંખી દેવો જોઈએ, હું કહું ત્યાં ઘરમાં કે રોડ પર મને માંગલિક સંભળાવવું જોઈએ, હું માગું તે આદેશ પ્રતિક્રમણમાં મને જ દેવો જોઈએ, મારી ઈચ્છા મુજબ સાધુ-સાધ્વી ના વર્તે તો માંદા હોય તો પણ સામું ન જોવું, આવું વર્તન કરેલ હોય તેની હું માફી માંગું છું.

સમજણના અભાવમાં અથવા વ્યક્તિગત ગુરૂના રાગથી, સમુદાયના વ્યામોહથી મેં આવી કંઈપણ અવિનયની પ્રવૃત્તિ કરી, કરાવી કે અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

## "સાધુપણામાં કરેલ ગુરૂ અવગણના"

પરમ તારક ગણધર ભગવંતોના આગમો પ્રમાણે કરવાનું હોય, સમજાવવાનું હોય તેને બદલે વાત વાતમાં મારા ગુરૂ મહારાજે આમ કીધું છે તેવું બોલીને મારા ગુરૂ મહારાજનું મહત્ત્વ વધારવામાં પૂ. ગણધર ભગવંતાદિ પૂર્વના શ્રુતજ્ઞાનીનું નામ મહત્ત્વ મેં નામશેષ કરેલ હોય તો તેની માફી માંગું છું.

પૂર્વ પુરૂષોએ બતાવેલ, પાળેલ માર્ગથી વિરૂદ્ધ પ્રરૂપણા કરીને લોકોને ઉન્માર્ગે ચડાવેલ હોય.... હું કહું છું તે જ શાસ્ત્ર પ્રમાણે છે તેમ જણાવી બીજા સાધુ-

બીજા સમુદાય પ્રત્યેનો બહુમાન ભાવ દૂર કરાવેલ હોય, પ્રભુ શાસનના રાગી બનાવવાને બદલે મારા કે મારા સમુદાયના રાગી બનાવેલ હોય તેની માફી માંગું છું.

પ્રભુએ એક જ સંઘ સ્થાપેલ છે.... તેથી... પૂ. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એવો સંઘ હોય... તેથી...

**સાધુનો કોઈ ભક્ત ન હોય**

**શ્રાવકનો કોઈ ગુરૂ ન હોય**

મારા ભગવાનના બધા શ્રાવકો હોય... મારે ભગવાનના શ્રાવક બનાવવાના હોય... મારા ભગવાનના બધા સાધુ મારા ગુરૂ છે તેમનો ગચ્છ-કુલ-ગુણ જુદા હોઈ શકે પરંતુ સંઘ તો એક જ હોય. સમુદાય જુદા હોય. સંઘ જુદો ન હોય.

મેં પાપના ઉદયે એક ગુરૂ તો હોવા જ જોઈએ તેવી જુઠી પ્રરૂપણા કરીને મારૂં ટોળું વધારવા ઉપદેશ આપેલ હોય, લખાણ કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હું તેની માફી માંગું છું.

જેમને આવી રીતે વ્યક્તિ કે સમુદાય રાગી બનાવેલ હોય તેમની માફી માંગું છું. તે જીવો સદ્ધર્મ પામનારા બને, સંઘને માનનારા બને. બધા પૂ. સાધુ-સાધ્વીના ભક્તિ બહુમાનવાળા બને.

વ્યાખ્યાનની પાટ ઉપરથી માત્ર અનુગ્રહ બુદ્ધિથી વીતરાગ સર્વજ્ઞ ભગવંતની કહેલી વાત કહેવાને બદલે મેં મારી બુદ્ધિ-તર્ક લગાડીને શાસ્ત્રના અવળા અર્થ કરીને સમજાવેલ હોય... મારી વાતમાં હા જી હા ન કરનારા કે સામે પ્રશ્ન પુછનારને મેં ઉતારી પાડેલા હોય, હાંસી પાત્ર બનાવેલ હોય તેની હું માફી માંગું છું.

ઉપધાન-સંઘ-સંસ્કાર સત્ર-શિબિર-યુવા મિલન આવી કોઈપણ પ્રવૃત્તિ અંગે આદેશ પ્રધાન વ્યાખ્યાન દેવા તે સાધુનું કર્તવ્ય નથી તે વાત ભૂલીને પર્યુષણા જેવા દિવસોમાં જે તે વિષય સમજાવવાને બદલે મારે જે કરાવવું હોય તેના ઉપર ભાર આપીને વ્યાખ્યાન વાંચેલ હોય તેની હું માફી માંગું છું.

સીધી કે આડકતરી રીતે સાધુની માલીકીનું મંદિર ન હોય અને હોય તે પાપમંદિર છે આ મહાનિશીથમાંના તીર્થંકર નામ ગોત્રના દળીયા બંધાવનાર વચનને ભૂલીને મેં આવા મારી માલીકીના મંદિર બાંધેલ, બંધાવેલ કે બાંધેલાની અનુમોદના કરેલ હોય તો હું તેની માફી માંગું છું. **તેને તીર્થ કે મહાતીર્થ કહેવાય જ નહીં.**

સાધુ ગૌચરી જાય, ઠલ્લે જાય તેમાં પણ કર્મ નિર્જરા થાય તે મુજબ વર્તવાને બદલે ગૌચરી-ઠલ્લે જવાના બહાને ગુરૂથી છુપાવીને કોઈને મળવા-કોઈ વસ્તુ લાવવા-મનગમતી ગૌચરી લાવવા-ભણવું ન પડે માટે બહાર જતા રહેવાની બુદ્ધિથી-મુકામમાં બીજું કામ ન કરવું પડે તે માટે ગયેલ હોઉં તેની હું માફી માંગું છું.

આગમમાં બતાવેલ પૂ. ગુરૂ ભગવંતે સમજાવેલ સાધુપણાની આવશ્યક ક્રિયામાં મેં પ્રમાદ કરેલ હોય... કંટાળો આવેલ હોય... શાસનના કામના રૂપાળા ઓઠા હેઠળ જાતને તથા જગતને છેતરીને આવશ્યક ક્રિયામાં વેઠ વાળેલ હોય, તે બધાની હું માફી માંગું છું.

ભગવંતની આજ્ઞા મુજબનો સંઘ તે જ સંઘ કહેવાય એવું બોલીને ભગવંતની આજ્ઞા સમજાવવાને બદલે હું જે ક્રિયા કરૂં છું તે પ્રમાણે ક્રિયા કરે તો જ સમ્યક્ત્વી, નહીં તો મિથ્યાત્વી એમ જુઠું ભણાવીને મારૂં ટોળું મોટું કરવા મેં નીચે બેસીને કે પાટ ઉપરથી સમજાવેલ હોય તેની હું માફી માંગું છું.

મારું ટોળું મોટું કરવા, ટકાવવા કે વધારવા સમ્યક્ત્વ-મિથ્યાત્વ નામે

**વાસક્ષેપના પડીકા કે રક્ષા પોટલીના નામે**

**શિબિર-ઉપધાન - સંઘના નામે**

**યુવા મિલન કે સ્નેહ મિલનના નામે**

**વિવિધ પૂજનના નામે,**

પત્ર, કંકોત્રી-પત્રિકા-પખવાડિક-અઠવાડિક-માસિક ચલાવેલ હોય, શાસન સમાચારના નામે મારા વખાણ કરી, કરાવી માન કષાય પોષેલ હોય તેની હું માફી માંગું છું. મિચ્છા મિ દુક્કડમ્.

પરમાત્મા મહાવીર ભગવંત કેવલજ્ઞાની થયા. સંઘ સ્થાપના કરી, સંસારી અવસ્થાના તેમના ભાણેજ જમાઈ એવા જમાલીએ દિક્ષા લીધી. ૫૦૦ શિષ્યોના ગુરૂ છે. ૧૧ અંગના પાઠી છે. સાક્ષાત્ તીર્થંકર ગુરૂ છે છતાં તેમને મિથ્યાત્વ ઉદયમાં આવે છે આ શાસ્ત્ર કથન નજર સમક્ષ હોવા છતાં ગાઢ પાપના ઉદયે મેં મને ગુરૂ માને તે બધા કાયમી સમ્યક્ત્વી - મારી ટુકડી-મારો સમુદાય-કાયમ માટે સમ્યક્ત્વી - બીજા કાયમ માટે મિથ્યાત્વી આવું ઝેર પીને, ઝેર રેડીને જે મારા આત્માને તથા બીજાને આત્માને સંસાર પરિભ્રમણ કરનાર બનાવેલ હોય તેની હું માફી માંગું છું.

સાક્ષાત્ તીર્થંકર વિચરતા હોય તેમની હાજરીમાં તેમના શિષ્યને મિથ્યાત્વનો ઉદય આવી શકે તો મતિ-શ્રુત જ્ઞાન પણ નહિવત્ છે એવા મને કે મારા શિષ્યોને કે મારૂં જમાવેલ શ્રાવકોનું ટોળું કાયમ માટે સમ્યક્ત્વી એવું વિચારવું તે જ પાપનો ઉદય ગણાય. તેવું બોલવું, લખવું, સમજાવવું કેટલો સંસાર વધારે ? અનંત સંસાર વધારે તેમ પણ બને.

કોઈપણ ભવમાં મેં આવા ગુરૂ વચન (શાસ્ત્ર વચન) અવગણીને શ્રાવકોના ભાવપ્રાણ લુંટવારૂપ પ્રવૃત્તિ કરી, કરાવી કે અનુમોદી હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

પરમ તારક શ્રી જિનેશ્વર દેવ પ્રત્યે મારી અને મારી પાસે આવનાર શ્રાવકોની ભક્તિ-બહુમાન-સમર્પિતતા વધારવાના બદલે શાસનના દેવ-દેવી પ્રત્યે ભક્તિ-બહુમાન સમર્પિતતા-જાણતા કે અજાણતા કર્યા, કરાવ્યા કે અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

સાંસારીક પ્રતિકુળતા દૂર કરવા કે લાલસા પોષવા, શાસન દેવ-દેવી કે વીતરાગની બાધા લીધેલ હોય કે તેમની પૂજા-પૂજન કર્યા, કરાવ્યા કે અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. તેની માફી માંગું છું.

પરમાત્માના શાસનમાં કોઈપણ પૂ. સાધુ-સાધ્વીને જોતાંની સાથે આનંદ થવો જોઈએ. ''મત્થએણ વંદામિ'' બે હાથ જોડી-માથું નમાવીને કહેવું જોઈએ. તેમ કરવાથી ઘણા કર્મની નિર્જરા થાય છે તે શાસ્ત્ર વચન-પરમગુરૂ વચન ઉપેક્ષીત કરેલ હોય તેની હું માફી માંગું છું.

તેને કારણે સામે મળેલ પૂ. સાધુ-સાધ્વીને ''મત્થએણ વંદામિ'' ન કીધેલ હોય, શાતામાં- શાતામાં એવું માયાથી પૂછેલ હોય, ગૃહસ્થોની માફક હાથ મિલાવ્યા હોય, મારા કરતા નાનાને હું શા માટે ''મત્થએણ વંદામિ'' બોલું ? એ પહેલા ન બોલે તો મારે શા માટે બોલવું ? અથવા દેખાવ ખાતર બોલેલ હોઉં, સારા દેખાવા બોલેલ હોઉં, કપટથી-દ્વેષથી-લોભથી વંદન કરેલ, કરાવેલ કે અનુમોદન કરેલ હોય તેની હું માફી માંગું છું.

પૂ.ગુરૂ ભગવંતને હીણા ચીતરેલ હોય, તેમની વાતને તોડી પાડેલ હોય, તેઓ ઉપદેશ દેતા હોય તેમાં વચ્ચે હું ઉપદેશ દેવા લાગેલ હોઉં, તેમના કરતા હું વધારે જ્ઞાની છું - તપસ્વી છું - શુદ્ધ ક્રિયાકારક છું આવું દેખાડવાનો પ્રયત્ન કરેલ હોય.

૩૩ આસાતનામાંથી આ ભવમાં કે કોઈપણ ભવમાં જે આશાતના કરી, કરાવી કે અનુમોદી હોય તેની હું માફી માંગું છું.

મારી નિશ્રામાં થતા સંઘ-ઉપધાન-મહોત્સવાદિમાં તીર્થંકર પ્રભુને બદલે મારી મહત્તા સ્થાપન કરવાની વૃત્તિ કે પ્રવૃત્તિ જાણતા કે અજાણતા થઈ હોય તેની હું માફી માંગું છું.

## ૭. સુકૃત અનુમોદના

સમાધિ મરણ પ્રાપ્ત કરવામાં સુકૃત અનુમોદના મહત્ત્વનું પરિબળ છે.

જીવનમાં શાંતિ રહે છે, ઉદ્વિગ્નતા ઓછી થાય છે. ભવાંતર પણ સુધરે છે. વેર બંધ થતો નથી કે ઓછો થાય છે.

સુકૃત અનુમોદનાની ટેવ મજબુત બને તેને જીવનમાં દિવસ જતો નથી, સમય જતો નથી, કંટાળો આવે છે તેવા કોઈ પરિબળ ઉભા થતા નથી.

બીજાના સુકૃતની અનુમોદના વ્યક્તિગત તેમજ જાહેરમાં બંને રીતે કરવાની છે.

પોતાની સુકૃતની અનુમોદના આત્મ સાક્ષી-પરમાત્મ સાક્ષીએ કરવાની છે.

સુકૃત અનુમોદના અને સ્વપ્રશંસા વચ્ચેની ભેદ રેખા બરાબર ધ્યાનમાં હોવી જોઈએ.

સ્વપ્રશંસા નીચ ગોત્ર કર્મ બંધાવે.

સુકૃત અનુમોદના દોષ નાશ, ગુણ પ્રાપ્તિ કરાવે.

વાત વાતમાં કોઈની પણ વાત નીકળે કે વાત ચાલતી હોય તેમાં પોતાની-પોતાના કુટુંબ પરિવારની પોતાની સંસ્થાની-નોકરીની - ધંધાની - દેશની વાત શરૂ કરી દેવાની ટેવ તે સારા ગુણની અનુમોદના નથી પણ સ્વપ્રશંસા છે **જે નીચ ગોત્ર કર્મ** બંધાવે.

આ પરિણામો દૃઢ થઈ જાય પછી જીવ ધર્મ માર્ગે પ્રવેશે-પ્રભુ શાસનમાં આવે પછી પણ આ પ્રવૃત્તિ ચાલુ રહે છે. વાતવાતમાં બીજાની વાત કાપી નાખીને પોતાની વાત શરૂ કરવી તે નીચ ગોત્ર કર્મ બંધાવે. દા.ત. કોઈ સાધુ કોઈ શ્રાવકને પૂજા કરીને આવેલો જુએ છે. રોજ પૂજા કરો છો ? હા સાહેબજી - સારૂં. તુરત જ પડખે ઉભેલો બીજો બોલી ઉઠે કે મારે તો સાહેબજી રોજ અષ્ટ પ્રકારી પૂજા બે કલાક કરવાની.

**આવું બોલનાર નીચ ગોત્રકર્મ બાંધે.** કારણ ? - બીજાની પ્રશંસાની ઈર્ષા છે, પોતાની પ્રશંસાની લાલસા છે.. આવું બોલ્યા પછી વિચાર પણ કરતો નથી કે આ મારો દોષ છે... મિચ્છા મિ દુક્કડમ્ દેતો નથી કેમકે પોતાની ભૂલની ખબર જ નથી.

કોઈ સંઘના વખાણ સાંભળતા તેની અનુમોદના થવી જોઈએ તેને બદલે પોતાના માનેલા સંઘની વાત કરવા માડે તેની વાત સારી છે પરંતુ ભાવ ખરાબ છે. સ્વ પ્રશંસા છે. બીજા સંઘનું સારૂં બોલાય તે ગમતું નથી. **નીચ ગોત્ર કર્મ બાંધે છે.**

કોઈ સાધુના કોઈ ગુણની વાત સાંભળે ત્યારે અનુમોદના કરવી જોઈએ તેને બદલે તુરત પોતાના માનેલા સાધુના વખાણ શરૂ કરી દેશે ત્યારે તે સુકૃત અનુમોદના નથી પરંતુ **સ્વપ્રશંસા** છે જે **નીચ ગોત્ર કર્મ** બંધાવે.

## કેટલીક સુકૃત અનુમોદના

ત્રીજે ભવે ઉત્કૃષ્ટ ભાવથી જગતના બધા જીવોને સુખી બનાવવાની કે દુઃખમાંથી મુક્ત બનાવવાની ભાવનાથી તીર્થંકરનામકર્મ બાંધનાર જીવોના સુંદર ભાવની હું અનુમોદના કરૂં છું.... આ ભાવનાથી તીર્થંકરનામકર્મ બાંધીને તીર્થંકર બની જગત ઉપર જે ઉપકાર કરે છે તેની હું અનુમોદના કરૂં છું.

સિદ્ધ બનેલા જીવો કોઈને કશી તકલીફ આપતા નથી. પોતે સિદ્ધ થતા એક જીવને નિગોદમાંથી બહાર કાઢે છે તેની અનુમોદના કરૂં છું.

મને નિગોદમાંથી બહાર કાઢનાર સિદ્ધના જીવને વારંવાર હું બે હાથ જોડી માથું નમાવીને વંદન કરૂં છું.

ત્રણે કાળના જે જે આચાર્ય ભગવંતો પંચાચારને પોતે પાળે છે, બીજાને પળાવે છે તેની હું અનુમોદના કરૂં છું.

ત્રણે કાળના ઉપાધ્યાયો દ્વાદશાંગી ભણે-ભણાવે છે તેની હું અનુમોદના કરૂં છું.

ત્રણે કાળના પૂ.સાધુ-સાધ્વી જે કાંઈ મોક્ષમાર્ગે આગળ વધારતી આરાધના કરે-કરાવે છે તેની હું અનુમોદના કરું છું.

ત્રણે કાળના દેશવિરતિધર શ્રાવક-શ્રાવિકાના દેશવિરતિપણાનું તથા સમકિતપણાનું હું અનુમોદન કરૂં છું.

દેશવિરતિ ધારણ કરેલા તિર્યંચોની હું અનુમોદના કરૂં છું.

ત્રણે કાળના સમ્યક્ત્વમાં વર્તતા દેવો, પ્રભુ ભક્તિ-ગુરૂભક્તિ-સંઘ ભક્તિ દ્વારા જે નિર્જરા કરે છે તેની હું અનુમોદના કરૂં છું.

ત્રણે કાળના સમ્યક્ત્વી-અવધિજ્ઞાની નારકીઓ પોતાના પૂર્વકૃત કર્મના અશુભ વિપાકને સમભાવપૂર્વક સહન કરીને જે કર્મ નિર્જરા કરે છે તેની હું અનુમોદના કરૂં છું.

વીતરાગ સર્વજ્ઞ પ્રણીત વચન મુજબ જે જે જીવો દયા-અનૃત-અચૌર્ય-બ્રહ્મચર્ય-અપરિગ્રહ વિગેરે ગુણોવાળા છે તેની હું અનુમોદના કરૂં છું.

રાગ-દ્વેષ જન્મ-મરણ કરાવનાર છે તેમ સમજીને કોઈપણ ધર્મ-જાત-કોમ-ગામ-નાતમાં રહેલા જીવ-સંસારી કે સાધુ, ગરીબ કે તવંગર કોઈપણ રાગ-દ્વેષ દૂર કરવા, પાતળા કરવા પ્રયત્ન કરે છે, સંસારના સુખની ઈચ્છા રાખતા નથી, જન્મ-મરણ દૂર થાય એ જ જેનું ધ્યેય છે તેના તે ગુણની-તે ભાવની-તે પરિણતીની હું અનુમોદના કરૂં છું.

નિસ્પૃહભાવે જે જીવો બીજા જીવોને દુઃખી અવસ્થામાં મન-વચન-ધન-તનથી શાતા-શાંતિ-સમાધિ આપે છે તેની મળેલ સામગ્રી સફળ છે. તેનું જીવન ધન્ય છે.

## જીવ વિશેષ ગુણની અનુમોદના

ધન સાર્થવાહના ભવમાં **ઋષભદેવ**ના જીવે જે ભાવથી ઘીનું દાન એક જ વખત દઈને ત્રણ વસ્તુ પ્રાપ્ત કરી તેની (તે ઉત્કૃષ્ટા દાનના પરિણામની) હું અનુમોદના કરૂં છું. ત્રણ શું પ્રાપ્ત કર્યુ ? (૧) સમ્યક્ત્વ (૨) પુન્યાનુબંધી પુન્ય (૩) મનુષ્ય ભવનું આયુષ્ય.

ભરત-બાહુબલીએ પૂર્વના **બાહુ-સુબાહુ**ના ભવમાં જે પાંચસો મુનિઓની વૈયાવચ્ચ કરેલ તેની હું અનુમોદના કરૂં છું.

**સુંદરી** (ઋષભદેવની પુત્રી) એ દિક્ષા લેવા માટે ૬૦,૦૦૦ (સાઠ હજાર) વરસ સુધી આયંબિલ કર્યા તેની હું અનુમોદના કરૂં છું.

જો રાજ્ય મળે પછી સંયમ ન મળે તો મારે રાજ્ય ન જોઈએ, પરંતુ આ ભવમાં આવા દેવ-ગુરૂ-ધર્મ મળ્યા પછી સંયમ તો મળવું જ જોઈએ.... આવી **અભયકુમારની** બુદ્ધિની હું અનુમોદના કરૂં છું.

પૂર્વ ભવે બાંધેલા અંતરાય કર્મનો ખ્યાલ આવતા અભિગ્રહ લે. ''મારી લબ્ધિથી આહાર મળે તો જ ગૌચરી વાપરવી'' ૬ મહિનાના ઉપવાસ થાય. આનંદપૂર્વક સહન કરે પરિણામે બધા જ અંતરાય કર્મ નાશ પામે, કેવળી બને. **ઢંઢણ મુનિ**ની અભિગ્રહની, દ્રઢતાથી કર્મ ખપાવવાની મન-વચન-કાયાની તત્પરતાની હું અનુમોદના કરૂં છું.

જીવનમાં કરેલ એક જ ઉપવાસ, ચડતા પરિણામ, મૃત્યુ. **શ્રીયકે** તપ માટે ફોરવેલ વીર્યની હું અનુમોદના કરૂં છું. તેને પ્રેમથી પ્રેરણા કરનાર યક્ષા સાધ્વીની શુભ પ્રેરણાની હું અનુમોદના કરૂં છું.

સ્થિરવાસ થયા પછી ક્યાંય મમત્વભાવ કે દુર્ભાવ ન થાય તે રીતે રહેતા **આચાર્ય સંધીરણ** (અર્ણિકા પુત્ર) ના સંયમ જીવનની હું અનુમોદના કરૂં છું. પોતાના શરીરમાં વીંધાવાની વેદના શાંતિથી સહન કરતા પરંતુ તેમાંથી પડતા લોહીના ટીપાથી મરતા પાણીના જીવોની ક્ષમાપના કરતા કેવળી બની મોક્ષે ગયેલા **આચાર્ય સંધીરણની** હું અનુમોદના કરૂં છું.

જન્મ-લગ્ન તે જ ગામમાં દિક્ષા-ત્યાં જ કાયમ રહેવાનું છતાં રાગ-દ્વેષથી પર રહેતા તથા જંઘાબળથી ક્ષીણ બનેલા સ્થિરવાસી પૂ. ઉપકારી આચાર્ય ભગવંતની ગ્લાનીરહિત વૈયાવચ્ચ કરતા કેવળી બનેલા સાધ્વી **પુષ્પચુલાની** હું અનુમોદના કરૂં છું.

૮ મે વર્ષે દિક્ષા અને નવમે વર્ષે ઈરિયાવહી પડિકમતા બધા જીવોને ખમાવતા કેવળજ્ઞાન પામ્યા તે **અઈમુત્તાની** હું અનુમોદના કરૂં છું.

અદત્ત લેવું નહીં તેવો નિયમ ગૃહસ્થપણામાં લઈને તેનું દ્રઢતાપૂર્વક પાલન કરી કલ્યાણ સાધ્યું તે **નાગદત્ત**ના ગૃહસ્થપણામાં રહેલી વ્રતપાલનની હું અનુમોદના કરૂં છું.

**મેતાર્ય મિત્ર** પૂર્વભવના દેવપણામાં હોવા છતાં જે કલ્યાણમિત્રનું કામ કરીને મેતાર્યને દિક્ષા અપાવી તેની કલ્યાણ મિત્રતાની હું અનુમોદના કરૂં છું.

એક પક્ષીના જીવની કરૂણાથી **મેતારજ મુનિવરે** પોતાના પ્રાણની આહુતિ આપી પરલોક સાધ્યો તેની હું અનુમોદના કરૂં છું.

માસક્ષમણના તપસ્વી મુનિનો ક્રૂરતાથી ઘાત કરીને દુર્ગતિમાં જવાનું થાય તેને બદલે હૃદયપૂર્વકના પશ્ચાત્તાપ અને કઠોર તપશ્ચર્યાથી તે જ ભવમાં પોતાનું કલ્યાણ

સાધી મોક્ષે ગયા તે **સોનીના** તીવ્ર પશ્ચાત્તાપ - તપશ્ચર્યાની હું અનુમોદના કરૂં છું.

૧૨ વરસથી માત્ર પંચેન્દ્રિય સુખમાં લીન હોવા છતાં એક જ પ્રસંગ મળતા આત્મ કલ્યાણ સાધવા સાધુ બની જનાર **સ્થુલિભદ્ર**ની વૃત્તિ-પ્રવૃત્તિની હું અનુમોદના કરૂં છું.

સહવર્તી ૪૯૯ થાકીને જતા રહ્યા છતાં એકલા **સ્થુલિભદ્ર** ભણવામાં ટકી રહ્યા તે તેમના જ્ઞાન પ્રાપ્તિના પ્રેમની હું અનુમોદના કરૂં છું.

પાંચ ઈન્દ્રિયોને અનુકુળ વાતાવરણ, ચાર કષાય પુષ્ટ બને તેવું વાતાવરણ હોવા છતાં તેની સામે દ્રઢતાપૂર્વક ચાર મહિના લડાઈ લડી પાર ઉતરનાર **સ્થુલિભદ્ર**ની હું અનુમોદના કરૂં છું.

બાળપણમાં સ્વાધ્યાય સાંભળીને આઠ વર્ષની ઉંમરે ૧૧ અંગના પાઠી બનનાર **વજ્ર મુનિ**ની જ્ઞાન સાધનાની હું અનુમોદના કરૂં છું.

માતાએ અનેક લાલચો દેખાડવા છતાં તેમાં લોભાયા નહીં અને રજોહરણ તુરત લઈ નાચવા લાગ્યા તે ચારિત્રના તીવ્ર રાગ (માત્ર ૩ વર્ષની ઉંમરે) તેની હું અનુમોદના કરૂં છું.

દેવતાએ પરીક્ષા કરી. શરીર ઉપર ઠલ્લા-માત્રુ કરવા છતાં વૈયાવચ્ચના પરિણામ વધતા રહ્યા તે **નંદિષેણ** મુનિની વૈયાવચ્ચ તેમજ જુગુપ્સા મોહનીય વિજયની વારંવાર અનુમોદના કરૂં છું.

અદ્‌ભૂત દેશના શક્તિ ધારક નંદિષેણજી વેશ્યાના ઘેર આવેલાને પ્રતિબોધ કરીને દિક્ષા અપાવે. આવા રોજના ૧૦ ને પ્રતિબોધ કરે તે **નંદિષેણજી**ની અદ્‌ભૂત પ્રતિબોધ શક્તિ, ચારિત્રનો રાગ તેની હું અનુમોદના કરૂં છું.

નિર્મલ ભાવનાથી દાન દેવાના પરિણામે મળેલ ભોગ સામગ્રીમાં લેપાયા વગર દિક્ષા લઈ કલ્યાણ સાધ્યું તે **કૃત પુન્ય** (કયવન્ના) ની દાન ભાવનાની હું અનુમોદના કરૂં છું.

નાની ઉંમરમાં દિક્ષા લઈ વાઘણ દ્વારા શરીર ખવાતું રહ્યું છતાં આત્મ ધ્યાનમાં લીન રહી કલ્યાણ સાધ્યું તે **સુકોશલ મુનિ**ની સહનશીલતા - શરીર નિરપેક્ષતાની હું અનુમોદના કરૂં છું.

એક દિવસનું ચારિત્ર, પણ ઉત્કૃષ્ટ ભાવથી સર્વાર્થસિદ્ધમાં ગયા તે **પુંડરીક મુનિ**ના ભાવની હું અનુમોદના કરૂં છું. તે ભાવના ૧૦૦૦ (૧ હજાર) વર્ષ સુધી

રાજ્ય ભોગવવા છતાં દૃઢ કરતા રહ્યા તે કાજલની કોટડીમાં રહી તેનાથી નિર્લેપ રહ્યા તેની હું અનુમોદના કરૂં છું.

રાજ્ય સુખ ભોગવતા **કરકંડુ** એક જ નિમિત્ત મળતા રાજ્ય છોડી પ્રત્યેકબુદ્ધ થયા તેમની વિષય વૈરાગ્યની હું અનુમોદના કરૂં છું.

હાર-હાથી માટે લડતા **હલ્લ-વહિલ્લ** ને યુદ્ધમાં જ વૈરાગ્ય થતા વિચાર આવ્યો. દેવ હાજર-ઉપાડીને ભગવાન પાસે - દિક્ષા, આત્મ કલ્યાણ - કષાયના ધમધમાટ - વસ્તુના રાગને જે ઝડપે શમાવી દીધા તેની હું અનુમોદના કરૂં છું.

એક નવકાર (પંચ મંગલ) અને મુનિ બહુમાનથી માત્ર ૩ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરનાર **સુદર્શન** ની શ્રદ્ધા - બહુમાનની અનુમોદના કરૂં છું.

ગૃહસ્થ જીવનમાં સ્વદારા સંતોષ - પરસ્ત્રી ત્યાગના દ્રઢ પાલનની **સુદર્શન**ની હું અનુમોદના કરૂં છું.

ઉપસર્ગ કરનાર - કલંક ચઢાવનાર - શૂળીની સજાએ પહોંચાડનાર સ્ત્રી પર દ્વેષ ન કરતા ભાવદયા ચિંતવનાર સુદર્શનની હું અનુમોદના કરૂં છું.

દિક્ષા લઈને તે જ દિવસે કેવળી બનનાર **શાલ-મહાશાલ**ની ઉત્તમ પરિણતીની હું અનુમોદના કરૂં છું.

જીવનમાં પહેલી વાર... રડી રડીને મેળવેલ ખીર ઉછળતા હૈયે મુનિને વહોરાવતા પહેલા, વહોરાવતી વખતે, વહોરાવ્યા પછી આનંદ - અનુમોદનાથી પ્રચંડ પુન્ય પ્રાપ્ત કરી પાંચે ઈન્દ્રિયોની સુખાકારી હોવા છતાં એક જ નિમિત્ત મળતા સર્વ ત્યાગી દિક્ષા લીધી તે **શાલીભદ્ર**, તેમની દાન ભાવનાની હું અનુમોદના કરૂં છું.

નિર્મળ ભાવથી કરેલ દાન હોવાથી ભરપુર ભોગ સામગ્રી મળવા છતાં લોભાયા નહીં, ફુલની શય્યામાં સૂનારે ધગધગતી શીલા પર અનશન કર્યું તે સંયમ રાગ-સંયમ પાલનની હું અનુમોદના કરૂં છું.

અજ્ઞાનતાથી પરમાત્મ ભક્તિનો ગર્વ થયો - ઈન્દ્રની ઋદ્ધિથી ગર્વ ઉતારી હવે ક્યારેય કષાય ન જોઈએ. કષાયના નિમિત્ત રૂપ ભૌતિક ઋદ્ધિ છોડી દિક્ષા લઈ આત્મ કલ્યાણ કર્યું તે **દશાર્ણભદ્ર**ના માન-કષાય જયની હું અનુમોદના કરૂં છું.

સર્વ ઋદ્ધિ પૂર્વક (લગ્ન કરતા પણ અધિક સજાવટ કરીને) પ્રભુ દર્શન કરવા - કરાવવાની **દશાર્ણભદ્ર**ની ભાવનાની હું અનુમોદના કરૂં છું.

દુષ્ટ મનોયોગથી સાતમી નારકીના આયુષ્યના દળિયા ભેગા થવા છતાં શુભ મનોયોગમાં સ્થિર થઈ સર્વાર્થસિદ્ધ સુધી પહોંચી શુદ્ધ ભાવે ઘાતી કર્મો ખપાવી કેવળજ્ઞાન પામ્યા તે **પ્રસન્નચંદ્ર રાજર્ષિ**ની હું અનુમોદના કરૂં છું.

દ્રઢ ધ્યાને પંચમંગલ (નવકાર) જાપથી યોગી પાસેથી બચનાર **શિવકુમાર** (જંબૂ સ્વામિનો પૂર્વનો ભવ)ની પંચમંગલ શ્રદ્ધા-દ્રઢતાની હું અનુમોદના કરૂં છું.

માત્ર ભાઈ પ્રત્યેની દાક્ષિણ્યતાથી દિક્ષા લઈને ભાઈના જીવતા સુધી પાળી તે **ભાવદેવ**ના દાક્ષિણ્યતાના ગુણની હું અનુમોદના કરૂં છું.

સ્ત્રીરાગથી દિક્ષા છોડવા તૈયાર થયેલ ભાવદેવને દિક્ષામાં સ્થિર કરનાર **નાગિલા** શ્રાવિકાના ચારિત્ર રાગની હું અનુમોદના કરૂં છું. સ્થીર થઈ પાછા ફરી સ્થિરતાથી ચારિત્ર પાળનાર **ભાવદેવ** (જંબુ સ્વામીનો પૂર્વનો ભવ) ની હું અનુમોદના કરૂં છું.

છેલ્લા જંબુસ્વામિના ભવમાં આઠ સ્ત્રીઓને તથા તેમના અને પોતાના માતા-પિતા તથા ૫૦૦ ચોરને પ્રતિબોધ કરી દિક્ષાના માર્ગે વાળનાર જંબુસ્વામિની હું અનુમોદના કરૂં છું... તેમની **આઠ સ્ત્રીઓ**ને પણ ધન્ય છે કે એક પણ દિવસ ભોગ નહીં ભોગવવા છતાં લગ્ન પછી તુરત શુદ્ધતાથી ચારિત્ર લઈને આત્મકલ્યાણ કર્યું.

સામાન્ય લાગતા ચાર નિયમ લઈને દ્રઢતાથી તેનું પાલન કરી આત્મ કલ્યાણ સાધનાર **વંકચુલ** ની નિયમની દ્રઢતાની હું અનુમોદના કરૂં છું.

દિક્ષાના દિવસે જ મરણાંત ઉપસર્ગ કરનાર પ્રત્યે ક્ષમાભાવ રાખી તે જ દિવસે કેવલજ્ઞાન-મોક્ષ પ્રાપ્ત કરનાર **ગજસુકુમાલ**ની હું વારંવાર અનુમોદના કરૂં છું.

એક જ દિવસનું ચારિત્ર-રાત્રિના શિયાલણી દ્વારા ભયંકર ઉપસર્ગ - પગથી ખાવાનું શરૂ કરી આખા શરીરને ફોલી ખાય છતાં શરીર તે હું નથી. એ પ્રમાણે આત્મભાવમાં રમતા દેવલોક ગયા તે ઉપસર્ગ સહન કરનાર **અવંતિસુકુમાલ**ની હું અનુમોદના કરૂં છું.

પૂર્વ ભવમાં ઉલ્લસીત પરિણામથી દીધેલ દાનના પ્રભાવે અનેક વખત મળેલી સામગ્રી છોડીને ચાલી નીકળે છતાં જ્યાં જાય ત્યાં સામેથી ધન મળે છેલ્લે બધું છોડી દિક્ષા-આત્મ કલ્યાણ. તે **ધન્નાજી**ની દાન ભાવના તથા ત્યાગની હું અનુમોદના કરૂં છું.

નટડી રાગે ઘર છોડ્યું-દોરડા પર નોંધારો નાચે- દૂર મુનિ વહોરે છે તેની

નીર્વિકારતા જોઈ દોરડા પર નાચતા ધ્યાનમાં કેવળજ્ઞાન પામ્યા તે મુનિની નીર્વિકારતા તથા **ઈલાચી પુત્ર**ના વૈરાગ્યની હું અનુમોદના કરૂં છું.

ઉપશમ-વિવેક-સંવર આ ત્રણ શબ્દો દ્વારા પ્રતિબોધ પામી ભાવ ચારિત્ર પામી અઢી દિવસ સુધી આખા શરીરમાં ચોંટેલી કીડીઓનો ઉપસર્ગ સમભાવથી સહન કરી આત્મ કલ્યાણ સાધનાર **ચિલાતિપુત્ર**ની હું અનુમોદના કરૂં છું.

એક જ ભવ સુંદર જ્ઞાનની આરાધના કરી ૩ ભવમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરનાર **બાહુ મુનિ**ની જ્ઞાનારાધનાની હું અનુમોદના કરૂં છું.

શક્ય તેટલું ચારિત્ર પાળવું તે વૃત્તિ-પ્રવૃત્તિવાળા આર્ય **મહાગિરિજી**ની હું અનુમોદના કરૂં છું. જેમને એક બાજુ સંઘનાયક પણું અને એક બાજુ બધું જ પોતાનું જાતે કરવાનું હતું તેમાં પોતાનાથી નાનાને સંઘનાયકપણું સોંપ્યું. પોતે જિનકલ્પીપણાની સમ સાધુપણું પાળ્યું.

ભણવાની તીવ્ર ઉત્કંઠાથી વિહાર-રસ્તામાં ૧૦ પૂર્વીની અંતિમ અવસ્થા-ભણવાને બાજુ પર રાખીને ઉત્તમ નિર્યામણા કરાવી તે **આર્ય રક્ષિતસૂરિ**જીની હું અનુમોદના કરૂં છું. **ભણ્યા પછી આચરણમાં ઉતરે તો નિર્જરા થાય જ્યારે નિર્યામણા કરાવવામાં તુરત ઉત્તમ નિર્જરા થાય. આવી સમજણ - આચરણવાળાની બધાની અનુમોદના.**

દિક્ષા લેતા પહેલા પુત્રને બદલે ભાણેજને રાજ્ય આપ્યું છતાં દિક્ષા પછી ભાણેજે ઝેર આપ્યું છતાં સમભાવે સહન કરી કેવળજ્ઞાની બન્યા તે **ઉદાયન રાજર્ષિ**ની હું અનુમોદના કરૂં છું.

૮ વર્ષની ઉંમરે દિક્ષા લઈ માત્ર ૬ મહિના દિક્ષા પાળી આત્મ કલ્યાણ સાધેલ તે **મનક મુનિ**ના ચારિત્ર પાલનની અનુમોદના કરૂં છું.

મરણાંત કષ્ટ દેખાવા છતાં સત્ય બોલનાર **કાલિકસૂરિજી** ના મૃષાવાદ વિરમણ વ્રત પાલનને સાચવ્યું તેની અનુમોદના કરૂં છું.

૩ દિવસની ભૂખ-ચાલીને જંગલ વટાવેલ છે - ત્રીજે દિવસે ભીખ માગીને મેળવેલા બાફેલા ચણા આનંદપૂર્વક મુનિને વહોરાવી નાચે છે તે અવસ્થામાં કરેલ દાનની **મૂલદેવની** હું અનુમોદના કરૂં છું.

ધન ચોરી પડતી મૂકી ૧૪ પૂર્વધર બની સંઘાધિપતિ બનનાર **પ્રભવસ્વામિ**ની હું અનુમોદના કરૂં છું.

**વિષ્ણુકુમાર મુનિ**ની શાસન દાઝની હું અનુમોદના કરૂં છું.

વિવિધ મિથ્યામતીના કુતર્કીઓને સમજાવી સ્વધર્મે સ્થિરતા કરનાર **આર્દ્રકુમારની** હું અનુમોદના કરૂં છું.

અનેક જીવોને ઘાત કરવા છતાં તે જ ભવમાં તીવ્ર પશ્ચાત્તાપ-દઢ વૈરાગ્યથી ૬ મહિનામાં કેવળી બનનાર **દ્રઢપ્રહારી મુનિની** હું અનુમોદના કરૂં છું.

સત્ય માર્ગની પ્રતીતિ થતા પ્રચંડ લોક માનપાન છોડીને કલ્યાણ સાધનાર **શય્યંભવ મુનિ**ના સત્ય માર્ગના રાગની અનુમોદના કરૂં છું.

પૂ.સાધુ-સાધ્વીની માતા-પિતા સમાન ભક્તિ -બહુમાન કરનાર ત્રણે કાળના શ્રાવક-શ્રાવિકાની હું અનુમોદના કરૂં છું.

પરમ તારક ગણધર ભગવંતો - ૧૪ પૂર્વી - ૧૦ પૂર્વી - મનઃ પર્યવ જ્ઞાની-અવધિજ્ઞાની મુનિ ભગવંતોની આહાર ભક્તિ જે શ્રાવક-શ્રાવિકાના ઘેરથી થાય છે તેની હું અનુમોદના કરૂં છું.

**જુદી જુદી જાતના તપના પારણે,**

**લોચ કરાવેલ સાધુ સાધ્વીને,**

**બિમાર સાધુ સાધ્વીને,**

**વિહારાદિથી થાકેલા સાધુ-સાધ્વીનો**

ગૌચરી-પાણીનો લાભ જેને મળે છે તે શ્રાવક-શ્રાવિકા પુન્યવંત છે - અભિનંદનીય છે - પ્રશંસનીય છે.

જે મુધાદાયીદાતાને મુધાજીવી સાધુનો લાભ ત્રણે કાળમાં મળે છે તે ધન્ય છે, કૃત પુન્ય છે. તેમનો જન્મ સફળ છે.

જે જીવો સહજ ભાવે પરોપકાર કરે છે તેની અનુમોદના કરૂં છું.

આ કાળના ૧૦ ક્ષેત્રના જે જીવો દુષ્કર્મ-વાણી-મનવાળા જીવોની ભાવદયા ચિંતવે છે તેમને હું અનંતાનંત વાર વંદન કરૂં છું. તેમનો ભવ સફળ છે. વારંવાર તેઓની અનુમોદના.

પાંચમા આરાના કાળના પ્રભાવથી હું દિક્ષા લઉં તે વિચાર આવવો મુશ્કેલ છે. શ્રાવક બનવાનો વિચાર આવવો પણ મુશ્કેલ છે. તેવા સમયે ચતુર્વિધ શ્રી સંઘના કોઈપણ સમુદાય-ગચ્છ-ફિરકાના સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને જે સ્થિર કરે છે

-અપ્રીતિ-અભક્તિ-અવાત્સલ્યતા કરતા, કરાવતા, અનુમોદતા નથી તેમને ધન્ય છે.

ચારે બાજુ ચાલતી મારા-તારાની ખેંચતાણથી જે દૂર રહે છે. ધર્મક્રિયા-ભક્તિ-બહુમાન ટકાવી રાખે છે તેમને ધન્ય છે.

દુઃખીને જોઈને જેનું દિલ દ્રવે છે. ધર્મહીનને જોઈને જે રડે છે તેને ધન્ય છે. તેવા દુઃખ દૂર કરનાર, ધર્મ પમાડનારને ધન્ય છે.

માર્ગાનુસારીપણાથી માંડીને શૈલીષીકરણ સુધીની અવસ્થામાં રહેલા જે જે જીવો છે તે બધાના તે તે સ્થાનના સુકૃતની અનુમોદના કરૂં છું.

વીતરાગ સર્વજ્ઞ ભગવંતની આજ્ઞા મુજબ જે જે જીવો જે કાંઈ સુકૃત કરે છે તેની હું અનુમોદના કરૂં છું.

દેવ-ગુરૂ-કૃપાથી મન-વચન-કાયાથી આ ભવ કે ભવાંતરમાં મેં કરેલા સુકૃતની હું અનુમોદના કરૂં છું.

મારા છોડેલા ધન-શરીર-વસ્તુ વિગેરેના પુદ્ગલો બીજાને શાતા-શાંતિમાં આવેલ હોય તેની અનુમોદના.

નિગોદથી માંડીને આજ સુધી મારા થકી કોઈપણ જીવ શાતા-શાંતિ-સમાધિ-ધર્મ-પામેલ હોય તેની હું અનુમોદના કરૂં છું. મને મળેલ તે સામગ્રી સફળ થઈ.

**ભગવંત ! બેનના દેશ જઉં ?... મરણાંત ઉપસર્ગ છે.. આરાધક કે વિરાધક ? .... તારા સિવાયના બધા આરાધક.... કોના નિમિત્તે ?..... તારા નિમિત્તે. નીકળે... પહોંચે પછી પાલક મંત્રી પૂર્વના વેરથી મનુષ્યને પીલવાનું યંત્ર બનાવીને પીલે... પૂ. આચાર્ય ભગવંત સ્કંધકસૂરિજી અદ્ભૂત નિર્યામણા કરાવે.... બધા કેવળી બની મોક્ષે.... પૂ. સ્કંધક સૂરિજીની નિર્યામણા શક્તિની હું વારંવાર અનુમોદના કરૂં છું. હે વાચક..... જો તારે મરણ વખતે એવી નિર્યામણા કરાવનાર જોઈએ છે ?... તને પણ કંઈક એવી નિર્યામણા કરાવવાની શક્તિ મળે તેમ ઈચ્છે છે ? તો રોજ નીચે મુજબ એક કે વધારે માળા ગણ.**

**અપ્રતિમ નિર્યામક શ્રી સ્કંધક સૂરીભ્યો નમઃ**

## (૮) શુભ ભાવના

આર્ય દેશ, ઉત્તમ કુલ, જૈન ધર્મ, પંચેંદ્રિયની પટુતા વગેરે સામગ્રી મળવા છતાં હું દિક્ષા લઈ શક્યો નહીં. હવે પછીના ભવમાં મને નાની ઉંમરમાં દિક્ષા ઉદયમાં આવે.

મારો ક્યારે એવો પુન્યનો ઉદય આવશે કે છદ્મસ્થપણામાં વિચરતા તીર્થંકર ભગવંત મારે ત્યાં વહોરવા આવશે અને હું વહોરાવીશ.

શ્રી જિનેશ્વરના માર્ગમાં આવ્યા પછી એમની આજ્ઞા વિરૂદ્ધ વર્તન કરનારા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓને જોઈને હું લેશમાત્ર તિરસ્કાર ભાવ નહીં રાખતા ભારોભાર ભાવદયા ચિંતવનારો ક્યારે બનીશ ?

મને એવી સંપત્તિ પ્રાપ્ત થાય કે જેને મેળવવામાં, વાપરવામાં તથા છોડવામાં મને દુઃખ ન થાય.

મને એવું બળ મળે કે જેનાથી હું વૈયાવચ્ચ કરનારો બનું.

મને એવા કુટુંબ પરિવાર મળે કે જે ધર્મમાર્ગે લઈ જનારો હોય, પરંતુ મોહાધીન બની સંસાર વધારનાર ન થાય.

મને એવી વાણીની શક્તિ મળે કે જેના દ્વારા વાત્સલ્ય વહાવી હું અનેક જીવોને દુઃખથી મુક્ત કરનારો બનું કે દુઃખ સહેજે સહન કરી શકે તેવા બનાવું.

મને એવી લેખન શક્તિ મળે કે જેમાંથી પરમાત્માને સમર્પિત બનાવતી રચનાઓ નીકળે, ગુરૂ બહુમાન કરાવે. અનેક જીવો કુમાર્ગે જતા અટકે - ગુણીજનોના ગુણોની અનુમોદના વહે, દુઃખી જીવોને આશ્વાસન મળે, સન્માર્ગે જવાની શક્તિ પ્રગટે, શાતા-શાંતિ-સમાધિ પામે. સદા પ્રસન્ન રહું, પ્રસન્નતા રખાવું.

**મારી ભાવના એવી રહો કે ........... મને મળે**

રાગ-દ્વેષ અજ્ઞાન રહિત ............... દેવ

પંચ મહાવ્રત ધારી..................... ગુરૂ

કેવલી ભગવંતે પ્રરૂપેલો ............... ધર્મ

અભયકુમાર જેવી ...................... બુદ્ધિ

ધન્ના શાલીભદ્ર જેવું ................... સુપાત્ર દાન

ધન સાર્થવાહ જેવું .................... સુપાત્ર દાન

મૂલદેવ જેવું............................ સુપાત્ર દાન

કૃતપુન્ય જેવું........................... સુપાત્ર દાન
જગડુશાહ જેવું......................... અન્ન દાન
શ્રી સંભવનાથ પ્રભુ જેવું............. અન્ન દાન
કર્ણ જેવી ............................... દાન રૂચિ
મેઘરથ રાજા જેવું...................... અભય દાન
મેતારજ મુનિ જેવી .................... કરૂણા
ભદ્રબાહુ સ્વામિ જેવું .................. જ્ઞાન દાન
વિજયશેઠ - વિજયા શેઠાણી જેવું ... શીલ પાલન
જિનદાસ-સોહાગદેવી જેવું............ શીલ પાલન
જંબુ સ્વામિ જેવું ...................... શીલ પાલન
સુદર્શન શેઠ જેવું ...................... એક પત્ની વ્રત
રાજિમતિ જેવું (નવ ભવ સુધી) ..... એક પુરૂષ રાગ
સીતા-દ્રૌપદી-દમયંતી જેવું ........... એક પતિવ્રત
ધન્ના કાકંદી જેવો...................... તપ
શ્રી ચંદ્ર કેવળી જેવો .................. વર્ધમાન તપ
દુર્ગતા નારી જેવો ..................... ભાવ
ગુણસાગર જેવો........................ ભાવ-બ્રહ્મચર્ય
પૃથ્વીચંદ્ર રાજા જેવો................... ભાવ
મતિ-સુમતિ જેવી...................... ભાવના
ઈલાચીકુમાર જેવો ..................... ભાવ
ભરત ચક્રવર્તિ જેવી .................... સાધર્મિક ભક્તિ
પુણિયા શ્રાવક જેવા.................... સાધર્મિક ભક્તિ-સંતોષ-સામાયિક
માહણસિંહ જેવું ....................... પ્રતિક્રમણ
સુવ્રત શેઠ જેવો ....................... પૌષધ
કાકજંઘ રાજા જેવું..................... દિશિ પરિમાણ પાલન
હરિબલ જેવી........................... અહિંસા ભાવના
કાલિકાચાર્ય જેવો ...................... સત્યનો પ્રેમ
નાગદત્ત જેવું........................... અદત્ત પરિમાણ

આનંદ-કામદેવ જેવું .................... પરિગ્રહ પરિમાણ
વંકચૂલ જેવી........................... નિયમ દ્રઢતા
આર્ય લોહ જેવી........................ ભક્તિ-પુન્ય
માસતુષ મુનિ જેવું .................... ગુરૂ બહુમાન-શ્રુત પ્રેમ
મદનરેખા જેવું .......................... ધૈર્ય-નિર્યામણા-શીલ પાલન
સ્કંધક સૂરિ જેવી ...................... અપ્રતિમ નિર્યામણા
ખંધક મુનિ જેવી ...................... ક્ષમા
સુકોશલ મુનિ જેવી .................... ક્ષમા
ગજસુકુમાલ જેવી....................... ક્ષમા
મેતારાજ મુનિ જેવી .................... ક્ષમા-કરૂણા
ચિલાતી પુત્ર જેવી..................... સહનશીલતા
જિનદાસ શ્રાવક જેવી ................. સાધુ ભક્તિની ભાવના
શિવંકર શ્રેષ્ઠિ જેવી..................... ૧ કરોડ શ્રાવકને ઈચ્છિત ભોજનની ભાવના
કુમારપાળ રાજા જેવો................... શ્રુત લેખન ભાવ-ત્રિકાલ પૂજા
શ્રેણિક મહારાજા જેવો ................ ચારિત્ર પ્રેમ
કૃષ્ણ મહારાજા જેવો .................. ગુણાનુરાગ
શ્રીપાલ રાજા જેવી .................... નવપદ ભક્તિ
બાહુ-સુબાહુ જેવી ..................... વૈયાવચ્ચ
પુષ્પ ચુલા જેવી........................ વૈયાવચ્ચ
ઢંઢણ ઋષિ જેવી...................... અભિગ્રહ દ્રઢતા
વિષ્ણુકુમાર મુનિ જેવો ................ શાસન રાગ
શિવકુંવર જેવી......................... પંચમંગલ (નવકાર) શ્રદ્ધા
શ્રીમતી જેવી............................ પંચમંગલ (નવકાર) શ્રદ્ધા
અમરકુમાર જેવી ....................... પંચમંગલ (નવકાર) શ્રદ્ધા
ઉદાયન રાજા જેવો .................... પર્યુષણ પ્રેમ
શેઠ રાજીયા-વાજીયા જેવો ............ પર્યુષણ પ્રેમ
રાવણ જેવી.............................. જિનભક્તિ
દેવપાલ જેવી ........................... જિનભક્તિ

વૃદ્ધવાદિસૂરિ જેવો ..................... શિષ્ય પ્રેમ
પંથગ મુનિ જેવું....................... ગુરૂ બહુમાન
ચંદનબાલા જેવો ....................... શિષ્યા પ્રેમ
ચંદ્રશેખર રાજા જેવી.................... જાહેરમાં પાપની કબુલાત
ભીમા કુંડલીયા જેવો .................. સંતોષ
આર્ય મહાગિરિ જેવું.................... વ્રતપાલન
વજ્ર સ્વામિના ગુરૂ જેવો............. શ્રુત પ્રાપ્તિ વિધિ પ્રેમ
ગૌતમ સ્વામિ જેવો ................... વિનય
ચંડરુદ્રાચાર્યના શિષ્ય જેવો............ વિનય
વલ્કલચિરિ જેવી....................... પડિલેહણ ભાવના
સુલસા જેવી ........................... શ્રદ્ધા
રેવતી જેવી ............................ પ્રભુ ભક્તિ
સિંહ અણગાર જેવો.................. પ્રભુ પ્રત્યે રાગ
ગુણસાગરની આઠ ભાર્યા જેવી ....... અનાસક્તિ
નંદિષેણ જેવી.......................... દેશના શક્તિ
અચંકારી જેવા ......................... શીલ તથા ક્ષમા
દશાર્ણભદ્ર જેવું ........................ માનરહિતપણું
યક્ષા સાધ્વી જેવી ..................... યાદશક્તિ
ઝાંઝરીયા મુનિ જેવું.................... શીલપાલન
અંજના સતી જેવા .................... ધૈર્ય-શીલ

**સંપૂર્ણ સમવસરણ હું એકલો ક્યારે બનાવીશ ?**

**કોઈપણ ભવનું, કોઈપણ જીવનું ઋણ (દેવું) ચુકવી આપનાર ક્યારે બનીશ ?**

**માન-માયા-લોભ કષાયને સમજીને તેની માફી માંગનાર, તેનાથી છુટનાર ક્યારે બનીશ ?**

**ભૂખ્યાની ભૂખ મટાડનાર, તરસ્યાની તરસ મટાડનાર ધર્મહીનને માર્ગે ચઢાવનાર હું ક્યારે બનીશ ?**

## (૯) અનશન

પ્રાચીન સામાચારીમાં અનશન સર્વથા સ્વીકારવાની વાત છે.

વર્તમાન કાળે જૈનોના દિગંબર-સ્થાનકવાસી-તેરાપંથીમાં સંથારો લેનાર પૂ. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા જોવા મળે છે.

ગમે તે કારણે શ્વેતામ્બર મંદિરમાર્ગીમાં સંથારો લેવાતો નથી.

સાગારી સંથારો-સાગારી અનશન લેવામાં કોઈ વાંધો ન હોવો જોઈએ. મજબુત મનવાળાએ લેવો જોઈએ.

અંતિમ સ્થિતિ વખતે તે તે જીવના પરિણામ મુજબ અનશન કરાવવું. તબીયત સારી ન રહે ત્યાં સુધી

(૧) ચારે આહારનો ત્યાગ કરાવવો.

જો તેમના સ્વજનાદિ ધર્મ વાસિત ન હોય, સંસારી રાગી જ હોય તો તેમને સમજાવીને દવા તથા પાણી સિવાય ત્યાગ કરાવવો...મરી જાય તો વિરતીમાં જાય, સદ્‌ગતિ થાય. સાજો થઈ જાય તો બધું વાપરવાનું (ખાવાનું) છુટ છે.

આના માટે પચ્ચક્ખાણ દેવાનું હોય તે નીચે પ્રમાણે :-

'અભિગ્ગહં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).'

(૨) ઉપયોગવાળા કોઈ સંભાળ લેનાર હોય તો સતત મુટ્‌ઠસી પચ્ચક્ખાણ કરાવતા રહેવું.

આ પચ્ચક્ખાણ લે એટલે ચાર આહારનો ત્યાગ થઈ જાય. એમાં મૃત્યુ થાય તો સદ્‌ગતિ થાય.

આ પચ્ચક્ખાણ જ્યારે ખાવું-પીવું હોય ત્યારે પાળી શકાય. ખાઈ-પીને ફરીથી લઈ લેવું.

મુટ્‌ઠસી પચ્ચક્ખાણ લેવા માટે હાથ જોડીને નીચે મુજબ બોલવું.

'મુટ્ઠિસહિયં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).'

મુટ્‌ઠસિ પચ્ચક્ખાણ **પારવા માટે** ચાર આંગળ વચ્ચે અંગુઠો મુકી મુઠી બંધ કરીને હાથ નીચે મુકી પછી નીચે મુજબ બોલવું.

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં પાલિઅં સોહિઅં તિરિઅં કિટ્ટિઅં આરાહિઅં જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છા મિ દુક્કડમ્-

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

આટલું બોલીને મુટ્ઠિ ખોલીને જે કાંઈ ખાવું-પીવું હોય તે ખાઈને મોઢું ચોખ્ખું કરી ફરીથી પચ્ચક્ખાણ લેવું.

(મુટ્ઠસી કે નવકારશી વિગેરે પચ્ચક્ખાણ પાળતા કેટલાક પૂ. સાધુ-સાધ્વીજી પાર્યા પછીનો બીજો નવકાર બોલતા નથી તે બરાબર નથી. ગૃહસ્થો પણ મોટા ભાગના પચ્ચક્ખાણ પારતા નથી. તેથી આગળ-પાછળના બે નવકાર તથા પચ્ચક્ખાણ પારવાના 'ફાસિઅં' વિગેરેની જગ્યાએ ત્રીજો નવકાર ગણે છે.

આરાધના કરનારની ઉંમર-સ્થિતિ-પરિણામ મુજબ મીઠાઈ -ફરસાણ-મેવો-ફળ વિગેરે ત્યાગ કરાવવો.

આરાધના કરનારને બોલાવવું કે **મારા છેલ્લા શ્વાસોશ્વાસે હું આ દેહને પણ વોસિરાવું છું.**

સમજુ આત્માએ સ્વસ્થ અવસ્થામાં જ આવા ખાવા-પીવાની વસ્તુના ત્યાગની ટેવ પાડવી જોઈએ. જેથી આસક્તિ તુટી જાય.

આ વર્તમાન કાળમાં કેટલાયે સાધુ-સાધ્વીને ઘણી વસ્તુનો ત્યાગ હોય છે. શ્રાવકોને તે ખબર હોતી નથી.

કોઈક આજીવન લીલોતરી ત્યાગી છે.

કોઈક ચાર મહિના ચોમાસામાં લીલોતરી છોડે છે. કોઈક ૧૨ તિથિ-કોઈક ૧૦ તિથિ - ૫ તિથિ છોડે છે. કેટલાયે મીઠાઈ ત્યાગ-મેવો ત્યાગ-તળેલું ત્યાગ કરે છે. કેટલાક ૧-૨-૩ મિઠાઈ કાયમ માટે છોડે છે.

ગૃહસ્થોમાં પણ રોજના ૫-૧૦-૧૨ દ્રવ્ય જ વાપરવા તેવા નિયમોવાળા છે. કોઈ દર વર્ષે ૧ ચીજ કાયમ માટે છોડે છે. કોઈ ૧ વરસ- મહિના માટે છોડે છે.

## શ્રી પંચમંગલ (નવકાર) સ્મરણ

વધારે ખરાબ સ્થિતિ દેખાય તો શ્રી પંચમંગલ (નવકાર) સંભળાવવો. સાવ છેલ્લી સ્થિતિ દેખાય તો માત્ર પ્રથમ સંપદા ''નમો અરિહંતાણં'' સંભળાવવું.

નમો અરિહંતાણં કે નવકાર ધુન રૂપે બોલાય પણ ૐ (ઓમ્) ન લગાડવો.

ઓછા માણસો હોય તો વારાફરતી નવકાર બોલવો જેથી કોઈને થાક ન લાગે. આરાધકને લાભ થાય.

બિમાર કે અંતિમ અવસ્થામાં પડેલને સમાધિ થાય તેવી સ્તુતિ, સ્તોત્ર, સ્તવન, સજ્ઝાય સંભળાવવા કે ગદ્ય સાહિત્ય સંભળાવવું.

## બિમાર પાસે હાજર રહેલાએ શું કરવું ?

(૧) પોતપોતાની શક્તિ પ્રમાણે - ભાવના પ્રમાણે - પૂજા -પ્રતિક્રમણ સામાયિક - મૌન - માળા - વંદન વિ. કરવાનું કહેવું.

(૨) પોતાને જે કાંઈ અનર્થકારી વ્યસનો-ખોટી ટેવો હોય તે છોડવા જણાવવું.

(૩) શક્તિ ભાવના પ્રમાણે સાત ક્ષેત્ર :

(૧) જિનમંદિર (૨) જિનમૂર્તિ (૩) જિનાગમ (૪) સાધુ (૫) સાધ્વી (૬) શ્રાવક (૭) શ્રાવિકા એ સાત ક્ષેત્રમાં તથા જીવદયા-અનુકંપામાં ધન વાપરવા જણાવવું.

બિમારની ઈચ્છા પુછી તે પ્રમાણે સત્કાર્યમાં ધન વાપરવા પ્રયત્ન કરવો.

## બિમાર પાસે હાજર રહેલાએ શું ન કરવું ?

(૧) બિમાર કે તેના સ્વજનોને દુઃખ લાગે તેવા કોઈ પ્રશ્નો પુછવા નહીં.

(૨) બિમાર પાસે બેઠા કોઈની વાતો કરવી નહીં.

(૩) બિમાર કે તેને સંભાળનારને સલાહ સુચનો આપી ત્રાસ થાય તેવું કરવું નહીં.

(૪) બિમાર કે તેને સંભાળનારને શાતા થાય તેમ કરવું પરંતુ ત્યાં છવાઈ જવાની અધમ વૃત્તિ-પ્રવૃત્તિ કરવી નહીં.

(૫) બિમારને સંભાળનારની ઈર્ષા કરવી નહીં કે તેના કામમાં ડખલ કરવી નહીં.

## સાધુ સાધ્વી અંતિમ આરાધના વિધિ

પ્રાચીન સમાચારી દ્વાર - ૧૯ માં સાધુ-સાધ્વીજીને અંતિમ આરાધના માટે નીચે મુજબ વિધિ જણાવી છે. સશક્ત અવસ્થામાં પણ આ આરાધના વારંવાર કરવી. શક્તિ હોય તેણે મોઢે યાદ કરી રાખવી. જેથી સ્વ-પરને અવસરે આરાધના કરાવી શકાય.

(૧) ગુરુ મહારાજ ચતુર્વિધ શ્રી સંઘ સહિત ગ્લાન સાથે જિન પ્રતિમાજી સન્મુખ રહીને જે પ્રભુજી હોય તેની સ્તુતિ બોલવા પૂર્વક ચૈત્યવંદન કરે (કરાવે).

### * ભગવંત સમક્ષ બોલવાની સ્તુતિઓ *

મન હરણ કરનારી પ્રભુ જે, મૂરતિ દેખે તાહરી,
સંસાર તાપ મિટાવનારી, મૂરતિ વંદે તાહરી,
ચારિત્ર લક્ષ્મી આપનારી, મૂરતિ પૂજે તાહરી,
ત્રણ જગતમાં છે ધન્ય તેહને, વંદના પ્રભુ માહરી. ૧
આનંદ આજે ઉપન્યો, પ્રભુ મુખ જોતા આપનું,
ક્ષણવારમાં નીકળી ગયું,જે મોહ કેરા પાપનું,
પ્રભુ નયન તારા નીરખતા, અમીધારાને વરસી રહ્યા,
મુજ હૈયામાંહે હર્ષ કેરી, વેલડી સિંચી રહ્યા. ૨
દ્વેષીજનો કરી શું શકે, જો ચિત્તમાં શાંતિ વસે,
શું પ્રેમ ધરનારા કરે, જો ખેદ મનથી ના ખસે,
તુજ વાણીએ મુજ ચિત્તમાં, પ્રભુ દર્શને સ્થિરતા કરે,
તો કર્મ કેરા ભાર શું છે, મુજ હૃદયથી ના ખરે ? ૩

### * ચૈત્યવંદનની વિધિ *

(ત્રણ સ્તુતિ બોલ્યા પછી ખમાસમણ દેવું)

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

(ખમાસમણ દઈ નીચે મુજબ ઈરિયાવહી કરવી)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ

પડિક્કમિઉં. (૧) ઈરિયાવહિયાએ, વિરાહણાએ. (૨) ગમણાગમણે. (૩) પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કણે, ઓસાઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા સંતાણા સંકમણે. (૪) જે મે જીવા વિરાહિયા. (૫) એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા. (૬) અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં. (૭)

તસ્સ ઉત્તરી કરણેણં, પાયચ્છિત્ત કરણેણં, વિસોહી કરણેણં, વિસલ્લી કરણેણં, પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં. (૧)

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. (૧) સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ સંચાલેહિં. (૨) એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો, અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩) જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ. (૪) તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ. (૫)

(આટલું સૂત્ર બોલી - એક લોગસ્સ અને લોગસ્સ સૂત્ર ન આવડતું હોય તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો.)

(કાઉસ્સગ્ગ પૂરો થયે 'નમો અરિહંતાણં' બોલી બે હાથ જોડી નીચે મુજબ લોગસ્સ સૂત્ર બોલવું.)

લોગસ્સ, ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે।
અરિહંતે કિત્તઈસ્સં ચઉવિસંપિ કેવલી ।।-૧
ઉસભ મજિઅં ચ વન્દે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ ।
પઉમપ્પહં સુપાસં જિણં ચ ચંદપ્પહં વંદે ।।-૨
સુવિહિં ચ પુપ્ફદંતં, સિઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ ।
વિમલમણંતં ચ જિણં ધમ્મં સંતિ ચ વંદામિ ।।-૩
કુથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ ।
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ।।-૪
એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા ।
ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ।।-૫

કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા ।
આરુગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ।।-૬
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા ।
સાગરવર ગંભિરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ।।-૭

(લોગસ્સ સૂત્ર બોલ્યા પછી નીચે મુજબ ત્રણ ખમાસમણ દેવા) ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ (ત્રણ વખત)

પછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ?

(ઈચ્છં... કહી.. નીચે મુજબ ચૈત્યવંદન કરવું)

સકલ કુશલ વલ્લી પુષ્કરાવર્ત મેઘો
દુરિત તિમિર ભાનુઃ કલ્પ વૃક્ષોપમાનઃ
ભવજલનિધિ પોતઃ સર્વસંપત્તિ હેતુઃ
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ

## * ચૈત્યવંદન *

તુજ મૂરતિને નીરખવા, મુજ નયણા તરસે,
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરખે. ૧
કાયા અતિઆનંદ મુજ, તુમ પદ યુગ ફરસે,
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે. ૨
એમ જાણીને સાહિબા, નેક નજર મોહે જોય,
જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તે શું જેહ નવિ હોય. ૩

(આ પ્રમાણે ચૈત્યવંદન કર્યા પછી જંકિચિ-નમુત્થુણં વગેરે સૂત્રો નીચે આપ્યા છે તે બોલવા.)

જંકિચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઈં જિણ બિંબાઈં, તાઈં સવ્વાઈં વંદામિ ।

નમુત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, (૧) આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં. (૨) પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં. (૩) લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. (૪) અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં. (૫) ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં.(૬) અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિયટ્ટછઉમાણં. (૭) જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. (૮) સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ-મયલ-મરૂઅ-મણંત મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ સિદ્ધિ ગઈ નામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં જિઅભયાણં. (૯)

જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ-ણાગએ કાલે
સંપઇઅ-વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. (૧)
જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢે-અ-અહે અ-તિરિઅલોએ અ,
સવ્વાઇં તાંઈ વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં. (૧)
ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ મત્થએણ વંદામિ.
જાવંત કેવિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં. (૨)
નમોર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

*** સ્તવન ***

જીણંદા પ્યારા, મુણિંદા પ્યારા,
દેખો રે જીણંદા ભગવાન દેખો રે જીણંદા પ્યારા.
સુંદર રૂપ સ્વરૂપ બિરાજે, જગનાયક ભગવાન. દેખો... ૧
દરસ સરસ નીરખ્યો જિનજીકો, દાયક ચતુર સુજાણ. દેખો... ૨
શોક સંતાપ મીટ્યો અબ મેરો, પાયો અવિચલ ભાણ. દેખો... ૩
સફળ ભઈ મેરી આજુકી ઘડીયા, સફળ ભયે નૈનો પ્રાણ. દેખો... ૪
દરિશણ દેખ મીટ્યો દુઃખ મેરો, આનંદઘન અવતાર દેખો... ૫

(સ્તવન બોલ્યા પછી જયવીયરાય સૂત્ર બોલવું.)

જયવીયરાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં;
ભવનિવ્વેઓ, મગ્ગાણુસારિયા, ઇટ્ઠફલસિદ્ધિ. (૧)
લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો, તવ્વયણસેવણા આભવમખંડા. (૨)

વારિજ્જઈ જઈવિ નિયાણબંધણં, વીયરાય તુહ સમએ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવેભવે તુમ્હ ચલણાણં. (૩)
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામ-કરણેણં. (૪)
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં;
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયંતિ શાસનમ્. (૫)

અરિહંત ચેઈઆણં કરેમિ કાઉસ્સગ્ગં. (૧) વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ સક્કારવત્તિયાએ, સમ્માણવત્તિયાએ, બોહિલાભવત્તિયાએ, નિરુવ્વસગ્ગવત્તિયાએ, (૨) સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં. (૩)

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. (૧) સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિ. (૨) એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩) જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ. (૪) તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ. (૫)

(આ પ્રમાણે બોલી ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી 'નમો અરિહંતાણં' - 'નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ' બોલી નીચેની થોય કહેવી.)

### * થોય *

હરિવંશ વખાણું, જીમ વયરાગિરિ ખાણ,
જીહાં રત્ન અમૂલક, નેમિનાથ જગભાણ,
લઘુવય બ્રહ્મચારી, જગિ રાખ્યા ખીઆત,
પહોંતા પંચમગતિ, કર્મ હણિ ઘનઘાત.

(આ રીતે થોય બોલીને ખમાસમણું દેવું)

ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

(૨) ચૈત્યવંદન બાદ નીચે મુજબ કાયોત્સર્ગ કરે (કરાવે).

(૧) શ્રી શાન્તિનાથ સ્વામી આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં કહી વંદણવત્તિયાએ... અન્નત્થ..... કહી એક લોગસ્સનો (સાગરવર ગંભીરા સુધી) કાઉસ્સગ્ગ કરે.

કાઉસ્સગ્ગ પારી નમોર્હત્ બોલી થોય કહે-

**શ્રી શાન્તિઃ શ્રુત શાન્તિઃ, પ્રશાન્તિ કૌસાવશાન્તિમુપશાન્તિં,**
**નયતુ સદા યસ્ય પદાઃ, સુશાન્તિદાઃ સન્તુ સન્તિ જને.**

(૨) શ્રી શાસન દેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં કહી અન્નત્થ એક નવકારનો કાઉસ્સગ્ગ પછી નમોર્હત્ બોલી થોય કહે-

**ઉપસર્ગ વલય વિલયન્, નિરતા જિનશાસનાવનૈકરતા;**
**દ્રુતમિહ સમીહિત, કૃતે સ્યુઃ શાસનદેવતા ભવતામ્.**

(૩) શ્રી ક્ષેત્રદેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં કહી અન્નત્થ એક નવકારનો કાઉસ્સગ્ગ પછી નમોર્હત્ બોલી થોય કહેવી.

**યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય, સાધુભિઃ સાધ્યતે ક્રિયાઃ,**
**સા ક્ષેત્ર દેવતા નિત્યં, ભૂયાન્નઃ સુખદાયિની.**

(૪) શ્રી ભવનદેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં કહી અન્નત્થ એક નવકારનો કાઉસ્સગ્ગ પછી નમોર્હત્ બોલી થોય કહેવી-

**જ્ઞાનાદિ ગુણ યુતાનાં, નિત્યં સ્વાધ્યાય સંયમ રતાનાં**
**વિદધાતુ ભણવદેવી, શિવં સદા સર્વ સાધુનામ્.**

(૫) સમસ્ત વૈયાવચ્ચગરાણં સંતિગરાણં સમ્મદિટ્ઠિ સમાહિગરાણં કરેમિ કાઉસ્સગ્ગં કહી અન્નત્થ એક નવકારનો કાઉસ્સગ્ગ પછી નમોર્હત્ કહી, થોય કહેવી

**સંઘેડત્રયે ગુરુ ગુણૌઘનિધે સુવૈયા,**
**વૃત્યાદિકૃત્ય કરણૈક નિબદ્ધ કક્ષા,**
**તે શાન્તયે સહ ભવન્તુ સૂરાસૂરિભિઃ,**
**સદ્દષ્ટયો નિખિલ વિઘ્ન વિઘાત દક્ષા.**

**આ રીતે પાંચ કાયોત્સર્ગ બાદ**

(૪) નમુત્થુણં બોલે,

નમુત્થુણં, અરિહંતાણં ભગવંતાણં, (૧) આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, (૨) પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં, (૩) લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં,

લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં, (૪) અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, (૫) ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં, (૬) અપ્પડિહય-વરનાણદંસણધરાણં, વિયટ્ટછઉમાણં, (૭) જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં (૮) સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવ-મયલ-મરૂઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં જિઅભયાણં. (૯)

(૫) અજિતશાન્તિસ્તવ બોલે,

અજિઅં જિઅસવ્વભયં, સંતિં ચ પસંતસવ્વગયપાવં,
જયગુરૂ સંતિગુણકરે, દોવિ જિણવરે પણિવયામિ. ગાહા. (૧)
વવગયમંગુલભાવે, તે હં વિઉલતવનિમ્મલસહાવે;
નિરુવમમહપ્પભાવે, થોસામિ સુદિટ્ઠસબ્ભાવે. ગાહા. (૨)
સવ્વદુક્ખપ્પસંતિણં, સવ્વપાવપ્પસંતિણં;
સયા અજિઅસંતીણં, નમો અજિઅસંતિણં. સિલોગો. (૩)
અજિઅજિણ ! સુહપ્પવત્તણં, તવ પુરિસુત્તમ ! નામકિત્તણં;
તહ ય ધિઈમઇપ્પવત્તણં,
તવ ય જિણુત્તમ ! સંતિ ! કિત્તણં ! માગહિઆ. (૪)
કિરિઆવિહિસંચિઅકમ્મકિલેસવિમુકખયરં,
અજિઅં નિચિઅં ચ ગુણેહિંમહામુણિ-સિદ્ધિગયં;
અજિઅસ્સ ય સંતિમહામુણિણો વિ અ સંતિકરં,
સયયં મમ નિવ્વુઇકારણયં ચ નમંસણયં આલિંગણયં. (૫)
પુરિસા ! જઈ દુક્ખવારણં, જઇ અ વિમગ્ગહ સુક્ખકારણં;
અજિઅં સંતિં ચ ભાવઓ, અભયકરે સરણં પવજ્જહા. માગહિઆ. (૬)
અરઇરઇતિમિરવિરહિઅમુવરયજરમરણં,
સુરઅસુરગરુલભુયગવઇપયયપણિવઇઅં;
અજિઅમહમવિ અ સુનયનયનિઉણમભયકરં,

સરણમુવસરિઅ ભુવિદિવિજમહિઅં સયયમુવણમે, સંગયયં. (૭)
તં ચ જિણુત્તમમુત્તમ-નિત્તમ-સત્ત-ધરં,
અજ્જવ-મદ્દવ-ખંતિ-વિમુત્તિ-સમાહિ-નિહિં;
સંતિકરં પણમામિ દમુત્તમ-તિત્થયરં,
સંતિ-મુણી મમ સંતિ-સમાહિ-વરં દિસઉ, સોવાણયં. (૮)
સાવત્થિ પુવ્વ પત્થિ વં ચ, વર હત્થિ મત્થય પસત્થ વિત્થિન્ન સંથિઅં
થિર-સરિચ્છ-વચ્છં મય-ગલ-લીલાયમાણ-
વરગંધ-હત્થિ-પત્થાણ-પત્થિયં સંથવારિહં;
હત્થિ-હત્થ-બાહું ધંત-કણગ-રુઅગ-નિરુવહય-પિંજરં,
પવર-લક્ખણોવચિઅ-સોમ-ચારુરૂવં;
સુઇ-સુહ-મણા-ડભિરામ-પરમ-રમણિજ્જ-
વર-દેવ-દુંદુહિ-નિનાય-મહુર-યર-સુહ-ગિરં. વેડ્ઢઓ. (૯)
અ-જિઅં જિઆરિગણં, જિઅ-સવ્વ-ભયં ભવોહ-રિઉં;
પણમામિ અહં પયઓ, પાવં પસમેઉ મે ભયવં. રાસાલુદ્ધઓ. (૧૦)
કુરુ-જણ-વય-હત્થિણા-ઉર-નરીસરો પઢમં
તઓ મહા-ચક્કવટ્ટિ-ભોએ મહ-પ્પભાવો;
જો બાવત્તરિ-પુર-વર-સહસ્સ-વર-નગર-નિગમ-જણ-વય-વઈ,
બત્તીસા-રાય-વરસહસ્સા-ડણુયાય-મગ્ગો.
ચઉ-દસ વર રયણ-નવ-મહા નિહિ-
ચઉ-સટ્ઠિ-સહસ્સ પવર-જુવઇણ સુંદર વઇ;
ચુલસી-હય-ગય રહ-સય-સહસ્સ સામી,
છન્નવઇ-ગામકોડિ સામી આસી જો ભારહમ્મિ ભયવં, વડ્ઢઓ. (૧૧)
તં સંતિં સંતિ-કરં સંતિણ્ણં સવ્વ-ભયા;
સંતિં થુણામિ જિણં; સંતિં વિહેઉ મે. રાસાડડનંદિઅયં. (૧૨)
ઈક્ખાગ ! વિદેહ-નરીસર ! નરવસહા ! મુણિ-વસહા !,
નવ-સારય-સસિ-સકલાણણ ! વિગય-તમા વિહુઅ-રયા !

અજિઉત્તમ-તેઅ-ગુણેહિં મહામુણિ, અ-મિઅ-બલા ! વિઉલ-કુલા !
પણમામિ તે ભવ-ભય-મૂરણ ! જગ-સરણા ! મમ સરણં. ચિત્તલેહા. (૧૩)
દેવદાણવિંદ-ચંદ-સૂર-વંદ ! હટ્ઠ-તુટ્ઠ-જિટ્ઠ-પરમ-
લટ્ઠ-રૂવ ! ધંત-રુપ્પ-પટ્ટ-સેઅ-સુદ્ધ-નિદ્ધ-ધવલ,
દંત પંતિ ! સંતિ ! સત્તિ-કિત્તિ-મુત્તિ-જુત્તિ-ગુત્તિ-પવર !,
દિત્ત-તેઅ ! વંદ ? ધેઅ સવ્વ-લોઅ-ભાવિઅપ્પભાવ ?
ણેઅ ? પઈસ મે સમાહિં. નારાયઓ. (૧૪)
વિમલ-સસિ-કલાઈરેઅ-સોમં, વિતિમિર-સૂરકરાઈરેઅ-તેઅં;
તિઅસ-વઈ-ગણાઈરેઅ-રૂવં, ધરણિધર-પ્પવરાઈરેઅ-સારં. કુસુમલયા. (૧૫)
સત્તે અ સયા અજિઅં, સારીરે અ બલે અજિઅં;
તવ સંજમે અ અજિઅં, એસ થુણામિ જિણં અજિઅં. ભુઅગ-પરિ-રિંગિઅં.(૧૬)
સોમ-ગુણેહિં પાવઇ ન તં નવ-સરય-સસી,
તેઅ-ગુણેહિં પાવઇ ન તં નવ-સરય-રવી;
રૂવ-ગુણેહિં પાવઇ ન તં તિઅસ ગણ-વઈ,
સાર-ગુણેહિં પાવઇ ન તં ધરણિધર-વઈ. ખિજ્જિઅયં. (૧૭)
તિત્થ-વર-પવત્તયં, તમ રય-રહિઅં,
ધીર-જણથુઅચ્ચિઅં ચુઅ-કલિ-કલુસં;
સંતિ-સુહપ્પવત્તયં, તિ-ગરણ-પયઓ,
સંતિમહં મહા-મુણિં સરણમુવણમે. લલિઅયં. (૧૮)
વિણઓણય-સિર-રઇઅંજલિરિસિ-ગણ-સંથુઅં થિમિઅં,
વિબુહાહિવ-ધણ-વઇ-નર-વઇ-થુઅ-મહિ-અચ્ચિઅં બહુસો;
અઇરુગ્ગય-સરય-દિવાયર-સમહિઅ-સપ્પભં તવસા,
ગયણંગણ-વિયરણ-સમુહિઅ-ચારણ-વંદિઅં સિરસા. કિસલયમાલા. (૧૯)
અસુર-ગરુલ-પરિવંદિઅં, કિન્નરોરગ-નમંસિઅં;
દેવ-કોડિ-સય-સંથુઅં, સમણ-સંઘ-પરિવંદિઅં. સુમુહં. (૨૦)
અભયં અણહં અરયં, અરુઅં,
અજિઅં અજિઅં પયઓ પણમે, વિજ્જુવિલસિઅં. (૨૧)

આગયા-વર-વિમાણ-દિવ્વ-કણગ-રહ-તુરય-પહકર-સએહિં હુલિઅં;
સ-સંભમોઅરણ-ખુભિઅ-લુલિઅ-ચલ-કુંડલંગય-તિરીડ-
સોહંત-મઉલિ-માલા. વેડ્ઢઓ. (૨૨)
જં સુર-સંઘા સાસુર-સંઘા, વેર-વિઉત્તા ભત્તિ-સુ-જુત્તા,
આયર-ભૂસિઅ-સંભમ-પિંડિઅ-સુટ્ઠુ-સુવિમ્હિઅ-સવ્વ-બલોઘા;
ઉત્તમ-કંચણ-રયણ-પરૂવિઅ-ભાસુર-ભૂસણ-ભાસૂરિઅંગા,
ગાય-સમોણય-ભત્તિ-વસાગય-પંજલીપેસિઅ સીસ-પણામા. રયણમાલા.(૨૩)
વંદિઊણ થોઊણ તો જિણં, તિ-ગુણમેવ ય પુણો પયાહિણં;
પણમિઊણ ય જિણં સુરાસુરા, પમુઇઆ સ-ભવણાઇં તો ગયા. ખિત્તયં.(૨૪)
તં મહા-મુણિમહંપિ પંજલી, રાગ-દોસ-ભય-મોહ-વજ્જિઅં;
દેવ-દાણવ-નરિંદ-વંદિઅં, સંતિ-મુત્તમં મહા-તવં નમે. ખિત્તયં. (૨૫)
અંબરંતર-વિઆરણિઆહિં લલિઅ-હંસ-વહુ ગામિણિઆહિં;
પીણ-સોણિ-થણ-સાલિણિઆહિં,
સકલ-કમલ-દલ-લોઅણિઆહિં. દીવયં. (૨૬)
પીણ-નિરંતર-થણ-ભર-વિણમિય-ગાયલયાહિં,
મણિ-કંચણ-પસિઢિલમેહલ-સોહિઅ-સોણિતડાહિં;
વર-ખિંખિણિ-નેઉર-સ તિલય-વલયવિભૂસણિઆહિં,
રઇ-કર-ચઉર-મણોહર-સુંદર-દંસણિઆહિં. ચિત્તક્ખરા. (૨૭)
દેવસુંદરીહિં પાયવંદિઆહિં વંદિઆ ય જસ્સ તે સુ-વિક્કમા કમા,
અપ્પણો નિડાલએહિં મંડણોડ્ડણપ્પગારએહિં કેહિં કેહિં વિ;
અવંગ-તિલય-પત્તલેહ-નામએહિં ચિલ્લએહિં સંગયં ગયાહિં,
ભત્તિ-સન્નિવિટ્ઠ-વંદણાગયાહિં હુંતિ તે વંદિઆ પુણો પુણો. નારાયઓ. (૨૮)
તમહં જિણચંદં, અ-જિઅં જિઅ-મોહં;
ધુઅ-સવ્વ-કિલેસં, પયઓ પણમામિ. નંદિઅયં. (૨૯)
થુઅ-વંદિઅયસ્સા રિસિ-ગણ-દેવ-ગણેહિં,
તો દેવ-વહુહિં પયઓ પણમિઅસ્સા;

જસ્સ જગુત્તમ સાસણઅસ્સા, ભત્તિ-વસાગય-પિંડિઅયાહિં
દેવ-વરચ્છરસા-બહુઆહિં, સુર-વર-રઇ-ગુણ પંડિઅયાહિં. ભાસુરયં. (૩૦)
વંસ-સદ્દ-તંતિ-તાલ-મેલિએ, તિ-ઉક્ખરાભિરામ-સદ્દ-મીસએ કએ અ;
સુઈ-સમાણ-ણે અ-સુદ્ધ-સજ્જ-ગીય-પાય-જાલ-ઘંટિઆહિં;
વલય-મેહલા-કલાવ-નેઉરાભિરામ-સદ્દ-મીસએ કએ અ,
દેવ-નટ્ટિઆહિં હાવ-ભાવ-વિબ્ભમ-પ્પગારએહિં
નચ્ચિઊણ અંગ-હારએહિં વંદિઆ ય જસ્સ તે સુ-વિક્કમા કમા;
તયં તિ લોય-સવ્વ-સત્ત-સંતિકારયં,
પસંત-સવ્વ-પાવ-દોસમેસ હં નમામિ સંતિમુત્તમં જિણં. નારાયઓ. (૩૧)
છત્ત-ચામર-પડાગ-જૂઅ-જવ-મંડિઆ,
ઝય-વર-મગર-તુરય-સિરિવચ્છ-સુ-લંછણા;
દીવ-સમુદ્દ-મંદર-દિસા-ગય-સોહિઆ,
સત્થિઅ-વસહ-સીહ-રહ-ચક્ક-વરંકિયા. લલિઅયં. (૩૨)
સહાવ-લટ્ઠા સમ-પ્પઇટ્ઠા, અ-દોસ-દુટ્ઠા ગુણેહિં જિટ્ઠા,
પસાય-સિટ્ઠા, તવેણ પુટ્ઠા, સિરીહિં ઈટ્ઠા રિસીહિં જુટ્ઠા.
વાણવાસિઆ. (૩૩)
તે તવેણ ધુઅ-સવ્વ-પાવયા, સવ્વ-લોઅ-હિઅ-મૂલ-પાવયા-
સંથુઆ અ-જિઅ-સંતિ-પાયયા, હુંતુ મે સિવ-સુહાણ દાયયા. અપરાંતિકા.(૩૪)
એવં તવ બલ-વિઉલં; થુઅં મએ અજિઅ-સંતિ-જિણ-જુઅલં;
વવગય-કમ્મ-રય-મલં, ગઇં ગયં સાસયં વિઉલં. ગાહા. (૩૫)
તં બહુ-ગુણ-પ્પસાયં, મુક્ખ-સુહેણ પરમેણ અવિસાયં;
નાસેઉ મે વિસાયં; કુણઉ અ પરિસા વિ અપ્પસાયં. ગાહા. (૩૬)
તં મોએઉ અ નંદિં, પાવેઉ અ નંદિસેણમભિનંદિં;
પરિસા વિ અ સુહ-નંદિં, મમ ય દિસઉ સંજમે નંદિં. ગાહા. (૩૭)
પક્ખિઅ-ચાઉમ્માસિઅ-સંવચ્છરિએ અવસ્સ-ભણિઅવ્વો,
સોઅવ્વો સવ્વેહિં, ઉવસગ્ગ-નિવારણો એસો. (૩૮)
જો પઢઈ જો અ નિસુણઈ, ઉભઓ કાલંપિ અજિઅ-સંતિ-થયં;
ન હુ હુંતિ તસ્સ રોગા, પુવ્વુપ્પન્ના વિ નાસંતિ. (૩૯)

જઇ ઇચ્છહ પરમ-પયં, અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે;
તો તે-લુક્કુદ્ધરણે, જિણ-વયણે આયરં કુણહ. (૪૦)

(૬) આરાધનાની અધિષ્ઠાયિકા દેવીનો કાઉસ્સગ્ગ કરે. 'શ્રી આરાધના દેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં' અન્નત્થ. ચાર લોગસ્સ (સાગરવર ગંભીરા સુધી) નો કાઉસ્સગ્ગ કરે પછી 'નમો અરિહંતાણં' બોલીને કાઉસ્સગ્ગ પારીને નમોર્ह્‌ત્ કહી આ પ્રમાણે સ્તુતિ કહે-

**યસ્યાઃ સાનિધ્યતો ભવ્યાઃ વાંછિતાર્થ પ્રસાધકાઃ**
**શ્રીમદારાધના દેવી, વિઘ્નવ્રાતા પહાડસ્તુઃ**

તે પછી પ્રતિમાજીને પડદો કરે કે દેરાસરે પધરાવે. આટલી વિધિ પછી ''અંત સમયની આરાધના'' કરાવે.

**(૧) આસને બેસીને ગુરુ મહારાજ ચૂર્ણ મંત્રી ''ઉત્તમટ્ઠ આરાહણત્થં વાસનિકખેવં કરેહ'' કહીને આરાધકના મસ્તકે સુગંધી ચૂર્ણ નાખે ગ્લાન (બિમાર) ની પાસે તેણે બાલ્યકાળથી સેવેલા અતિચારો આલોવે-આલોચના કરાવે.**

(નોંધ : વિસ્તારથી અતિચાર આલોચના કરાવવી. તે રીતે ન કરાવી શકાય તેમ હોય તો સંક્ષેપમાં આલોચના કરાવવા માટે સામાચારીમાં આપેલી આ ગાથા મુજબ આલોચના કરાવવી.)

**જે મે જાણંતિ જિણા, અવરાહા જેસુ જેસુ ઠાણેસુ**
**તેડહં આલોએઉં, ઉવટ્ઠિઓ સવ્વભાવેણં.**

મારા જે જે સ્થાનમાં થયેલા અપરાધોને શ્રી જિનેશ્વરો જાણે છે. તેને હું સર્વ ભાવ વડે આલોચવા ઉપસ્થિત થયેલો છું. નિશીથ ભાષ્ય ૩૮૧૪ મી ગાથાના ''આલોએ'' દ્વારની ચૂર્ણિમાં

**જે મે જાણંતિ જિણા, અવરાહે નાણ દંસણ ચરિત્તે,**
**તેડહં આલોએત્તુ, ઉવટ્ઠિઓ સવ્વભાવેણં.**

આ પ્રમાણે ગાથા છે. અર્થાત્ જ્ઞાન દર્શન ચારિત્રને વિષે મારા અપરાધો જિનેશ્વરો જાણે છે તેની આલોચના કરવા હું સર્વ ભાવ વડે ઉપસ્થિત થયો છું. તૈયાર થયો છું.

(અહીં આરાધકને દેવ-ગુરુસંબંધી જે ભૂલ થઈ હોય, આશાતના કરી હોય, નિંદા-અવહેલના-તિરસ્કાર વિગેરે કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્ દેવડાવવું.)

પછી કાન-આંખ-નાક-જીભ-સ્પર્શ દ્વારા કરેલ રાગ-દ્વેષનું મિચ્છા મિ દુક્કડમ્ દેવડાવવું.

પછી ક્રોધ-માન-માયા-લોભ કર્યા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્ દેવડાવવું.

પછી દર્શનાચાર-જ્ઞાનાચાર-ચારિત્રાચાર-તપાચાર-વીર્યાચાર એ પાંચ આચારસંબંધી ભૂલોનું મિચ્છા મિ દુક્કડમ્ દેવડાવવું.

**છઉમત્થો મૂઢ મણો, કિત્તિયમિત્તંપિ સંભરઈ જીવો.**
**જં ચ ન સંભરામ્યહં, મિચ્છા મિ દુક્કડમ્ તસ્સ.**

છદ્મસ્થ, મૂઢ મનવાળો કેટલું માત્ર સાંભરે તેથી જે મને સ્મરણમાં નથી તેનું પણ મારે મિચ્છા મિ દુક્કડમ્ થાઓ (તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ.)

**જં જં મણેણ બદ્ધં. જં જં વાયાએ ભાસિઅં પાવં,**
**કાએણ ય જં ચ કયં, મિચ્છા મિ દુક્કડમ્ તસ્સ.**

જે જે પાપ મનથી બાંધ્યું (કર્યું) હોય, જે પાપ વચનથી બોલાયું હોય અને કાયા વડે જે જે પાપ કર્યું હોય તે સર્વનું મિચ્છા મિ દુક્કડમ્ થાઓ. (મારું તે દુષ્કૃત મિથ્યા થાઓ.)

**હા દુટ્ઠુ કયં હા દુટ્ઠુ, કારિઅં અણુમયં ચ હા દુટ્ઠુ**
**અંતો અંતો ડજ્ઝઈ, હિયયં પચ્છાણુતાવેણં**

હા હા ! મેં જે દુષ્ટ વર્તન કર્યું, હા ! બીજા દ્વારા મેં જે દુષ્ટ કાર્ય કરાવ્યું, હા ! મેં જે દુષ્ટ કાર્યને અનુમોદન આપ્યું તે પાપ પશ્ચાત્તાપ મારા હૃદયને બાળે છે, (મને તેનો પશ્ચાત્તાપ થાય છે.)

નીશીથ ભાષ્યમાં ૬૫૭૩ મી ગાથામાં નીચે પ્રમાણે છે.

**હા દુટ્ઠુ કયં હા દુટ્ઠુ, કારિઅં દુટ્ઠુ અણુમયં મે ત્તિ,**
**અંતો અંતો ડજ્ઝતિ, પચ્છાતાવેણ વેવંતો.**

અરેરે મેં જે દુષ્ટ (આચરણ) કર્યું, કરાવ્યું, અનુમોદ્યું (તેથી) પશ્ચાતાપ વડે થરથરતો હું વારંવાર બળું છું.

**જં ચ સરીરં અત્થં કુડુંબ ઉવગરણ રુવ વિન્નાણં,**
**જીવોવઘાયજણયં, સંજાયં તં પિ નિંદામિ,**

મારા જે જે શરીર, ધન, કુટુંબ, ઉપકરણ, રૂપ, વિજ્ઞાન-જીવોની હિંસા વગેરે કરાવનારાં થયાં તે સર્વને પણ હું નિંદુ છું.

**ગહિઉણ ય મુક્કાઈ જમ્મ-મરણેસુ જાઈ દેહાઈ,**
**પાવેસુ પવત્તાઈ, વોસિરિઆઈ મએ તાઈ.**

ભૂતકાળના અનંતા જન્મ-મરણોનાં જે જે શરીર આદિને ગ્રહણ કરીને મેં છોડી દીધા, તે પાપમાં પ્રવર્ત્તતા (એવાં) શરીર વિગેરેને હું વોસિરાવું છું. (શરીર આદિ એટલે પાપમાં રહેલા તે પુદ્‌ગલોમય સર્વે.)

**(૨) ખામણાં (ક્ષમાપના) કરાવવા :**

**સાહૂણ સાહૂણીણ ય, સાવય સાવીઓ ચઉવિહો સંઘો,**
**જં મણવય કાએહિં, સાઈઓ તં પિ ખામેમિ.**

(સર્વ સાધુઓની, સાધ્વીઓની, શ્રાવકોની, શ્રાવિકાઓની એમ ચતુર્વિધ શ્રી સંઘની મન, વચન કે કાયા વડે જે જે આશાતનાઓ કરી હોય તે (સર્વે) ને હું ખમાવું છું.

**આયરિય ઉવજ્ઝાએ, સીસે સાહમ્મિએ કુલ ગણે અ,**
**જે મે કેઈ કસાયા, સવ્વે તિવિહેણ ખામેમિ. ૧**
**સવ્વસ્સ સમણ સંઘસ્સ, ભગવઓ અંજલિં કરીઅ સીસે,**
**સવ્વં ખમાવઈત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ. ૨**
**સવ્વસ્સ જીવરાસિસ્સ, ભાવઓ ધમ્મ નિહિય નિયચિત્તો**
**સવ્વં ખમાવઈત્તા, ખમામિ સવ્વસ્સ અહયં પિ. ૩**

આચાર્ય, ઉપાધ્યાય, શૈક્ષ (નવ દિક્ષીત), સાધર્મિકો, કુલ અને ગણ એ સર્વ પ્રત્યે મેં જે જે કષાયો કર્યા હોય (કે કરાવ્યા હોય તેને) ત્રિવિધે (મન-વચન-કાયાથી) ખમાવું છું. (૧)

પૂજ્ય શ્રમણ સંઘને બે હાથે મસ્તકે અંજલિ કરીને સર્વની ક્ષમા માંગીને હું પણ સર્વને ખમું છું. (ક્ષમા કરું છું.) (૨)

**જરૂરી નોધ : અહિં શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘ અર્થ લેવાનો નથી. કેમકે ખામણાની શરૂઆતમાં જ પ્રથમ ચતુર્વિધ શ્રી સંઘને ખામણા કરેલ છે. અહિં "સંઘ" શબ્દમાં અત્યારે આપણી લુપ્ત થયેલી પ્રાચીન શાસન વ્યવસ્થાનો સંઘ લીધેલ છે.**

**ઓછામાં ઓછો નવ સાધુનો ૧ ગચ્છ હોય, તેમાં ૧ આચાર્ય હોય તે**

**ગચ્છાચાર્ય કહેવાય, ૧ ઉપાધ્યાય હોય તે ગચ્છ ઉપાધ્યાય કહેવાય. સ્થવિર હોય તે ગચ્છ સ્થવિર કહેવાય. આવા ૧ ગણના જુદા જુદા કુલના ઘણા ગચ્છો હોય. તે ગચ્છમાં કોઈ અનિવારીત પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે તે ગચ્છનું તે તે ગણના કોઈપણ કુલમાં વિસર્જન કરી દેવામાં આવે, આવા જે કુલો હોય તે દરેક કુલમાં ૧ આચાર્ય હોય તે કુલાચાર્ય કહેવાય. ૧ ઉપાધ્યાય હોય તે કુલોપાધ્યાય કહેવાય. સ્થવિરને કુલસ્થવિર કહેવાય. તે કુલમાં કોઈ અનિવારીત પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે તે કુલ જે ગણમાં હોય તે ગણમાં તેને વિસર્જન કરવામાં આવે. આવા જે ગણો વિચરતા હોય તેમાં ૧ આચાર્ય હોય તેને ગણાચાર્ય કહેવાય. તેમાં ૧ ઉપાધ્યાય હોય તેને ગણોપાધ્યાય કહેવાય. સ્થવિરને ગણસ્થવિર કહેવાય. આવા ગણમાં કોઈ અનિવારીત પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે તેને સંઘમાં ભેળવી દેવામાં આવે. તે સંઘમાં ૧ આચાર્ય હોય તેને સંઘાચાર્ય કહેવાય. જે ઉપાધ્યાય હોય તેને સંઘ ઉપાધ્યાય કહેવાય. સ્થવિરને સંઘસ્થવિર કહેવાય. પચીસમા તીર્થંકરરૂપ સંઘની વાત આ સંઘના સંઘાચાર્યને આશ્રયીને છે. પચીસમા તીર્થંકરરૂપ સંઘની વાતમાં શ્રાવક–શ્રાવિકા કદાપિ આવતા નથી. એટલે કે માત્ર ટ્રસ્ટી બની જનાર તો કોઈ ગણનાપાત્ર જ નથી. તેમ પૂ. સાધુ–સાધ્વીજીને ''સંઘ'' આમ કહે છે કે તેમ કહે છે અને સંઘ પચીસમો તીર્થંકર છે માટે અમે કહીએ તેમ સાધુ કે સાધ્વીએ કરવું જોઈએ તેમ કોઈ ટ્રસ્ટી માને કે બોલે તો તીવ્ર પાપકર્મ બાંધનાર અને સંઘની આશાતના કરનાર તથા સંસાર વધારનાર બને છે.**

**સાથે એ પણ નગ્ન સત્ય છે કે વર્તમાનમાં કોઈ આચાર્યને સંઘાચાર્ય બનાવાય જ નહીં. તેવી વાત કરવી પણ ખોટી છે. કેમકે પ્રાયઃ કોઈમાં તેવું તાટસ્થ્ય–સ્થિરીકરણની ભાવના દેખાતા નથી પછી ફળની આશા રખાય જ કેવી રીતે ?**

ભાવપૂર્વક મારા ચિત્તને ધર્મમાં સ્થિર કરીને જગતના સર્વે જીવોની પાસે ક્ષમા માગું છું. અને હું પણ સર્વને ક્ષમા આપું છું. (માફી માગું છું અને માફ કરૂં છું.) (૩)

**ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે,**
**મિત્તિ મે સવ્વભુએસુ, વેરં મજ્ઝ ન કેણઈ.**

હું સર્વ જીવોને ખમાવું છું. (ક્ષમા માંગુ છું.) સર્વ જીવો પણ મને માફ કરો. મારે સર્વ જીવો સાથે મૈત્રી છે, કોઈની સાથે વેર નથી.

(નોંધ : તે સાધુ-સાધ્વીને વ્યક્તિગત રીતે પણ કરેલા કષાયો યાદ કરી મનોમન ક્ષમાપના કરી લેવા સૂચવવું.)

## (૩) સમ્યક્ત્વ ઉચ્ચરાવવું :

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

**અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરુણો,**
**જિણપન્નત્તં તત્તં, ઈઅ સમ્મત્તં મએ ગહિઅં.**

‘‘જાવજ્જીવને માટે અરિહંત મારા દેવ છે, સુસાધુ મારા ગુરુ છે, જિનેશ્વરે પ્રરૂપેલ તત્ત્વ મારો ધર્મ છે.’’ એ રૂપ સમ્યક્ત્વ હું અંગીકાર કરું છું. આ ભવમાં કે ભવાંતરમાં મારા વડે જે કાંઈ મિથ્યાત્વની પ્રવૃત્તિ કરી, કરાવી, અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. આટલું કહી બિમારની સ્થિતિ મુજબ લૌકિક, લોકોત્તર મિથ્યાત્વનું વિસ્તારપૂર્વક મિચ્છા મિ દુક્કડમ્ દેવડાવવું. સુસાધુ શબ્દનો અર્થ મેં ઊંધો કરેલો હોય અને તેને કારણે હું સુસાધુ કે મારી ટુકડી અગર મારો સમુદાય કે મારો ગચ્છ અથવા અમુક વ્યક્તિ-ઉપાશ્રય-ગામ-ક્ષેત્રને માનનારા સમકિતી અને બાકીના મિથ્યાત્વી આવી અવળી માન્યતાને વશ થઈને મેં જે પાપકર્મો બાંધ્યા, બંધાવ્યા કે અનુમોદ્યા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

(આ રીતે શ્રી પંચ મંગલ (નવકાર) સહિત અરિહંતો મહદેવો ગાથા રૂપ સમ્યક્ત્વ ત્રણ વખત ઉચ્ચરાવવું.)

આ પણ વ્યવહારસમકિત છે. ખરેખર સમ્યક્ત્વ તો દર્શનસપ્તકના ઉપશમથી કે ક્ષયથી કે ક્ષયોપશમથી થાય છે.

## (૪) સર્વ વિરતિ સામાયિક ઉચરાવવી :

પૂર્વે સર્વવિરતિ સામાયિક ગ્રહણ કર્યા બાદ મારો આત્મા મન-વચન-કાયાથી અવિરતિમાં પ્રવર્તેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

મેં જે કાંઈ સાવદ્ય યોગની પ્રવૃત્તિ કરી, કરાવી કે અનુમોદી હોય, શમભાવમાં

ન રહ્યો તેનું મિચ્છા મિ દુક્કડમ્.પુનઃ મારા આત્માને સર્વ વિરતિમાં સ્થાપું છું.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

કરેમિ ભંતે ! સામાઈયં, સવ્વં સાવજ્જં જોગં પચ્ચકખામિ, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ, ન કારવેમિ, કરંતંપિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

(આ રીતે ત્રણ વખત શ્રી પંચ મંગલ (નવકાર) અને કરેમિ ભંતે રૂપ સર્વવિરતિ સામાયિક ઉચરાવવી.)

**(૫) વ્રત ઉચ્ચારવા :**

(પાંચ મહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત શ્રી પંચ મંગલ (નવકાર) બોલવાપૂર્વક ત્રણ ત્રણ વખત ઉચ્ચારવા)

*** પ્રથમ મહાવ્રત :**

હિંસા કરું નહીં, કરતાને ભલા જાણું નહીં. આ પ્રમાણે વ્રત લીધા પછી તેમજ વ્રત વગર અત્યાર સુધી જન્મ-મરણ કરતા મન-વચન-કાયાથી મેં બીજા જીવને મારી નાંખેલ હોય તથા વિવિધ રીતે ત્રાસ આપવાનું કરેલ હોય, અભિહયા-વત્તિયા-લેસિયા વિગેરે પ્રકારે દુઃખ દીધેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હિંસાનુબંધી રૌદ્રધ્યાન કરેલ, કરાવેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હું એ બધા જીવોની માફી માંગું છું. એ જીવો જ્યાં હોય ત્યાં સુખી થાય.

(પહેલું મહાવ્રત લઈને મારાથી જે કાંઈ મન-વચન-કાયાથી હિંસા થયેલી હોય, કરાવેલ હોય કે અનુમોદન કર્યું હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્ આપું છું. ફરી મારા આત્માને મહાવ્રતમાં સ્થાપન કરું છું.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

**પઢમે ભંતે મહવ્વએ પાણાઈવાયાઓ વેરમણં,**

સવ્વં ભંતે ! પાણાઈવાયં પચ્ચકખામિ, સે સુહુમં વા, બાયરં વા, તસં વા,

થાવરં વા, નેવ સયં પાણે અઈવાએજ્જા, નેવડન્નેહિં પાણે અઈવાયાવિજ્જા, પાણે અઈવાયંતેવિ અન્ને ન સમણુજાણામિ, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ. **પઢમે ભંતે મહવ્વએ ઉવટ્ઠિઓમિ સવ્વાઓ પાણાઈવાયાઓ વેરમણં.**

(શ્રી નવકાર સહિત ત્રણ વખત આ આલાવો બોલવો.)

**✻ બીજું મહાવ્રત :**

પન્નવણા સૂત્રમાં બતાવ્યા પ્રમાણે અત્યાર સુધી ભવમાં ભ્રમણ કરતા હું જે કાંઈ વિરાધની ભાષા બોલેલ હોઉં તેનું મિચ્છા મિ દુક્કડમ્. કેવળીની નજરમાં મારું બોલેલું જે વચન જુઠું હોય તેની માફી માંગું છું. અનુગ્રહબુદ્ધિ વગર જે ઉપદેશ આપેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. મૃષાનુબંધી રૌદ્રધ્યાન કર્યું-કરાવ્યું હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. (જુઠું બોલવું નહીં- બોલાવું નહીં-બોલતાને ભલો જાણું નહીં, એવું બીજું મહાવ્રત લઈને મારાથી મન-વચન-કાયાથી, કષાય કે નોકષાયને વશ થઈને તેનું જે ખંડન થયેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્ આપી ફરી મારા આત્માને બીજા મહાવ્રતમાં સ્થાપન કરૂં છું.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

**અહાવરે દોચ્ચે ભંતે ! મહવ્વએ મુસાવાયઓ વેરમણં**

સવ્વં ભંતે ! મુસાવાયં પચ્ચકખામિ,સે કોહા વા, લોહા વા, ભયા વા, હાસા વા, નેવ સયં મુસં વએજ્જા, નેવડન્નેહિં મુસં વાયાવેજ્જા મુસં વયંતે વિ અન્ને ન સમણુજાણામિ, જાવજજીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**દોચ્ચે ભંતે ! મહવ્વએ ઉવટ્ઠિઓમિ,**

**સવ્વાઓ મુસાવાયાઓ વેરમણં**

(શ્રી નવકાર સહિત ત્રણ વખત આલાવો બોલવો.)

**✻ ત્રીજું મહાવ્રત :**

સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન કર્યું, કરાવ્યું હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

(અદત્ત ગ્રહણ કરૂં નહીં, કરાવું નહીં, કરતાને ભલો જાણું નહીં એ ત્રીજું વ્રત લીધા પછી તીર્થંકર-ગુરૂ-સ્વામિ કે જીવ અદત્ત ગ્રહણ કર્યું હોય, કરાવ્યું હોય કે અદત્ત ગ્રહણ કરનારની અનુમોદના કરી હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. ફરી મારા આત્માને ત્રીજા વ્રતમાં સ્થાપન કરૂં છું.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

**અહાવરે તચ્ચે ભંતે ! મહવ્વએ અદિન્નાદાણાઓ વેરમણં,**

સવ્વં ભંતે અદિન્નાદાણં પચ્ચકખામિ, સે ગામે વા, નગરે વા, અરણ્ણે વા, અપ્પં વા બહું વા, અણું વા, થૂલં વા, ચિત્તમંતં વા, અચિત્તમંતં વા, નેવ સયં અદિન્નં ગિણ્હજ્જા નેવડન્નેહિં અદિન્નં ગિણ્હા વિજ્જા, અદિન્નં ગિણ્હંતેવિ અન્ને ન સમણુજાણામિ જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભંતે ! પડિકક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**તચ્ચે ભંતે મહવ્વએ ઉવટ્ઠિઓમિ સવ્વાઓ અદિન્નાદાણાઓ વેરમણં**

(શ્રી નવકાર સહિત આ આલાવો ત્રણ વખત કહેવો.)

**✻ ચોથું મહાવ્રત :**

અત્યાર સુધી ભવભ્રમણ કરતા મેં જે અંગક્રીડા કે અનંગક્રીડા જડ કે ચેતન સાથે મન-વચન-કાયાથી કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

પાંચે ઈન્દ્રિયોના અનુકૂળ કે પ્રતિકૂળ વિષયમાં આનંદ કે શોક કરેલ હોય તેની માફી માંગું છું. હવે પછી કોઈ ભવમાં મને જોઈને કોઈને વિકાર ન થાય તેમજ કોઈને જોઈને મને વિકાર ન થાય તેવી પરમાત્મકૃપા મળે.

(દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી મૈથુન સેવન હું કરીશ નહીં, કરાવીશ નહીં કે કરતાંને ભલો જાણીશ નહીં તે ચોથું મહાવ્રત લીધા પછી મન-વચન-કાયાથી

તેનું જે કોઈ ખંડન થયેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્ આપું છું. ફરી મારા આત્માને ચતુર્થ વ્રતમાં સ્થાપન કરૂં છું.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

**અહાવરે ચઉત્થે ભંતે ! મહવ્વએ મેહુણાઓ વેરમણં,**

સવ્વં ભંતે ! મેહુણં પચ્ચક્ખામિ, સે દિવ્વં વા, માણુસં વા, તિરિક્ખજોણિઅં વા, નેવ સયં મેહુણં સેવિજ્જા, નેવડન્નેહિં મેહુણં સેવાવિજ્જા, મેહુણં સેવંતે વિ અન્ને ન સમણુજાણામિ, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**ચઉત્થે ભંતે મહવ્વએ ઉવટ્ઠિઓમિ,**

**સવ્વાઓ મેહુણાઓ વેરમણં,**

(શ્રી નવકાર સહિત આ આલાવો ત્રણ વખત કહેવો.)

*** પાંચમું મહાવ્રત :**

ભવભ્રમણ કરતા મેં જે કાંઈ બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહ ભેગો કરેલ હોય, કરાવેલ હોય, અનુમોદેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હું તેને વોસિરાવું છું. સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન કરેલ, કરાવેલ હોય તેની માફી માંગું છં, મારા નિમિત્તે બીજા જીવે કરેલ હોય તેની માફી માંગું છું.

(૧૪ અભ્યંતર, નવ બાહ્ય પરિગ્રહથી વિરમીને મન-વચન-કાયાથી તેનું જે ખંડન થયું હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્ આપું છું. જડ કે ચેતન સંબંધી જે કાંઈ મૂર્છા કરી, કરાવી, અનુમોદી હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. ફરી મારા આત્માને પાંચમા મહાવ્રતમાં સ્થાપન કરૂં છું.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

**અહાવરે પંચમે ભંતે ! મહવ્વએ પરિગ્ગહાઓ વેરમણં,**

સવ્વં ભંતે પરિગ્ગહં પચ્ચક્ખામિ, સે અપ્પં વા, બહું વા, અણું વા, થૂલં વા, ચિત્તમંતં વા, અચિત્તમંતં વા નેવસયં પરિગ્ગહં પરિગિણ્હિજ્જા, નેવડન્નેહિં પરિગ્ગહં પરિગિણ્હાવિજ્જા, પરિગ્ગહં પરિગિણ્હંતે વિ અન્ને ન સમણુજાણામિ જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતં પિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**પંચમે ભંતે મહવ્વએ ઉવટ્ઠિઓમિ,**
**સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં.**

(શ્રી નવકાર સહિત આ આલાવો ત્રણ વખત કહેવો.)

*** છટ્ઠું વ્રત :**

(રાત્રિ ભોજન વિરમણ વ્રત લઈને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી મારાથી જે ખંડન થયેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. વિશેષે કરીને ભાવથી જે રાત્રિભોજન થયેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્ આપું છું. ફરીથી વ્રત ગ્રહણ કરૂં છું.)

કડવું-તીખું-ખારું-મીઠું-તુરું કોઈપણ રસવળો ખોરાક લેતા આનંદથી કે શોકથી, ગમાથી કે અણગમાથી ખાવું તે પણ ભાવથી રાત્રિભોજન છે. આવું રાત્રિભોજન કર્યું, કરાવ્યું હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. દ્રવ્યથી રાત્રિભોજનનો ત્યાગ કર્યો હોય અને ભાવથી રાત્રિભોજન ચાલુ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

**અહાવરે છટ્ઠે ભંતે ! વએ રાઈભોઅણાઓ વેરમણં**

સવ્વં ભંતે રાઈભોઅણં પચ્ચક્ખામિ સે અસણં વા, પાણં વા, ખાઈમં વા, સાઈમં વા, નેવ સયં રાઈભુંજિજ્જા, નેવડન્નેહિં રાઈ ભુંજાવિજ્જા, રાઈ ભુંજંતે વિ અન્ને ન સમણુજાણામિ, જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ કરંતંપિ અન્નં ન સમણુજાણામિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**છટ્ઠે ભંતે ! વએ ઉવટ્ઠિઓમિ,**
**સવ્વાઓ રાઈભોઅણાઓ વેરમણં.**

(શ્રી નવકાર પૂર્વક આ આલાવો ત્રણ વખત કહેવો.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

**ઈચ્ચેઈ યાઈ પંચ મહવ્વયાઈ, રાઈભોઅણ વેરમણ છટ્ઠાઈ**
**અત્તહિ અટ્ઠયાએ ઉવસંપજ્જિતાણં વિહરામિ.**

(આ ગાથા શ્રી નવકાર પૂર્વક ત્રણ વખત કહેવી.)

આ પ્રમાણે ફરીથી પંચમહાવ્રત અને છટ્ઠું રાત્રિભોજન વિરમણવ્રત ઉચ્ચરાવી, ઈચ્ચેઈયાઈ ગાથા સંભળાવી નિત્થારગપારગાહોહ બોલી ગુરુ ભગવંત આશીર્વાદ આપે.

(નોંધ : ગ્લાનની પરિણતી અને સંયોગો જોઈ વ્રતના આલાવાના અર્થ વિસ્તારથી પણ કહેવાય.)

ત્યાર પછી પ્રાચીન સામાચારીમાં નીચે પ્રમાણે શ્લોક છે.

**ચઉસરણં દુક્કડગરિહણં ચ, સુકડાણુમોઅણં કુણસુ,**
**સુહ ભાવણં અણસણં, પંચ નમુકાર સરણં ચ**

**(૪) ચાર શરણ ગ્રહણ કરાવવા :**

**ચત્તારિ મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,**
**સાહૂ મંગલં, કેવલિ પન્નતો ધમ્મો મંગલં.**
**ચત્તારિ લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,**
**સાહૂ લોગુત્તમા, કેવલી પન્નતો ધમ્મો લોગુત્તમો,**
**ચત્તારિ શરણં પવજ્જામિ**
**અરિહંતે શરણં પવજ્જામિ, સિદ્ધે શરણં પવજ્જામિ,**
**સાહૂ શરણં પવજ્જામિ, કેવલિ પન્નત્તં ધમ્મં શરણં પવજ્જામિ.**

આના પછી દુષ્કૃત ગર્હા, સુકૃત અનુમોદના કરાવવા તેમ વિધિપ્રપામાં જણાવેલ છે. તેમજ મૂલ સામાચારીમાં પણ છે.

## (૫) અઢાર પાપસ્થાનક વોસિરાવવા :

સવ્વં પાણાઈવાયં સવ્વં મુસાવાયં, સવ્વં અદિન્નાદાણં સવ્વં મેહુણં, સવ્વં પરિગ્ગહં, સવ્વં કોહં, સવ્વં માણં, સવ્વં માયં, સવ્વં લોભં, પિજ્જં, દોસં, કલહં, અભક્ખાણં, અરઈ-રઈ, પેસુન્નં, પરપરિવાયં, માયામોસં, મિચ્છાદંસણ-સલ્લં ચ, ઈચ્ચેઈયાઈ અટ્ઠારસ પાવઠાણાઈં જાવજ્જીવાએ તિવિહં તિવિહેણં જાવ વોસિરામિ.

સર્વ પ્રાણાતિપાત, સર્વ મૃષાવાદ, સર્વ અદત્તાદાન, સર્વ મૈથુન, સર્વ પરિગ્રહ, સર્વ ક્રોધ, સર્વ માન, સર્વ માયા, સર્વ લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, અરતિ-રતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય.

**આ અઢારે પાપસ્થાનકોને યાવજ્જીવ (જીવું ત્યાં સુધી) ત્રિવિધે ત્રિવિધે હું વોસિરાવું છું. (મારા છેલ્લા શ્વાસોચ્છ્વાસે આ શરીરને પણ વોસિરાવું છું.)**

## (૬) દુષ્કૃત ગર્હા :

કેટલા ભવની રખડપટ્ટી બાદ મળેલ સાધુપણું લઈને હું ભાન ભુલ્યો. દિક્ષા-વડી દિક્ષા-વ્રતોચ્ચારણ-પદવી-ઉપધાન વિગેરે પ્રસંગ વખતે વચ્ચે ત્રિગડામાં ભગવાન બિરાજમાન કરેલ હોય ત્યારે હું દેવાધિદેવ સામે બેઠેલ છું તે ભૂલીને ત્યાં મેં હાંસી-મજાક-ઠઠ્ઠા મશ્કરી કરેલ હોય તેની હું માફી માંગું છું. એવા સમયે વીતરાગમાં, સૂત્રોમાં, ક્રિયામાં ધ્યાન રાખવાના બદલે બીજા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા કેમ બેઠા છે - ચાલે છે-ઊભા છે વિગેરે સંબંધી રતિ અરતિ-અભ્યાખ્યાન-પિશુનતાનું સેવન કર્યું, કરાવ્યું કે અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

વીતરાગની સામે બેઠા બેઠા મોબાઈલમાં વાત કરાવી હોય તેની માફી માંગું છું. જે પ્રસંગે શ્રાવકો ત્યાં બોલી બોલીને ધનની મૂર્ચ્છા ઉતારતા હોય તે સમયે તેની અનુમોદના કરવાના બદલે માન કષાય પુષ્ટ કરેલ હોય તેની હું માફી માંગું છું. દા.ત. મારી નિશ્રામાં આટલી બોલી થઈ. મારા પ્રસંગમાં આટલી બોલી થઈ. મને આદેશ મળ્યો. હું સૂત્ર સરસ બોલ્યો. હું સ્તુતિ-સ્તવનાદિ રાગમાં બોલ્યો. લોકો ખુશ થયા. આવી રીતે હે વીતરાગ પ્રભુ ! આપની સામે બેસીને હું બોલેલ હોઉં, મનમાં વિચારેલ હોય તેની માફી માંગું છું.

શ્રી જિનેશ્વર પરમાત્માએ બતાવેલ નિત્ય ક્રિયા - જેમ કે, પ્રતિક્રમણ,

પડિલેહણ, ગૌચરી, દર્શન વિગેરેમાં શાસનના કામનું બહાનું આગળ કરીને વેઠ વાળેલ હોય તેની હું માફી માંગુ છું.

શાસન સેવાના નામે અઠવાડિક - પાક્ષિક-માસિક-દૈનિક-વિશેષાંક વિગેરે છપાવીને મારા વિચારો લોકમાનસમાં જડી દેવા મેં પ્રયત્નો કરેલ હોય, બીજાને હીણા ચીતરી મારી પ્રશંસા કરવા, કરાવવાની વૃત્તિ-પ્રવૃત્તિ કરેલ હોય તેની હું માફી માંગું છું.

બીજા પાસે ધન વાપરવાની ઈચ્છાવાળાને વાચાળતાથી ભોળવી મારા કાર્યક્રમમાં ધન વપરાવી ખુશ થયેલ હોઉં...

બીજા પાસે દિક્ષા લેનારની ખબર મળતા યેન કેન પ્રકારે મારી પાસે કે મારા સમુદાયમાં દિક્ષા કરાવેલ હોય...

કોઈની નિશ્રામાં થનાર પ્રસંગે કાવા-દાવા કરી મોટો થઈને ત્યાં બેસી ગયો હોઉં..

મારાથી મોટાની નિશ્રામાં પ્રસંગ હોય ત્યાં મેં છવાઈ જવાની પ્રવૃત્તિ કરેલ હોય...

સામુદાયિક વ્યાખ્યાનાદિ પ્રસંગે બીજા બોલનારને તોડી પાડેલ હોય..

જે વિષય હોય તે છોડીને આડા વિષય પર મારી વિચારણા લોકોમાં ઠસાવવા વ્યાખ્યાનાદિ કરેલ હોય...

હું વ્યાખ્યાન ન દઈ શકતો હોઉં અને બીજા આપનારની ઈર્ષા કરેલ હોય, તેના સાચા કે ખોટા દોષ બોલી માનહાની કરાવવા પ્રયત્ન કરેલ હોય.

મારો રાગ સારો ન હોય- બીજા સારા ગાનારની સ્તુતિ, સ્તવન, સજ્ઝાય વગેરેની નિંદા કરી હોય, ઈર્ષા કરી હોય...

હું તપ કરતો હોઉં અને બીજા ન કરનારનો તિરસ્કાર કરેલ હોય... કરાવેલ હોય,

મારાથી તપ ન થતો હોય, તપ કરનાર વધારે ખોરાક લેતા હોવાથી.... નિંદા કરી હોય... તે બધાની હું માફી માંગું છું.

સાધુપણું લીધા પછી જે જે ક્રિયા કરવાની છે તે નિર્જરા માટે છે... નિર્જરાના લક્ષને બદલે મન વગર કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્... લોકોમાં સારા દેખાવા કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.. મારૂં કે મારી ટુકડીનું કે મારા સમુદાયનું સારૂં

દેખાશે, લોકોમાં અમારા વખાણ થશે... બીજાનું નીચું દેખાશે... મારા કે મારા સમુદાયની નિશ્રામાં પ્રસંગો ઉજવાશે... મારો શિષ્ય પરિવાર વધશે... મને માનનારા શ્રાવકોના જુથનો વધારો થશે... મારી કે મારા સમુદાયની વાહ-વાહ થશે... આવી બુદ્ધિથી મેં જે કાંઈ પ્રતિક્રમણ - પડિલેહણ - ગૌચરી - વ્યાખ્યાન - અનુષ્ઠાનો - દર્શન - ભક્તિ કરેલ, કરાવેલ હોય તેનું મિચ્છા મિ દુકકડમ્.

હંમેશા ગૌચરી જતી વખતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમ ચારે પ્રકારે અભિગ્રહ લઈને ગૌચરી જવાનું છે તે અભિગ્રહ લીધા વગર ગૌચરી લાવી, વાપરી હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

આગમમાં શ્રાવકના બાહ્યતપમાં 'વૃત્તિ સંક્ષેપ' છે જ્યારે સાધુ માટે અનશન-ઉણોદરી પછી 'ભિક્ષાચર્યા' તપ જેમાં ભિક્ષા (ગૌચરી) કેમ લાવવી તેનું વર્ણન છે.

આવો ભિક્ષાચર્યા તપ મેં ન કર્યો, ન કરાવ્યો, કરનારની અનુમોદના ન કરી તેનું મિચ્છા મિ દુક્કડમ્.

મારી નિશ્રામાં થતા તપ-અનુષ્ઠાન-પ્રભાવના વિગેરેથી મને આનંદ થયો હોય પરંતુ બીજાની નિશ્રામાં તેવો જ તપ-અનુષ્ઠાન-પ્રભાવના થતા જોઈને મને આનંદ ન થયો હોય, અનુમોદના ન થઈ હોય, પાપના ઉદયે ઈર્ષા થયેલી હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

એક જ જૈનેતરે મારી નિશ્રામાં કરેલ તપની મેં અનુમોદના કરી, કરાવી હોય અને બીજે વર્ષે એ જ જૈનેતરે બીજાની નિશ્રામાં કરેલ તપને તુચ્છ ગણેલ હોય કે મિથ્યાત્વમાં ખપાવેલ હોય તે મારી ભૂલ છે, સમજણની ખામી છે તેનું મિચ્છા મિ દુક્કડમ્.

ગૌચરી ગયેલા સાધુ સાધ્વીએ ઘરમાં પ્રવેશીને શેનો જોગ છે ? મતલબ કે તમારે ત્યાં શું છે ? તેમ પૂછવાનું છે. સામે વહોરાવનાર તેના ઘેર જે હોય તે નામો બોલે. તેમાં વહોરવા જનાર સાધુ કે તેની ટુકડીમાં કોઈ વસ્તુ ન લેતા હોય કે ન વાપરતા (ખાતા) હોય તો સાધુનો આચાર કે **''મારે ખપ નથી''** તેમ બોલવું જોઈએ, તેને બદલે મારી કે મારી ટુકડી કે મારા સમુદાયની માન્યતા મુજબ આવું તો ખપે જ નહીં. સાધુને વહોરાવાય જ નહીં. બાધા લો કે આવું ખાવું નહીં અને કદાચ તમે ખાવ પણ વહોરાવવું નહીં. કોઈ સાધુ માંગે તો ના પાડી દેવી. વહોરાવો તો મરીને નરકમાં જશો.

આવું કશું હું બોલેલ હોઉં, બોલાવેલ હોય કે બોલવાની અનુમોદના કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

શ્રી ભગવતીજી સૂત્રમાં સ્પષ્ટ પાઠ છે કે ભગવન્ ! શ્રમણ-માહણ (શ્રમણના પર્યાયવાચક તરીકે માહણ શબ્દ છે) ને કોઈ શ્રાવક અનેષણીય અને અપ્રાસુક ગૌચરી વહોરાવે તો તેને શું થાય ?.. હે ગૌતમ ! શ્રમણ-માહણને અનેષણીય અને અપ્રાસુક વહોરાવતો થકો તે શ્રાવક ઘણા કર્મની નિર્જરા કરે, અલ્પ કર્મનો બંધ કરે.

આધાકર્મી વિગેરે ગૌચરીના જે દોષ વહોરનારના છે તે વહોરાવનારમાં આરોપણ કરીને મેં જે શ્રાવક-શ્રાવિકાને વહોરાવતા અટકાવેલ હોય કે અટકાવનારની અનુમોદના કરી અંતરાય કર્મ વિગેરે બાંધેલ, બંધાવેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

કોઈ શ્રાવક-શ્રાવિકા પુછે કે મહારાજ સાહેબ ! તમે અમુક વસ્તુ નથી લેતા જ્યારે બીજા સાધુ-સાધ્વી લે છે તો અમારે શું કરવું ? આવો પ્રશ્ન પુછનારને એમ સમજાવવું જોઈએ કે,

**''શ્રાવકનો આચાર દાન દેવાનો છે.''** ''ખપે કે ન ખપે તે સાધુએ નક્કી કરવાનું છે. કોઈ ખાવા માટે દિક્ષા નથી લેતું. તેમના ક્ષયોપશમ મુજબ કે દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ પ્રમાણે તેમને ખપતું હોય તો તમારે વહોરાવવું. તમને દોષ નથી, તેમજ અમુક વસ્તુ કોઈ ન વાપરે તેનાથી તે ઉચ્ચ ચારિત્રી બની જતો નથી કે કોઈ ખાવાની વસ્તુ લે તેથી શિથીલ બની જતો નથી. જે તે સમુદાયની કે ટુકડીની કે ગચ્છની માન્યતા હોય તેમ તે વર્તે છે. બાલ - ગ્લાન - તપસ્વી - બિમાર હોય તે બધા કારણે પણ ફેર પડે છે.''

**''શ્રાવકને વહોરાવવામાં લાભ છે.''** આવું સત્ય સમજાવવાને બદલે માન કષાયને વશ બનીને મારી જાતને કે મારી ટુકડીને, મારા સમુદાયને ઉચ્ચ ચારિત્રવંત દેખાડવા ન ખપે કે ન વહોરાવવું તેમ સમજાવેલ હોય તેની હું માફી માંગુ છું.''

એવી જ રીતે જ્ઞાન - તપ - ક્રિયા - અનુષ્ઠાનો - વ્યાખ્યાન - દર્શન કોઈપણમાં આવા સાધુ કે બીજી ટુકડી કે બીજો સમુદાય કે બીજા ગચ્છને હીણો ચીતરવા મેં કંઈપણ બોલેલ, બોલાવેલ, અનુમોદેલ હોય.... લખેલ, લખાવેલ, અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

૪૫ આગમ મૂળમાં સ્પષ્ટ પાઠ છે કે જે ગૃહસ્થો એક ભાણે જમતા હોય

છે તેમનામાં લાંબો કાળ સ્નેહભાવ રહે છે માટે સાધુઓએ બધા ગચ્છો જોડે સાંભોગિક (ગૌચરી - વંદન વિ.) વહેવાર કરવો જેથી પરસ્પર પ્રીતિ રહે.

કાળની અસર, માન કષાયનું જોર કે ઈર્ષા વિગેરેને વશ થઈને મેં આ પ્રમાણે સત્ય સમજાવેલ ન હોય, વિકૃત કરીને રજુ કરેલ હોય, સામાન્ય દોષ થતા તે પ્રાયશ્ચિત ન હોવા છતાં માંડલી બહાર કરેલ, કરાવેલ કે અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

શ્રાવકો દ્વારા તે તે સાધુ, સાધ્વીને અમારી હા માં હા નહીં કરો તો વેષ ઉતારી લેશું એવી ધમકી આપી, અપાવીને કે તેવી અત્યંત અધમ પ્રવૃત્તિ કરી, કરાવી કે અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

મારાથી નાના પર્યાયવાળા તેમજ મોટા પર્યાયવાળા હોય પરંતુ દેશના શક્તિ ન હોય તેમની નિશ્રામાં કોઈ દિક્ષા તપ વિગેરે હોય ત્યાં આમંત્રણે કે વગર આમંત્રણે પહોંચી અને તે નિશ્રાવાળા પૂ. સાધુ-સાધ્વીને અપમાનિત દશામાં મૂકેલ હોય, મારી વાહ, વાહ થાય તેવી વાણી-વર્તન કર્યા, કરાવ્યા, અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું. તે તે પૂ. સાધુ - સાધ્વી જ્યાં હોય ત્યાં ખૂબ યશ પામે.

ઉપદેશ દેવો તે મારો અધિકાર છે તે વાત ભૂલી જઈને મારૂં ધાર્યું કરાવવા ટ્રસ્ટીઓ - આગેવાનોને ૧૨ વ્રત - ધર્મ વિગેરે સમજાવવાને બદલે તેમની ખુશામત કરી હોય, તેમના માન કષાયને પુષ્ટ કરે તેવા વાણી - વર્તનથી મારો અને ટ્રસ્ટીઓનો સંસાર વધે તેવું કરેલ હોય તેની માફી માંગું છું.

શ્રાવક જ્યાં રહેતો હોય ત્યાં બિરાજમાન સાધુને વંદન કરવા જવું જોઈએ. તેમના ચાતુર્માસ પ્રવેશ - વિહારમાં હાજર રહેવું જોઈએ. તેમને વંદન કરવા આવનાર શ્રાવક - શ્રાવિકાને બહુમાનપૂર્વક પોતાના ઘેર લઈ જઈ ભક્તિ કરવી જોઈએ. પૂ. સાધુ - સાધ્વીને અન્ન - પાણી - વસ્ત્ર - પાત્ર - પુસ્તક વિગેરે જે ખપ હોય તે વહોરાવવું જોઈએ. ચાતુર્માસ પૂર્વે વિશેષ ધ્યાન આપવું જોઈએ.

આવો શ્રાવકાચાર સમજાવવા પ્રયત્ન ન કરેલ હોય... મારો ચોમાસાનો પ્રવેશ - વિહાર - મારી નિશ્રામાં થતાં કાર્યક્રમોમાં હાજરી આપવાનું સમજાવેલ હોય. પોતાની વાહ વાહ કરાવવાની વાતને શાસન માટે છે તેમ સમજાવેલ હોય તેની હું માફી માંગું છું.

શ્રાવકને શ્રાવક બનાવવા કે દ્રઢ કરવાને બદલે મારો વ્યક્તિરાગી કે સમુદાયરાગી બનાવેલ હોય તેની હું માફી માંગું છું.

કેવળ આહાર સંજ્ઞાને વશ બનીને, જીભની લાલસાથી મેં ગૌચરી લીધેલ હોય, વાપરેલ હોય અથવા જીભને અપસંદ ગૌચરી ન વહોરેલ હોય તેની હું માફી માંગું છું.

દિક્ષા મોક્ષ માટે લેવાની હોય છે. મોક્ષ માટે શાસ્ત્રની આજ્ઞા મહત્વની છે જેને બદલે મેં શાસ્ત્રાજ્ઞાને ઠોકર મારીને સમુદાય વ્યામોહમાં અટવાઈ જઈ ગુરૂઆજ્ઞા મુખ્ય બનાવેલ હોય, નીચેના સાધુઓને શાસ્ત્રાજ્ઞા કરતા ગુરૂઆજ્ઞા મહત્વની સમજાવેલ હોય તેની હું માફી માંગું છું.

મુકામમાં બિમાર રહેલા સાધુને વૈયાવચ્ચ - સાંત્વના દ્વારા શાતા આપવાને બદલે મેં મારા ભણવા, ભણાવવાની વૃત્તિ - પ્રવૃત્તિને મહત્વ આપેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

કદાગ્રહને વશ થઈને મેં અનુગ્રહ બુદ્ધિ છોડીને વ્યાખ્યાનાદિ કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

વીતરાગ સર્વજ્ઞ ભગવંતની આજ્ઞા વિરૂદ્ધ જે કાંઈ કર્યું, કરાવ્યું કે અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.

સામુદાયિક પ્રસંગોમાં મારૂં જ મહત્ત્વ દેખાય તેવું બોલેલ હોઉં, વર્તન કરેલું હોય. પ્રસંગ પત્યા પછી છપાવેલ હોય, પૂર્વે બનેલા પ્રસંગો જોયા કે સાંભળેલ હોય પછી તે છપાવતા મારૂં જ કે મારા વડીલો - સમુદાયનું સારૂં દેખાડી માન કષાય પોષેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

## (૭) સુકૃત અનુમોદના

આ ભવમાં કે ભવાંતરમાં ચારિત્ર લઈને મેં જે પ્રતિક્રમણાદિ ક્રિયા વિધિપૂર્વક કરેલ હોય, બીજા પૂ. સાધુ-સાધ્વી કરતા હોય તે બધાની હું અનુમોદના કરૂં છું.

મેં જ્યારે જ્યારે પણ પાટ ઉપરથી કે નીચે નિસ્પૃહતાથી, અનુગ્રહ બુદ્ધિથી શ્રી જિનકથિત તત્ત્વ સમજાવેલ હોય, બીજા કોઈપણ પૂ. સાધુ - સાધ્વી સમજાવતા હોય તે બધાની હું અનુમોદના કરૂં છું.

વૈયાવચ્ચના સ્વરૂપને સમજીને ત્રણે કાળમાં જે પૂ. સાધુ - સાધ્વી વૈયાવચ્ચ કરે છે, મેં જે વૈયાવચ્ચ કરેલ હોય તેની હું અનુમોદના કરૂં છું.

આવા હુંડા અવસર્પિણી કાળમાં ચારિત્ર પ્રાપ્ત કરે છે તેને ધન્ય છે. ચારિત્ર લઈને સંજોગો હોવા છતાં જે શ્રમણ-શ્રમણી જેટલી વાર સ્વપ્રશંસા કે પરનિંદા કરતા નથી. મેં જ્યારે જ્યારે સંજોગો હોવા છતાં સ્વપ્રશંસા-પરનિંદા કરેલ ન હોય તેની હું વારંવાર અનુમોદના કરૂં છું. પરપ્રશંસા - સ્વનિંદા કરેલ હોય તેની અનુમોદના.

ભાવથી રાત્રિભોજન ત્યાગ કરનારા અર્થાત્ ઈંગાલ અને ધુમ્ર દોષ વર્જનારા એટલે કે ખારૂં - ખાટું - કડવું - મીઠું ગમે તે રસવાળો ખોરાક લેતા આનંદ કે શોક નહીં કરનારા આ પાંચમા આરાના ભરત-ઐરાવતના પૂ. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની હું અનુમોદના કરૂં છું. તેમનું જીવન ધન્ય છે.

થયેલ કષાયના વારંવાર પશ્ચાત્તાપ કરનારા જીવોની હું અનુમોદના કરૂં છું.

મોક્ષ માટે દિક્ષા લીધેલ - મોક્ષે જવા પ્રયત્ન કરતા - કરાવતા ગમે તે સમુદાય - ગચ્છ - ફિરકાના પૂ. સાધુ-સાધ્વીને જોતાની સાથે આનંદ અનુભવતા - તેમને 'મત્થએણ વંદામિ' કહેતા પૂ.સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની હું અનુમોદના કરૂં છું.

સ્વપક્ષ તથા પરપક્ષ તરફથી થતા ઉપસર્ગ- પરિષહને જે સાધુ-સાધ્વી આનંદપૂર્વક સહન કરે છે તેની હું અનુમોદના કરૂં છું.

જે પરપક્ષ સહન ન કરી શકતા હોય પરંતુ સ્વપક્ષના થતા ઉપસર્ગ-પરિષહને પ્રસન્નતાપૂર્વક સહન કરે છે તેની હું અનુમોદના કરૂં છું.

શરીરની વિષમ પરિસ્થિતિમાં પણ જે પૂ. સાધુ-સાધ્વી ભણવા-ભણાવવાનું પ્રસન્નતાપૂર્વક કરે છે તેની હું અનુમોદના કરૂં છું.

શરીરના વિદ્રોહ સામે વીર્ય ફોરવીને જે પ્રસન્નતાપૂર્વક તપશ્ચર્યા કરે છે તેની હું અનુમોદના કરૂં છું.

શરીરની વિપરીત સ્થિતિમાં જે સાધુ-સાધ્વી પરમાત્મ ભક્તિ તન્મયતાથી કરે છે તેની હું અનુમોદના કરૂં છું.

અત્યારના વિષમ સંયોગોમાં શ્રી જિન કથિત વાતને એક બાજુ રાખીને પોત-પોતાના ગુરૂઓની માન્યતામાં રહેલા કદાગ્રહીઓની જે જીવો ભાવદયા ચિંતવે છે તેની હું અનુમોદના કરૂં છું.

વ્યક્તિવાદ-સમુદાયવાદ-ગચ્છવાદ મોક્ષ પમાડનાર નથી પરંતુ સંસાર વધારનાર છે એવું સમજીને ગુણાનુરાગી બનનાર સત્ત્વના ખપી બનનાર પૂ. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની અનુમોદના કરૂં છું.

**સુકૃત અનુમોદના કરનાર ત્રણે કાળના જે જે જીવો પોતાને મળેલ મન-વચન-કાયાના યોગોને સફળ કરે છે તે ધન્ય છે. તે કૃતપુન્ય છે, તેમની હું વારંવાર મન-વચન-કાયાથી અનુમોદના કરૂં છું. તેના પ્રભાવે મારૂં જીવન પણ મને મળેલા મન-વચન-કાયાના યોગો દ્વારા બીજાના સુકૃતોની અનુમોદના કરનારૂં બને.**

## (૮) શુભ ભાવના

છદ્મસ્થપણામાં વિચરતા તીર્થંકર પાસે દિક્ષા લઈને તેની ગૌચરી-પાણી લાવી ભક્તિ કરું તેવો અવસર મને ક્યારે મળશે ?

શુન્ય સ્થાનોમાં- સ્મશાનમાં-પર્વતમાળામાં નિર્ભયપણે ધ્યાન ધરતો હું ક્યારે વિચરીશ ?

ગમે તેવા ઉપસર્ગ-પરિષહ દેનાર પ્રત્યે મનથી પણ તેનું બુરૂં નહીં ચિંતવતા તેના ભલાની ભાવના કરતો હું ક્યારે વિચરીશ ?

નમો તિત્થસ્સ કહીને દ્વાદશાંગીને વંદન કરતા ભાવ તીર્થંકરોને ધ્યાનમાં લઈ માત્ર ને માત્ર નિર્જરા બુદ્ધિથી દ્વાદશાંગીનું અધ્યયન કરનાર, કરાવનાર હું ક્યારે બનીશ ?

કોઈપણ જીવના નાનામાં નાના ગુણની અનુમોદના કરતો તથા મારા નાનામાં નાના દોષની નિંદા-ગર્હા કરતો હું ક્યારે વિચરીશ ?

સ્વ-પર જીવની ભાવદયા ચિંતવતો હું ક્યારે વિચરીશ ?

અશુભ કર્મોના ઉદયથી દુઃખી થતા જીવોની દયા ચિંતવતો હું અશુભ કર્મ બાંધનારને તિરસ્કારને બદલે કરૂણાપૂર્વક નિહાળનાર ક્યારે બનીશ ?

ઘાતી-અઘાતી સર્વ ખપાવી સિદ્ધિ ગતિને હું ક્યારે પામીશ ?

દેવ ગતિ પ્રાપ્ત થાય તો ત્યાં જઈને શાશ્વતા બધા જિનોના હું ચૈત્યવંદન કરું... વિચરતા તીર્થંકરોની વિવિધ પ્રકારે ભક્તિ કરું ... એક વખત સંપૂર્ણ

સમવસરણ હું બનાવું... ઉત્તમાર્થની આરાધના કરનારને કશા જ ઉપસર્ગ - પરિષહ ન થાય તેનું ધ્યાન રાખું... ગિરનાર તીર્થ પર ભાવિ ચોવીશી મોક્ષે જનાર છે તે ભાવિ ચોવીશીના ૨૪ જિનનું મંદિર બાંધુ... ગિરનારની યાત્રા જનારની તમામ તકલીફો દુર કરૂં... કોઈપણ ભવનું બીજાનું દેવું હોય તે ચુકવી દઉં.

જગતમાં કોઈ જીવોને કોઈ જીવો સાથે વૈરભાવ ન રહો.

બધા જીવોને બધા જીવો જોડે મૈત્રીભાવ રહો.

કોઈપણ ભવનું કોઈપણ પ્રકારનું કોઈપણ જીવને મારૂ દેવું હોય તો હું તેને માફ કરૂં છું.

મારા નિમિત્તે કોઈ જીવ દુઃખી ન થાય.

મારા નિમિત્તે કોઈપણ જીવે જે કર્મબંધ કરેલ હોય તે માત્ર પશ્ચાત્તાપથી તેને નાશ પામે પરંતુ કોઈપણ શારીરિક-માનસિક પીડા તેને ભોગવવી ન પડે.

મારી સાથે માયા-કપટ કરનાર, મારા પ્રત્યે ઈર્ષા-દ્વેષ રાખનાર જીવો ખૂબ સુખી થાય, ક્ષાયિક ચારિત્ર પામે, મોક્ષે જાય.

આવશ્યક ક્રિયાદિમાં સૂત્રો બોલનારા કોઈની જાહેરમાં કાંઈ ભૂલ ન થાય... જીવનના અંત સુધી હું બીજા સાધુની ભક્તિ કરનારો બનું... મોક્ષે ન પહોચું ત્યાં સુધી દરેક ભવમાં હું સ્વાશ્રયી રહું... બીજા પાસે કામ કરાવવાની વૃત્તિ મને કદી ન થાય.. પરાર્થકરણનો વિચાર કરીને હું સદા પરોપકાર કરવાની ભાવના વાળો રહું.

કોઈપણ ભવમાં મને બીજા છેતરે તોપણ હું કોઈને છેતરનાર ન બનું.

## (૯) અનશન (આહાર ત્યાગ)

(નોંધ : વર્તમાન કાળે વિશિષ્ટ જ્ઞાની પુરુષોનો અભાવ વર્તે છે. ગ્લાનાદિ પણ સંથારો લેવા માટે તેવા સંઘયણ-સામર્થ્ય ધરાવતા નથી માટે સાગારી અનશન કરાવવું.)

### (૧) મુટ્ઠિસહિયં પચ્ચકખાણ :

જન્મ-મરણ કરતા મેં જે અભક્ષ્યનું ભક્ષણ કરેલ (ખાધેલ) હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. ભક્ષ્યનું ભક્ષણ (ખાવાનું) રાગ-દ્વેષપૂર્વક કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

હવે પછી રાગ-દ્વેષ વગર ખાવાની કોશિષ કરનારો બનું. મૃત્યુ પહેલાં ચારે આહારનો ત્યાગ કરનારો બનું.

મુટ્ઠસિ પચ્ચક્ખાણ કરાવવાથી ચારે આહારના ત્યાગરૂપ અનશનનો લાભ મળે છે. તેમજ જ્યારે કંઈ પણ વપરાવવું હોય ત્યારે તેટલા સમય માટે પચ્ચક્ખાણ પળાવી શકાય છે. મુટ્ઠસિ પચ્ચક્ખાણ લેવા માટે બોલવું.

મુટ્ઠિસહિયં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ. (વોસિરામિ)

મુટ્ઠસિ પચ્ચક્ખાણ પારવા માટે (અંગુઠો અંદર રાખી ઉપર ચાર આંગળી વાળવી પછી હાથ નીચે રાખીને) એક નવકાર ગણવો.

મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં, પાલિઅં, સોહિઅં, તિરિઅં, કિટ્ટિઅં, આરાહિઅં, જં ચ ન આરાહિઅં, તસ્સ મિચ્છા મિ દુક્કડમ્. પછી એક નવકાર ગણવો. (વાપરવાનું પતી જાય ત્યારે ફરી મુટ્ઠસિ પચ્ચક્ખાણ કરાવવું.)

**(૨) અમુક સમય માટે આહાર ત્યાગ કરાવવો.**

(જેમ કે બે કલાક કશું વાપરવું નહીં અથવા દવા-પાણી સિવાય બીજું કંઈ ન લેવું) આ પ્રકારનો ''ધારણા-અભિગ્રહ'' કરાવવો.

**(૩) ભવચરિમં સાગાર-અનશન :**

માંદગીની તીવ્રતા હોય, બચે કે ન બચે તેવી સ્થિતિ લાગે ત્યારે સાગાર-અનશન કરાવાય.

ભવચરિમં સાગારં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) ચઉવિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં, અઈઅં નિંદામિ પડિપુન્નં સંવરેમિ અણાગયં પચ્ચક્ખામિ અરિહંતસક્ખિયં સિદ્ધસક્ખિયં સાહૂસક્ખિયં દેવસક્ખિયં અપ્પસક્ખિયં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ. (વોસિરામિ)

**છેવટના સમયના આ અનશનમાં ઘણા લોકોને તકલીફ પડે છે. જો જીવનમાં સાજી, સારી સ્થિતિમાં, યુવાનીમાં મીઠાઈ, ફરસાણ વિગેરે ખાવા-પીવાની ચીજો છોડવાની ટેવ પાડેલ હોય તો છેલ્લે વાંધો આવતો**

**નથી. દા.ત. પોતાના જન્મ દિવસે અથવા બેસતા વર્ષે એક એક ચીજ જીવનભર અથવા એક વર્ષ માટે છોડવાની ટેવ પાડે તેમજ રોજ ખાતી વખતે એક ભાવતી ચીજ છોડવાની ટેવ પાડે તો અંત સમયે તકલીફ રહે નહિ.**

**કેટલાય પૂજ્ય સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ આયંબીલ, ઉપવાસ કરે છે તે ધ્યાનમાં રહે તો ખાવાની લાલસા છોડવી સહેલી બને.**

## (૧૦) છેવટે નવકાર સંભળાવવો ચાલુ રાખવો :

તદ્ન અંત સમયનો ખ્યાલ આવે તો માત્ર પ્રથમ સંપદા ''નમો અરિહંતાણં'' બોલતા રહેવું. ૐ ન લગાડવો. (આ પ્રમાણેની વિધિ સામાચારી પ્રતમાં જણાવેલી છે. તે સાધુ-સાધ્વીજી મહારાજોને અંતિમ આરાધના માટે ખાસ ઉપયોગમાં લેવી.)

તદ્ન અભાન અવસ્થા કે શુદ્ધિ ન હોય ત્યારે આ વિધિ ન કરાવતાં માત્ર નવકાર સંભળાવવો- ચાલુ રાખવો. થોડો પણ ઉપયોગ ભાગ્ય યોગે રહે તો તે આત્મા પંચ પરમેષ્ઠિના સ્મરણપૂર્વક દેહનો ત્યાગ કરી શકે. સદ્ગતિ થાય.

અવસરોચિત વૈરાગ્યાદિનો ઉપદેશ આપવો અથવા ભાવવાહી સ્તવન, સજ્ઝાયાદિ સંભળાવવાં. બિમારના અભ્યાસ મુજબ સંસ્કૃત સ્તોત્ર-શ્લોકો સંભળાવવા. હાજર રહેલાઓએ શક્ય હોય તે આરાધનાઓ તેમના નિમિત્તે કરવાનું કહેવું. બિમારને જે સાંભળતાં ચિત્તની સ્થિરતા રહે તેવું સંભળાવવું. સમય સંજોગ પ્રમાણે સુકૃત અનુમોદના-દુષ્કૃત ગર્હા વિસ્તારથી કરાવવા. તેની પાસે જન્મ જરા મરણ જલે વિગેરે ઉત્તરાધ્યયન કે મરણ સમાધિ, આઉર પચ્ચકખાણ, મહા પચ્ચકખાણ, સંથારગ, ચંદાવિજય, ભક્તપરિજ્ઞા, ચઉશરણ પયન્નો કે ઋષિભાષિતાનિ શુભ અધ્યવસાય માટે વાંચવા.

## સાધુ-સાધ્વી : કાળધર્મ વિધિ

❖ સાધુ-સાધ્વી કાળ કરે કે તુરંત ત્યાંથી સ્થાપનાચાર્યજી તથા કાળ પામનારનું રજોહરણ (ઓઘો) બીજે સ્થળે લઈ જવાં, કોઈના પણ સ્થાપનાચાર્યજી મૃતક પાસે રાખવા નહીં.

❖ શક્ય હોય તો પ્રથમથી જ સ્થાપનાચાર્યજી બીજે મૂકવા.

❖ કાળ કર્યા પહેલાં જો ખ્યાલ આવી જાય તો પ્રથમથી જ વધારાની ઉપધિ દૂર લઈ જવી.

❖ જીવ જાય ત્યારે મૃતક સાથે રહી હોય તે ઉપધિ દૂર કરવી.

❖ મૃતકના માથા પાસે જમીનમાં લોઢાની ખીલી મારવી.

❖ ઉપધિમાંના ગરમ વસ્ત્રો, કામળી, સંથારિયું આદિને ગોમૂત્ર છાંટીને શુદ્ધ કરવાં અને બાકીની સુતરાઉ ઉપધિને શ્રાવક દ્વારા ગરમ પાણી કે અચિત્ત પાણીમાં ભીંજાવી નંખાવવી.

(નોંધ : વર્તમાન પરંપરામાં મૃતકને વોસિરાવી સ્નાન કરાવે ત્યારે જ શરીર પરનાં વસ્ત્રો દૂર કરાય છે. સુતરાઉ વસ્ત્રો ફાડીને પરઠવી દેવાય છે.)

**આ વિધિમાં સામુદાચિક મતમતાંતર હોય તો વ્યામોહ કરવો નહિ. પરંતુ પોતાના સમુદાયની માન્યતા પ્રમાણે ક્રિયા કરવી.**

## સાધુ-સાધ્વી કાળ કરે ત્યારે વોસિરાવવાની વિધિ

**(આ વિધિ બધા સાધુ-સાધ્વીએ મુખપાઠ રાખવી જોઈએ)**

વડીલ સાધુ (અથવા કોઈ પણ એક સાધુ) મૃતક પાસે આવી ત્યાં દાંડો સ્થાપી ખમાસમણ દેવું અને ઈરિયાવહી પડિક્કમવી. ત્યાર પછી નીચે મુજબ બોલવું.

**કોટી ગણ-વયરી શાખા-ચાન્દ્રકુલ**

❖ **આચાર્ય શ્રી વિજયસિંહસૂરિજી** (અથવા પોતાના સમુદાયના આચાર્ય શ્રી તથા વર્તમાન વડીલ આચાર્ય ગચ્છાધિપતિનું નામ બોલવું.)

❖ **ઉપાધ્યાય શ્રી સકલચંદ્રજી** (અથવા પોતાના સમુદાયના વર્તમાન (જીવંત) વડીલ ઉપાધ્યાયશ્રીનું નામ લેવું.)

❖ અમુક (કાળધર્મ પામનારના ગુરૂનું કે ગુરૂણીનું નામ બોલવું.)
શ્રી ના શિષ્ય કે શિષ્યા (અમુક) શ્રી (અહીં મૃત સાધુ કે સાધ્વીનું નામ બોલવું.)

મહાપારિટ્ઠાવણિઆએ કરેમિ કાઉસ્સગ્ગં અન્નત્થ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. ત્યાર પછી પ્રગટ નવકાર કહેવો. પછી મૃતકના મસ્તક પર વાસ-ક્ષેપ કરતાં કરતાં

**વોસિરે-વોસિરે-વોસિરે કહેવું.**

❖ સાધુ-સાધ્વી ભગવંતે પ્રતિક્રમણ કરવાનું હોય અને મૃતક પડેલું હોય તો જુદા સ્થાને પ્રતિક્રમણ કરવું. તેમ ન થઈ શકે તેવું હોય તો છેવટે તે રૂમમાં જ પડદો રાખીને પ્રતિક્રમણ મનમાં કરવું.

❖ જો ગૃહસ્થ હાજર ન હોય અને મૃતકને વોસિરાવતા પહેલાં રાત્રિના જાગવું પડે તો પ્રૌઢ અને ધીર સાધુએ જાગવું. માત્રક (કુંડી)માં માત્રુ પાસે રાખવું. જો કદાચિત્ મૃતક (મડદું) ઊભું થાય તો ડાબા હાથમાં માત્રુ લઈ.

**બુજ્ઝ બુજ્ઝ બુજ્ઝગા કહી મૃતક પર છાંટવું.**

## વોસિરાવ્યા બાદ શ્રાવકે કરવાનું કર્તવ્ય

❖ મૃતકનાં મસ્તક દાઢી-મૂછના વાળનું મુંડન કરાવવું.

❖ હાથની છેલ્લી આંગળીના ટેરવાનો છેદ કરવો.

❖ હાથ-પગના આંગળાને સફેદ સૂતરથી બંધ કરવો.

❖ ત્યાર પછી એક કથરોટમાં મૃતકને બેસાડીને કાચા પાણી વડે સ્નાન કરાવવું.

❖ નવા સુંવાળા કપડાથી મૃતકનું શરીર લૂંછવું.

❖ સુખડ-કેસર-બરાસથી મૃતકના શરીરને વિલેપન કરવું.

❖ જો સાધુ હોય તો મૃતકને નવો ચોલપટ્ટો પહેરાવી, તેના ઉપર નવો કંદોરો બાંધવો.

❖ નવો કપડો પહેરાવવો. તે કપડાના ચાર છેડે તથા મધ્યમાં કેસરના અવળા સાથિયા કરવા.

❖ કપડા સિવાયના અન્ય ચોલપટ્ટો વગેરે બીજાં વસ્ત્રોને માત્ર કેસરના છાંટણાં કરવાં. જો (પાલખી) માંડવી બનાવી હોય તો બેસાડવાની જગ્યાએ આટા (લોટ)નો અવળો સાથિયો કરી મૃતકને બેસાડી શરીરને માંડવી સાથે બરાબર બાંધવું.

❖ જો (પાલખી) માંડવીને બદલે નનામી હોય તો એક મજબૂત કપડાનો ઉત્તરપટ્ટો પાથરીને વચ્ચે આટાનો અવળો સાથિયો કરી મૃતકને સુવડાવવું.

❖ જો સાધ્વીનું મૃતક હોય તો શ્રાવિકાઓએ ઉપર પહેરાવવાના કપડાને ચાર ખૂણે અને મધ્યમાં કેસરથી અવળા સાથિયા કરવા તેમજ બીજાં વસ્ત્રોને કેસરનાં છાંટણા કરવા.

❖ નીચે પહેલા નાવના આકારે લંગોટ પહેરાવવો.

- ❖ અથવા કપડાંના ચૌદ પડ કરી લંગોટ બાંધવો.
- ❖ તેની ઉપર જંઘા સુધીનો લેંઘો પહેરાવવો.
- ❖ તેની ઉપર પગની ઘૂંટી સુધીનો લેંઘો પહેરાવી ઉપર કેડના ભાગે કંદોરો બાંધવો.
- ❖ તેની ઉપર પગની પાની સુધીનો લાંબો સાડો પહેરાવી ઉપર દોરી બાંધવી.
- ❖ કંચુઆને સ્થાને પહેલાં કપડાંનો પાટો વીંટવો.
- ❖ તેની ઉપર કંચુઓ પહેરાવવો. પછી કપડો ઓઢાડવો.
- ❖ જો નનામીમાં સુવડાવે તો પગની પાની ઢંકાય તેટલો લાંબો કપડો ઓઢાડવો. મુખ ખુલ્લું રાખવું.
- ❖ મૃતકને નનામી કે માંડવીમાં જ્યાં પધરાવે ત્યાં પણ માથાની પાસે લોઢાની ખીલી જમીનમાં મારવી.
- ❖ મૃતકની જમણી બાજુએ ચરવળી અને મુહપત્તી મૂકવાં.
- ❖ મૃતકની ડાબી બાજુ એક લાડુ સહિતની ખંડિત પાત્રાવાળી ઝોળી મૂકવી.
- ❖ સાધુ-સાધ્વી જે સમય કાળધર્મ પામેલા હોય તે વખતનું નક્ષત્ર જોવું (અથવા જાણકારને પૂછવું.)
- ❖ જો રોહિણી-વિશાખા-પુનવર્સુ-ઉત્તરષાઢા-ઉત્તરાફાલ્ગુની-ઉત્તરા ભાદ્રપદ આ છ પૈકી કોઈ એક નક્ષત્ર હોય તો મૃતકની બાજુમાં ઘાસના બે સૂકા પૂતળાં બનાવીને મૂકવા. ઘાસ ન મળે તો સાવરણીના બે ટુકડા કરી + શ્રવી નિશાની મુજબ બાંધી દેવાથી પૂતળુ થઈ જશે.
- ❖ જો કાળધર્મ વખતે જ્યેષ્ઠા-આર્દ્રા-સ્વાતિ-શતભિષેક-ભરણી-આશ્લેષા-અભિજિત્ એમાંનું કોઈ એક નક્ષત્ર હોય તો પૂતળું મૂકવું નહી.
- ❖ જો કાળધર્મ વખતે ઉપર જણાવેલા તેર નક્ષત્ર સિવાયનાં પંદર નક્ષત્રમાંનું કોઈ એક નક્ષત્ર હોય તો એક પૂતળું મૂકવું.
- ❖ જેટલાં પૂતળાં મૂકવાનાં થાય તે પ્રત્યેક પૂતળા દીઠ એક ચરવળી, એક મુહપત્તિ અને લાડુ સહિતની ખંડિત પાત્રાવાળી એક ઝોળી મૂકવી.
- ❖ (પરંપરાનુસાર મૃતકનાં મુખ-કાન વગેરેમાં રૂ નાખવું જેથી લાંબો સમય રહે તો જીવડા વગેરે પ્રવેશે નહીં.)
- ❖ કાળ કરેલ સાધુ કે સાધ્વીને મુહપત્તિ મુખે બાંધવાની માન્યતા કોઈક સમુદાયમાં છે.

- ❖ નનામી અથવા પાલખી (માંડવી). જે હોય તેને જરીયન કપડા વગેરેથી સારી રીતે શણગારવી.
- ❖ મૃતકને સારી રીતે નનામી કે પાલખીમાં બાંધવું. પછી તેની ઉપર વાસ-ક્ષેપ કરવો.
- ❖ સારી રીતે શણગારેલી પાલખી કે નનામીને શુભ મુહૂર્તે ઉપાડીને લઈ જવી.
- ❖ જો નનામી હોય તો પહેલાં આગળ પગ અને પાછળ માથું રહે તે રીતે ઉપાડવું.
- ❖ મૃતકને લઈ જતી વખતે રુદન કરવું નહીં પણ મહોત્સવપૂર્વક વાજિંત્રના નાદ સહિત લઈ જવું.
- ❖ ત્રાંબાના વાસણમાં (દોણીમાં) અગ્નિ (સળગતું છાણું) લઈ એક શ્રાવકે આગળ ચાલવું.
- ❖ મૃતકની આગળ રૂપાનાણું- બદામ ચોખા વગેરે ઉછાળતા ચાલવું અને ''જય જય નંદા-જય જય ભદ્દા'' બોલતાં બોલતાં જવું.
- ❖ સર્વ શ્રાવક સમુદાયે ધીમે જયણાપૂર્વક ચાલવું.
- ❖ નનામી કે પાલખીને સારી જગ્યાએ - જીવરહિત ભૂમિમાં કે નક્કી કરેલા યોગ્ય સ્થળે લઈ જવી.
- ❖ અગ્નિસંસ્કાર ભૂમિની પ્રથમ પ્રમાર્જના કરવી.
- ❖ ચંદન વગેરે ઉત્તમ કાષ્ઠમાં શુદ્ધ ઘી વગેરે નાખવા પૂર્વક અગ્નિસંસ્કાર કરવો.
- ❖ સંપૂર્ણ રાખ થયા પછી તેને જળાશય વગેરે યોગ્ય સ્થળે પરઠવવી.
- ❖ શ્રાવકોએ સ્નાન કરી પવિત્ર થઈ ઉપાશ્રયે આવવું. સમુદાય સાથે ગુરુમુખે- સંતિકરં કે લઘુશાન્તિ માંગલિક સાંભળી કાળધર્મ પામેલ સાધુ-સાધ્વીના ગુણો તથા અનિત્યતાદિનો ઉપદેશ સાંભળવો. પછી શાન્તિસ્નાત્રાદિ અટ્ઠાઈ મહોત્સવ કરવો.

## સાધુ-સાધ્વી કાળ કરે ત્યારે આવશ્યક સામાનની સૂચિ

- ❖ લાડવાના ડોઘલા (નાના માટીના ઘડા જેમાં લાડવા રાખી રસ્તામાં કૂતરાને આપે છે.)
- ❖ વાંસની દીવીઓ - ૪. (વાંસડાના ઉપર ભાગે ચાર ફાડીયા જેમાં વાટકા કે કોડિયા રહી શકે.)

❖ તેમાં રાખવા માટેના પિત્તળના વાટકા કે કોડિયા ચાર.
❖ દેવતા - સળગતું છાણું.
❖ કન્દ્રુપ-ધૂપ કિલો એક. (અથવા જરૂર પ્રમાણે)
❖ સૂતર- કિલો એક (મૃતકને બાંધવા માટે)
❖ બદામ (ઉછાળવા માટે)
❖ ટોપરા (અગ્નિ પ્રગટાવવા માટે - જો ચોમાસું હોય કે ભેજવાળા લાકડા હોય તો વધારે લાવવું.)
❖ પૂંજણી - બે (લાકડાં-ભૂમિ પૂંજીને ચિતામાં ગોઠવવા માટે).
❖ નનામી માટેનો સામાન.
❖ જો પાલખી બનાવવાની હોય તો -
  * લાંબા મોટા જાડા બે વાંસડા (વળી)
  * આ વાંસડા પાલખી સિવાય આગળ પાછળ-પાંચ પાંચ માણસો ઉપાડીને ચાલી શકે તેટલા લાંબા લેવા કેમ કે પાલખી વજનદાર હોવાથી ઉપાડનારને વાંધો ન આવે.)
  * ચાર બાજુના વાંસડા
  * ચાર થાંભલી માટેના વાંસડા
  * ચારે તરફની કમાનો માટેના વાંસ
  * ઉપરની ઘુમટી માટે વાંસની પટ્ટીઓ
  * લાલ કપડું તથા સોનેરી જરીયન કપડું
  * પાંચ સોનેરી કપડાની બનાવેલ ધજા
  * અંદરનું માદરપાટ કે સફેદ કપડું
  * થાંભલીને વીંટવા કસૂંબો કે જરીયન કપડું
  * મૃતકને બેસાડવાનું પાટિયું
  * ચાર થાંભલી ઉપર મૂકવાની લોટી કે કળશ
❖ છાણાં અને લાકડાનાં ખપાટિયાં (આવશ્યકતા મુજબ)
❖ ખોડા ઢોરની ગાડી (વર્તમાનકાળે લારી રખાય છે. જેમાં જુવાર કે બાજરીનાં ભરેલાં પીપ મુકાય છે અને ગરીબોને અપાય છે.

❖ બરાસ, કેસર, સોનારૂપાનાં ફૂલ, છૂટા પૈસા.
❖ કથરોટ કે તપેલું અથવા કૂંડી (ચોખા-બદામ-નાણું વગેરે ઉછાળવા માટે)
❖ જુવાર અથવા બાજરી (ગરીબોને આપવા માટે)
❖ સુખડ (ચિતામાં મૂકવા માટે)
❖ રાળ (અગ્નિ પ્રગટાવવા માટે)
❖ ગુલાલ (રસ્તામાં ઉછાળવા માટે)
❖ લાલ નાડાછડી (બાંધવા માટે)
❖ તાંબા કે પિત્તળની હાંડી કે દેઘડું (દોણી માટે)
(શ્રાવકો માટે : સ્મશાને ગયા પછી શબ જોડે રહેલ હોવાથી અપવિત્ર થયેલ લાલ કસુંબો કે જરીયનનું કપડું સાચવીને ઉતારી લઈ પૂ. ગુરૂ ભગવંતને આપવું. ગુરૂ ભગવંત તેને ગોમુત્ર સોનાપાણી તથા વાસ-ક્ષેપથી પવિત્ર કરે પછી ઘેર લઈ જવું. સીધું સ્મશાનમાંથી લઈ જવાથી લાભને બદલે નુકશાન થાય તે ધ્યાનમાં રાખવું. પૂ. ગુરૂ ભગવંતે પણ સ્મશાને જાય ત્યારે આ વાત બરાબર ભાર દઈને સમજાવવી.)

## કાળધર્મ પછીની દેવવંદનાદિ વિધિ

❖ પાલખી કે નનામી લઈ ગયા બાદ –
  * ઉપાશ્રયમાં ગૌમૂત્ર છાંટવું.
  * મૃતક પધરાવેલ હોય ત્યાં સોનાપાણી કરેલ અચિત્ત પાણી વડે ભૂમિ શુદ્ધ કરવી.
  * સાધુ કે સાધ્વીએ કાળ કર્યો હોય ત્યાં લોટનો અવળો સાથિયો કરવો.
❖ કાળધર્મ પામનારના શિષ્ય (કે શિષ્યા) અથવા સૌથી ઓછા દીક્ષા પર્યાયવાળા સાધુ (કે સાધ્વી) એ અવળો વેષ પહેરવો. ઓઘો પણ જમણા ખભા નીચે રાખે.
❖ પછી દ્વાર તરફથી અંદરની બાજુએ (અવળો) કાજો લેવો. કાજામાં લોટનો સાથિયો પણ લઈ લેવો.
❖ કાજો પરઠવવાની વિધિરૂપે ઈરિયાવહી પડિક્કમવી.
❖ ઈરિયાવહી કરીને કાજો પરઠવવો.

## અવળા દેવવંદન વિધિ – (તેની વિધિ)

- ❖ અવળો વેશ પહેરીને ઊભા ઊભા પહેલા કલ્લાણ કંદં ની એક થોય કહેવી.
- ❖ એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો.
- ❖ અન્નત્થ કહી.
- ❖ અરિહંત ચેઈઆણં કહેવું. પછી ચૈત્યવંદન મુદ્રાએ બેસીને
- ❖ જયવિયરાય, ઉવસગ્ગહરં,
- ❖ નમોર્‌હત્‌, જાવંત કે વિ સાહૂ,
- ❖ ખમાસમણ, જાવંતિ ચેઈયાઈ,
- ❖ નમુત્થુણં, જંકિંચિ,
- ❖ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન,
- ❖ ત્યાર પછી ખમાસમણ દઈને ઊભા થઈને લોગસ્સ કહેવો.
- ❖ પછી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.
- ❖ પછી અન્નત્થ, તસ્સઉત્તરી, ઈરિયાવહી, કહીને ખમાસમણ દેવું.
- ❖ છેવટે અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડમ્‌ દેવું.
- ❖ વેશ સવળો પહેરી લેવો.

## સકળ શ્રી સંઘે કરવાના દેવવંદનની વિધિ

- ❖ નાણની ચારે તરફ એક એક અને નાણની નીચે એક એમ કુલ પાંચ સ્વસ્તિક (ચોખાના) કરી તેની ઉપર શ્રીફળ પધરાવવા.
- ❖ જો સાધુ ભગવંત કાળધર્મ પામેલા હોય તો સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘે સાથે દેવવંદન કરવું.
- ❖ જો સાધ્વીજી કાળધર્મ પામે તો ત્યાં રહેલાં બધાં સાધ્વીજી અને શ્રાવિકાએ દેવવંદન કરવું.

## દેવવંદન વિધિ

### પ્રથમ બધા સાધુ ભગવંતે

❖ ચોલપટ્ટાનો છેડો, મુહપત્તિનો છેડો, કંદોરો, ઓઘાનો દોરો અને ઓઘાની દશી એ ત્રણેનો છેડો-એમ કુલ પાંચ વસ્તુને - ગૌમૂત્ર અથવા સોનાવાણી પાણીમાં સહેજ બોળીને શુદ્ધિ કરવી.

**(ત્યાર પછી સામુદાયિક દેવવંદન કરવું.)**

❖ ખમાસમણ દઈ-ઈરિયાવહી પડિક્કમીને સકલ સંઘ સાથે દેવવંદનનો આરંભ કરવો.

❖ ત્રણે ચૈત્યવંદનો શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં કહેવાં.

❖ પ્રથમ થોયનાં જોડામાં સંસારદાવા થોય કહેવી.

❖ બીજા થોયનાં જોડામાં સ્નાતસ્યાની થોય કહેવી.

❖ સ્તવનને સ્થાને અજિતશાન્તિ કહેવી પણ તેમાં રાગ કાઢવો નહીં. ગદ્ય માફક બોલવું. **આ રીતે દેવવંદન વિધિ કર્યા પછી**
ખમાસમણ દઈ

❖ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ક્ષુદ્રોપદ્રવ ઓહડાવણત્થં કાઉસ્સગ્ગં કરું ? (કહી આદેશ માંગવો)

❖ ઈચ્છં, ક્ષુદ્રોપદ્રવ ઓહડાવણત્થં કરેમિ કાઉસ્સગ્ગં (કહી) અન્નત્થ. (બોલવું.)

❖ ચાર લોગસ્સનો (સાગરવરગંભિરા સુધીનો) કાઉસ્સગ્ગ (કરવો)

❖ (કાઉસ્સગ્ગ પારીને ત્યાં બીરાજમાન વડીલે) નમોર્‌હત્ (બોલી નીચેની સ્તુતિ કહેવી)

**સર્વે યક્ષામ્બિકાદ્યા યે, વૈયાવૃત્યકરાઃ સુરાઃ,**
**ક્ષુદ્રોપદ્રવ સંઘાતં, તે દ્રુતં દ્રાવયન્તુ નઃ**

❖ (આ સ્તુતિ બોલ્યા પછી કોઈ એકે તુરંત જ) બૃહચ્છાન્તિ (મોટી શાન્તિ કહેવી)

❖ (પછી બધાંએ) કાયોત્સર્ગ પારવો

❖ પ્રગટ લોગસ્સ (કહેવો) (લોગસ્સ પછી કોઈ સમુદાયમાં અહીં ''સંતિકરં'' બોલે છે. સ્તુતિ ત્રણ વાર બોલે છે. ચૈત્યવંદન શાંતિનાથનું પણ બોલે છે. તે જોઈને વ્યામોહ નહીં કરવો.)

❖ ખમાસમણ (દઈ) અવિધિ આશાતના મિચ્છા મિ દુક્કડમ્ (દેવું)

❖ દેવવંદન કર્યા પછી બધા જ સાધુઓને દીક્ષા પર્યાયના ક્રમાનુસાર વંદન કરવું. (વર્તમાનમાં માત્ર એક જ વડીલને વંદન કરાય છે.)

❖ વડીલશ્રીના મુખેથી કાળધર્મ પામનારની સંયમ આરાધના, ગુણો તથા સમાધિ વગેરેનું વર્ણન સાંભળવું. કૃતજ્ઞ ભાવે આરાધનામાં સવિશેષ ઉદ્યમવંત થવું.

❖ બહારગામથી સ્વસામાચારીવાળા સાધુ-સાધ્વીના કાળધર્મના સમાચાર આવે ત્યારે

❖ સાધુ ભગવંતના કાળધર્મમાં ચતુર્વિધ સંઘે દેવવંદન કરવું.

❖ સાધ્વીજીના કાળધર્મમાં સાધ્વી તથા શ્રાવિકાએ દેવ વંદન કરવું. ઉપર મુજબ દેવવંદન કરવું.

## શ્રાવક અંતિમ આરાધના

❖ પૂર્વતરકાલીન પૂ. આચાર્ય ભગવંત રચિત પ્રાચીન સામાચારીના ૧૯ મા દ્વારમાં ઉત્તમાર્થની આરાધના સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકો ઉદ્દેશીને લખેલી છે તેનો આધાર લઈને શ્રાવક-શ્રાવિકાને આશ્રયીને આ બનાવેલ છે.

❖ આ આરાધના વારંવાર કરવા જેવી છે. જેથી અંત સમયે કોઈ આરાધના કરાવનાર મળે કે ન મળે તો પણ પોતાની મેળે કરી શકે તેમજ અવસરે પૂ. ગુરૂ ભગવંતનો યોગ ન મળે તો બીજાને પણ કરાવી શકે.

❖ ઘણા સમયથી માંદગી ચાલુ હોય, પથારીવશ હોય, છેલ્લી સ્થિતિ જેવું જણાતું હોય પરંતુ ભાન હોય, આંખ-કાન બરાબર કામ કરતા હોય ત્યારે આ આરાધના પૂ. ગુરૂ ભગવંતને બોલાવીને અવશ્ય કરાવવી. પૂ. ગુરૂ ભગવંત ન આવી શકે તેમ હોય કે ગેરહાજર હોય તો કોઈ પણ શ્રાવક-શ્રાવિકા આ આરાધના કરાવી શકે.

❖ જે દિવસે આરાધના કરવાની હોય તે દિવસે ચતુર્વિધ શ્રીસંઘને પોતાને ત્યાં પધારવા વિનંતી કરીને બોલાવે.

❖ પૂ. ગુરૂ ભગવંત ચૂર્ણ મંત્રી ''**ઉત્તમટ્ઠ આરાહણત્થં વાસનિક્ખેવં કરેહ (કરેમિ)**'' કહીને તે આરાધકના મસ્તકે સુગંધી ચૂર્ણ (વાસક્ષેપ) નાખે.

❖ પૂ. ગુરૂ ભગવંત ચતુર્વિધ શ્રીસંઘ સહિત ગ્લાન સાથે જિન પ્રતિમાજી સન્મુખ

રહીને જે ભગવંતના પ્રતિમાજી હોય તે ભગવંતની સ્તુતિ, ચૈત્યવંદન, સ્તવન, થોય બોલવાપૂર્વક ચૈત્યવંદન કરે - કરાવે.

(જો પ્રતિમાજી ન લાવી શકે તેમ હોય તો ભગવાનના ફોટા સામે કે સ્થાપનાચાર્યજી સ્થાપીને કરાવે.)

**ખૂબ જ ધ્યાનમાં આપવા લાયક નોંધ** : ભગવાનની પ્રતિમા ઘરે ન લવાય. આ એક જ પ્રસંગે ઘેર ભગવાન લાવવાની વાત છે.

આજે એક મહા અસત્ય-અનિષ્ટ શ્વેતાંબર મંદિરમાર્ગીઓમાં પ્રવેશેલુ છે જે ઉધઈની જેમ વધતું જ જાય છે.

નવા મકાનમાં પ્રવેશ પહેલા ઘેર ભગવાન લાવીને સ્નાત્ર ભણાવાય છે જે વીતરાગ પ્રભુની આશાતના છે.

ભગવાનની પ્રતિમા કદી ઘેર ન લવાય.

આપણે ભગવાન પાસે જવાનું હોય, કેટલાક સુખી ગૃહસ્થો માંદગી વગેરે અવસ્થામાં દહેરાસરજીમાંથી ઘેર ભગવાન મંગાવીને પૂજા-દર્શન કરે પછી ભગવાન પાછા દહેરાસરજીમાં લઈ જાય છે તે તદ્દન ખોટું છે. આશાતના છે.

સ્નાત્ર દહેરાસરજીમાં ભણાવીને તેનું ન્હવણજળ (નમણ) ઘેર દિવાલો પર છાંટી દેવાનું, પરંતુ ભગવાન ઘેર લાવવા નહીં.

### * ભગવંત સમક્ષ બોલવાની સ્તુતિઓ *

મન હરણ કરનારી પ્રભુ જે, મૂરતિ દેખે તાહરી,
સંસાર તાપ મિટાવનારી, મૂરતિ વંદે તાહરી,
ચારિત્ર લક્ષ્મી આપનારી, મૂરતિ પૂજે તાહરી,
ત્રણ જગતમાં છે ધન્ય તેહને, વંદના પ્રભુ માહરી. ૧
આનંદ આજે ઉપન્યો, પ્રભુ મુખ જોતા આપનું,
ક્ષણવારમાં નીકળી ગયું,જે મોહ કેરા પાપનું,
પ્રભુ નયન તારા નીરખતા, અમીધારાને વરસી રહ્યા,
મુજ હૈયામાંહે હર્ષ કેરી, વેલડી સિંચી રહ્યા. ૨
દ્વેષીજનો કરી શું શકે, જો ચિત્તમાં શાંતિ વસે,
શું પ્રેમ ધરનારા કરે, જો ખેદ મનથી ના ખસે,
તુજ વાણીએ મુજ ચિત્તમાં, પ્રભુ દર્શને સ્થિરતા કરે,

તો કર્મ કેરા ભાર શું છે, મુજ હૃદયથી ના ખરે ? ૩

## * ચૈત્યવંદનની વિધિ *

(ત્રણ સ્તુતિ બોલ્યા પછી ખમાસમણ દેવું)

ઈચ્છા મિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

(ખમાસમણ દઈ નીચે મુજબ ઈરિયાવહી કરવી)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં. (૧) ઈરિયાવહિયાએ, વિરાહણાએ. (૨) ગમણાગમણે. (૩) પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કણે, ઓસાઉત્તિંગ-પણગ-દગ-મટ્ટી-મક્કડા સંતાણા સંકમણે. (૪) જે મે જીવા વિરાહિયા. (૫) એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા. (૬) અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં. (૭)

તસ્સ ઉત્તરી કરણેણં, પાયચ્છિત્ત કરણેણં, વિસોહી કરણેણં, વિસલ્લી કરણેણં, પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં. (૧)

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. (૧) સુહુમેહિં અંગ સંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. (૨) એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો, અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩) જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ. (૪) તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ. (૫)

(આટલું સૂત્ર બોલી એક લોગસ્સ અને લોગસ્સ સૂત્ર ન આવડતું હોય તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો.)

(કાઉસ્સગ્ગ પૂરો થયે 'નમો અરિહંતાણં' બોલી બે હાથ જોડી નીચે મુજબ લોગસ્સ સૂત્ર બોલવું.)

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે ।
અરિહંતે કિત્તઈસ્સં ચઉવિસંપિ કેવલી ।।-૧

ઉસભ મજિઅં ચ વન્દે, સંભવમભિણંદણં ચ સુમઇં ચ ।
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ।।-૨
સુવિહિં ચ પુપ્ફદંતં, સિઅલ સિજ્જંસ વાસુપૂજ્જં ચ ।
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ।।-૩
કુથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ ।
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ।।-૪
એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા ।
ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ।।-૫
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા ।
આરુગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ।।-૬
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા ।
સાગરવર ગંભિરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ।।-૭

(લોગસ્સ સૂત્ર બોલ્યા પછી નીચે મુજબ ત્રણ ખમાસમણ દેવા) ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ (ત્રણ વખત)

પછી ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ?

(ઈચ્છં... કહી.. નીચે મુજબ ચૈત્યવંદન કરવું)

સકલ કુશલ વલ્લી પુષ્કરાવર્ત મેઘો
દુરિત તિમિર ભાનુઃ કલ્પ વૃક્ષોપમાનઃ
ભવજલનિધિ પોતઃ સર્વસંપત્તિ હેતુઃ
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ

## * ચૈત્યવંદન *

તુજ મૂરતિને નીરખવા, મુજ નયણા તરસે,
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરખે. ૧
કાયા અતિ આનંદ મુજ, તુમ પદ યુગ ફરસે,
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે. ૨
એમ જાણીને સાહિબા, નેક નજર મોહે જોય,
જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તે શું જેહ નવિ હોય. ૩

(આ પ્રમાણે ચૈત્યવંદન કર્યા પછી જંકિચિ-નમુત્થુણં વગેરે સૂત્રો નીચે આપ્યા છે તે બોલવા.)

જંકિચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઇં જિણ બિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ ।

નમુત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, (૧) આઈગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં. (૨) પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં. (૩) લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. (૪) અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં. (૫) ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં.(૬) અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિયટ્ટછઉમાણં. (૭) જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. (૮) સવ્વન્નૂણં, સવ્વ-દરિસીણં, સિવ-મયલ-મરૂઅ-મણંત મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ સિદ્ધિ ગઈ નામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં જિઅભયાણં. (૯)

જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિડણાગએ કાલે,
સંપઇઅ-વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. (૧)
જાવંતિ ચેઇઆઇં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ,
સવ્વાઇં તાંઈ વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં. (૧)
ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ મત્થએણ વંદામિ.
જાવંત કેવિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં. (૧)
નમોર્હત્-સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્યઃ

## * સ્તવન *

જિણંદા પ્યારા, મુણિંદા પ્યારા,
દેખો રે જિણંદા ભગવાન દેખો રે જિણંદા પ્યારા.
સુંદર રૂપ સ્વરૂપ બિરાજે, જગનાયક ભગવાન. દેખો... ૧
દરસ સરસ નીરખ્યો જિનજીકો, દાયક ચતુર સુજાણ. દેખો... ૨

શોક સંતાપ મીટ્યો અબ મેરો, પાયો અવિચલ ભાણ. દેખો... ૩
સફળ ભઈ મેરી આજુકી ઘડીયા, સફળ ભયે નૈનો પ્રાણ. દેખો... ૪
દરિશણ દેખ મીટ્યો દુ:ખ મેરો, આનંદઘન અવતાર. દેખો... ૫

(સ્તવન બોલ્યા પછી જયવીયરાય સૂત્ર બોલવું.)

જયવીયરાય જગગુરૂ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં;
ભવનિવ્વેઓ, મગ્ગાણુસારિયા, ઇટ્ઠફલસિદ્ધિ. (૧)
લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરૂજણ પૂઆ, પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો, તવ્વયણસેવણા આભવમખંડા. (૨)
વારિજ્જઈજઈવિ નિયાણબંધણં, વીયરાય તુહસમએ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવેભવે તુમ્હ ચલણાણં. (૩)
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામ કરણેણં. (૪)
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણં;
પ્રધાનં સર્વ ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. (૫)

અરિહંત ચેઇઆણં કરેમિ કાઉસ્સગ્ગં. (૧) વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ સક્કારવત્તિયાએ, સમ્માણવત્તિયાએ, બોહિલાભવત્તિયાએ, નિરુવ્વસગ્ગવત્તિયાએ, (૨) સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં. (૩)

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. (૧) સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં. (૨) એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો. (૩) જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ. (૪) તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ. (૫)

(આ પ્રમાણે બોલી ૧ નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી 'નમો અરિહંતાણં' - 'નમોર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય:' બોલી નીચેની થોય કહેવી.)

*** થોય ***

હરિવંશ વખાણું, જીમ વયરાગિરિ ખાણ,
જીહાં રત્ન અમૂલક, નેમિનાથ જગભાણ,

લઘુવય બ્રહ્મચારી, જગિ રાખ્યા ખીઆત,
પહોંતા પંચમગતિ, કર્મ હણિ ઘનઘાત.
(આ રીતે થોય બોલીને ખમાસમણું દેવું)
ઈચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ મત્થએણ વંદામિ.

❖ **ચૈત્યવંદન પૂર્ણ થયા પછી નીચે મુજબ પાંચ કાઉસ્સગ્ગ કરે.**

(૧) **શ્રી શાંતિનાથ આરાધનાર્થે કરેમિ કાઉસ્સગ્ગં...વંદણવત્તિયાએ... અન્નત્થ** કહીને એક લોગસ્સનો સાગરવર ગંભીરા સુધી કાઉસ્સગ્ગ કરે. લોગસ્સ ન આવડે તો ચાર નવકાર ગણે. **નમો અરિહંતાણં** બોલીને કાઉસ્સગ્ગ પારીને **નમોર્‌હત્** કહી નીચે મુજબ થોય બોલે.
**શ્રી શાન્તિઃ શ્રુતશાન્તિઃ પ્રશાન્તિકોશાવશાન્તિમુપશાન્તિં,**
**નયતુ સદા યસ્ય પદાઃ, સુશાન્તિદાઃ સન્તુ સન્તિ જને.**

(૨) પછી **શ્રી શાસનદેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં... અન્નત્થ** કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરે. નમો અરિહંતાણં બોલીને પારે પછી **નમોર્‌હત્** કહી નીચે મુજબ થોય બોલે.
**ઉપસર્ગ વલય વિલયન્, નિરતા જિનશાસનાવનૈકરતા,**
**દ્રુતમિહ સમીહિત, કૃતેસ્યુ શાસન દેવતા ભવતામ્.**

(૩) પછી **શ્રી ક્ષેત્રદેવતા આરાધનાર્થે કરેમિ કાઉસ્સગ્ગં... અન્નત્થ** કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરે. નમો અરિહંતાણં બોલીને પારે પછી **નમોર્‌હત્** કહી નીચે મુજબ થોય બોલે.
**યસ્યાઃ ક્ષેત્રં સમાશ્રિત્ય, સાધુભિઃ સાધ્યતે ક્રિયા,**
**સા ક્ષેત્ર દેવતા નિત્યં, ભુયાન્નઃ સુખદાયિની.**

(૪) પછી **શ્રી ભવનદેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં... અન્નત્થ** કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરે. **નમો અરિહંતાણં** બોલીને પારે પછી **નમોર્‌હત્** કહી નીચે મુજબ થોય બોલે.
**જ્ઞાનાદિ ગુણયુતાનાં, નિત્યં સ્વાધ્યાયસંયમરતાનામ્,**
**વિદધાતુ ભવણદેવી, શિવં સદા સર્વ સાધુનામ્.**

(૫) પછી **સમસ્ત વૈયાવચ્ચગરાણં સંતિગરાણં સમ્મદિટ્ઠિ સમાહિગરાણં**

**કરેમિ કાઉસ્સગ્ગં... અન્નત્થ** કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરે. **નમો અરિહંતાણં** બોલીને પારે પછી **નમોર્હત્** કહી નીચે મુજબ થોય બોલે.

**સંઘેડત્રયે ગુરૂ ગુણૌઘનિધે સુવૈયાવૃત્યાદિકૃત્યકરણૈક નિબદ્ધ કક્ષાઃ,**
**તે શાન્તયે સહ ભવન્તુ સુરાસુરિભિઃ,**
**સદ્દષ્ટયો નિખિલ વિઘ્ન વિઘાત દક્ષાઃ,**

**ઉપર મુજબ પાંચ કાઉસ્સગ્ગ કર્યા પછી નમુત્થુણં**

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં, (૧) આઈગરાણં, તિત્થયરાણં, સયં-સંબુદ્ધાણં, (૨) પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરીઆણં, પુરિસવરગંધહત્થીણં, (૩) લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં, (૪) અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, (૫) ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં, (૬) અપ્પડિહય-વરનાણદંસણધરાણં, વિયટ્ટછઉમાણં, (૭) જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં (૮) સવ્વનૂણં, સવ્વહરિસીણં, સિવ-મયલ-મરૂઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં જિઅભયાણં. (૯)

જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિડણાગએ કાલે
સંપઈઅવટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. (૧)

**પછી અજિત શાંતિ બોલે.**

અજિઅં જિઅસવ્વભયં, સંતિં ચ પસંતસવ્વગયપાવં,
જયગુરૂ સંતિગુણકરે, દોવિ જિણવરે પણિવયામિ. ગાહા. (૧)
વવગયમંગુલભાવે, તે હં વિઉલતવનિમ્મલસહાવે;
નિરુવમમહપ્પભાવે, થોસામિ સુદિટ્ઠસબ્ભાવે. ગાહા. (૨)
સવ્વદુક્ખપ્પસંતિણં, સવ્વપાવપ્પસંતિણં;
સયા અજિઅસંતીણં, નમો અજિઅસંતિણં. સિલોગો. (૩)

અજિયજિણ ! સુહપ્પવત્તણં, તવ પુરિસુત્તમ ! નામકિત્તણં;
તહ ય ધિઈમઈપ્પવત્તણં,
તવ ય જિણુત્તમ ! સંતિ ! કિત્તણં ! માગહિઆ. (૪)
કિરિઆવિહિસંચિઅકમ્મકિલેસવિમુકખયરં,
અજિઅં નિચિઅં ચ ગુણેહિંમહામુણિ-સિદ્ધિગયં;
અજિઅસ્સ ય સંતિમહામુણિણો વિ અ સંતિકરં,
સયયં મમ નિવ્વુઇકારણયં ચ નમંસણયં આલિંગણયં. (૫)
પુરિસા ! જઈ દુકખવારણં, જઇ અ વિમગ્ગહ સુકખકારણં;
અજિઅં સંતિં ચ ભાવઓ, અભયકરે સરણં પવજ્જહા. માગહિઆ. (૬)
અરઈરઈતિમિરવિરહિઅમુવરયજરમરણં,
સુરઅસુરગુરુલભુયગવઈપયયપણિવઈઅં;
અજિઅમહમવિ અ સુનયનયનિઉણમભયકરં,
સરણમુવસરિઅ ભુવિદિવિજમહિઅં સયયમુવણમે, સંગયયં. (૭)
તં ચ જિણુત્તમમુત્તમ-નિત્તમ-સત્ત-ધરં,
અજ્જવ-મદ્દવ-ખંતિ-વિમુત્તિ-સમાહિ-નિહિં;
સંતિકરં પણમામિ દમુત્તમ-તિત્થયરં,
સંતિ-મુણી મમ સંતિ-સમાહિ-વરં દિસઉ, સોવાણયં. (૮)
સાવત્થિ-પુવ્વ-પત્થિવ ચ વર-હત્થિ-મત્થય-પસત્થ-વિત્થિન્ન-સંથિઅં;
થિર-સરિચ્છ-વચ્છં મય-ગલ-લીલાયમાણ-
વરગંધ-હત્થિ-પત્થાણ-પત્થિયં સંથવારિહં;
હત્થિ-હત્થ-બાહું ધતં-કણગ-રુઅગ-નિરુવહય-પિંજર,
પવર-લકખણોવચિઅ-સોમ-ચારુરૂવં;
સુઇ-સુહ-મણા-ઽભિરામ-પરમ-રમણિજ્જ-
વર-દેવ-દુંદુહિ-નિનાય-મહુર-યર-સુહ-ગિરં. વેડ્ઢઓ. (૯)
અ-જિઅં જિઆરિગણં, જિઅ-સવ્વ-ભયં ભવોહ-રિઉં;
પણમામિ અહં પયઓ, પાવં પસમેઉ મે ભયવં. રાસાલુદ્ધઓ. (૧૦)

કુરુ-જણ-વય-હત્થિણા-ઉર-નરીસરો પઢમં
તઓ મહા-ચક્કવટ્ટિ-ભોએ મહ-પ્પભાવો;
જો બાવત્તરિ-પુર-વર-સહસ્સ-વર-નગર-નિગમ-જણ-વય-વઈ,
બત્તીસા-રાય-વરસહસ્સા-ડણુયાય-મગ્ગો.
ચઉ-દસ વર-રયણ-નવ-મહા-નિહિ-
ચઉ-સટ્ઠિ-સહસ્સ-પવર-જુવઈણ સુંદર-વઈ;
ચુલસી-હય-ગય રહ-સય-સહસ્સ-સામી,
છન્નવઇ-ગામકોડિ-સામી આસી જો ભારહમ્મિ ભયવં, વેડ્ઢઓ. (૧૧)
તં સંતિં સંતિ-કરં સંતિણ્ણં સવ્વ-ભયા;
સંતિં થુણામિ જિણં; સંતિં વિહેઉ મે. રાસાડડનંદિઅયં. (૧૨)
ઈક્ખાગ ! વિદેહ-નરીસર ! નરવસહા ! મુણિ-વસહા !,
નવ-સારય-સસિ-સકલાણણ ! વિગય-તમા વિહુઅ-રયા !
અજિઉત્તમ-તેઅ-ગુણેહિં મહામુણિ, અ-મિઅ-બલા ! વિઉલ-કુલા !
પણમામિ તે ભવ-ભય-મૂરણ ! જગ-સરણા ! મમ સરણં. ચિત્તલેહા. (૧૩)
દેવદાણવિંદ-ચંદ-સૂર-વંદ ! હટ્ઠ-તુટ્ઠ-જિટ્ઠ-પરમ-લટ્ઠ-રૂવ !
ધંત-રુપ્પ-પટ્ટ-સેઅ-સુદ્ધ-નિદ્ધ-ધવલ, દંત પંતિ !
સંતિ ! સત્તિ-કિત્તિ-મુત્તિ-જુત્તિ-ગુત્તિ-પવર !, દિત્ત-તેઅ ! વંદ ? ધેય
સવ્વ-લોઅ-ભાવિઅપ્પભાવ ? ણેઅ ? પઇસ મે સમાહિં. નારાયઓ. (૧૪)
વિમલ-સસિ-કલાઈરેઅ-સોમં, વિતિમિર-સૂરકરાઈરેઅ-તેઅં;
તિઅસ-વઈ-ગણાઈરેઅ-રૂવં, ધરણિધર-પ્પવરાઈરેઅ-સારં. કુસુમલયા. (૧૫)
સત્તે અ સયા અજિઅં, સારીરે અ બલે અજિઅં;
તવ સંજમે અ અજિઅં, એસ થુણામિ જિણં અજિઅં. ભુઅગ-પરિ-રિંગિઅં.(૧૬)
સોમ-ગુણેહિં પાવઇ ન તં નવ-સરય-સસી,
તેઅ-ગુણેહિં પાવઇ ન તં નવ-સરય-રવી;
રૂવ-ગુણેહિં પાવઇ ન તં તિઅસ ગણ-વઈ,
સાર-ગુણેહિં પાવઇ ન તં ધરણિધર-વઈ. ખિજ્જિઅયં. (૧૭)

તિત્થ-વર-પવત્તયં, તમ રય-રહિઅં,
ધીર-જણથુઅચ્ચિઅં ચુઅ-કલિ-કલુસં;
સંતિ-સુહપ્પવત્તયં, તિ-ગરણ-પયઓ,
સંતિમહં મહા-મુણિ સરણમુવણમે. લલિઅયં. (૧૮)
વિણઓણય-સિર-રઇઅંજલિરિસિ-ગણ-સંથુઅં થિમિઅં,
વિબુહાહિવ-ધણ-વઇ-નર-વઇ-થુઅ-મહિ-અચ્ચિઅં બહુસો;
અઇરુગ્ગય-સરય-દિવાયર-સમહિઅ-સપ્પભં તવસા,
ગયણંગણ-વિયરણ-સમુહિઅ-ચારણ-વંદિઅં સિરસા. કિસલયમાલા. (૧૯)
અસુર-ગરુલ-પરિવંદિઅં, કિન્નરોરગ-નમંસિઅં;
દેવ-કોડિ-સય-સંથુઅં, સમણ-સંઘ-પરિવંદિઅં. સુમુહં. (૨૦)
અભયં અણહં અરયં, અરુયં,
અજિઅં અજિઅં પયઓ પણમે, વિજ્જુવિલસિઅં. (૨૧)
આગયા-વર-વિમાણ-દિવ્વ-કણગ-રહ-તુરય-પહકર-સએહિં હુલિઅં;
સ-સંભમોઅરણ-ખુભિઅ-લુલિઅ-ચલ-કુંડલંગય-તિરીડ-
સોહંત-મઉલિ-માલા. વેડ્ઢઓ. (૨૨)
જં સુર-સંઘા સાસુર-સંઘા, વેર-વિઉત્તા ભત્તિ-સુ-જુત્તા,
આયર-ભૂસિઅ-સંભમ-પિંડિઅ-સુટ્ઠુ-સુવિમ્હિઅ-સવ્વ-બલોઘા;
ઉત્તમ-કંચણ-રયણ-પરૂવિઅ-ભાસુર-ભૂસણ-ભાસૂરિઅંગા,
ગાય-સમોણય-ભત્તિ-વસાગય-પંજલીપેસિઅ સીસ-પણામા. રયણમાલા.(૨૩)
વંદિઊણ થોઊણ તો જિણં, તિ-ગુણમેવ ય પુણો પયાહિણં;
પણમિઊણ ય જિણં સુરાસુરા, પુમુઇઆ સ-ભવણાઇં તો ગયા. ખિત્તયં.(૨૪)
તં મહા-મુણિમહંપિ પંજલી, રાગ-દોસ-ભય-મોહ-વજ્જિઅં;
દેવ-દાણવ-નરિંદ-વંદિઅં, સંતિ-મુત્તમં મહા-તવં નમે. ખિત્તયં. (૨૫)
અંબરંતર-વિઆરણિઆહિં લલિઅ-હંસ-વહુ ગામિણિઆહિં;
પીણ-સોણિ-થણ-સાલિણિઆહિં,
સકલ-કમલ-દલ-લોઅણિઆહિં. દીવયં. (૨૬)
પીણ-નિરંતર-થણ-ભર-વિણમિય-ગાયલયાહિં,
મણિ-કંચણ-પસિઢિલમેહલ-સોહિઅ-સોણિતડાહિં;

વર-ખિંખિણિ-નેઉર-સ તિલય-વલયવિભૂસણિઆહિં,
રઇ-કર-ચઉર-મણોહર-સુંદર-દંસણિઆહિં. ચિત્તક્ખરા. (૨૭)
દેવસુંદરીહિં પાયવંદિઆહિં વંદિઆ ય જસ્સ તે સુ-વિક્કમા કમા,
અપ્પણો નિડાલએહિં મંડણોડ્ડણપ્પગારએહિં કેહિં કેહિં વિ;
અવંગ-તિલય-પત્તલેહ-નામએહિં ચિલ્લએહિં સંગયં ગયાહિં,
ભત્તિ-સન્નિવિટ્ઠ-વંદણાગયાહિં હુંતિ તે વંદિઆ પુણો પુણો. નારાયઓ. (૨૮)
તમહં જિણચંદં, અ-જિઅં જિઅ-મોહં;
ધુઅ-સવ્વ-કિલેસં, પયઓ પણમામિ. નંદિઅયં. (૨૯)
થુઅ-વંદિઅયસ્સા રિસિ-ગણ-દેવ-ગણેહિં,
તો દેવ-વહુહિં પયઓ પણમિઅસ્સા;
જસ્સ જગુત્તમ સાસણઅસ્સા, ભત્તિ-વસાગય-પિંડિઅયાહિં
દેવ-વરચ્છરસા-બહુઆહિં, સુર-વર-રઇ-ગુણ પંડિઅયાહિં. ભાસુરયં. (૩૦)
વંસ-સદ્દ-તંતિ-તાલ-મેલિએ, તિ-ઉક્ખરાભિરામ-સદ્દ-મીસએ કએ અ;
સુઈ-સમાણ-ણે અ-સુદ્ધ-સજ્જ-ગીય-પાય-જાલ-ઘંટિઆહિં;
વલય-મેહલા-કલાવ-નેઉરાભિરામ-સદ્દ-મીસએ કએ અ,
દેવ-નટ્ટિઆહિં હાવ-ભાવ-વિબ્ભમ-પ્પગારએહિં
નચ્ચિઊણ અંગ-હારએહિં વંદિઆ ય જસ્સ તે સુ-વિક્કમા કમા;
તયં તિ લોય-સવ્વ-સત્ત-સંતિકારયં,
પસંત-સવ્વ-પાવ-દોસમેસ હં નમામિ સંતિમુત્તમં જિણં. નારાયઓ. (૩૧)
છત્ત-ચામર-પડાગ-જૂઅ-જવ-મંડિઆ,
ઝય-વર-મગર-તુરય-સિરિવચ્છ-સુ-લંછણા;
દીવ-સમુદ્દ-મંદર-દિસા-ગય-સોહિઆ,
સત્થિઅ-વસહ-સીહ-રહ-ચક્ક-વરંકિયા. લલિઅયં. (૩૨)
સહાવ-લટ્ઠા સમ-પ્પઇટ્ઠા, અ-દોસ-દુટ્ઠા ગુણેહિં જિટ્ઠા,
પસાય-સિટ્ઠા, તવેણ પુટ્ઠા, સિરીહિં ઈચ્છા રિસીહિં જુટ્ઠા.
વાણવાસિઆ. (૩૩)
તે તવેણ ધુઅ-સવ્વ-પાવયા, સવ્વ-લોઅ-હિઅ-મૂલ-પાવયા-
સંથુઆ અ-જિય-સંતિ-પાયયા, હુંતુ મે સિવ-સુહાણ દાયયા. અપરાંતિકા. (૩૪)

એવં તવ બલ-વિઉલં; થુઅં મએ અજિઅ-સંતિ-જિણ-જુઅલં;
વવગય-કમ્મ-રય-મલં, ગઈં ગયં સાસયં વિઉલં. ગાહા. (૩૫)
તં બહુ-ગુણ-પ્પસાયં, મુક્ખ-સુહેણ પરમેણ અવિસાયં;
નાસેઉ મે વિસાયં; કુણઉ અ પરિસા વિ અપ્પસાયં. ગાહા. (૩૬)
તં મોએઉ અ નંદિં, પાવેઉ અ નંદિસેણમભિનંદિં;
પરિસા વિ અ સુહ-નંદિં, મમ ય દિસઉ સંજમે નંદિં. ગાહા. (૩૭)
પક્ખિઅ-ચાઉમ્માસિઅ-સંવચ્છરિએ અવસ્સ-ભણિઅવ્વો,
સોઅવ્વો સવ્વેહિં, ઉવસગ્ગ-નિવારણો એસો. (૩૮)
જો પઢઈ જો અ નિસુણઈ, ઉભઓ કાલંપિ અજિઅ-સંતિ-થયં;
ન હુ હુંતિ તસ્સ રોગા, પુવ્વુપ્પન્ના વિ ણાસંતિ. (૩૯)
જઇ ઇચ્છહ પરમ-પયં, અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે;
તો તે-લુક્કુદ્ધરણે, જિણ-વયણે આયરં કુણહ. (૪૦)

(૬) પછી આરાધનાની અધિષ્ઠાયિકા દેવીનો કાઉસ્સગ્ગ કરવા નાચે પ્રમાણે બોલે. **શ્રી આરાધના દેવતા આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં... અન્નત્થ** કહી ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે. (લોગસ્સ 'સાગરવર ગંભીરા' સુધી ગણવા, લોગસ્સ ન આવડે તો ૧૬ નવકારનો કાઉસ્સગ્ગ કરવો.) **નમો અરિહંતાણં** બોલીને પારે પછી **નમોર્હત્** કહી નીચે મુજબ થોય બોલે.

**યસ્યાઃ સાનિધ્યતો ભવ્યાઃ વાંછિતાર્થ પ્રસાધકાઃ,**
**શ્રીમદારાધના દેવી, વિઘ્ન પ્રાતાપહાડસ્તુવઃ,**

(આટલી આરાધના પ્રતિમાજી સામે કરીને પ્રતિમાજીને સ્વસ્થાને બિરાજમાન કરે અને જો સ્થાપનાજી સામે કરતા હોય તો સ્થાપનાજી ઉત્થાપે.)

ત્યાર બાદ પૂ. ગુરૂ ભગવંત તે ગ્લાન (બિમાર શ્રાવક કે શ્રાવિકા)ને તેણે બાલ્યકાળથી કરેલા અતિચારની આલોચના કરાવે. (અહીં સામાન્ય નિદર્શન છે. સમય અને ગ્લાનની પરિણતી-બુદ્ધિ મુજબ સંક્ષેપ કે વિસ્તારથી આલોચના કરાવી શકાય.)

## અતિચાર આલોચના

**જ્ઞાનાચાર :** મેં જે કોઈ જ્ઞાન-જ્ઞાની કે જ્ઞાનના સાધનોની વિરાધના કરી હોય તે મારૂં પાપ મિથ્યા થાઓ. ભણવામાં કોઈને અંતરાયો કર્યા હોય, ભણવાનું અભિમાન કર્યું હોય, જ્ઞાનના સાધનોનો વિનાશ કર્યો હોય, બાળેલા હોય, તેમના ઉપર મળ, મૂત્રાદિ અશુચિ ફેંકેલ હોય, જ્ઞાનીનો તિરસ્કાર-ઈર્ષા-નિંદા કરી હોય કે કોઈપણ પ્રકારે આ ભવમાં કે ભવાંતરમાં જે કાંઈ જ્ઞાન સંબંધી અતિચાર લાગેલા હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'**

જ્ઞાનપ્રત્યનીકતાથી, જ્ઞાન છુપાવવાથી, જ્ઞાનાંતરાયથી, જ્ઞાનપ્રદ્વેષથી, જ્ઞાન આશાતનાથી, જ્ઞાનવિસંવાદજોગથી જે જ્ઞાનાવરણીય કર્મો બાંધ્યા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

કાલે વિણએ વગેરે આઠ કારણે કર્મ બાંધ્યા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

**દર્શનાચાર :** મેં જે કાંઈ દર્શન, દર્શની કે દર્શનના સાધનોની વિરાધના કરી હોય તે મારું પાપ મિથ્યા થાઓ. સ્થાવર-જંગમ તીર્થની અવહેલના આશાતના કર્યા, કરાવ્યા કે અનુમોદ્યા હોય તે મારું પાપ મિથ્યા થાઓ. આ ભવ કે ભવાંતરમાં દર્શન સંબંધી જે કાંઈ અતિચાર લાગેલ હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'**

દર્શનપ્રત્યયનીકતાથી, દર્શન છુપાવવાથી, દર્શનાંતરાયથી, દર્શનપ્રદ્વેષથી, દર્શન આશાતનાથી, દર્શનવિસંવાદજોગથી, શંકા-કાંક્ષાદિ આઠ કારણોથી દર્શનાચાર સંબંધી અતિચારાદિ લાગ્યા હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.

**ચારિત્રાચાર :** સામાયિક, પૌષધ લઈને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું બરાબર પાલન ન કરવાથી તેમજ ભવાંતરમાં સાધુપણું લઈને કે શ્રાવકપણું પાળતા જે કાંઈ સમિતિ, ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાનું પાલન ન કરવાથી ખંડન, વિરાધન કરવા, કરાવવા કે અનુમોદનથી જે કાંઈ અતિચાર લાગેલ હોય તે મારૂં પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'**

**તપાચાર :** છ પ્રકારનો બાહ્ય અને છ પ્રકારનો અભ્યંતર તપ જ્ઞાની ભગવંતો ફરમાવે છે તે તપ આ ભવમાં કે ભવાંતરમાં કર્યો ન હોય, કરાવ્યો ન હોય, તપ કરનારની અનુમોદના ન કરી હોય, તપ કરનારને, ભક્તિ કરનારને રોકેલ હોય

કે તેની નિંદા કરી હોય, મારા કરતા અધિક તપ કરનારની ઈર્ષ્યા કરી હોય એમ કોઈપણ પ્રકારે તપ સંબંધી અતિચાર લાગેલ હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'**

**વીર્યાચાર :** સ્વ-પરનું કલ્યાણ થાય તેવી રીતે કાયાનો ઉપયોગ ન કર્યો. વચન દ્વારા સ્વ-પરનું આત્મકલ્યાણ થાય તેવું ન કર્યું. પરંતુ વચનનો ખૂબ દુરૂપયોગ કર્યો, હાસ્ય-મજાક માટે, ઈર્ષ્યા-દ્વેષ ઠાલવવા, રાગને વશ થઈ, રતિ-અરતિથી વચન વ્યાપાર કરી કર્મબંધ કીધા, અનેક ભવો રખડ્યા બાદ મળેલ મનોવર્ગણાના પુદ્‌ગલોને સન્માર્ગે વાપર્યા નહીં, મન દ્વારા હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહ વિગરે સંબંધી વિચારો કરી અનેક પાપ બાંધ્યા, ખોટા વિચારો કર્યા, ધર્મકરણીમાં મન-વચન-કાયાનું બળ વાપર્યું નહીં એમ આ ભવ કે ભવાંતરમાં મેં જે કાંઈ વીર્યાચાર સંબંધી અતિચાર લાગેલ હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'.**

**સમ્યક્ત્વ :** લૌકિક કે લોકોત્તર મિથ્યાત્વની પ્રવૃત્તિ કરી, કરાવી કે અનુમોદી હોય તે મારું પાપ મિથ્યા થાઓ. જન્મ-મરણથી છુટવા માટે દેવ-ગુરૂ-ધર્મની આરાધના કરવાની હોય તેને બદલે કેવળ પૌદ્‌ગલિક સુખ માટે જ વર્તેલ હોઉં તે મારું પાપ મિથ્યા થાઓ. **મારા માનેલા સાધુ કે તેની ટુકડી—તેનો સમુદાય કે તેનો ગચ્છ જ સમકિતી અને બાકીના મિથ્યાત્વી આવી માન્યતાને વશ થઈને મેં જે કર્મો બાંધ્યા હોય તે મારું પાપ મિથ્યા થાઓ.** આ ભવ કે ભવાંતરમાં સમ્યક્ત્વ વિરુદ્ધ મેં જે કાંઈ પ્રવૃત્તિ કરી, કરાવી, અનુમોદેલ હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'.**

**બાર વ્રત :** પાંચ અણુવ્રત-ત્રણ ગુણવ્રત - ચાર શિક્ષાવ્રત એ બાર વ્રત મેં લીધા નહીં કે લઈને જે કાંઈ અતિચાર લગાડ્યા હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. એ રીતે ભવાંતરમાં મેં પાંચ મહાવ્રત કે બાર વ્રત તેમજ બારમાંથી ઓછા વધતા વ્રત લઈને જે કાંઈ વિરાધના કરી હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'.**

**સંલેષણાના અતિચાર :** આ ભવમાં કે ભવાંતરમાં સંલેખના કરનાર-કરાવનાર-અનુમોદના કરનારની કે સંલેખના કરવાની આરાધનાની મન-વચન-કાયાથી જે કાંઈ નિંદા-તિરસ્કાર-અંતરાય નાખવારૂપ ચેષ્ટા કરી હોય તે સંબંધી

કોઈપણ પ્રકારનો અતિચાર લાગેલ હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'.**

આ પ્રમાણે શ્રાવકના ૧૨૪ (એકસો ચોવીશ) અતિચારમાં મેં જે કોઈ અતિચાર આ ભવ કે ભવાંતરમાં લગાડ્યો હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'.**

**(સામાચારીમાં જણાવેલ શ્લોકો તથા તેનો ભાવાર્થ)**

**જે મે જાણંતિ જિણા, અવરાહા જેસુ જેસુ ઠાણેસુ,**
**તેડહં આલોએઉં, ઉવટ્ઠિઓ સવ્વભાવેણં. (૧)**

મારા જે જે સ્થાનમાં થયેલા અપરાધોને શ્રી જિનેશ્વરો જાણે છે તેને હું સર્વભાવ વડે આલોચવા ઉપસ્થિત થયેલો છું.

આ જ ગાથા નિશીથ ભાષ્ય ૩૮૧૪ મી ગાથાના આલોઓ દ્વારની ચૂર્ણિમાં નીચે પ્રમાણે છે.

**જે મે જાણંતિ જિણા,અવરાહે નાણ દંસણ ચરિત્તે,**
**તેડહં આલોએત્તુ, ઉવટ્ઠિઓ સવ્વભાવેણં. (૧)**

જ્ઞાન-દર્શન-ચારિત્રને વિષે મારા અપરાધો શ્રી જિનેશ્વરો જાણે છે તેની આલોચના કરવા હું સર્વ ભાવ વડે તૈયાર થયો છું.

**છઉમત્થો મૂઢ મણો, કિત્તિયમિત્તંપિ સંભરઈ જીવો,**
**જં ચ ન સુમરામિ અહં, મિચ્છા મિ દુક્કડમ્ તસ્સ (૨)**

છદ્મસ્થ મૂઢ મનવાળો જીવ કેટલું યાદ રાખી શકે ? જે મને સ્મરણમાં નથી તેવાં મારા દુષ્કૃતો મિથ્યા થાઓ.

**જં જં મણેણ બદ્ધં, જં જં વાયાઈ (એ) ભાસિઅં પાવં,**
**કાએણ ય જં ચ કયં, મિચ્છામિ દુક્કડમ્ તસ્સ (૩)**

જે મેં મનથી બાંધેલ હોય, વાણીથી પાપવચન બોલેલ હોઉં કે કાયાથી જે અયોગ્ય કરેલ હોય તે મારું દુષ્કૃત મિથ્યા થાઓ.

**હા દુટ્ઠુ કયં હા દુટ્ઠુ, કારિઅં અણુમયં ચ હા દુટ્ઠુ,**
**અંતો અંતો ડજ્ઝઈ, હિયયં પચ્છાણુતાવેણં. (૪)**

અરે ! (ખેદની વાત છે) મેં દુષ્ટ વર્તન કર્યું-કરાવ્યું-અનુમોદ્યું. હવે વારંવાર મારું હૃદય પશ્ચાત્તાપથી બળે છે.

આ ગાથા નિશીથ ભાષ્યમાં ૬૫૭૩ મી ગાથામાં નીચે પ્રમાણે છે.

**હા દુટ્ઠુ કયં હા દુટ્ઠુ, કારિઅં દુટ્ઠુ અણુમયં મે ત્તિ,**
**અંતો અંતો ડજ્ઝઈ, પચ્છાતાવેણં વેવંતો. (૪)**

અરે.. રે ! મેં જે દુષ્ટ (આચરણ) કર્યું-કરાવ્યું-અનુમોદ્યું તે પશ્ચાત્તાપ વડે થરથરતો હું વારંવાર બળું છું.

**જં ચ શરીરં અત્થં, કુડુંબ ઉવગરણ રૂવ વિન્નાણં,**
**જીવોવઘાય જણયં, સંજાયં તં પિ નિંદામિ. (૫)**

ભૂતકાળમાં અનંતા ભવોમાં મારું (૧) શરીર (૨) ધન (૩) કુટુંબ (૪) ઉપકરણો (૫) રૂપ (૬) વિજ્ઞાન (વગેરે) જીવોને ઘાત કરનારા થયા તેની હું નિંદા કરૂં છુ.

**ગહિઊણ ય મુક્કાઈ, જમ્મમરણેસુ જાઈં દેહાઈં,**
**પાવેસુ પસત્થાઈં, વોસિરિઆઈં મએ તાઈં. (૬)**

અત્યાર સુધીમાં અનેક ભવોમાં જન્મ-મરણ કરતા મેં જે દેહાદિ ગ્રહણ કર્યા અને છોડ્યા તે પાપમાં વપરાતા એવા દેહાદિ (દેહાદિ એટલે ધન-કુટુંબ-ઉપગરણો કે બીજા કોઈપણ) પુદ્ગલોને હું વોસિરાવું છું.

## સંઘખામણા (ક્ષમાપના)

**સાહૂણ સાહૂણીણય, સાવય સાવીઓ ચઉવિહો સંઘો,**
**જં મણ વય કાએહિં, સાઈઓ તં પિ ખામેમિ.**

(સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા (એ) ચતુર્વિધ સંઘની મેં જે કાંઈ મન-વચન-કાયાથી આશાતના કરી હોય તેની હું ક્ષમા માંગું છું.)

**આયરિય ઉવજ્ઝાએ, સીસે સાહમ્મિએ કુલ ગણે અ,**
**જે મે કેઈ કસાયા, સવ્વે તિવિહેણ ખામેમિ. (૧)**
**સવ્વસ્સ સમણ સંઘસ્સ, ભગવઓ અંજલિં કરીએ સીસે,**
**સવ્વં ખમાઈવત્તા, ખમામિ સવ્વસ્સ અહયંપિ. (૨)**

**સવ્વસ્સ જીવરાસિસ્સ, ભાવઓ ધમ્મ નિહીય નિયચિત્તો,**
**સવ્વં ખમાઈવત્તા, ખમામિ સવ્વસ્સ અહયંપિ. (૩)**

આચાર્ય-ઉપાધ્યાય-શૈક્ષ (નવ દિક્ષીત)- સાધર્મિકો-કુલ-ગણ પ્રત્યે મેં કષાયો (ક્રોધ-માન-માયા-લોભ) કર્યા હોય તેની મન-વચન-કાયાથી ક્ષમા માંગું છું. (૧)

પૂજ્ય શ્રમણ સંઘને બે હાથે મસ્તકે અંજલિ કરીને સર્વની ક્ષમા માંગીને હું પણ સર્વને ક્ષમા કરૂં છું. (૨)

**જરૂરી નોંધ** : અહીં શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘ અર્થ લેવાનો નથી, કેમ કે ખામણાની શરૂઆતમાં જ પ્રથમ ચતુર્વિધ શ્રી સંઘને ખામણા કરેલ છે. અહીં 'સંઘ' શબ્દમાં અત્યારે આપણી લુપ્ત થયેલ પ્રાચીન શાસન વ્યવસ્થાનો સંઘ લીધેલ છે.

ઓછામાં ઓછા નવ સાધુનો ૧ ગચ્છ હોય (વ્યવહાર સૂત્રમાં ૨૮ સાધુનો ગચ્છ હોય તેમ પણ વાત છે.) તેમાં ૧ આચાર્ય હોય તે ગચ્છાચાર્ય કહેવાય. ૧ ઉપાધ્યાય હોય તે ગચ્છ ઉપાધ્યાય કહેવાય. સ્થવિર હોય તે ગચ્છ સ્થવિર કહેવાય. આવા ૧ ગણના જુદા જુદા કુલના ઘણા ગચ્છો હોય તે ગચ્છમાં કોઈ અનિવારીત પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે તે ગચ્છનું તે તે ગણના કોઈપણ કુલમાં વિસર્જન કરી દેવામાં આવે. આવા જે કુલો હોય તે દરેક કુલમાં ૧ આચાર્ય હોય તે કુલાચાર્ય કહેવાય ૧ ઉપાધ્યાય હોય તે કુલ ઉપાધ્યાય કહેવાય. સ્થવિરને કુલ સ્થવિર કહેવાય. તે કુલમાં કોઈ અનિવારિત પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે તે કુલ જે ગણમાં હોય તે ગણમાં તેને વિસર્જન કરવામાં આવે, આવા જે ગણો વિચરતા હોય તેમાં ૧ આચાર્ય હોય તેને ગણાચાર્ય કહેવાય. તેમાં ૧ ઉપાધ્યાય હોય તેને ગણ ઉપાધ્યાય કહેવાય, સ્થવિરને ગણ સ્થવિર કહેવાય, આવા ગણમાં કોઈ અનિવારિત પ્રશ્ન ઉદ્‌ભવે ત્યારે તેને સંઘમાં ભેળવી દેવામાં આવે તે સંઘમાં ૧ આચાર્ય હોય તેને સંઘાચાર્ય કહેવાય જે ઉપાધ્યાય હોય તેને સંઘ ઉપાધ્યાય કહેવાય. સ્થવિરને સંઘ સ્થવિર કહેવાય. સંઘ પચ્ચીસમો તીર્થંકરની જે વાત છે તે આ સંઘાચાર્યને આશ્રીને છે.

**પચ્ચીસમાં તીર્થંકર સંઘની વાતમાં શ્રાવક–શ્રાવિકા કદાપિ આવતા નથી એટલે કે માત્ર ટ્રસ્ટી બની જનાર તો કોઈ ગણનાપાત્ર જ નથી તેથી પૂજ્ય સાધુ–સાધ્વીને 'સંઘ' આમ કહે છે કે તેમ કહે છે અને સંઘ પચ્ચીસમો તીર્થંકર**

**છે માટે અમે કહીએ તેમ સાધુ કે સાધ્વીએ કરવું જોઈએ તેમ કોઈ ટ્રસ્ટી માને કે બોલે તો તીવ્ર પાપકર્મ બાંધનાર અને સંઘની આશાતના કરનાર તથા સંસાર વધારનાર બને છે. (શ્રાવક–શ્રાવિકા કે ટ્રસ્ટી–શામળે સાધુ કે સાધ્વીને આજ્ઞા કરાય જ નહીં.) સંઘને સાધુના માતા–પિતા સમાન જ્યાં ગણાવેલ છે ત્યાં પણ સ્થાનિક શ્રાવક–શ્રાવિકા રૂપ સંઘ લીધેલ નથી પરંતુ સંઘાચાર્યની નિશ્રાએ વિચરનાર શ્રમણ સંઘ લીધેલ છે. શ્રાવકનો સંઘ શ્રમણોપાસક સંઘ કહેવાય.**

**સાથે એ પણ નગ્ન સત્ય છે કે વર્તમાનમાં કોઈ આચાર્યને સંઘાચાર્ય બનાવાય જ નહીં. તેવી વાત કરવી પણ ખોટી છે. કેમ કે પ્રાયઃ કોઈમાં તેવું તાટસ્થ્ય કે સ્થિરીકરણની ભાવના દેખાતા નથી પછી ફળની આશા રખાય જ કેવી રીતે ?**

ભાવપૂર્વક મારા ચિત્તને ધર્મમાં સ્થિર કરીને જગતના સર્વ જીવોની હું ક્ષમા માંગું છું અને સર્વ જીવોને ક્ષમા આપું છું. (માફી માંગું છું અને માફ કરૂં છું.) (૩)

**ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે,**
**મિત્તિ મે સવ્વ ભુએસુ, વેરં મજ્ઝં ન કેણઈ. (૪)**

હું સર્વ જીવોની ક્ષમા માંગું છું., સર્વે જીવો મને માફ કરો, મારે સર્વ જીવો સાથે મૈત્રી છે, કોઈની સાથે મારે વેર નથી.

(આરાધના કરનાર શ્રાવક-શ્રાવિકાને વ્યક્તિગત જેમની સાથે વેર થયેલા હોય તેમને યાદ કરીને ખામણા કરાવવા.)

## સમ્યક્ત્વ તથા વ્રતો

(ખામણા પછી ગ્લાન (બિમાર) ને સમ્યક્ત્વ તથા વ્રતો લેવડાવવા તે નીચે મુજબ...)

બે હાથ જોડીને આલાવો બોલવો.

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

અહન્નં ભંતે તુમ્હાણં સમીવે મિચ્છત્તાઓ પડિક્કમામિ, સમ્મત્તં ઉવસંપજ્જામિ,

તં જહા દવ્વઓ ખિત્તઓ કાલઓ ભાવઓ, દવ્વઓ ણં મિચ્છત્ત કારણાઈં પચ્ચક્ખામિ, સમ્મત્ત કારણાઈં ઉવસંપજ્જામિ, નો મે કપ્પઈ અજ્જપ્પભિઈ અન્નઉત્થિએ વા અન્નઉત્થિઅ દેવયાણિં વા અન્નઉત્થિઅ પરિગ્ગાહિઆણિ વા અરિહંત ચેઈઆણિ વંદિત્તએ વા નમંસિત્તએ વા પુવ્વિં અણાલેત્તણં આલવિતએ વા સંલવિત્તએ વા, તેસિં અસણં વા પાણં વા ખાઈમં વા સાઈમં વા દાઉં વા અણુપ્પયાઉં વા (તિવિહં તિવિહેણં) ખિત્તઓણં ઈત્થં વા અન્નત્થં વા કાલઓણં જાવજ્જીવાએ ભાવઓણં જાવ ગહેણં ન ગહિજ્જામિ જાવ છલેણં છલિજ્જામિ જાવ સંનિવાએણં ન સંનિવિજ્જામિ જાવ અન્નેણ વા કેણઈ રોગાયંકાઈણા એસ પરિણામો ન પરિવડઈ તાવ મે એઅં સમ્મદ્દંસણં, નન્નત્થ રાયાભિઓગેણં ગણાભિઓગેણં, બલાભિઓગેણં, દેવયાભિઓગેણં ગુરૂ નિગ્ગહેણં વિત્તિકંતારેણં વોસિરામિ.

**અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરૂણો,**
**જિણ પન્નત્તં તત્તં, ઈઅ સમ્મત્તં મએ ગહિઅં.**

(પ્રાચીન સામાચારીમાં સ્પષ્ટ શબ્દો છે સાધુને માત્ર 'અરિહંતો મહ દેવો' લેવું પરંતુ શ્રાવકને સમ્યક્ત્વ દંડક ઉચ્ચારવું.)

**(૧) સ્થુલ પ્રાણાતિપાત વિરમણ વ્રત :** નિરઅપરાધી ત્રસ જીવને સંકલ્પીને, જાણી જોઈને હણવાની બુદ્ધિએ હણીશ નહીં. (આ ભવ કે ભવાંતરમાં મેં મન-વચન-કાયાથી જે હિંસા કરી હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'.** હવે પછી સ્થુલ હિંસાનો હું ત્યાગ કરૂં છું.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

અહન્નં ભંતે ! તુમ્હાણં સમીવે થુલગં પાણાઈવાયં સંકપ્પઓ નિરવરાહં નિરવેક્ખ પચ્ચક્ખામિ જાવજ્જીવાએ (જાવઅહાગહિયભંગેણં) દૂવિહં તિવિહેણં મણેણં વાયાએ કાએણં ન કરેમિ ન કારવેમિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**(૨) સ્થુલ મૃષાવાદ વિરમણ વ્રત :** આ ભવમાં કે ભવાંતરમાં હું જે કાંઈ જુટ્ઠું બોલેલ હોઉં, બોલાવેલ હોય કે બોલનારની અનુમોદના કરી હોય તે મારું

પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડં.'** હવે પછી હું પાંચ મોટા જૂટ્ઠાનો ત્યાગ કરું છું. (૧) કન્યા સંબંધી જુટ્ઠું બોલવું નહીં. (૨) પશુ સંબંધી જુટ્ઠું બોલવું નહીં. (૩) જમીન સંબંધી જુટ્ઠું બોલવું નહીં. (૪) કોઈની અનામત (થાપણ) પચાવી નહીં પાડું. (૫) ખોટી સાક્ષી પૂરીશ નહીં. આ પ્રમાણે સ્થૂલ મૃષાવાદનો હું ત્યાગ કરું છું.

(બે હાથ જોડીને નીચેનો પાઠ બોલવો. લકવા થયેલ હોય તેવા કારણે હાથ ન જોડી શકે તો વાંધો નહીં.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

અહન્નં ભંતે ! તુમ્હાણં સમીવે થુલગં મુસાવાયં જીહા છેઆઈ હેઉ કન્નાલીઆઈઅં ચઉવ્વિહં (પ્રાચીન સમાચારી પાન નં. ૩ લીટી ૧) (બીજે પંચવહિ પાઠ પણ છે.) પચ્ચકખામિ દક્ખિન્નાઈ અવિસયે જાવજ્જીવાએ (જાવ અહાગહિય ભંગેણં) દુવિહં તિવિહેણં મણેણં વાયાએ, કાએણં ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**(૩) સ્થુલ અદત્તાદાન વિરમણ વ્રત :** આ ભવમાં કે ભવાંતરમાં નાની કે મોટી જે કાંઈ ચોરી કરી હોય - કરાવી હોય કે ચોરી કરનારની અનુમોદના કરી હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'.** હવે હું સ્થુલ અદત્તાદાનનો નિયમ ધારણ કરું છું. બીજાના રૂપિયા-દાગીના વિગેરે ચોરવાની બુદ્ધિથી લઈશ નહીં.

(બે હાથ જોડી નીચે પ્રમાણે બોલવું. પ્રતિકૂળ પરિસ્થિતિથી હાથ ન જોડી શકે તો ચાલે.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

અહન્નં ભંતે ! તુમ્હાણં સમીવે થુલગં અદિન્નાદાણં ખત્તખણણાઈવયં ચોરંકારકારં રાયનિગ્ગહકર સચિત્તાચિત્તવત્થુવિસયં પચ્ચકખામિ જાવજ્જીવાએ (જાવ

અહાગહિયભંગેણં) દુવિહં તિવિહેણં મણેણં, વાયાએ. કાએણં, ન કરેમિ, ન કારવેમિ તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**(૪) સ્થુલ મૈથુન વિરમણ વ્રત :** આ ભવ કે ભવાંતરમાં દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી જે કોઈ મૈથુન સેવન કર્યું હોય, કરાવ્યું હોય કે કરતાની અનુમોદના કરી હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'.** હવે પછી હું સ્થુલ મૈથુન સેવનનો ત્યાગ કરું છું. (ગ્લાનની ઉંમર, પરિણામ મુજબ પરસ્ત્રીગમન (પરપુરુષગમન) - સ્વપત્ની કે સ્વપતિ અમુક દિવસ-માસ વિગેરે પચ્ચકખાણ કરાવવા)

(બે હાથ જોડીને નીચે મુજબ પાઠ બોલવો. શરીરની પ્રતિકુળતાએ હાથ ન જોડી શકે તો ચાલે.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

અહન્નં ભંતે ! તુમ્હાણં સમીવે ઓરાલિય વેઉવ્વિયભેયં થુલગં મેહુણં પચ્ચકખામિ જાવજ્જીવાએ (જાવ અહાગહિય ભંગેણં) તત્થ દિવ્વં દુવિહં તિવિહેણં તેરિચ્છં એગવિહં તિવિહેણં મણુઅં અહાગહિય ભંગેણં તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**(૫) સ્થુલ પરિગ્રહ વિરમણ વ્રત :** આ ભવ કે પરભવમાં ધન-ધાન્યાદિ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહ- તે સંબંધી મૂર્છા કરી, કરાવી, અનુમોદી હોય તેમજ ૧૪ પ્રકારના અભ્યંતર પરિગ્રહને વશવર્તી જે પાપ બાંધેલ હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્'.** (બિમારની સ્થિતિ મુજબ પરિગ્રહનો નિયમ કરાવવો.)

(બે હાથ જોડી નીચે પ્રમાણે બોલવું. પ્રતિકુળ પરિસ્થિતિથી હાથ ન જોડી શકે તો ચાલે.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

અહન્નં ભંતે ! તુમ્હાણં સમીવે થુલગં અપરિમિઅં પરિગ્ગહં પચ્ચકખામિ ધણ ધન્નાઈ નવવિહં વત્થુ વિસયં ઈચ્છા પરિમાણં ઉવસંપજ્જામિ જાવજ્જીવાએ (જાવ

અહાગહિય ભંગેણં) તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

**(૬) દિગ્ પરિમાણ વ્રત (૭) ભોગપભોગ વિરમણ વ્રત (૮) અનર્થદંડ વિરમણ વ્રત**

આ ભવમાં કે ભવાંતરમાં ત્રણે ગુણવ્રત આશ્રયી જે કાંઈ વિરાધના કરી, કરાવી, અનુમોદેલ હોય તે મારું પાપ મિથ્યા થાઓ. **'મિચ્છા મિ દુક્કડમ્.'**

હવે પછી હું આ રૂમ કે મકાન કે ગામ બહાર જઈશ નહીં.

પંદર કર્માદાન ત્યાગ (સહીની જયણા કે સહી પણ બંધ) અભક્ષ્ય-અનંતકાય જાણી બુઝીને ખાઈશ નહીં. (દુધ જેવા પદાર્થોની જયણા) ૧૪ નિયમની બાવીશ વસ્તુના એક સાથે પચ્ચક્ખાણ કરાવવા.

અનર્થદંડમાં જુગાર-સિનેમા જેવી બાબતોનો નિયમ કરાવવો.

(બે હાથ જોડી નીચે પ્રમાણે બોલવું. પ્રતિકુળ પરિસ્થિતિથી હાથ ન જોડી શકે તો ચાલે)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

અહન્નં ભંતે ! તુમ્હાણં સમીવે ગુણવ્વયતિએ ઉઢ્ઢ અહો તિરિઅલોઅગમણ વિસયં દિસિ પરિમાણં પડિવજ્જામિ, ઉવભોગ પરિભોગવએ પન્નરસ કમ્માદાણં પચ્ચક્ખામિ અભક્ખ અણંતકાયં પરિહરામિ, અન્નત્થદંડં અવજ્ઝાણાઈઅં ચઉવ્વિહં અન્નત્થદંડં જહાસત્તીએ પરિહરામિ જાવજ્જીવાએ (જાવ અહાગહિય ભંગેણં) તસ્સ ભંતે ! પડિક્કમામિ નિંદામિ ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

(સામાયિક-દેશાવગાસિક-પૌષધ-અતિથિ સંવિભાગ એ ચાર શિક્ષાવ્રતો અંતિમ અવસ્થામાં થઈ શકે નહીં તેથી બિમારની સ્થિતિ પ્રમાણે એ ચાર શિક્ષાવ્રતો આદરવા કે બીજા પાસે આરાધના કરાવવા તથા અનુમોદના કરવાનું શિખવવું) આટલું કર્યા પછી નીચે પ્રમાણે શ્લોક છે...

**ચઉસરણં દુક્કડગરિહણં ચ, સુકડાણુમોઅણં કુણસુ,**
**સુહભાવણં અણસણં, પંચ નમુકાર સરણં ચ.**

પછી **ચત્તારિ મંગલં** વિગેરે આલાપક ત્રણ... પછી

**નમો સમણસ્સ... ઈચ્ચેઈઆઈ અટ્ઠારસ પાવટ્ઠાણાઈં...**

(ત્યાર બાદ અનશનના પચ્ચક્ખાણની વિગત છે જે અત્રે અપ્રસ્તુત હોઈ લીધેલ નથી.)

## ચાર શરણ

**(૧) અરિહંત શરણ :** ત્રીજે ભવે જગતના તમામ જીવોને સુખી બનાવવાની કે જગતનાં તમામ જીવોને દુઃખમાંથી મુક્ત કરવાની ભાવનાપૂર્વક તીર્થંકર નામકર્મ બાંધી, અંતિમ ભવે ૮ પ્રાતિહાર્ય સાથે સમવસરણમાં બિરાજી દેશના દેતા અનેક જીવોનો ઉદ્ધાર કરનાર અરિહંત ભગવંતનું શરણું હું સ્વીકારું છું.

**(૨) સિદ્ધ શરણ :** અષ્ટકર્મથી મુક્ત થયેલા, જન્મ-જરા-રોગ-મરણ હંમેશ માટે નાશ પમેલા છે તેવા સંપૂર્ણ શાશ્વતભાવે સુખ પામેલા તેવા સિદ્ધશિલા ઉપર બિરાજમાન અનંતા સિદ્ધ ભગવંતોનું શરણું હું સ્વીકારું છું.

**(૩) સાધુ શરણ :** પંચાચારને પાળવા, પળાવવામાં ઉદ્યમી એવા આચાર્ય ભગવંતો, ભણવા, ભણાવવામાં એકતાન એવા ઉપાધ્યાય ભગવંતો તથા મોક્ષમાર્ગને સાધવા સધાવવા પ્રવર્તતા એવા સાધુ ભગવંતોનું હું શરણું સ્વીકારું છું.

**(૪) ધર્મ શરણ :** વીતરાગ સર્વજ્ઞ (કેવલી) કથિત જન્મ-મરણમાંથી છોડાવનાર, સ્વાત્મદયા સહ પરાત્મદયાવાળા ધર્મનું શરણું હું સ્વીકારું છું.

## દુષ્કૃત ગર્હા

(૧) મેં જે કાંઈ મિથ્યાત્વની પ્રવૃત્તિ કરી, કરાવી, અનુમોદેલ હોય તે મારા દુષ્કૃતની હું નિંદા ગર્હા કરૂં છું.

(૨) અરિહંત, સિદ્ધ એ દેવની મેં જે કાંઈ આશાતના કરેલ હોય તે દુષ્કૃતને નિંદુ છું.

(૩) આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેદક સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની મેં જે કાંઈ આશાતના, અવહેલના, તિરસ્કારાદિ કર્યા હોય તેની હું નિંદા કરું છું. ગર્હા કરૂં છું.

(૪) કોઈપણ નાના-મોટા જીવની મેં હિંસા કરી હોય, હિંસા કરાવી હોય, હિંસા કરનારની અનુમોદના કરેલ હોય, વિવિધ પ્રકારે ત્રાસ આપ્યો હોય, દુઃખ ઉત્પન્ન કર્યું હોય તે સવિ દુષ્કૃતની હું નિંદા કરૂં છું, ગર્હા કરૂં છું.

(૫) મેં જે કાંઈ ક્રોધ-માન-માયા-લોભને વશ થઈ મનમાં ખોટા વિચારો કર્યા હોય, ખોટી વાણી બોલેલ હોઉં, કાયા થકી પરલોકને અહિતકારી પ્રવૃત્તિ કરેલ હોય તે મારા દુષ્કૃતની હું નિંદા કરૂં છું, ગર્હા કરૂં છું.
(૬) થોડું કે વધારે નહીં દીધેલું હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.
(૭) દેવ-તિર્યંચ-મનુષ્ય સંબંધી મૈથુન સેવન કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.
(૮) બાહ્ય-અભ્યંતર પરિગ્રહ કર્યો હોય, જડ-ચેતનની મુચ્છર્ા કરી હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.
(૯) ચારે કષાયને વશ થઈને જે મન-વચન-કાયાથી કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્.
(૧૦) મેં જે રાગ-દ્વેષ વશ બનીને મન-વચન-કાયાથી દુષ્કૃત કર્યા, કરાવ્યા, અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.
(૧૧) મેં જે કાંઈ કલહ (ઝગડો) કર્યો, કરાવ્યો કે અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.
(૧૨) જાણતા કે અજાણતા મેં જે જુઠા આળ કોઈને દીધા, દેવડાવેલ હોય તેની હું માફી માંગું છું. બીજા દ્વારા કહેવાયેલ જુટ્ઠા આળ મેં માન્યા, મનાવ્યા તથા અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.
(૧૩) મેં જે કાંઈ ચાડી-ચુગલી કરી, કરાવી અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.
(૧૪) મનને ગમતા ભૌતીક-સાંસારિક કાંઈપણ બને તે દેખી-સાંભળીને રતિ (આનંદ) અણગમતા દેખી-સાંભળીને અરતિ (શોક) કર્યા, કરાવ્યા, અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.
(૧૫) મેં જે બીજાની નિંદા કરી-કરાવી-અનુમોદેલ હોય તેમજ કપટપૂર્વક જુઠું બોલ્યા-બોલાવ્યા કે અનુમોદેલ હોય તેની હું માફી માંગું છું.
(૧૬) કાન-આંખ-નાક-જીભ-ત્વચાના આનંદ કે શોકને વશ બનીને મેં મનથી વચનથી કાયાથી જે કાંઈ દુષ્કૃત કરેલ હોય તેની હું નિંદા કરૂં છું. ગર્હા કરૂં છું.

જન્મ-મરણ કરતા છતી શક્તિએ દેશવિરતિ કે સર્વ વિરતિ ન લીધી તેમજ લઈને ખંડન-વિરાધન કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્

કોઈપણ ભવમાં મને જેવા વચનથી શાતા-શાંતિ મળી હોય..

જેના વચન-લખાણ દ્વારા હું મારા અને બીજાનું આત્મહિત થાય તેવા માર્ગે

ગયો હોઉં.... જેના વચન કે લખાણ દ્વારા બીજાનું ખરાબ કરતો અટકી જઈ તેનું ભલું કરનાર બનેલ હોઉં... જેમણે મને વ્રત-પચ્ચક્ખાણના માર્ગે ચડાવેલ હોય.... જેમના વચન કે લખાણથી મારી મોક્ષ માર્ગની શ્રદ્ધા દ્રઢ બની હોય... જેમના વચન કે લખાણથી મેં ધનની મમતા છોડીને શુભ માર્ગે - ધર્મમાર્ગે તે ધન વાપરેલ હોય તે બધા મારા ઉપકારી થયા, તેમનો ઉપકાર માનવો જોઈએ, યાદ રાખવો જોઈએ, બીજા પાસે કહેવો જોઈએ

તેના બદલે

તેવા ઉપકારી પર મેં અપકાર કરેલ હોય કે તેમનું મન-વચન-કાયાથી જાણતા કે અજાણતા કંઈપણ અહિત કરેલ હોય તે બધાની હું માફી માંગું છું તે જીવો જ્યાં હોય ત્યાં ખુબ સુખી થાય. મનુષ્ય જન્મ પામે, દિક્ષા લે, કેવળી બને, મોક્ષે જાય.

ભવાંતરમાં પણ તે તે જીવો જ્યાં મળે ત્યાં હું તેમને સુખી કરનાર બનું.

કોઈપણ ભવમાં મારે કોઈપણ જીવનું ઋણ ચૂકવવાનું બાકી હોય તે બધાની હું માફી માંગું છું. જેમ બને તેમ ઝડપથી હું બધાનું ઋણ ચુકવી તેમાંથી મુક્ત બનું.

નિગોદથી આજ સુધી ભવભ્રમણ કરતા મેં મૃત્યુ પામીને જે શરીરો છોડ્યા છે... જે કાંઈ ધન મિલકત છોડેલ છે... જે કાંઈ કુટુંબ પરિવાર છોડેલ છે... તે બધું બીજા જીવોને ત્રાસ રૂપ થયેલ હોય. કર્મ બંધન કરાવનાર થયેલ હોય, શોક ઉપજાવનાર થયેલ હોય, ભય કરાવનાર થયેલ હોય, જુગુપ્સા કરાવનાર થયેલ હોય તેની હું માફી માંગું છું. તે પાપમાં પ્રવર્તતા પુદ્ગલોને વોસિરાવું છું.

કોઈપણ ધર્મ પાળતા ધર્મગુરૂનું મેં અપમાન કરેલ હોય, હાંસી-મજાક કરેલ હોય, તે ધર્મગુરૂની મેં નિંદા કે તિરસ્કાર કરેલ હોય, તેની હું માફી માંગું છું.

''મારો જ ધર્મ સારો, બીજાનો ખરાબ'' એવી બુદ્ધિ રાખીને મેં બીજા ધર્મને બોલીને કે લખીને વખોડેલ હોય તેની હું માફી માંગું છું.

ધર્મનું ભણતા કે સ્કુલમાં ભણતા મેં ભણાવનાર ગુરૂનો તિરસ્કાર કરેલ હોય, નિંદા કરેલ હોય, મજાક-મશ્કરી કરેલ હોય તેની હું માફી માંગું છું.

ડોક્ટર કે દવાના વ્યાપારી તરીકે મેં કોઈને ખોટી દવા આપી હોય, ખોટા ટેસ્ટ-ઈજેક્શન-સારવારના નામે પૈસા લીધા હોય... જે તે કંપનીએ આપેલ લાલચને વશ બનીને સસ્તી દવા મળતી હોય છતાં મોંઘી દવા બતાવી હોય તે બધા કાર્યોની માફી માંગું છું. જે જીવો જોડે આવું વર્તન કરેલ હોય તેમની પણ હું માફી માંગું છું. તે જીવો જ્યાં હોય ત્યાં સુખી થાય.

વકીલ તરીકે મેં લોકોને ખોટા ઝગડાવેલ હોય, ન્યાયાધીશ વિગેરેને લાંચ આપી સાચાને સજા કરાવેલ હોય, ખોટાને છોડાવેલ હોય તેની હું માફી માંગું છું.

સી.એ. થઈને મેં ખોટા હવાલાઓ નખાવીને છેતરપિંડી કરી હોય તેની માફી માંગું છું.

રાજકારણમાં પડીને મેં સત્તા પ્રાપ્ત કરવા જે કાવા-દાવા-છળ-કપટ કરેલ હોય. સત્તા પ્રાપ્તિ બાદ બીજાને શાતા આપવાને બદલે અશાતા-અશાંતિ કરાવેલ હોય તેની હું માફી માંગું છું.

કરિયાણા-કાપડ-હીરા-હાર્ડવેર-મીઠાઈ-ફરસાણ-પાન-મસાલા મતલબ કોઈપણ વ્યાપાર કરતા મેં ભેળ-સેળ કરી હોય, તોલ-માપમાં છેતરપિંડી કરી હોય તે બધાનું મિચ્છા મિ દુક્કડમ્.

શિક્ષક તરીકે મેં વિદ્યાદાન કરવાને બદલે યેન કેન પ્રકારે રૂપિયા મેળવેલ હોય તેની હું માફી માંગું છું.

(બિમારની સ્થિતિ મુજબ વિશેષ પ્રકારે દુષ્કૃત ગર્હા કરાવી છેલ્લે નીચે મુજબ બોલવું.)

આ ભવમાં કે ભવાંતરમાં વીતરાગ સર્વજ્ઞ ભગવંતની આજ્ઞા વિરુદ્ધ જે કાંઈ દુષ્કૃત કર્યું હોય, જે કાંઈ દુષ્કૃત કરાવેલ હોય કે અનુમોદના કરેલ હોય તે સર્વની નિંદા કરૂં છું. ગર્હા કરૂં છું. મારું તે દુષ્કૃત મિથ્યા થાઓ. : 'મિચ્છા મિ દુક્કડમ્'.

## સુકૃત અનુમોદના

(૧) ત્રણે કાળના જે અરિહંતો જગતના જીવોને પરમ ઉપકારક બને છે. તેમના તે સુકૃતોની અનુમોદના કરૂં છું.

(૨) સિદ્ધ પરમાત્માઓ સિદ્ધ થાય ત્યારે અનાદિ નિગોદમાંથી એક જીવ બહાર નીકળે છે તેમજ સિદ્ધ થઈને ક્યારેય કોઈપણ જીવને અંશમાત્ર દુઃખના કારણરૂપ બનતા નથી તેની અનુમોદના કરૂં છું.

(૩) ગણધરો દ્વાદશાંગીની રચના દ્વારા જે અસીમ ઉપકાર કરે છે તેની હું અનુમોદના કરૂં છું.

(૪) આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેક, સાધુ, સાધ્વી, પરમાત્માની આજ્ઞા મુજબ જે કાંઈ આરાધના કરે, કરાવે, અનુમોદે છે તેની હું અનુમોદના કરૂં છું.

(૫) જે જે શ્રાવક-શ્રાવિકા દાન-શીલ-તપ-ભાવ વિગેરે પ્રકારે પરમાત્માની આજ્ઞા મુજબ આરાધના કરે, કરાવે, અનુમોદે તેની હું અનુમોદના કરૂં છું.

(૬) ધર્મ પામેલા જે શ્રાવક-શ્રાવિકા, સાધુ-સાધ્વીની સામે અવિનયપૂર્વક કે તિરસ્કારપૂર્વક બોલતા નથી કે બોલાવતા નથી કે બોલતાની અનુમોદના કરતા નથી તેની હું અનુમોદના કરૂં છું.

(૭) તે શ્રાવક-શ્રાવિકાને ખૂબ ધન્યવાદ છે કે જેમના ઘરની ગોચરી-પાણી તીર્થંકર, ગણધર, ૧૪ પૂર્વી, મનઃપર્યવજ્ઞાની માસક્ષમણાદિ તપશ્ચર્યાના તપસ્વીને પારણે, લોચ કરાવેલ સાધુ-સાધ્વીને, બિમાર સાધુ-સાધ્વીને, વિહારાદિ શ્રમથી ભરેલા સાધુ-સાધ્વીને ઉપયોગમાં આવે છે.

(૮) તે પૂજ્ય સાધુ ભગવંતને અનંતાનંત ધન્યવાદ છે કે જેમની લાવેલી ગૌચરી-પાણી શ્રી તીર્થંકર ભગવંતને ઉપયોગમાં આવે છે.

જે જે જીવો વ્યાપારાદિમાં ભેળસેળ નથી કરતા કે છેતરપિંડી નથી કરતા તેમને ધન્ય છે.

આંગણે આવેલા મહેમાનોને જે પ્રેમથી આવકારે છે તેમને ધન્ય છે.

પોતાનાથી મોટા જોડે જે વિનયપૂર્વક વાત કરે છે તેમને ધન્ય છે.

જે જીવો બીજા વાત કરતા હોય તેમાં વચ્ચે બોલવા લાગતા નથી તેમને ધન્ય છે.

રાજકારણ -સીનેમા-ખાવાપીવાની તેમજ તેવી બીજી ફાલતુ વાતો બોલવા કે સાંભળવામાં જે મનુષ્યો રસ લેતા નથી તેમને ધન્ય છે. બહસ કરીને શું મેળવવાનું ? તેના બદલે બીજા જીવોને મારા થકી કેમ શાતા-શાંતિ મળે તે વાતોમાં રસ લે તેને ધન્ય છે.

કોઈની ખબર કાઢવા ગયેલ હોય ત્યાં પોતાની વાત કરવા લાગતા નથી તેને ધન્ય છે.

ગુરૂવચન તહત્તિ કરે છે તેને ધન્ય છે. કોઈપણ ધર્મના ગુરૂ પ્રત્યે દ્વેષ, તિરસ્કાર નથી કરતા તેને ધન્ય છે.

કુટુંબમાં - પાડોશમાં-ગામમાં કોઈને ત્યાં પોતાને ન મળેલ હોય તેવી વસ્તુ- તેવા વાહનો-તેવો પરિવાર - તેવા પરીક્ષાના માર્કસ-તેવી સ્કુલમાં એડમીશન મળી જાય તો ઈર્ષા નથી કરતા પરંતુ આનંદ પામે છે તેમને ધન્ય છે.

પોતાને ડાયાબીટીશ થયેલ હોય ત્યારે જે બીજાને મીઠાઈ ખાતા જોઈને આનંદ પામે છે જે બીજાને મીઠાઈ ખવડાવે છે અને આનંદ પામે છે તેમને ધન્ય છે.

પોતાને એસીડીટી-અલ્સર વિગેરે થયેલ હોય ત્યારે ડોક્ટર દ્વારા તીખું ખાવાની મનાઈ થાય તે સમયે બીજાને તીખું ખાતા જોઈને આનંદ પામે છે. બીજાને તીખું ખવડાવે છે તેમને ધન્ય છે.

પોતાને સંતાન ન હોય ત્યારે અશુભનો ઉદય વિચારી શાંત રહે છે તેમને ધન્ય છે. તેમજ જે બીજાના નાના છોકરાઓને જોઈને આનંદ પામે છે તે છોકરાઓ માટે લાયક ખાવાની વસ્તુઓ, રમકડા વિગેરે આપી આનંદ પામે છે તેમને ધન્ય છે.

પોતાની પાસે રૂપિયા ઘણા છે, સંતાનોને ભણવું ગમતું નથી, પૈસા વેડફે છે. પોતાના સગા સંબંધી કે પાડોશી કે સાધર્મિકમાં પૈસાના અભાવે આગળ ન ભણી શકે તેવા બાળકો છે તે જોઈને જે ગુપ્તપણે બીજાને ભણાવે છે તેમને સહાય કરે છે તેમને ધન્ય છે.

અવસર આવે ત્યારે જે પોતાના કુટુંબ-ગામ-રાજ્ય-રાષ્ટ્રને તન-મન-ધનથી સમૃદ્ધ કરે છે તેમને ધન્ય છે.

બહારગામ ધંધા-નોકરી કે ફરવા માટે ગયેલ હોય ત્યારે પણ ત્યાં જિનમંદિર શોધી દર્શન-પૂજા કરે છે. પૂ. ગુરૂ ભગવંત હોય તેમને વંદનાદિ કરે છે તેમને ધન્ય છે.

જે જીવો વ્યાપારમાં દરેક માટે એક જ ભાવ રાખતા નથી પરંતુ સામાન્ય સ્થિતિવાળાને ઓછા ભાવે આપી સહાયક બને છે તેમને ધન્ય છે.

પોતાના નિમિત્તે બીજો જીવ ધર્મ પર દ્વેષવાળો ન બને તથા ધર્મશ્રદ્ધા દ્રઢ કરે તેવી રીતે જ વ્યાપાર કરે છે તેમને ધન્ય છે.

બીજાના અનર્થકારી વર્તનને જોઈને તેના પ્રત્યે દ્વેષ કે તિરસ્કાર નથી કરતા તેવા વર્તન કરનારની ભાવદયા ચિંતવે છે તેમને ધન્ય છે.

જે જે વડીલો નાના પ્રત્યે, ભણાવનાર, ભણનાર પ્રત્યે, ગુરૂ શિષ્ય પ્રત્યે, સાધુ-સંન્યાસી ગૃહસ્થો પ્રત્યે, દુકાનદાર નોકર પ્રત્યે, પ્રધાનો પ્રજા પ્રત્યે, વાત્સલ્યપૂર્ણ વ્યવહાર કરે છે તેને ધન્ય છે.

(બિમારની સ્થિતિ મુજબ અનેક પ્રકારે સુકૃત અનુમોદના કરાવવી, ગ્લાને પોતે

કરેલ સુકૃતોની અનુમોદના કરાવવી પછી છેલ્લે નીચે મુજબ બોલવું.)

માર્ગાનુસારીપણાથી માંડીને શૈલેષીકરણ સુધીની અવસ્થામાં રહેલા જે જે જીવો છે તે બધાના તે તે સ્થાનના સુકૃતની અનુમોદના કરૂં છું. વીતરાગ સર્વજ્ઞ ભગવંતની આજ્ઞા મુજબ જે જે જીવો જે કાંઈ સુકૃત કરે છે તેની હું અનુમોદના કરૂં છું. મન-વચન-કાયાથી આ ભવ કે ભવાંતરમાં મેં કરેલા સુકૃતની અનુમોદના કરૂં છું.

આ પાંચમા આરાના અંત સુધીમાં થનારા ૨૦૦૪ યુગપ્રધાન આચાર્ય ભગવંતોને હું વંદન કરૂં છું.

૧૧ લાખ ૧૬ હજાર યુગપ્રધાન જેવા આચાર્ય થશે. તેને હું વંદન કરૂં છું. (૩ થી વધારે ભવ નહીં)

પંચાવન લાખ ક્રોડ-પંચાવન હજાર ક્રોડ-પાંચસો ક્રોડ ઉત્તમ આચાર્ય થશે. તેમને હું વંદન કરૂં છું. (૩ થી વધારે ભવ નહીં)

પંચાવન લાખ ક્રોડ, પંચાવન હજાર ક્રોડ, ચોપનસો ક્રોડ, ચુમાલીશ ક્રોડ ઉત્તમ ઉપાધ્યાય થશે. તેમને હું વંદન કરૂં છું. (૩ થી વધારે ભવ નહીં)

સત્તર લાખ ક્રોડ, નવ હજાર ક્રોડ, એકસો ક્રોડ, એકવીસ ક્રોડ, એક લાખ, સાઈઠ હજાર સુસાધુઓ થશે. તેમને હું વંદન કરૂં છું. (૮ થી વધારે ભવ નહીં.)

દશ હજાર ક્રોડ, નવસો ક્રોડ, બાર ક્રોડ, છપ્પન લાખ છત્રીસ હજાર, એકસો નવાણું સુસાધ્વીજી થશે. તેને હું વંદન કરૂં છું. (૮ થી વધારે ભવ નહીં)

૧૬ લાખ ક્રોડ, ત્રણ હજાર ક્રોડ, ૩૦૦ ક્રોડ સત્તર ક્રોડ, ચોરાશી લાખ સુશ્રાવક થશે. તેમની હું અનુમોદના કરૂં છું. (૮ થી વધારે ભવ નહીં.)

પચીસ લાખ ક્રોડ, બાણુ હજાર ક્રોડ, પાંચસો ક્રોડ, બત્રીસ ક્રોડ, બાર સુશ્રાવિકા થશે. તેની હું અનુમોદના કરૂં છું. (૮ થી વધારે ભવ નહીં.)

**(પૂ.જિનસુંદરસૂરિજીકૃત દિપાલીકા કલ્પમાંથી લીધેલ છે.)**

## શુભ ભાવના

(૧) આર્ય દેશ, ઉત્તમ કુલ, જૈન ધર્મ, પંચેન્દ્રિયની પટુતા વિગેરે સામગ્રી મળવા છતાં હું દીક્ષા લઈ શક્યો નહીં હવે પછીના ભવમાં મને નાની ઉંમરમાં દીક્ષા ઉદયમાં આવે.

(૨) મારો ક્યારે એવો પુણ્યનો ઉદય આવશે કે છદ્મસ્થપણામાં વિચરતાં તીર્થંકર ભગવંત મારે ત્યાં વહોરવા આવશે અને હું વહોરાવીશ.

(૩) મારો એવો પુણ્યનો ઉદય ક્યારે આવશે કે મારી લાવેલી ગૌચરી તીર્થંકર કે ગણધર વિગેરે વાપરશે.

(૪) શ્રી જિનેશ્વરના માર્ગમાં આવ્યા પછી એમની આજ્ઞા વિરુદ્ધ વર્તન કરનારા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને જોઈને હું લેશમાત્ર તિરસ્કાર ભાવ નહીં રાખતા ભારોભાર ભાવદયા ચિંતવનારો હું ક્યારે બનીશ ?

(૫) મને એવી સંપત્તિ પ્રાપ્ત થાય કે જેને મેળવવામાં, વાપરવામાં કે છોડવામાં દુઃખ ન થાય.

(૬) મને એવું બળ મળે કે જેનાથી હું વૈયાવચ્ચ કરનારો બનું.

(૭) મને એવો કુટુંબ પરિવાર મળે કે જે પરસ્પર ધર્મમાર્ગે લઈ જનારો હોય, મોહાધીન બની સંસાર વધારનાર ન હોય.

(૮) મને એવી વાણીની શક્તિ મળે કે જેના દ્વારા વાત્સલ્ય વહાવી હું અનેક જીવોને દુઃખથી મુક્ત કરનારો બનું કે દુઃખ સહેજે સહન કરી શકે તેવા બનાવું.

(૯) મને એવી લેખન શક્તિ મળે કે જેમાંથી પરમાત્માને સમર્પિત બનાવતી રચનાઓ નીકળે, ગુરૂ બહુમાન કરાવે, અનેક જીવ કુમાર્ગે જતા અટકે, ગુણીજનોના ગુણોની અનુમોદના વહે, દુઃખી જીવોને આશ્વાસન મળે, સન્માર્ગે જવાની શક્તિ પ્રગટે.

(૧૦) **જગડુશા** જેવું અન્નદાન કરું, **સંપ્રતિ રાજા** જેમ પૃથ્વી જિનમંદિર વ્યાપી કરું, **ધન્ના કાકંદિ** જેવી તપશ્ચર્યા કરું, **વંકચૂલ** જેવી નિયમમાં દ્રઢતા રાખું, **શ્રીપાલ** મહારાજા જેવી નવપદ ભક્તિ કરું, **શ્રીચંદ્રકેવલી** જેવી વર્ધમાનતપ આરાધના કરું, **જંબુસ્વામિ, વિજય શેઠ-વિજયા શેઠાણી, જિનદાસ-સોહાગદેવી, સ્થુલિભદ્ર** જેવું બ્રહ્મચર્ય પાળું, **પુણિયા** શ્રાવક જેવી સામાયિક મળે, **માહણસિંહ** જેવું પ્રતિક્રમણ મળે, **સુવ્રત શેઠ** જેવો પૌષધ મળે, **શ્રેણિક રાજા** જેવો ચારિત્ર રાગ, **કૃષ્ણ મહારાજા** જેવો ગુણાનુરાગ, **કુમારપાળ મહારાજા** જેવી જ્ઞાન ભક્તિ, **માસતુસ મુનિ** જેવો શ્રુતપ્રેમ, **આર્યલોહ** જેવી

ભક્તિ, સાધ્વી **પુષ્પચુલા** જેવી વૈયાવચ્ચ, **ધન સાર્થવાહ** જેવું દાન, **મતિ-સુમતિ** જેવી ભાવના, **મેતારજ** મુનિ જેવી કરૂણા, **ગજસુકુમાલ** જેવી ક્ષમા, **મદનરેખા** જેવું ધૈર્ય, **ખંધક મુનિ** જેવી ક્ષમા, **સ્કંધક આચાર્ય** જેવી નિર્યામણા, **ભરત ચક્રવર્તી** જેવી સાધર્મિક ભક્તિ, **ચિલાતીપુત્ર** જેવી સહનશીલતા, **ઉદાયન મંત્રી** જેવી તીર્થભક્તિ, **જિનદાસ** શ્રાવક જેવા સાધુભક્તિના પરિણામ, **શિવંકર** શ્રેષ્ઠિ જેવા સાધર્મિક ભક્તિના પરિણામ મળે.

મારી શક્તિ પ્રમાણે હું ભૂખ્યાને અન્ન દેનાર બનું, તરસ્યાને પાણી દેનાર બનું, વસ્ત્રહીનને વસ્ત્ર દેનાર બનું, વિદ્યાહીનને વિદ્યા દેનાર બનું, જો મારી શક્તિ તેમ દેવાની ન હોય તો જે દેનારા છે તેમની પ્રશંસા કરનાર બનું. ક્યારેય તેમનો તિરસ્કાર ન કરૂં. છતી શક્તિએ આળસ કે મફત ખાવાની મનોવૃત્તિવાળા જોઉં તો તેમની ઉપેક્ષા કરનાર બનું પરંતુ નિંદા કરનારો ન બનું.

પૃથ્વીકાયમાં જીવ છે, પાણીમાં જીવ છે,

અગ્નિમાં જીવ છે, વાયુમાં જીવો છે જેમને મન મળેલ નથી. વિચાર કરવાની શક્તિ નથી. મને મન મળેલ છે

પરંતુ

મળેલ મન દ્વારા મેં નેગેટીવ વિચારણા વધારે કરી છે.

પોઝીટીવ વિચારણા ઓછી કરી છે.

હવે પછી હું સતત પ્રયત્ન કરૂં,

સતત ઉપયોગ રાખું

કે

મને મળેલ મન દ્વારા બીજાના ભલાના વિચાર કરનારો બનું. મન દ્વારા પ્રભુસ્મરણ કરનારો બનું. બીજા બધા જીવોને શાંતિ મળે એવી વારંવાર મનમાં પ્રભુને પ્રાર્થના કરનારો બનું.

કોઈ જીવને બીજા જોડે વૈરભાવ ન રહે તેવું પ્રભુ પાસે હંમેશાં યાચના કરનારો બનું.

મને પ્રતિકુળતા આવે ત્યારે અકળામણ ન કરૂં, દુઃખી ન થાઉં, હસતા મુખે એનો સ્વીકાર કરૂં.

મારા કરતા અનેક ગણી વધારે પ્રતિકુળતામાં જીવતા જીવોને જોઈને, કર્મના નાટક વિચારી પ્રતિકૂળતામાં સ્વસ્થ રહું.

મારા કરતા બીજાને ધન-સામગ્રી-પરિવાર સારા મળેલ હોય, અનુકુળ મળેલા હોય તેની હું કદી ઈર્ષા કરનારો ન બનું.

મારી ઈર્ષા કરનારા ખૂબ સુખી થાઓ.

કર્મબંધ કરાવે તેવું સાંભળવામાં મને આસક્તિ ન થાય.

સંસાર વધારે તેવું જોવામાં મને આસક્તિ ન થાય.

ખાવા-પીવામાં કોઈપણ વસ્તુ મારા જન્મ-મરણ વધારે એવી આસક્તિ ન થાય.

બીજાની ભૂલો હું માફ કરનારો બનું.

(બિમારની સ્થિતિ મુજબ સમય મુજબ આવી અનેક ભાવના કરાવવી તથા બિમારને જાતે કરતા શીખવવું.)

## અનશન

જન્મ મરણ કરતા અત્યાર સુધીમાં જાણતા કે અજાણતા અભક્ષ્યનું ભક્ષણ કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. ભક્ષ્યનું ભક્ષણ રાગ-દ્વેષથી કરેલ હોય તેનું મિચ્છા મિ દુક્કડમ્. હવે પછી ભક્ષ્યને રાગ-દ્વેષથી ખાનાર ન બનું. મૃત્યુ પહેલા ચારે આહારનો ત્યાગ કરનાર બનું.

વર્તમાન કાળે શ્વેતામ્બર મંદિર માર્ગીમાં અનશન કરાવાતું નથી. દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથમાં થાય છે. બિમારની સ્થિતિ મુજબ ચારે આહાર અમુક સમય સુધી બંધ કરાવવા અથવા પાણી-દવા સિવાય બંધ કરાવવું. આવો અભિગ્રહ કરાવવા નીચે મુજબ પચ્ચક્ખાણ કરાવવું.

અભિગ્ગહં પચ્ચક્ખાઈ (પચ્ચક્ખામિ) અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ (વોસિરામિ).

બિમારને સતત મુટ્ઠસિ પચ્ચક્ખાણ કરાવવું. (આ પચ્ચક્ખાણમાં જ્યારે કાંઈ ખાવું પીવું હોય ત્યારે પચ્ચક્ખાણ પળાવી દેવાનું પછી પાછું પચ્ચક્ખાણ લઈ લેવું.)

મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ લેવા માટે નીચે મુજબ બોલવું.

**મુટ્ઠિસહિયં પચ્ચક્ખામિ અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરામિ.**

મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ પારવા માટે નીચે પ્રમાણે બોલવું. ચાર આંગળી વચ્ચે અંગુઠો મૂકીને મુટ્ઠી વાળી નીચે રાખવી, ત્યારબાદ

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ કર્યું ચઉવિહાર, પચ્ચક્ખાણ ફાસિઅં પાલિઅં સોહિઅં તિરિઅં કિટ્ટિઅં આરાહિઅં જં ચ ન આરાહિઅં તસ્સ મિચ્છામિ દુક્કડમ્.

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

આટલું બોલીને મુટ્ઠિ ખોલીને જે કાંઈ ખાવા-પીવાનું હોય તે લઈને મોઢું ચોક્ખું કરીને પાછું પચ્ચક્ખાણ લઈ લેવું.

બિમારની ઉંમર અને સ્થિતિ મુજબ મીઠાઈ-ફરસાણ-મેવો-ફળ વિગેરે જુદી જુદી વસ્તુના પચ્ચક્ખાણ કરાવવા.

**(પ્રાચીન સામાચારીમાં અનશનનો સર્વથા સ્વીકારવાની વાત છે તથા તેમાં ૧૮ પાપસ્થાનક વોસિરાવવાની વાત છેલ્લે છે. પરંતુ સોમસુંદરસૂરિ કૃત પર્યન્ત આરાધનામાં પહેલા ૧૮ પાપસ્થાનકની વાત છે. અહીં પહેલાં લઈએ છીએ.)**

## પાપસ્થાનક વોસિરાવવા

આ ભવમાં કે ભવાંતરમાં આ અઢાર પાપસ્થાનકો મેં જે સેવ્યા હોય, સેવરાવ્યા હોય કે સેવતાની અનુમોદના કરી હોય તેનું **મિચ્છા મિ દુક્કડમ્.** હું તે પાપસ્થાનકોને વોસિરાવું છું. મારા છેલ્લા શ્વાસોશ્વાસે તેને ત્રિવિધે વોસિરાવું છું. મારા છેલ્લા શ્વાસે આ શરીરને પણ હું વોસિરાવું છું.

(ત્યારબાદ **શ્રી નવકાર** તથા **ચત્તારિ મંગલં** વિગેરે ત્રણ આલાપક બોલવા.)

**નમો અરિહંતાણં (૧) નમો સિદ્ધાણં (૨) નમો આયરિયાણં (૩) નમો**

**ઉવજ્ઝાયાણં (૪) નમો લોએ સવ્વ સાહૂણં (૫) એસો પંચ નમુક્કારો (૬) સવ્વ પાવપ્પણાસણો (૭) મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં (૮)**

**ચત્તારિ મંગલં,**
**અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,**
**સાહૂ મંગલં, કેવલી પન્નતો ધમ્મો મંગલં.**
**ચત્તારિ લોગુત્તમા,**
**અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,**
**સાહૂ લોગુત્તમા, કેવલી પન્નતો ધમ્મો લોગુત્તમો,**
**ચત્તારિ શરણં પવજ્જામિ,**
**અરિહંતે શરણં પવજ્જામિ, સિદ્ધે શરણં પવજ્જામિ,**
**સાહૂ શરણં પવજ્જામિ, કેવલી પન્નતં ધમ્મં શરણં પવજ્જામિ.**

આટલું કર્યા પછી ગુરૂ ભગવંત વાસ ચૂર્ણ (વાસક્ષેપ) નાખે. બિમાર શ્રાવક કે શ્રાવિકા સાતક્ષેત્રમાં શક્તિ મુજબ ધન વાપરે.

સાત ક્ષેત્ર નીચે મુજબ છે.

**(૧) જિનમંદિર (૨) જિનમૂર્તિ (૩) જિનાગમ (૪) સાધુ (૫) સાધ્વી (૬) શ્રાવક (૭) શ્રાવિકા**

યાદ રહે કે માત્ર જીવદયા કે અનુકંપા જ મહત્વના માનનારની ગેરસમજ છે.

સાત ક્ષેત્ર સંભારીને ત્યાં ધન વાપરે પછી બીજે વાપરે.

## બિમાર પાસે હાજર રહેલાએ શું શું કરવાનું ?

(૧) પોતપોતાની શક્તિ મુજબ પૂજા-પ્રતિક્રમણ-સામાયિક-મૌન-નવકારવાળી વિગેરે આરાધના બિમાર નિમિત્તે કરવાનું કહેવું.

(૨) પાન-તમાકુ-જુગાર-દારૂ વિગેરે વ્યસનો હોય તો મૂકી દેવાનું નક્કી કરવું.

(૩) શક્તિ પ્રમાણે-ભાવના પ્રમાણે ધન વાપરવાનું કહેવું.

બિમારને સમાધિ રહે તેવી સ્તુતિ, સ્તોત્રો, પૂર્વાચાર્યના સ્તવન, સજ્ઝાય વિગેરે સંભળાવતા રહેવું.

## શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ શ્રી નવકાર સ્મરણ

સ્થિતિ વધારે ખરાબ દેખાય તો શ્રી નવકાર જ સંભળાવવો. સાવ છેલ્લી સ્થિતિ દેખાય તો માત્ર 'નમો અરિહંતાણં' સંભળાવવું. 'નમો અરિહંતાણં' ની ધુન બોલવી પરંતુ ૐ ન લગાડવો. ઓછા માણસો હોય તો વારાફરતી શ્રી નવકાર સંભળાવવો જેથી કોઈને થાક ન લાગે અને બિમારને આરાધના ચાલુ રહે.

## સમાધિમરણના ૧૦ અધિકારની સ્તુતિઓ

(૧)

ગતિ ચારમાં રખડી રહ્યો છું, આજ પામ્યો તુજને,
જોતા અમીમય આંખ તારી, ભાવ ઉછળે મુજને,
તુજ પાદ પદ્મ પસાય યાચું, નાથ સમાધિ વરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં.

(૨)

નાણ દંસણ ચરણ કેરા, અતિચારો જે કર્યા,
વિવિધ વ્રત વિરાધીઆ, ને પાપ પંક ઉરે ધર્યા,
અતિચાર તે આલોચતો હું, કર કૃપા તું સુખ કરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં.

(૩)

સમાધિ મૃત્યુ પામવા, બીજે પદે જે વ્રત કહ્યા,
પંચ મહાવ્રત સારભૂતને, બાર વ્રત છે ગુણ ગ્રહ્યા,
અંત સમયે માંગતો પ્રભુ, જીવન મહાવ્રત ધરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં...

(૪)

વિષય કષાય ને વશ બની, વૈરો પરસ્પર જે હુઆ,
ખમતો હું તેહને મુજ ખમો તે, જીવ છે જે જુજુઆ,
જીવમાત્ર ને ખમાવતા હું, પામું પદ જે અક્ષરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં...

(૫)

હિંસાદિ આશ્રવ પાંચને, ક્રોધાદિ ચાર કષાય છે,

રાગાદિ નવ ભેળા કરંતા, પાપસ્થાન અઢાર છે,
વોસિરાવતો તે અઢારને, હું લહું પદ શિવકરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં...

(૬)

મંગલકારી તેમ ઉત્તમ, જગમાંહે જે ભાખીયા,
અરિહંત સિદ્‌ધ સાધુ ધર્મ, ચાર શરણા દાખીયા,
સ્વીકારતો હું શરણ ચારે, આધિ વ્યાધિ દુઃખહરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં...

(૭)

મન વચન કાયાથી કર્યા, દુષ્કૃત તથા ડુંગર ખડા,
તિહું કાલમાં ભમતા થકા, મેં પાપના ભર્યા ઘડા.
દુષ્કૃત સવિ હું નિંદતો પ્રભુ, લહું પદ અજરામરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં...

(૮)

ત્રિકરણ યોગે જે કર્યા, ત્રિકાલમાં સુકૃત પ્રભુ,
અરિહંત આદિકના વલી, જે જે ગુણો ભાખ્યા વિભુ,
અનુમોદતો સુકૃત સવિ, સ્વ-પર તણા જે ગુણકરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં..

(૯)

શાસન પ્રભાવના સાહમી વચ્છલ, દેવ ગુરૂ ભક્તિ ઘણી,
દાન શીલ તપ ભાવ ધર્મ, સેવના તીર્થો તણી,
ભાવનાઓ સોળ ભાવી, રત્નત્રયી પામું પરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં...

(૧૦)

આહારની લાલચ મહીં જીવ, દુઃખ અનંતા પામતો,
પૂરવ ઋષિ સંભારતો, આહાર ત્યાગ ને કામતો,
તુજ શરણના પ્રભાવથી પ્રભુ, પામું હું અનશન વરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં...

(૧૧)

શિવકુંવર સુદર્શના તિમ, શ્રીમતી આરાધતા,
ચૌદ પૂર્વી અંત સમયે, એ જ મંત્ર વિચારતા,
સમાધિ મૃત્યુ પામવા, નવકાર અંતે હિતકરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં...

## પુન્ય પ્રકાશનું સ્તવન

સકળ સિદ્ધદાયક સદા, ચોવિશે જીનરાય;
સદ્‌ગુરૂ તિમ વલી કેવલી, ભાષિત ધર્મ સહાય. ૧.
ત્રિભુવન પતિ ત્રિશલા તણો, નંદન ગુણ ગંભીર;
શાસન નાયક જગ જયો, વર્ધમાન વડવીર. ૨.
એક દિન વીર જિણંદને, ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પૂછે ગૌતમ સ્વામ. ૩.
મુક્તિ મારગ આરાધીએ, કહો કેણી પરે અરિહંત;
સુધા સરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત. ૪.
અતિચાર આલોઈએ, વ્રત ધરીએ ગુરૂ સાખ;
જીવ ખમાવો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૫.
વિધિશું વળી વોસિરાવીએ, પાપસ્થાનક અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર. ૬.
શુભકરણી અનુમોદીએ, ભાવ ભલો મન આણ.
અણસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ. ૭
શુભગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર,
ચિત્ત આણીએ આદરો, જેમ પામો ભવપાર. ૮

### ઢાળ-૧ (રાગ : સિદ્ધચક્ર પદ વંદો)

જ્ઞાન દરિસણ ચારિત્ર તપ વીરજ, એ પાંચે આચાર !
એહ તણા ઈહ ભવ પરભવના આલોઈએ અતિચાર રે. **પ્રાણી.**
જ્ઞાન ભણો ગુણ ખાણી, વીર વદે એમ વાણી રે, **પ્રાણી જ્ઞા.૧**

ગુરૂ ઓળવીએ નહીં ગુરૂ વિનયે, કાળે ધરી બહુમાન
સૂત્ર અર્થ તદુભય કરી સુધા, ભણીએ વહી ઉપધાન રે, **પ્રાણી જ્ઞા.૨**
જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નવકારવાળી,
તેહતણી કીધી આશાતના, જ્ઞાનભક્તિ ન સંભાળી રે. **પ્રાણી જ્ઞા.૩**
ઈત્યાદિક વિપરિતપણાથી, જ્ઞાન વિરાધ્યું જેહ,
આભવ પરભવ વળી રે, ભવોભવ મિચ્છા મિ દુક્કડમ્ તેહ રે. **પ્રાણી**
સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણી રે. **પ્રાણી સ.૪**
જીન વચને શંકા નવિ કીજે, નવિ પરમત અભિલાષ,
સાધુ તણી નિંદા પરિહરજો, ફળ સંદેહ મ રાખ રે. **પ્રાણી સ.૫**
મૂઢપણું છંડો પરશંસા, ગુણવંતને આદરીયે;
સાહમ્મીને ધર્મે કરી થીરતા, ભક્તિ પ્રભાવના કરીએ રે. **પ્રાણી સ.૬**
સંઘ ચૈત્ય પ્રસાદ તણો જે, અવર્ણવાદ મન લેખ્યો,
દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો, વિણસંતા ઉવેખ્યો રે. **પ્રાણી સ.૭**
ઈત્યાદિક વિપરીતપણાથી, સમકિત ખંડ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, **મિચ્છા મિ દુક્કડં તેહ રે પ્રાણી**
ચારિત્ર લ્યો ચિત્ત આણી, વીર વદે એમ વાણી રે. **પ્રાણી ચા.૮**
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી, આઠે પ્રવચન માય,
સાધુ તણે ધર્મે પ્રમાદ, અશુદ્ધ વચન મન કાય રે. **પ્રાણી ચા.૯**
શ્રાવકને ધર્મ સામાયિક, પોસહમાં મન વાળી;
જે જયણાપૂર્વક એ આઠ, પ્રવચન માય ન પાળી રે. **પ્રાણી ચા.૧૦**
ઈત્યાદિક વિપરીતપણાથી, ચારિત્ર ડહોળ્યું જેહ;
આ ભવ પરભવ વળી રે ભવોભવ, **મિચ્છા મિ દુક્કડં તેહ રે પ્રાણી ચા. ૧૧**
બાર ભેદે તપ નવિ કીધો, છતે યોગે નિજ શક્તે;
ધર્મે મન વચ કાયા વીરજ, નવિ ફોરવીયું ભગતે રે. **પ્રાણી ચા. ૧૨**
તપ વીરજ આચાર એણી પરે, વિવિધ વિરાધ્યાં જેહ !
આ ભવ પરભવ વળી રે ભવોભવ, **મિચ્છા મિ દુક્કડં તેહ રે પ્રાણી ચા. ૧૩**
**વળી ય વિશેષે ચારિત્ર કેરા, અતિચાર આલોઈએ,**
**વીર જિણેસર વયણ સુણીને, પાપ મલ સવિ ધોઈએ રે. પ્રાણી ચા. ૧૪**

## ઢાળ–૨ (રાગ : સંભવ જિનવર)

પૃથ્વી પાણી તેઉ, વાઉ વનસ્પતિ, એ પાંચ થાવર કહ્યા એ,
કરી કરસણ આરંભ, ખેત્ર જે ખેડીયાં, કુવા માળ ચણાવીયા એ, ૧
કરી આરંભ અનેક, ટાંકા ભોંયરા, મેડી માળ ચણાવીયા એ,
લીપણ ગુંપણ કાજ, એણી પરે પરે, પૃથ્વીકાય વિરાધીયાએ. ૨
ધોંયણ નાહણ પાણી, ઝિલણ અપ્કાય, છોતિ ધોતિ કરી દુહવ્યાએ,
કાઠીગર કુંભાર, લોહ સોવનગરા, ભાડભુંજા લીહાલાગરાએ. ૩
તાપણ શેકણ કાજ, વસ્ત્ર નિખારણ, રંગણ રાંધણ રસવતીએ,
એણી પરે કર્માદાન, પરે પરે કેળવી, તેઉ વાઉ વિરાધીયાએ, ૪
વાડી વન આરામ, વાવી વનસ્પતિ, પાન ફળ ફુલ ચુંટીયાએ,
પોંક પાપડી શાક, શેક્યા સુકવ્યાં, છેદ્યાં છુંદ્યા આથીયાએ. ૫
અળશીને એરંડ, ઘાણી ઘાલીને, ઘણા તિલાદિક પીલીયાએ,
ઘાલી કોલુ માંહે, પીલી સેલડી, કંદ મૂળ ફળ વેચીયાએ. ૬
એમ એકેન્દ્રિય જીવ, હણ્યા, હણાવીયા, હણતા જે અનુમોદિયાએ,
આભવ પરભવ જેહ વલી રે ભવોભવ, તે મુજ મિચ્છા મિ દુક્કડમ્એ. ૭
કૃમી સરમીયા, કીડા, ગાડર, ગંડોલા, ઈયલ, પોરા અલશીયાએ,
વાળો જળો ચુડેલ, વિચલિત રસ તણા, વળી અથાણાં પ્રમુખનાએ. ૮
એમ બેઈંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છા મિ દુક્કડં એ
ઉધેહી, જૂ, લીખ, માંકડ, મંકોડા, ચાંચડ, કીડી, કુંથુઆએ. ૯
ગદૈહિઆં, ધીમેલ, કાનખજૂરા, ગીગોડા, ધનેરીયાએ,
એમ તેઈંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છા મિ દુક્કડં એ. ૧૦
માખી મચ્છર ડાંસ, મસા, પતંગીયા, કંસારી કોલિયાવડાએ,
ઢીંકુણ વિંછુ, તીડ, ભમરા ભમરીઓ, કુત્તાં બગ ખડમાકડીએ. ૧૧
એમ ચૌરેંદ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છા મિ દુક્કડં એ.
જળમાં નાખી જાળ, જળચર દુહવ્યા, વનમાં મૃગ સંતાપીયાએ. ૧૨
પીડ્યા પંખી જીવ, પાડી પાસમાં, પોપટ ઘાલ્યા પાંજરે એ,
એમ પંચેન્દ્રિય જીવ, જે મેં દુહવ્યા, તે મુજ મિચ્છા મિ દુક્કડંએ ૧૩

## ઢાળ – ૩ (રાગ : સુખ દુઃખ સરજયા)

ક્રોધ લોભ ભય હાસ્યથીજી, બોલ્યા વચન અસત્ય
કૂડ કરી ધન પારકાજી, લીધાં જેહ અદત્ત રે,
જિનજી મિચ્છા મિ દુક્કડં આજ, તુમ સાખે મહારાજ રે,
જિનજી દેઈ સારું કાજ રે, જિનજી મિચ્છા મિ દુક્કડં આજ. ૧
દેવ મનુષ્ય તિર્યંચનાજી, મૈથુન સેવ્યા જેહ,
વિષયારસ લંપટ પણેજી, ઘણુ વિડંબ્યો દેહ રે. **જિનજી ..૧**
પરિગ્રહની મમતા કરીજી, ભવ ભવ મેલી આથ,
જે જીહાંની તે તિહાં રહીજી, કોઈ ન આવે સાથ રે – **જિનજી...૨**
રયણી ભોજન જે કર્યાજી, કીધાં ભક્ષ અભક્ષ,
રસના રસની લાલચેજી, પાપ કર્યા પ્રત્યક્ષ રે – **જિનજી..૩**
વ્રત લેઈ વિસારીયાજી, વળી ભાંગ્યા પચ્ચક્ખાણ,
કપટ હેતુ કિરિયા કરીજી, કીધાં આપ વખાણ રે – **જિનજી...૪**
ત્રણ ઢાલ આઠે દુહેજી, આલોયા અતિચાર,
શિવગતિ આરાધન તણોજી, **એ પહેલો અધિકાર રે** – **જિનજી...૫**

## ઢાળ – ૪

પંચ મહાવ્રત આદરો, સાહેલડી રે, અથવા લ્યો વ્રત બાર તો,
યથાશક્તિ વ્રત આદરો, સા. પાળો નિરતિચાર તો. ૧
વ્રત લીધા સંભારીએ, સા. હૈડે ધરીએ વિચાર તો,
શિવગતિ આરાધન તણો, સા. **એ બીજો અધિકાર તો,** ૨
જીવ સર્વે ખમાવીએ, સા. યોનિ ચોરાશી લાખ તો,
મન શુદ્ધે કરો ખામણાં, સા. કોઈ શું રોષ ન રાખ તો. ૩
સર્વ મિત્ર કરી ચિંતવો, સા. કોઈ ન જાણો શત્રુ તો,
રાગ દ્વેષ એમ પરિહરો, સા. કીજે જન્મ પવિત્ર તો.૪
સાહમી સંઘ ખમાવીએ, સા. જે ઉપની અપ્રીત તો,
સજ્જન કુટુંબ કરો ખામણાં સા. એ જિનશાસન રીત તો. ૫
ખમીએ ને ખમાવીએ, સા. એહિ જ ધર્મનો સાર તો,
શિવગતિ આરાધનતણો, સા. **એ ત્રીજો અધિકાર તો.** ૬

મૃષાવાદ હિંસા ચોરી, સા. ધન મૂર્છા મૈથુન તો,
ક્રોધ માન માયા તૃષ્ણા સા. પ્રેમ દ્વેષ પૈશુન્ય તો. ૭
નિંદા કલહ ન કીજીએ, સા. કુડાં ન દીજે આળ તો,
રતિ અરતિ મિથ્યા તજો, સા. માયા મોસ જંજાળ તો. ૮
ત્રિવિધ ત્રિવિધ વોસિરાવીએ, સા. પાપસ્થાન અઢાર તો,
શિવગતિ આરાધન તણો, સા. **એ ચોથો અધિકાર તો.** ૯

## ઢાળ – ૫ (રાગ : શાસન નાયક વિરજી)

જન્મ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો,
કર્યા કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો. ૧
શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો,
શરણ ધર્મ શ્રી જિનનો એ, સાધુ શરણ ગુણવંત તો. ૨
અવર મોહ સવિ પરિહરિએ, ચાર શરણ ચિત્ત ધાર તો,
શિવગતિ આરાધન તણો એ, **એ પાંચમો અધિકાર તો.** ૩
આ ભવ પરભવ જે કર્યા એ, પાપકર્મ કેઈ લાખ તો,
આત્મ સાખે તે નિંદીએ એ, પડિક્કમીએ ગુરૂ સાખ તો. ૪
મિથ્યામત વર્તાવીયા એ, જે ભાખ્યાં ઉત્સૂત્ર તો,
કુમતિ કદાગ્રહને વશે એ, જે ઉથાપ્યાં સૂત્ર તો. ૫
ઘડ્યા ઘડાવ્યાં જે ઘણાંએ, ઘંટી હળ હથીયાર તો,
ભવ ભવ મેલી મૂકીયાં એ, કરતાં જીવ સંહાર તો. ૬
પાપ કરીને પોષીયા એ, જનમ જનમ પરિવાર તો,
જનમાંતર પહોચ્યા પછી એ, કોઈએ ન કીધી સાર તો. ૭
આ ભવ પરભવ જે કર્યા એ, અમે અધિકરણ અનેક તો,
ત્રિવિધે ત્રિવિધે વોસિરાવીએ એ, આણી હૃદય વિવેક તો. ૮
**દુષ્કૃત નિંદા એમ કરીએ,** પાપ કરો પરિહાર તો,
શિવગતિ આરાધના તણોએ, **એ છટ્ઠો અધિકાર તો.** ૯

## ઢાળ – ૬ (રાગ : નામ ઈલાપુત્ર જાણીએ)

ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ,
દાન શીયળ તપ ભાવના, ટાળ્યા દુષ્કૃત કર્મ. **ધન-૧**

શેત્રુંજાદિક તીર્થની, જે કીધી જાત્ર,
જુગતે જિનવર પૂજીયા, વળી પોષ્યાં પાત્ર. **ધન-૨**
પુસ્તક જ્ઞાન લખાવીયાં, જિનવર જિન ચૈત્ય,
સંઘ ચતુર્વિધ સાચવ્યા, એ સાતે ખેત્ર. **ધન-૩**
પડિકમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન,
સાધુ સૂરિ ઉવજ્ઝાયને, દીધાં બહુ માન. **ધન-૪**
ધર્મ કાજ અનુમોદીએ, એમ વારોવાર,
શિવગતિ આરાધન તણો, **એ સાતમો અધિકાર. ધન-૫**
ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ,
સમતા ભાવે ભાવીએ, એ આતમરામ. **ધન-૬**
સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય,
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. **ધન-૭**
સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યનું કામ,
છાણ ઉપર તો લીંપણું, ઝાંખર ચિત્રામ. **ધન-૮**
ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર,
શિવગતિ આરાધન તણો, **એ આઠમો અધિકાર. ધન-૯**

**ઢાળ – ૭ (રાગ : જય જય ભવિ હિતકર)**

હવે અવસર જાણી, કરી સંલેખન સાર,
અણસણ આદરીયે, પચ્ચખી ચારે આહાર,
લલુતા સવિ મૂકી, છાંડી મમતા અંગ,
એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ. ૧
ગતિ ચારે કીધાં, આહાર અનંત નિઃશંક,
પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચીયો રંક,
દુલહો એ વળી વળી, અણસણનો પરિણામ,
એહથી પામીજે, શિવપદ સુરપદ ઠામ. ૨
ધન ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘકુમાર,
અણસણ આરાધી, પામ્યા ભવનો પાર,

શિવમંદિર જાશે, કરી એક અવતાર,
આરાધન કેરો, **એ નવમો અધિકાર.** ૩
**દશમે અધિકારે, મહામંત્ર નવકાર,**
મનથી નવિ મુકો, શિવસુખ ફલ સહકાર,
એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરે, ચૌદ પુરવનો સાર. ૪
જનમાંતરે જાતાં, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર,
એ નવપદ સરીખો, મંત્ર ન કોઈ સાર,
આ ભવ ને પરભવે, સુખ સંપત્તિ દાતાર. ૫
જુઓ ભીલ ભીલડી, રાજા રાણી થાય,
નવપદ મહિમાથી, રાજસિંહ મહારાય,
રાણી રત્નવતી બેહુ, પામ્યાં છે સુરભોગ,
એક ભવ પછી લેશે, શાશ્વત સુખ સંજોગ. ૬
શ્રીમતીને એ વળી, મંત્ર ફળ્યો તતકાળ,
ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફુલમાળ,
શિવકુંવરે જોગી, સોવન પુરિસો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાના સિદ્ધ. ૭
**એ દશ અધિકારે, વીર જિણેસર ભાખ્યો,**
**આરાધન કેરો, વિધિ જેણે ચિત્તમાં રાખ્યો,**
**તેણે પાપ પખાળી, ભવ ભય દૂરે નાખ્યો,**
**જિન વિનય કરંતા, સુમતિ અમૃતરસ ચાખ્યો.** ૮

**ઢાળ – ૮ (રાગ : મનના મનોરથ સવિ)**

સિદ્ધારથ રાયકુળ તિલોએ, ત્રિશલા માત મલ્હાર તો,
અવની તળે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર જયો જિન વીરજીએ..૧
મેં અપરાધ કર્યા ઘણાં એ, કહેતા ન લહું પાર તો,
તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તાર... **જયો-૨**

આશ કરીને આવીયો એ, તુમ ચરણે મહારાજ તો,

આવ્યાને ઉવેખશો એ, તો કેમ રહેશે લાજ.. **જયો-૩**

કરમ અલુજણ આકરાંએ, જન્મ મરણ જંજાળ તો,

હું છું એહથી ઉભગ્યો એ, છોડાવ દેવ દયાલ... **જયો-૪**

આજ મનોરથ મુજ ફળ્યાએ, નાઠાં દુઃખ દંદોલ તો,

તુઠ્યો જિન ચોવીશમો એ, પ્રગટ્યા પુન્ય કલ્લોલ.. **જયો-૫**

ભવેભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો,

દેવ દયા કરી દીજીએ એ, બોધિ બીજ સુપસાય.. **જયો.૬**

**કળશ**

ઈહ તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગ જ્યો,

શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલટ **થયો-૧**

શ્રી વિજય દેવસૂરીંદ પટધર, તીરથ જંગમ એણી જગે,

તપગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિ, સૂરિ તેજ ઝગમગે-૨

શ્રી હીરવિજયસૂરિ શિષ્ય વાચક, કીર્તિવિજય સુરગુરૂ સમો,

તસ શિષ્ય વાચક વિનય વિજયે, થુણ્યો જિન ચોવીશમો-૩

સય સત્તર સંવત ઓગણત્રીશે, રહી રાંદેર ચોમાસએ,

વિજય દશમી વિજય કારણ, કીઓ ગુણ અભ્યાસએ.૪

નર ભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસએ,

નિર્જરા હેતે સ્તવન રચીયું, નામે પુણ્ય પ્રકાશ એ. ૫

**(આ સ્તવન અર્થ સાથે વારંવાર કહેવું)**

**(પૂ. માણિક્યસિંહસૂરિજી રચિત પણ આવી રચના છે જેમાં દશે અધિકાર લીધા છે. કેટલાક અધિકારો પૂન્યપ્રકાશના સ્તવન કરતા વધારે સ્ફુટ છે. તે સિવાય પાસચંદ મુનિની આરાધના નામે કૃતિ પણ છપાવેલ છે તેમાં ૧૬ અધિકાર લીધા છે.)**

સમાધિ માટે શ્રાવક-શ્રાવિકાએ સંથારા પોરિષિ સૂત્રનો નિત્ય અભ્યાસ કરવો જોઈએ.

# સંથારા પોરિષિ સૂત્ર

**નિસીહિ નિસીહિ નિસીહિ**

**નમો ખમાસમણાણં ગોયમાઈણં મહામુણિણં**

(આ પાઠ તથા નવકાર, કરેમિ ભંતે ! નો ત્રણવાર ઉચ્ચાર)

**અણુજાણહ જિટ્ઠિજ્જા !**

**અણુજાણહ પરમગુરુ !, ગુરુ ગુણ રયણેહિં મંડિય સરીરા ||**
**બહુ-પડિપુન્ના, પોરિસી, રાઈઅ સંથારએ ઠામિ ||૧||**
**અણુજાણહ સંથારં બાહુવહાણેણ વામપાસેણં ||**
**કુક્કુડી પાય પસારણ અંતરંત પમજ્જએ ભૂમિં ||૨||**
**સંકોઈઅ સડાંસા, ઉવટ્ટંતે ય કાય પડિલેહા ||**
**દવ્વાઈ ઉવઓગં, ઊસાસ નિરુંભણાલોએ ||૩||**
**જઈ મે હુજ્જ પમાઓ, ઈમસ્સ દેહસ્સિમાઈ રયણીએ ||**
**આહારમુવહિ દેહં, સવ્વં તિવિહેણ વોસિરિઅં ||૪||**
**ચત્તારિ મંગલં અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,**
**સાહૂ મંગલં કેવલિપન્નત્તો ધમ્મો મંગલં ||૫||**
**ચત્તારિ લોગુત્તમા અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા;**
**સાહૂ લોગુત્તમા, કેવલિપન્નત્તો ધમ્મો લોગુત્તમો ||૬||**
**ચત્તારિ સરણં પવજ્જામિ અરિહંતે સરણં પવજ્જામિ, સિધ્ધે સરણં પવજ્જામિ,**
**સાહૂ સરણં પવજ્જામિ, કેવલિપન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ ||૭||**
**પાણાઈવાયમલિઅં, ચોરિક્કં મેહુણં દવિણમુચ્છં ||**
**કોહં માણં માયં, લોભં પિજ્જં તહા દોસં ||૮||**
**કલહં અબ્ભક્ખાણં, પેસુન્નં રઈ-અરઈ સમાઉત્તં ||**
**પરપરિવાયં માયામોસં મિચ્છત્તસલ્લં ચ ||૯||**
**વોસિરિસુ ઈમાઈં મુકખ મગ્ગ સંસગ્ગ વિગ્ઘ ભૂઆઈં ||**
**દુગ્ગઈનિબંધણાઈં, અટ્ઠારસ પાવઠાણાઈં ||૧૦||**

**એગોડહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ ॥**
**એવં અદીણમણસો, અપ્પાણમણુસાસએ ॥૧૧॥**
**એગો મે સાસઓ અપ્પા, નાણદંસણસંજુઓ ॥**
**સેસા મે બાહિરા ભાવા, સવ્વે સંજોગલક્ખણા ॥૧૨॥**
**સંજોગમૂલા જીવેણ, પત્તા દુક્ખપરંપરા ॥**
**તમ્હા સંજોગસંબંધં, સવ્વં તિવિહેણ વોસિરિયં ॥૧૩॥**
**અરિહંતો મહ દેવો, જાવજ્જીવં સુસાહૂણો ગુરુણો ॥**
**જિણપન્નતં તત્તં, ઈય સમ્મતં મએ ગહિયં ॥૧૪॥**

આ ચૌદમી ગાથા ત્રણ વાર કહેવી, પછી સાત નવકાર ગણવા. પછી નીચેની ત્રણ ગાથા કહેવી.

**ખમિઅ ખમાવિઅ, મઈ ખમિહ સવ્વહ જીવનિકાય ॥**
**સિદ્ધહ સાખ આલોયણહ, મુજ્જહ વઈર ન ભાવ ॥૧૫॥**
**સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત ॥**
**તે મે સવ્વ ખમાવિઆ, મુજ્જવિ તેહ ખમંત ॥૧૬॥**
**જં જં મણેણ બદ્ધં, જં જં વાયાએ ભાસિયં પાવં ॥**
**જં જં કાએણં કયં, મિચ્છા મિ દુક્કડં તસ્સ ॥૧૭॥**

**ગાથાર્થ :-** નિષેધ : નિષેધઃ નિષેધઃ ગૌતમાદિ મહા ક્ષમાશ્રમણ મુનિઓને નમસ્કાર હો, હે જ્યેષ્ઠ આર્યો ! અનુજ્ઞા આપો - હે મોટા ગુણો રૂપી રત્નો વડે શોભાયમાન શરીરવાળા ! પરમ ગુરુઓ ! અનુજ્ઞા આપો - પોરિષી બહુ પ્રકારે પૂરી થયેલ છે. રાત્રિ સંબંધી સંથારામાં સ્થિર થાઉં ? ૧

હાથને ઓશીકે ડાબે પડખે અને કુકડીની માફક પગ ઉંચા પસારીને સુઈ ન શકાય, તો ભૂમિ પ્રમાર્જીને સંથારો પાથરી સુવાની અનુજ્ઞા આપો. ૨

સંદંશક સ્થાનો સંકોચવા, પડખું ફરતાં શરીર પડિલેહવું. (જાગતાં) દ્રવ્યાદિનો વિચાર કરવો, દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી હું કોણ છું, ક્યાં છું તે વિચારવું. શ્વાસ રોકવો.૩

**આ રાતમાં આ દેહ સંબંધી મારૂં મૃત્યુ થાય. તો આહાર, ઉપધિ અને શરીર એ સર્વનો ત્રણ પ્રકારે ત્યાગ કરું છું. ચાર મંગળ, અરિહંત ભગવંત મંગળ રૂપ છે.**

સિદ્ધ ભગવંતો મંગળ રૂપ છે. સાધુ ભગવંતો મંગળ રૂપ છે. અને કેવળી ભગવંતોએ ઉપદેશેલો ધર્મ મંગળ રૂપ છે. આ ચાર મંગળો (સ્વીકારું) છું. ૫

અરિહંત ભગવંતો લોકમાં ઉત્તમ છે. સિદ્ધ ભગવંતો લોકમાં ઉત્તમ છે, સાધુ ભગવંતો લોકમાં ઉત્તમ છે, અને કેવલી ભગવંતોએ ઉપદેશેલો ધર્મ લોકમાં ઉત્તમ છે, એમ ચાર લોકમાં અનન્ય ઉત્તમોને (સ્વીકારું છું.) ૬

અરિહંત ભગવંતોનું શરણ સ્વીકારું છું. સિદ્ધ ભગવંતોનું શરણ સ્વીકારું છું. સાધુ ભગવંતોનું શરણ સ્વીકારું છું, કેવળી ભગવંતોએ ઉપદેશેલા ધર્મનું શરણ સ્વીકારું છું. એમ ચાર શરણો સ્વીકારું છું. ૭

પ્રાણાતિપાતઃ જુઠઃ ચોરીઃ મૈથુનઃ પરિગ્રહઃ ક્રોધઃ માનઃ માયાઃ લોભઃ રાગઃ દ્વેષઃ ૮

કલહઃ અભ્યાખ્યાનઃ પૈશુન્યઃ રતિ અને અરતિ પરનિંદાઃ માયા–મૃષાવાદઃ અને મિથ્યાત્વ શલ્યઃ ૯

મોક્ષ માર્ગના સંજોગોમાં વિઘ્નભૂત અને દુર્ગતિના કારણભૂત - આ અઢાર પાપ સ્થાનકોનો ત્યાગ કરું છું. ૧૦

''હું એક જ છું, મારું કોઈ નથી, હું પણ કોઈનો નથી.'' એ પ્રકારે દીનતા વિના ઉત્સાહવાળા મનવાળા થઈને આત્માને સમજાવવોઃ ૧૧

જ્ઞાન અને દર્શન યુકત મારો આત્મા શાશ્વત અને એકલો જ છે. તે સિવાયના માત્ર સંજોગથી ઉત્પન્ન થયેલા મારા, ગણાતા સર્વ ભાવો, સંબંધો પદાર્થો વિગેરે બાહ્ય છે. ૧૨

જીવને સંજોગોથી દુઃખ પરંપરા પ્રાપ્ત થાય છે માટે મન, વચન, કાયાથી સર્વ સંજોગો, સંબંધોનો ત્યાગ કરું છું. ૧૩

અરિહંત ભગવાન્ મારા દેવ છે, પંચ મહાવ્રતધારી સાધુઓ મારા ગુરૂઓ છે અને જિનેશ્વર ભગવંતોએ ઉપદેશેલું તત્ત્વ છે એ પ્રમાણે સમ્યક્ત્વ મેં સ્વીકાર્યું છે. ૧૪

ક્ષમા આપવી અને ક્ષમા માંગવી ૧ સર્વ જીવ નિકાયો મારા ઉપર ક્ષમા કરો. ૨ અને સિદ્ધ ભગવંતોની સાક્ષીએ હું આલોચના કરું છું કે મારે કોઈનીયે સાથે વૈરભાવ નથી. ૧૫

કર્મને વશ થઈને સર્વ જીવો ચૌદ રાજલોકમાં રખડે છે. તે સર્વને હું ક્ષમા આપું છું, અને તેઓ પણ મારા ઉપર ક્ષમા કરે. ૧૬

જે જે પાપ કર્મ મેં મનથી કર્યું હોય, વચનથી બોલ્યો હોઉં કે કાયાથી કર્યું હોય તે દુષ્કૃત મિથ્યા થાઓ.

અર્થાત્ તે તે દુષીત આત્મભાવ નાશ પામો અને મનથી સારૂં વિચારનાર, વાણીથી સારૂં બોલનાર, કાયાથી સ્વ-પર હિતકારક પ્રવૃત્તિ કરનાર બનું. ૧૭

☯ ☯ ☯ ☯